Kone Veran Kari...Haji Kasam tari Vijali (

Vans, Himmat

VISIT...

LANZAROTE Caliente.COM

સૌરાષ્ટ્રની રસધારનું એક ભુલાઈ ગયેલું પ્રકરણ

કોણે વેરણ કરી હાજી કાસમ તારી...

વીજળી

ભાગ બીજો

હિંમત વાંસ

સૌરાષ્ટ્રની રસધારનું એક ભુલાઈ ગયેલું પ્રકરણ

કોણે વેરણ કરી હાજી કાસમ તારી...

વીજળી

ભાગ બીજો

હિંમત વાંસ

કોણે વેરણ કરી...હાજી કાસમ તારી વીજળી

(ભાગ બીજો)

હિંમત વાંસ

Cover Design: Natvar Vansdadia

Editor: Bharat Trivedi

માતા-પિતા અને મમ્મી-પપ્પાને અર્પણ.

CONTENTS

પ્રસ્તાવના

બાળપણમાં રાષ્ટ્રીય શાયર સ્વ. ઝવેરચંદ મેઘાણી સર્જિત લોકગીત 'હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઇ' એ મારા પિતાજી, બાજુના ગામડે સાયકલ લઈને શિક્ષકની નોકરી કરવા જતા ત્યારે ગાતાં. એ ઉંમરે વીજળી શું હતી એ સમજ નો'તી. વીજળી આગબોટની ગોઝારી હોનારતની વાત ભણતરની ચોપડીઓના પાને તો ના ચડી પણ સૌરાષ્ટ્રના આ લોકગીતે એ હાજી કાસમની વીજળીને વર્તમાન સુધી જીવંત રાખી.

સફળ કારકિર્દી બનાવવાની રાહમાં ક્યારેય વીજળી આગબોટની હોનારત વિષે વિચારવાનો સમય ના મળ્યો પણ સમયાંતરે એન્જીનીયરીંગની કારકિર્દીએ વળાંક લીધો અને કોમ્પ્યુટરના કીબોર્ડ સાથે માથાકૂટ કરતાં કરતાં ક્રિએટિવિટીની કેડીએ ચાલવાનું ક્યારે શરૂ થઈ ગયું એ ખબર જ ના પડી. મૌલિક વિષયવસ્તુની શોધમાં પિતાજી પાસેથી સંભાળેલ વીજળીના લોકગીતે સાદ આપ્યો અને આ કાલ્પનિક ઐતિહાસિક નવલકથાનું સર્જન થયું.

સૌરાષ્ટ પ્રદેશના ખમીરવંતા કાઠિયાવાડીઓ જેને લોઢાનું ગામ કહેતા એવી મજબૂત વીજળી આગબોટ, સમુદ્રી તોફાનને કારણે દરિયાના પેટાળમાં ગરક થઇ ગઈ, એવા સમાચાર ત્યારની કંપની સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યા. હકીકતમાં એવું જ બનેલું? કે પછી વીજળી જેવી મજબૂત આગબોટને કોઈ મોટા કાવતરાના ભાગ રૂપે ડૂબાડી દેવામાં આવી હતી. ત્રણ ભાગમાં વહેંચાયેલ આ નવલકથા એ પ્રશ્નનો ઉત્તર આપવાનો એક નાનો એવો પ્રયાસ છે.

વીજળી આગબોટ જે સમયગાળા દરમ્યાન સમુદ્રને ધમરોળતી હતી એ સમયગાળામાં સૌરાષ્ટ્રની ધરતી ઉપર એવી તો કેવી ઘટનાઓ બની રહી હતી કે જે ઘટનાઓએ ઇતિહાસને એક દિશા આપી. પહેલી નજરે જોતા આ નવલકથા લેખકની કલમે ફક્ત કલ્પનાના ઘોડાઓ ઉપર સવારી કરી અને લખી હોય એવું લાગે. પરંતુ, ખૂબ જ સંશોધન કરી ઇતિહાસની ઘટનાઓને શક્ય એટલા મૂળભૂત સ્વરૂપમાં રાખી અને ફક્ત વાંચન રસપ્રદ બની રહે એ હેતુથી જ કલ્પનાના રંગોની છાંટ આપવામાં આવી છે. ઇતિહાસના ઘણાખરાં તથ્યો માટે ૧૧૮ વર્ષ જૂના પુસ્તક, "The Outlaws of Kathiawar and Other Studies, C.A. Kincaid, I.C.S – Published 1905." નો આધાર લેવામાં આવ્યો છે.

આ નવલકથાને વાચકો સુધી પહોંચાડવામાં મારા મિત્રોનો ખૂબ જ સહકાર મળ્યો છે. પહેલાં મિત્ર વિનોદ લાઠીયા, સામાજિક કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ વાર્તાની વિષય વસ્તુને એક મજબૂત પાયો મળે એ માટે ઇતિહાસના પુસ્તકો શોધી આપ્યા અને વાર્તાની પહેલી કાચી રૂપરેખા પાગલ થઈ ગયા વગર વાંચી. બીજા મિત્ર સંદીપ પારેખ, ખૂબ જ મોટી ધંધાકીય જવાબદારીઓ હોવા છતાં પણ જેણે વાર્તાને એક સામાન્ય વાચકની દ્રષ્ટિએ વાંચી અને કોઈપણ જાતની ભેળસેળ વગરની ટીકા-ટિપ્પણી કરી એના કારણે વાર્તા વધુ રસપ્રદ બની.

અને ત્રીજા ભરતભાઈ ત્રિવેદી, મસ-મોટા પાવર જનરેશન યુનિટને સાંભળવાની જવાબદારી હોવા છતાં મારી અષ્ટમ-પષ્ટમ ગુજરાતી ભાષાને વાંચવા-માણવા લાયક બનાવી. આ ત્રણેય મિત્રોનો ખૂબ જ આભાર.

અને છેલ્લે.. મિત્રોનું નામ આવે એટલે મારી એલ.ઇ. કોલેજ – મોરબીના મિત્રો કેમ ભૂલાય? જે બધાની પ્રતિબદ્ધતાને કારણે હું લેખક બનવા માટે પ્રવૃત બન્યો, આ પ્રતિબદ્ધતા બદલ બધા જ મિત્રોનો ખૂબ ખૂબ આભાર.

મને વિશ્વાસ છે આ નવલકથા વાચકોને સૌરાષ્ટ્રના ઇતિહાસને એક જુદી જ દ્રષ્ટિથી જોવાનો અનુભવ કરાવશે.

-હિંમત વાંસ

કેલિફોર્નિયા, ૩ માર્ચ , ૨૦૨૩.

પ્રકરણ ૧

બ્રેડના ટુકડાં



વાતછે 1830ની સાલ બ્રિટનના તાબા હેઠળના મુંબઈ શહેરની, એક એવો અંધકાર ભર્યો સમય જે દરમ્યાન છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા શરુ કરાયેલો ગણેશચતુર્થી મહોત્સવ મુંબઈગરાના ઘરોની ચાર દીવાલો વચ્ચે ગુંગળાઈને ઉજવાતો ઉત્સવ બની ગયો હતો. અંગ્રેજોએ ગણેશ ચતુર્થીની જાહેરમાં ઉજવણી ઉપર પ્રતિબંધ મુકેલો હોવાથી શહેરની ગલી ખૂંચીઓમાં નવરાત્રીના શેરી ગરબાઓ છાનેછપને થઇ જતા. ગાંધીજીને જન્મવાને હજુ લગભગ ચાલીસ વર્ષની વાર હતી. મુંબઈ અત્યાર જેવું આધુનિક શહેર નહિ પણ એક વિશાળ ગામડું હતું, વ્યૂહાત્મક દ્રષ્ટિએ મહત્વ જોતા અંગ્રેજોએ એને પશ્ચિમ ભારતનું વેપાર કરવા માટેનું મુખ્ય કેન્દ્ર બનાવી દીધું હતું.

આવા મુંબઈની ભીડભાડવાળી ભરચક બજારમાં એક દશ વર્ષનો કછોટો મારેલો છોકરો હાથમાં બ્રેડના થોડાંક ટુકડાઓ ચોરીને એકી શ્વાસે પોતાની જાન બચાવીને દોડી રહ્યો હતો. ખુલ્લા પગે દોડતાં દોડતાં એ પાછળ હવાલદાર કેટલો દૂર છે એ જોવા ગયો અને આગળની માલવાહક ઘોડાગાડીના પાછળના પૈડા સાથે અથડાયો. દોડવાની તેજ ગતિને કારણે એ ચીસ પાડીને સંતુલન ના જળવાતાં એ બે ત્રણ ગડથોલીયાં ખાઈ ગયો.

‘આંધળીનો છો?’ ઘોડાગાડી હાંકનારે ગાળ ચોપડાવી. ઘોડાગાડીવાળાને એ ગરીબ છોકરાને લાગ્યું છે કે નહિ એની પરવા નો’તી.

જમીન ઉપર ઊંધા માથે પડેલા છોકરાને હવાલદારનો કરડાકીવાળો ચહેરો યાદ આવ્યો અને પગમાં આવેલી મોચની પીડાને ભૂલી ઉભો થઇને ફરી પાછો દોડવા લાગ્યો.

હવાલદારનો પીછો છોડાવતા એનો શ્વાસ ધમણની જેમ ફૂલી ગયો હતો. પોતાની વસ્તીમાં દાખલ થતા જ એ થોડો ધીરો પડ્યો, એને જોતાંજ એનું પઢાવેલું ગલીનું કૂતરું પણ એની પાછળ પાછળ દોડ્યું. કૂતરાને પણ છોકરાના હાથમાં રહેલી બ્રેડની ગંધ આવી ગઈ હતી. બંને ઝૂંપડીના ફળીયામાં દાખલ થયા બરાબર તે વખતે જ સન... સન... સન...કરતી એક લાકડાની સોટી આવી અને કુતરાને બરાબરની માથા ઉપર વાગી, કૂતરું પીડાથી ચિચિયારીઓ પાડતું દૂમ દબાવીને ભાગ્યુ.

‘કાસમ તને કેટલી વાર કીધું કે એ ખસુરિયાંને તારી હારે અહીંયા નો ઘાલ’ ખાટલા ઉપર બેસીને અફીણ ભરેલી ચૂંગીમાંથી ધુવાંડા કાઢતો નશામાં ધૂત બાપ બોલ્યો.

‘હા અબુ’ કુતરાને છુટી ફેંકેલી લાકડીથી પોતાની જાતને માંડ માંડ બચાવતો કાસમ દોડતો અંદર ગયો અને ધોમધખતાં તાવની પીડાથી કણસતી અમ્મી પાસે બ્રેડના બે ટુકડા રાખી દીધા. અમ્મીએ કાસમના માથા ઉપર મહા મહેનતે ઊંચો કરેલો હાથ ફેરવ્યો અને ખૂણામાં કૂકડું વાળીને સુતેલાં નાના મોટા છ ભાઈ-બેન તરફ જોયુ, અમ્મીની આંખમાંથી આંસુના બે બુંદ ટપકી પડ્યા.

'એ બધાય ભૂખ્યા થયા છે એક કામ કર, ચૂલો સળગાવ' અમ્મી મહા મહેનતે એટલું તો માંડ બોલી શકી.

'પછી?' કાસમ પોતે ભૂખ્યો હોવા છતાં બીમાર અમ્મી અને ભૂખ્યા ભાઈ બહેનો માટે કાંઈ પણ કરવા તૈયાર હતો.

'ફાતમા, ક્યારનો રાડો પાડું છુ બેરી છો?' બહારથી નશામાં ધૂત અબુની રાડ સંભળાણી.

'જા તુ તારા અબુને આ આપી આવ.' અમ્મીએ ખાટલા ઉપર મુકેલા બ્રેડના ટુકડાઓ કાસમને પાછા આપતાં કહ્યુ.

'પણ અમ્મી, આ તો હું રહેમાન, આયેશા એ બધા માટે લાવ્યો છુ.' કાસમે ઝૂંપડીના ખૂણામાં બેસીને બ્રેડના ટુકડાઓને ભૂખી નજરે જોઈ રહેલા ભાઈ બહેનોની સામું જોઈને કહ્યું.

'મેં તને કીધુંને ખુદાને વાસ્તે એ તુ બહાર તારા અબુને આપી આવ, મારામાં હવે માર ખાવાની કે બોલવાની તાકાત નથી, તું આપી આવ, એ બધા માટે હું કહુ એમ કર.' ઉંહકારા ભરતી અમ્મીએ કાસમને ભારે હૃદયે સમજાવ્યો.

નાનો કાસમ ઉતરેલા મોઢે ચોરેલી બ્રેડના ટુકડાં અને માટીની કુલડીમાં પાણી ભરીને પરાણે ધીમા પગલે બહાર ગયો અને અબુને આપી આવ્યો, અબુ ઝૂંપડી અંદરથી કાંઈક ખાવાનું આવે એની રાહ જોતો અફીણની ચૂંગીમાંથી હજુ પણ ધૂમાડાંના ગોટા કાઢતો હતો.

'હા અમ્મી, હવે શું કરું?' ભારે હૈયે ઝૂંપડી અંદર પાછા આવેલા કાસમને ભૂખ્યા ભાઈ બહેનોની ચિંતા હતી.

'એ ખૂણામાં છે એ હાંડો લે અને માટલીમાંથી એમાં પાણી ભરી અને હાંડો ચૂલે મૂક.' કાસમ તો અમ્મીએ સમજાવ્યું એમ કામે લાગી ગયો.

'હવે અમ્મી?' કાસમને એમ કે અમ્મી એના નાના ભાઈ-બહેનો માટે કાંઈક નવીન બનાવવા માંગે છે એટલે આતુર થઇને બોલ્યો.

'એ પાણી ગરમ થઈ જાય એટલે થેલીમાં થોડોક લોટ પડ્યો છે એ અને થોડું મીઠું-મરચું હાંડામાં નાખી પછી બધાયને આપી દે અને તું પણ એમાંથી થોડોક લઇ લે.' આટલું બોલતા બીમાર અમ્મીને ઉધરસ ચડી ગઈ.

'અમ્મી, કાલેય તે અમને આ જ આપ્યું તું.' કાસમને આ જુવારના લોટનો શૂપ દરરોજ પીવો ગમતો નહિ અને એટલેજ તો એ મારવાડી શેઠની હોટલના રસોડા પાછળની વંડી ચોરી છુપીથી ઠેકીને અંગ્રેજોને પીરસાતી ઘઉંની બ્રેડના બે ટુકડાં મહામહેનતે ચોરી કરીને લાવેલો.

'લોટ સિવાય હવે મારુ કાળજું વધ્યું છે, એ આપું?' અમ્મી ગુસ્સાથી બોલી, ગુસ્સો કરવા જતા ફરી પાછી એ ઉધરસે ચડી ગઈ.

કાસમને પણ આજે ચોરીને લાવેલી બ્રેડનો એક નાનો ટુકડો ખાવાનું મન થઇ ગયું હતું પણ અમ્મીનો ગુસ્સો જોઈ એ ચુપચાપ લોટનો સૂપ બનાવવાના કામમાં લાગી ગયો.

ધગધગતાં તાવમાં શેકાઈ રહેલી અમ્મી, નાના કાસમને ચૂલામાં ફૂંક મારીને સળગાવતો જોઈ રહી. ફૂંક મારતાં એની આંખો માંથી આંસુ આવી રહ્યા હતા, કાસમની આંખમાં આંસુ આગમાં ઉઠતાં ધુમાડાને કારણે હતા અને એની અમીના આંસુ ભૂખે મરી રહેલા બાળકોના દુ:ખને જોઈને હતા.

સાંજનો સમય હતો, કાસમ એનો નાનો ભાઈ રહેમાન અને કાસમનું પાળેલું કૂતરું આ ત્રણેય દરિયાના ઉછળતાં મોજાઓને જોઇને ભૂખને ભૂલવાની કોશિશમાં હતા. રહેમાન આજુબાજુથી

નાના પથ્થરના ટુકડાઓ વીણીને દરિયાના મોજાઓ તરફ ફેંકતો એને આંટવાની નિષ્ફળ કોશિશ કરી રહ્યો હતો. બંને મુંબઈના દરિયા કાંઠાની એવી જગ્યાએ બેઠા હતાં જ્યાં હોટેલ તાજ પેલેસને બનવાને હજુ લગભગ સીતેર વર્ષની વાર હતી અને ગેટ વે ઓફ ઇન્ડિયાને લગભગ એંશી વર્ષ. ભૂખને ભૂલવા માંગતો કાસમ દૂર આથમતાં સુરજમાંથી પ્રગટતી હોય એમ ક્ષિતિજથી કિનારા તરફ આવતી હલેસાં બોટને એકીટસે ટાંપીને જોતો હતો. કડકડતી ભૂખને કારણે પથ્થર ફેંકીને થાકી ગયો એટલે રહેમાન પણ કાસમની બાજુમાં આવીને બેસી ગયો.

'કાસમ બ્રેડવાળી હોટલ બતાવને, મારે પણ એક બ્રેડ ચોરવી છે.' રહેમાને નિર્દોષ ભાવે કાસમ સામે જોતાં પૂછ્યું.

'અરે પાગલ થઇ ગયો છે? એતો મને મોકો મળ્યો ને મેં ચોરી લીધી, હવે પસ્તાવો થાય છે કે ના ચોરી હોત તો સારું હતું. મેં મારો જીવ જોખમમાં તમારા બધા માટે મુક્યો હતો અને છેલ્લે બધી બ્રેડ તો અબુ હજમ કરી ગ્યાં.'

'તો એમાં શું છે, આજે હું પણ તારી સાથે આવુ અને આપણે બંને ભેગા થઇને બ્રેડ ચોરીએ.' નાનો રહેમાન પોતાને લાગેલ કડકડતી ભૂખને કારણે જીવનું જોખમ લેવા પણ તૈયાર હતો.

'તને ખબર છે, ચોરી કરતાં પકડાઈ જાય તો શું થાય? મોટી લાઠીવાળો હવાલદાર ચામડી ઉતરડી નાખે.' રહેમાનને ક્યાં ખબર હતી કે કાસમ પોતે બ્રેડ ચોરીને હવાલદારથી પીછો છોડાવવા કેટલું દોડેલો, એ યાદ આવતા જ પગમાં દોડતાં ગબડીને મોચ આવી હતી એ પીડાનો લબકારો કાસમને યાદ આવી ગયો.

બંનેની બ્રેડ ચોરવાના સાહસની વાતો દરમ્યાન દરિયામાં દૂરથી આવતી આગબોટ પણ નજીક આવી ગઈ, હજુ હમણાં જ સાંજ થઇ હતી એટલે સુરજના આથમી જવા છતાં; લાલ આકાશનું પ્રતિબિંબ દરિયામાં પડી રહ્યું હતું, અને આ પ્રતિબિંબને લીધે આજુબાજુના કાંઠાના પથ્થરો અને બોટની દીવાલો ઉપર પણ લાલરંગ જાણે કે નૃત્ય કરી રહ્યો હતો. કાસમ બોટને બરાબરની નીરખી રહ્યો હતો, બોટના ડેક ઉપર જમવાના ટેબલોની સજાવટ કરેલી હતી; અને બોટની ચારે બાજુ કાચથી ઢાંકેલા દીવાઓના થાંભલાઓ હતા. બોટના ડેક ઉપર કોઈ મિજબાની ચાલી રહી હતી અને મિજબાની માણી રહેલાં બધા જ સહેલાણીઓ અંગ્રેજો હતાં અને નોકરો બધા જ દેશી હતાં. એ ત્રણ કૂવાથંભવાળી મોટી બોટ હતી પણ બોટના બધા જ શઢ સાંજના દરિયાનું વિહંગાવલોકન કરવામાં આડા આવે નહીં એટલા માટે ઉતારી દેવામાં આવ્યા હતા. બોટની નીચેના ભાગના ભંડકિયામાં સાંકળે બાંધીને રાખેલા આફ્રિકાથી ખરીદીને લાવેલાં હબસી ગુલામો હલેસાં મારીને બોટને આગળ ધપાવી રહ્યા હતાં. આ એ જ બોટ હતી જેને કાસમ સમજણો થયો ત્યારથી જોતો આવતો હતો. આ ખાસ પ્રકારની બનાવટની બોટ જે લંડનથી આવતા વિદેશી સહેલાણીઓને બોમ્બેના દરિયા કિનારાથી એલિફન્ટાની ગુફાઓમાં સહેલગાહ કરાવતી હતી.

'તને પેલી બોટ દેખાય છે?' કાસમે બ્રેડ ચોરીના દીવાસ્વપન જોઈ રહેલા રહેમાનને પૂછ્યું.

'હા, તો?'

'એક દિવસ એ બોટમાં મારે પણ નોકરી કરવી છે.' કાસમે હાથ ઉંચો કરી બોટ તરફ આંગળી ચીંધી પોતાની જિંદગીનો ઈરાદો નાના ભાઈ રહેમાનની સામે જાહેર કર્યો.

'પણ મને ભૂખ લાગી છે.' રહેમાનના અવાજે દીવા સ્વપ્નમાં રાચી રહેલાં કાસમને ઊછાળીને વર્તમાનમાં પટક્યો.

'તને ભૂખ લાગી છે ને? ચાલ મારી હારે, મારો ભાઈબંધ હરિદાસ કે'તો તો કે એના ધરમનુ જે મંદિર છે ત્યાં દરરોજ રામરોટી મળે છે, ચાલ થા ઉભો.' કાસમ ઊભો થયો, રહેમાન એને

અનુસર્યો અને બંને ચાલતાં થયા, એ બંનેને ઉઠીને ચાલતાં જોઈને એનું પાળેલું કૂતરું પણ એ બન્નેને અનુસરતું પાછળ ચાલ્યું.

'એને માર પાણો અને ભગાડ, એ પાછળ પાછળ આવી પાછુ આપણને પણ મરાવશે.' કાસમે રહેમાનને કહ્યું એટલે રહેમાને રસ્તા ઉપરથી પથ્થર ઉઠાવ્યો અને કુતરા તરફ ફેંક્યો, કૂતરું સમજી ગયું કે હવે એ બંનેની પાછળ જવા જેવું નથી એટલે બે પગ વચ્ચે પૂંછડી નાખી એ બીજા રસ્તે ચાલતું પડ્યું.

કાસમની દ્રષ્ટિએ દેખીતી રીતે તો ભૂખ મટાડવાનો આ ઉપાય સીધો અને સરળ હતો, હિન્દુ મંદિરે જવું અને રામરોટી ખાવી, દૂરથી જ રામરોટી માટેનો ઘંટ વાગવાનો શરુ થઇ ગયો હતો.

'તે ક્યારેય અહીં ખાધું છે?' રહેમાને નિર્દોષ અવાજે કાસમને પૂછ્યું.

'ના પણ હું ઘણી વખત હરિદાસ સાથે આવ્યો છું.'

'હોટલેથી બ્રેડ ચોરીને ખાવા કરતાં તો હિન્દુના આ મંદિરે ખાવું સારું.' રહેમાનને હજુ કાસમનો આ મંદિરવાળો વહીવટ સમજાતો નો'તો.

'અરે અબુ કે અમ્મીને ખબર પડે કે આપણે હિન્દુ મંદિરે ખાધું છે તો મારી મારીને અધમૂવા કરી નાખશે.'

'તો અબુને કહીએ કે હાલો મસ્જીદેથી ખાવાનું અપાવો.' નિર્દોષ રહેમાનની ભૂખને મંદિર કે મસ્જિદ વચ્ચેનો ફરક ક્યાં ખબર હતો?

'એ તું મોટો થા ને એટલે અબુને તારી જાતે જ કહેજે.' કાસમ રહેમાનના પ્રશ્નોના મારાથી કંટાળ્યો હતો.

'તું કોઈ દિવસ હિન્દુ મંદિરની અંદર ગયો છે?' કાસમ ખિજાઈને બોલ્યો એટલે રહેમાને પોતાનો પ્રશ્ન બદલ્યો.

'ના, હિન્દુ મંદિરે ભિખારીઓને બહાર ખાવાનું આપે છે એ મેં મરી નજરે જોયું છે.' કાસમ હવે રહેમાનને જવાબો આપી આપીને કંટાળ્યો હતો.

'તો આપણે પણ ભિખારી થઇ જઈએ એટલે આ હિન્દુ મંદિરે આપણને પણ ખાવાનું આપે?'

'તને ભૂખ લાગી છે? તો છાનો માનો લપ કર્યા વગર આ લાઈનમાં ઉભો રહી જા.' કાસમે હાથનું કાંડુ પકડીને રહેમાનને ભિખારીની લાઈનમાં ગોઠવાઈ જાય એટલે આગળ ધક્કો માર્યો.

કાસમે જોરથી ધક્કો માર્યો એટલે રહેમાન બીજા ભિખારીઓની પાછળ લાઈનમાં ગોઠવાઈ ગયો. મંદિરમાંથી ભક્તો પૂજા અર્ચના કરી કરી મંદિરમાંથી પ્રસાદ લઈને બહાર નીકળતાં હતાં અને તેઓની પ્રસાદની થાળીમાંથી આવતાં તાજા ફરસાણની સુગંધે બંનેની ભૂખની તીવ્રતા વધારી દીધી. રહેમાન ખાવાની સુગંધને લીધે ભૂખથી પેટ ઉપર હાથ ફેરવવા લાગ્યો.

'જો વધારે આપે તો અમ્મી માટે લઇ લેજે.' કાસમે રહેમાનને ધીમાં અવાજે કહ્યું.

'મારે તો પહેલા પેટ ભરીને ખાવું છે, પછી બીજી વાત.' રહેમાનથી હવે ભૂખને કારણે રહેવાતું નો'તું એ એની વાત ઉપરથી સ્પષ્ટ થયું.

'મૂરખ, ઘરના નું પણ.....' હજુ કાસમ પોતાની વાત પુરી કરે એ પહેલાં, એના ખભે એક જોરદાર પંજો પડ્યો.

'હવે હાથમાં આવ્યો.' કહીને હવાલદારે કાસમને થોડા દિવસ પહેલા કરેલી બ્રેડની ચોરીના આરોપમાં દબોચ્યો. કાસમ હવાલદારના મજબૂત પંજાથી છૂટવા માટે જેટલી તાકાત હતી એ લગાવીને છટપટતો રહ્યો. નાનો રહેમાન કાસમની આ છટપટાહટ જોઈને ડરી ગયો એટલે એ પણ જોર જોરથી બૂમો પાડીને રડવા લાગ્યો. દશ વર્ષના કાસમને અમ્મીએ એવો ડર બતાવીને મોટો કરેલો કે હવાલદાર જો પકડીને લઇ જાય તો જેલ થાય અને જેલમાંથી કોઈ દિવસ બહાર

નિકળી ના શકાય. એના આજ ડરને કારણે કાસમ એની તાકાત હોય એટલું જોર લગાવીને હવાલદારની મજબૂત પક્કડમાંથી છૂટવાની નિષ્ફળ કોશિશ કરતો રહ્યો.

સટાક.....સટાક....અને, ' ઓય....અમ્મી....' પકડમાંથી છૂટવા ધમપછાડા કરી રહેલા કાસમને બીજા હવાલદારે પાછળથી બે સોટી લગાવી અને કાસમથી ચીસ પડી ગઈ. સોટીઓની ચમચમાહટે કાસમને ઢીલો ઢફ કરી નાખ્યો એટલે હવાલદારે રસ્તા ઉપર પસાર થતી એક ઘોડાગાડીને હાથ ઊંચો કરી ઉભી રાખી. એકે હાથ અને બીજાએ પગ પકડી ટીંગાટોળી કરીને કાસમને ઘોડાગાડીની પાછળ નાખ્યો અને બંને હવાલદાર પણ બેસી ગયા.

'એય, શેઠ કરોડીમલની હોટલે લઇ લે.' હવાલદાર બોલ્યો એટલે ઘોડાગાડી વાળાએ ઘોડાને ચાબૂક મારીને ચાલતી કરી.

ડરના માર્યા હીબકાં ભરતો રહેમાન ઘોડાગાડીની પાછળ દોડ્યો પણ કારી ના ફાવતાં ઉભો રહી ગયો, બંનેની પાછળ પાછળ સૂંઘતું મંદિરે પહોંચેલું કૂતરું પણ રહેમાનની પાસે ઉભું રહીને કાસમને પકડીને લઈ જતી ઘોડાગાડીને જોતું રહ્યું.

ઘોડાગાડીમાંથી ઉતારી, દબોચીને હોટેલની પાછળના ભાગમાં એક મોટા ચૂલા પાસેના એક પથ્થર સાથે હવાલદારે કાસમને બાંધી દીધો. હવાલદારની ચમચમાતી સોટીની પીડાથી કણસતાં કાસમની આંખમાં હજુ પણ આંસુ હતાં, એના નાકમાંથી શેડાંની ધાર નીકળી ગઇ હતી અને વધુ પડતાં રડવાને કારણે એ હીબકે ચડી ગયો હતો. જ્યાં કાસમને બાંધેલો હતો એ ચૂલામાં મોટા માટીના વાસણમાં બટાકા બફાઈ રહ્યા હતાં અને એના માટે કરવામાં આવેલ આગનો તાપ કાસમની ચામડીને દજાડતો હતો. ભડભડ બળતી આગના તાપને કારણે એના હાથ ઉપરની કૂણી રુંવાટીઓ બળીને વાંકીચુકી થઇ ગઈ હતી. તાપ સહન ના થવાથી કાસમે હાથ હલાવીને છૂટવાની કોશિશ કરી પણ બંને હાથ પથ્થરની સાથે એકદમ કચકચાવીને બાંધેલા હોવાથી એનું કાંડુ દુઃખવા લાગ્યું. પીડાને કારણે એણે છૂટવાનો પ્રયત્ન છોડી દીધો અને ના છૂટકે ભડભડ બળતી આગનો તાપ સહન કરતો રહ્યો. કાસમને છૂટવા માટે માથાકૂટ કરતો જોઈ હસતાં હસતાં બંને હવાલદાર શેઠને કાસમના પકડાવાના સમાચાર આપી મફતની અંગ્રેજી ચા પીવાનો વેંત કરવા અંદર ગયા. કરોડીમલ શેઠની મુંબઈના પોશ વિસ્તારમાં આવેલી હોટલના મોટાભાગના ગ્રાહકો અંગેજ સહેલાણીઓ હોવાથી હવાલદારે પણ કાસમને હોટલના રસોડાની પાછળના ભાગમાં જ બાંધીને રાખેલો. 'તો આ છે બ્રેડ ચોર?' બોલતા કારોડીમલ શેઠ, હોટલના પાછળના બારણેથી બહાર આવ્યા.

ડૂસકાં ભરતાં કાસમે ઊંચું જોયું, શેઠે પોતાના ગાળામાં ચશ્માં તરીકે વાપરવાનો એક બહિર્ગોળ કાચ દોરીથી લટકાવેલો હતો. એણે સફેદ રંગની મારવાળી પાઘડી પહેરી હતી અને સાથે મોટા બટનવાળું રજવાડી અંગરખું પહેરેલું હતું. શેઠે ડૂસકાં ખાતાં કાસમને જીણી આંખો કરીને બરાબરનો તાકીને જોયો. બંનેની આંખો મળી એટલે કાસમે જોર જોરથી રડવાનું શરુ કર્યું.

'ચૂપ, મને ખબર છે હું તારા ઉપર દયા ખાઈને તને છોડી દઉં એટલે મને જોઈને જોર જોરથી રડે છે?'

શેઠે ધમકાવ્યો એટલે કાસમ ચૂપ થઇ ગયો.

'ચોરીની ઉપર સીના જોરી? સાંભળ, તારે જેલમાં જવું છે કે મારી હોટલમાં કામ કરવું છે?' શેઠે પૂછ્યું.

કાસમે કાંઈ જવાબ ના આપ્યો એના હીબકાં હજુ ચાલુ જ હતા. શેઠ માટે ભાવતું હતું ને વૈદે કીધું એના જેવું થયું, એણે હોટલમાં કામ કરે એવા છોકરાની જરુર હતી અને કાસમ બરાબરનો લાગમાં આવી ગયો હતો. શેઠ આમતો મારવાડી ને? એટલે કાસમને જોઈને એને મફતમાં કામ કરાવવાની યોજના મનમાં જ ઘડી કાઢી.

'બોલે છે કે આ બંને હવાલદારને કહું કે તને જેલ ભેગો કરે? કરવું છે?' શેઠ કાસમ સામું જોઈને કરડાકીથી બોલ્યા.

કાસમે ના છૂટકે હકારમાં માથું હલાવ્યું.

'બે બ્રેડ ચોરી ગયો હતો ને? તો પગારમાં રોજ બે બ્રેડ આપીશ, કાલે ઉઠીને આવી જજે અને જો ના આવ્યો તો આ બંને હવાલદારને તારી વસ્તીમાં મોકલીશ અને તારી હારે તારા અબુને પણ જેલમાં નંખાવી દઈશ, સમજ્યો?' શેઠે ફાઇનલ ઓફર આપીને હવાલદારને ઈશારો કર્યો. હવાલદારે કાસમના હાથ છોડી નાખ્યા અને ધક્કો મારીને હોટલના પાછળના ભાગથી ભગાડી મુક્યો.

કાસમ હોટલની પાછળથી શેરીમાં બહાર નીકળ્યો ત્યારે રહેમાન અને કૂતરું બંને એની રાહ જોઈને જ બેઠા હતા. કાસમને જોતા જ રહેમાન દોડીને આવ્યો અને એને ચોંટી પડ્યો. આ બધી માથાકૂટમાં બંનેની ભૂખ મરી ગઈ હતી એટલે બંને એક બીજાની આંગળી પકડીને ઝૂંપડીએ જવા નીકળ્યાં.

*** શેઠ કરોડીમલની હોટલમાં કાસમનો કામનો પહેલો દિવસ હતો, હોટલની પાછળ બળદગાડું લાકડાંનો ભર ભરીને ઉભું હતું, કાસમ એની હેસિયતથી વધારે લાકડાઓ લઈને ગાડા ઉપરથી ઉતારવામાં મદદ કરી રહ્યો હતો. બપોરના ધોમ ધખતાં તડકામાં પરસેવે રેબઝેબ કાસમ પોતે મહેનતુ છે એ સાબિત કરવા માટે થાક્યા વગર કામ શરુ કરી દીધું હતું. શેઠ પણ જાણેકે કાસમની પરીક્ષા લઇ રહ્યા હોય એમ આજે પહેલા દિવસે કાસમને હેસિયત બહારનું કામ સોંપ્યુ હતું. વાંઝણા મારવાડી શેઠ એક વિશ્વાસુ છોકરાંની શોધમાં હતા એટલે એ કાસમની કામના પહેલા દિવસે બરાબરની પરીક્ષા લઇ રહ્યા હતા.

સાંજે કામ પૂરું થયું એટલે નક્કી કર્યા પ્રમાણે કાસમને મહેનત બદલ બે બ્રેડ મળી એટલે એ લઇને ચાલ્યો પોતાની અમ્મીને પોતાની પહેલા દિવસની મજૂરી આપવાં.

'આખો દિવસ કામ કર્યું ને બે જ બ્રેડ? તે કાંઈ ખાધું?' અમ્મી બ્રેડ હાથમાં લેતી બોલી.

'આજે બે આપી છે, વધારે મહેનત કરીશ તો કાલે દશ આપશે.' કાસમે અમ્મીને ખાવા વિષે જવાબ ના આપ્યો એટલે અમ્મી સમજી ગઈ કે એણે કાંઈ ખાધું નથી. અમ્મીની આંખમાં પાણી આવી ગયા. અમ્મીની આંખમાં આંસુ જોઈને કાસમ એના ખોળામાં માથું રાખીને સૂતો.

'તું હજુ કેટલો નાનો છે ને આનાથી કેટલી વધારે મહેનત કરીશ?' અમ્મી પરસેવે રેબઝેબ કાસમના માથાં ઉપર હાથ ફેરવતી બોલી.

'દશ રોટીતો આપણને બધાને પુરી થઇ જશે ને? હું તો ચપટી વગાડતાં મોટો થઇ જઈશ, તું મારી ચિંતા ના કર.' થાક્યો પાક્યો અને ભૂખ્યો કાસમ અમ્મીના ખોળામાં માથું મૂકતાં જ ક્યારે સુઈ ગયો એ ખબર ના પડી. અમ્મી એના માથામાં હાથ ફેરવતી રહી.

કાસમની હોટેલ અંગ્રેજ અફસરોની માનીતી હતી. કાસમની મહેનતને કારણે શેઠે હવે એને ધીરે ધીરે તાલીમ આપવાનું શરુ કરી દીધું હતું. હોટલની પાછળના ભાગે ઉભેલ ગાડાંમાંથી લાકડાના મોટાં ટીપણાંઓને મજૂરો કાળજીથી ઉતારે એ માટે ખુદ શેઠ ધ્યાન રાખવા ઉભા

હતા. નાના કાસમનું આ કામ નહોતું એટલે એ શેઠથી થોડો દૂર ઉભો રહીને જોતો હતો.

'એ કાસમ અહીં આવ.' શેઠે કાસમને ઈશારો કરીને બોલાવ્યો.

કાસમ શેઠની નજીક આવ્યો.

'આ ટીપણાંમાં શું છે ખબર છે?' શેઠે પૂછ્યું એટલે કાસમે નકારમાં માથું હલાવ્યું. 'આ ટીપણાંઓમાં વહાણમાં બનાવેલો બિયર છે. અંગ્રેજ લોકો આનાથી નશો કરે. મોટો માણસ થવું હોય તો આનાથી દૂર રહેવાનું.' શેઠે કાસમ જાણે પોતાનો દીકરો હોય એમ સલાહ આપી.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વેપારી વહાણો જયારે છ મહિનાની લાંબી ખેપ કરીને ઇંગ્લેન્ડથી આવતાં ત્યારે ભારતમાં કામ કરતા અંગ્રેજ અફસરોની માંગ પ્રમાણે ઇંગ્લેન્ડથી બિયરના ટીપણાં ભરીને લઇ આવતાં અને લાંબી ખેપ દરમ્યાન આ બિયરનો સ્વાદ અને સુગંધ જાળવી રાખવામાં માટે વિશેષ પ્રકારના વનસ્પતિના અર્ક આ બિયરના ટીપણાંમાં સમયાંતરે ઉમેરાતાં. આવા તૂરા સ્વાદવાળા બિયરની ભારતના અંગ્રેજ અફસરોમાં ખુબ માંગ હતી. આ બિયર અત્યારે પણ દુનિયામાં ઇન્ડિયન પેલ આલે તરીકે જાણીતો છે.

'આ બિયર આવી ગયો એટલે આવતાં રવિવારે ચર્ચ જઈને અંગ્રેજો અહીંયા ભોજન માટે આવશે, આજે અબ્દુલ હોટલે આવવાનો છે, તું એની સાથે બજારમાં જજે એટલે તને ધીરે ધીરે સમજ પડે.' શેઠની વાત સાંભળીને કાસમે હકારમાં માથું હલાવ્યું.

કાસમ હજુ શેઠની સૂચનાની રાહ જોઈને ઉભો હતો.

'હવે શેઠની જેમ ઉભો રહીશ કે બિયર લાવ્યું એ ગાડું સાફ કરીશ?' શેઠે તતડાવ્યો એટલે કાસમ કામે વળગ્યો.

બિયરના ટીપણાં હોટલની પાછળની ભોંખારમાં ઉતરી ગયા એટલે શેઠે અંગ્રેજોની માટે ખાસ મિજબાનીની તૈયારીના ભાગરૂપે મચ્છી બનાવવાના માનીતાં રસોયા અબ્દુલને બોલાવી એની સાથે કાસમની ઓળખાણ કરાવી દીધી. જયારે જયારે આવી મહેફિલ થતી ત્યારે માછલીમાંથી અંગ્રેજોને ભાવતી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવા માટે કરોડીમલ શેઠ ખાસ અબ્દુલને જ બોલાવતા. શેઠના કહેવાથી બંને શણના કોથરાં ખભ્ભે નાખીને બજારમાં માછલીઓ ખરીદવા નીકળ્યાં.

'આ તારો શેઠ જોરદાર છે હો.' કાસમથી ઉંમરમાં ત્રણ ગણો મોટો અબ્દુલ બોલ્યો.

કાસમે કાંઈ જવાબ ના આપ્યો પણ વાતોળીઓ અબ્દુલ ચાલુ પડી ગયો.

'રવિવારે બહાર પાટિયું મારે કે હોટલ બંધ છે, પણ છાના ખૂણે અંગ્રેજોને માછલી, કરચલાં અને બિયરનું ભોજન કરાવે.' અબ્દુલ બોલ્યો.

'પણ અમારી હોટલે તો રોટી સબ્જીની થાળી મળે છે.' કાસમને કરોડીમલ શેઠની હોટલની પુરી વાત ખબર નો'તી.

'અરે એતો દેખાવ છે, તને ખબર નથી બચ્ચું, મને બોલાવ્યો એટલે અંગ્રજોના બિયર આવી ગયાં હશે. હવે આ રવિવારે મચ્છી અને બિયરની મહેફિલ જામશે, તું જોજે તો ખરો.' અબ્દુલ બોલ્યો.

કાસમને શું જવાબ દેવો એ સુજ્યું નહિ એટલે એ કોથળો ખભ્ભે નાખીને અબ્દુલની સાથે ચાલતો રહ્યો, વાતોડિયા અબ્દુલને કાસમની મૂંગા મોઢે સાંભળવાની ટેવ ગમી.

'પણ તારા શેઠને અંગ્રેજો સાથે સંબંધો સારા, અને મને પણ વળતર સારું આપે છે.' અબ્દુલ બોલ્યો.

'આપણે તો મજૂરીથી કામ, મોટા શેઠ શું કરે ને શું નો કરે એમાં આપણે શું?' નાના કાસમે જાણે પોતાની જિંદગીની ફિલોસોફી અબ્દુલને સમજાવી દીધી.

સમયાંતરે કાસમે પણ બોલકા અબ્દુલનું દિલ મહેનત અને ખંતથી જીતી લીધું. ખાસ મિજબાનીના પ્રસંગે અબ્દુલ જયારે મચ્છી બજારમાં ખરીદી કરવા જતો ત્યારે કાસમને પોતાની સાથે વજન ઉપાડવા લઈ જતો. અબ્દુલે કાસમને વિવિધ પ્રકારની માછલીઓની ઓળખથી માંડીને દરિયાકાંઠે પથ્થરોની નીચેથી કરચલાઓને શોધીને કેવી રીતે પકડવા એ પણ શીખવ્યું. કાસમે અબ્દુલને પોતાનો ગુરુ બનાવી દીધો અને સ્વાદિષ્ટ સમુદ્રી વાનગીઓ કેવી રીતે બનાવનવી એ પણ શીખી લીધું.

દશ વર્ષે હોટલમાં કામે લાગેલો કાસમ જોતજોતામાં બાર વર્ષનો થઇ ગયો અને બે રોટીનો પગાર પણ હવે દરરોજની દશ રોટીનો થઇ ગયો હતો. કાસમ હોટેલે કામ પૂરું થયા પછી દરિયા કાંઠે રાહ જોતા રહેમાન અને એના માનીતાં કુતરા સાથે રમતો અને નાનામોટા કરચલાંઓ અને ક્યારેક મચ્છી પકડીને ઝૂંપડીએ લઇ જતો. કાસમે હોટલે કામ કરીને કમાયેલી દશ રોટી અને હાથેથી પકડેલી મચ્છીનું ખાવાનું અમ્મીને અબુના ક્રોધથી બચાવતું. કાસમની મહેનત અને લગને એને કરોડીમલ શેઠનો માનીતો બનાવી દીધો.

બચપણથી અંગ્રેજોની નોકરી કરવાના સપના જોતા કાસમને હોટલે કામ કરવાની બરાબરની લગન લાગી ગઈ. મચ્છી બિયરની મિજબાનીમાં આવતાં નવા નવા અંગ્રેજ અમલદારોને જોઈને કાસમને અંગ્રેજો માટે કામ કરવાની ઈચ્છા તીવ્ર બનતી ગઈ. કાસમને હોટલ ઉપર અંગ્રેજ અમલદારો જોઈને એટલી તો ખબર પડી કે જો અંગ્રેજો માટે કામ કરવું હોય તો અંગ્રેજી ભણવું પડે. કાસમ જેવા ગરીબ મુસલમાનના છોકરા માટે કુરાન સિવાય કોઈ પણ બીજું ભણતર ભણવાનો વિચાર કરવો એ પણ મોટો ગુન્હો હતો એટલે અમ્મીને વાત કર્યા વગરજ કામ કરતાં કરતાં અંગ્રેજી ભણવાનું શરુ કર્યું. હોટલની પાછળની દીવાલ ઉપર એ.બી.સી.ડી. અને નાના મોટા અક્ષરો શેઠની પરવાનગીથી શીખવાના શરુ કર્યા. હોટલને મોટી બધી દીવાલ હતી અને કોલસાંનો ક્યાં તોટો હતો? આમને આમ કાસમનું અંગ્રેજી ભણવાનું શરુ થયું.

પ્રકરણ ૨

અફીણનો વેપાર



અંગ્રેજોના ક્રૂર શાસનને કારણે મુંબઈમાં ગણેશ ચતુર્થીનો ઉત્સવ જાહેરમાં ઉજવવાનું તો બંધ જ કરાવી દેવાયેલું તેમ છતાં હિન્દુઓના દિલમાં સિદ્ધિવિનાયક વસેલા હોવાથી છાનેછપને પણ નાની ગલીઓ અને ઝૂંપડપટ્ટીઓમાં ઉજવણી થઇ જતી. અંગ્રેજોએ ભાગલાં કરો અને રાજ કરો એ નીતિનો અમલ હજુ શરુ કરેલ નહિ એટલે હિન્દુ અને મુસલમાન વચ્ચે કટ્ટર કોમવાદનો જન્મ હજુ થયેલ હતો નહિ એટલે હિન્દૂ અને મુસલમાન બંને એક સાથે મળીને પરસ્પર ઉત્સવોની ઉજવણી કરતાં.

ગણેશ ચતુર્થી નજીક આવતી હોવાથી કાસમના મિત્ર હરિદાસે ગણેશ ચતુર્થીની ઉજવણી માટે ગલીના નાકે બધા જ બાળકોને ભેગા કર્યા.

'આ વખતે તો નાટક કરવું છે.' હરિદાસે જાહેર કર્યું એટલે બધા બાળકો ગેલમાં આવી ગયા.

એ મારે નાટકમાં રહેવું છે, તો બીજો બોલ્યો મારે પણ રહેવું છે. બાળકોની ટોળી બેકાબુ થઇ ગઈ અને ખુશીથી નાચવા લાગી.

'ક્યુ નાટક કરશું?' એક ટેણીયો બે ઊંચા કરી હાથના ઇશારા કરતો બોલ્યો.

'છત્રપતિ શિવાજી મહારાજ.' હરિદાસે ગળું ટટ્ટાર રાખતાં મોટી જાહેરાત કરી.

કાસમ પણ એ ટોળકીમાં હતો, હરિદાસે કાસમને જોયો અને ઈશારો કરીને નજીક બોલાવ્યો.

'કાસમ તું પણ ભાગ લઈશ ને?' હરિદાસે કાસમના ખભ્ભે હાથ રાખતાં પૂછ્યું, કાસમ અને હરિદાસ લંગોટિયા મિત્રો હતાં.

'મારે તો હોટલે કામ હોય.' કાસમ ઘરે આવીને એટલો થાકી જતો એટલે નાટકમાં ભાગ લેવો એ એની તાકાત બહારની વાત હતી. કામ કરતાં જયારે પણ સમય મળતો એ એના મિત્ર હરિદાસ અને એની ટોળકી સાથે નાની મોટી ગેલ ગમ્મત કરી લેતો.

એ જમાનામાં કાગળો ઉપર નાટક લખેલાં તો હતા નહિ અને જે હતા એ તો એ ગરીબ ઝૂંપડપટ્ટીના નાના બાળકો માટે મેળવવા અસંભવ હતા.

જૂના ઇતિહાસના નાટકો અને વાર્તાઓ માટે તો વસ્તીમાં ધોળીમાં એક અને માત્ર એક હતા, ધોળીમાં પ્રસંગોપાત નાના બાળકોને ભેગા કરીને ઇતિહાસના વિરપુરુષો અને વીરાંગનાઓની વાર્તાઓ કરતાં; અને એ બધી જ વાર્તાઓમાં છત્રપતિ શિવાજી મહારાજની વિરતાની વાતો તો હંમેશા થતી જ. બધા જ બાળકોએ છત્રપતિ શિવાજીની વિરતાના કિસ્સા ધોળીમાં પાસેથી જ સાંભળ્યા હતા; એટલે જ તો વસ્તીના એકમાત્ર વાર્તાકાર ધોળીમાં પાસે નાટક મંડળી પહોંચી અને છત્રપતિ શિવાજી મહારાજનું નાટક કરવું છે એવી વાત કરી. બાળકોને ધોળીમાંની આવી વિરરરસથી ભરેલી વાર્તાઓ ખુબ જ ગમતી અને જયારે જયારે

ધોળીમાં વાર્તા કરવા ઝૂંપડપટ્ટીની વચ્ચે આવેલ હનુમાનની દેરીના ચોકમાં બેસતાં ત્યારે આખી વસ્તીમાં ઉજવણીનો માહોલ થઇ જતો. આવા વસ્તીના મનગમતા વાર્તાકાર ધોળીમાંએ જયારે નાટક માટે હા પાડી ત્યારે બાળકોમાં ઉત્સાહનો ઊભરો આવી ગયો.

બાળકોમાં કામ અને પાત્રો વહેંચાઈ ગયા અને બાળકો લાગી ગયા પોતપોતના પાત્રના પહેરવેશ માટેના વેશભૂષા શોધવા. કાસમના હાથમાં આવ્યું સૈનિકનું પાત્ર અને આવી રીતે શરુ થયું છત્રપતિ શિવાજી મહારાજના નાટકનું રિહર્સલ. ધોળીમાંએ દરરોજ સાંજે વાળુંપાણી થયા પછી એક ઝૂંપડીના ફળીયામાં દીવાના અજવાળે બાળકોને ભેગા કરીને મૌખિક રિહર્સલ કરાવવાનું ચાલુ કર્યું.

બીજા બાળકોને દિવસ દરમ્યાન રમવાનું, જમવાનું અને સાંજે રિહર્સલ કરવાનું. ગરીબ વસ્તીના બાળકોને સ્કૂલ શબ્દની જ ખબર નો'તી, સ્કૂલે ફક્ત શેઠ શાહુકારના બાળકોને જવાં મળતું. બીજા બાળકોની સરખામણીએ કાસમને આખો દિવસ હોટલે કામ કરીને દરરોજ દશ બ્રેડ ફરજિયાત કમાવાની એટલે એ આખો દિવસ મહેનત કરીને થાકી જતો. હરિદાસ સમજદાર છોકરો હતો અને એટલેજ એણે કાસમને એક નાના સૈનિકનો રોલ આપેલો, જેથી કરીને કાસમને રિહર્સલમાં બહુ મહેનત ના કરવી પડે.

ગણેશચતુર્થીનો પ્રસંગ નજીક આવતો ગયો અને સાથે જ હોટલ ઉપર પણ કામનું ભારણ પણ વધતું ગયું. થાક અને કામને લીધે કાસમથી ક્યારેક ક્યારેક રિહર્સલ પણ છૂટી જતું.

ગણેશચતુર્થી આવી ગઈ અને સાથે જ શેરીનાટકનો દિવસ પણ. બાળકો સવારથી જ તૈયારીમાં લાગી ગયાં, ધોળીમાંની સલાહથી હનુમાનની દેરી સામે ગાયોના છાણનું લીંપણ કરીને નાટક માટેનો ચોક તૈયાર કરવામાં આવ્યો અને છોકરાઓની ટોળી ઝૂંપડે ઝૂંપડે પહોંચી ગઈ રાત્રે નાટક છે એ યાદ અપાવવા અને માટીના કોડિયાઓમાં રાત્રે દીવા કરવા માટે તેલ ઉઘરાવવા.

સાંજે વાળું-પાણી પૂરું કરીને ચોકમાં વસ્તીના લોકો ભેગા થયા, રાતના સમયે હંમેશા અંધકારમાં ડૂબી જતી ઝૂંપડપટ્ટીના લોકો માટે આજની રાત જાણે કે દુઃખોને ભૂલીને આનંદ કરવાનો ઉત્સવ બની ગયો. દેરીની પાછળ આવેલ ધોળીમાંની ઝૂંપડીએ છોકરાઓ એક પછી એક તૈયાર થયાં, સૌથી પહેલો વારો હતો હતો હરિદાસનો જે શિવાજી મહારાજની ભૂમિકામાં હતો. માટીની તાવડીની મેશને તેલમાં ભેળવીને બનાવેલા કાળા રંગથી કરેલી અણિયાળી મૂછો અને મહામહેનતે શોધેલું અને સાચવી રાખેલું પાઘડી ઉપર ખોસેલું મોરનું પીંછું હરિદાસને એકદમ શોભી રહ્યું હતું.

કાસમ પણ હોટલથી કામ કરીને આવી ગયો અને રાહ જોતી અમ્મીને રોટીઓ આપીને ભૂખ્યાપેટે જ ટોળકીમાં આવીને તૈયાર થવાંની લાઈનમાં ગોઠવાઈ ગયો. હોટલે આખો દિવસ કામ અને કકડીને લાગેલ ભૂખને કારણે કાસમના પગ ધ્રુ જતા હતા અને આંખો ઘેરાતી હતી પણ કોઈને ખબર ના પડે એવી રીતે એ પોતાના તૈયાર થવાના વારાની રાહ જોઈને ઉભો રહ્યો.

ચોકના એક ખૂણાંમાં નાની ખાટલી ઉપર ધોળીમાં પોતાની માટીની માણ લઇને બેસી ગયા, ત્રણ આંગળીયે વીંટીયું અને માણ ઉપર ધોળીમાંનો હાથ, વસ્તીના લોકોને ખબર પડી કે નાટક શરુ થયું એટલે બધા જ ચોકમાં ભેગા થવા મંડયા અને આ રીતે શરુ થયું છત્રપતિ

શિવાજી મહારાજનું શેરી નાટક.

'પ્રતાપગઢના અભેદ કહેવાતાં કિલ્લાની અંદર અડફાતડફીનો માહોલ છે, કિલ્લો અફઝલખાનના લશ્કરથી ઘેરાઈ ગયો છે. લડાઈમાં હાર નિશ્ચિત છે એનો આભાસ થઇ જતા સેનાપતિઓ શિવાજી મહારાજને શું રજૂઆત કરવી એ બાબતે ચર્ચા વિચારણાં કરી રહ્યા છે.' આમ કહેતાં ધોળીમાંએ માણ ઉપર વીંટીયું વાળા હાથથી થાપ મારીને વાતાવરણને શોર્યરસથી ભરી દીધું.

માણ ઉપરની ધોળીમાંની જોરદાર થાપને વસ્તી વાળાઓએ તાળીઓથી અને ચિચિયારીઓ પાડીને વધાવી લીધી. એક પ્રકારનો તણાવપૂર્ણ માહોલ ઉભો થઇ ગયો, આ માહોલની વચ્ચે ધોળીમાંને પણ શૂરાતન ચડી ગયું અને શિવાજી મહારાજની વાર્તા આગળ વધારી.

'બીજાપૂરીના લશ્કર સાથે લડતા લડતા શિવાજી મહારાજ અને એના ચુનંદા સાથીઓએ પ્રતાપગઢના કિલ્લામાં શરણું લીધું અને અફઝલખાનના લશ્કરની સામે લડાઈ ચાલુ રાખી.' ધોળીમાંએ આટલું બોલતા જ, હરિદાસે ચોકમાં પ્રવેશ કર્યો અને સાડીથી ઢાંકોઢુંબો કરીને બનાવેલા ખાટલાંના સિંહાસન ઉપર સ્થાન ગ્રહણ કર્યું.

હનુમાનની દેરીની પાછળ કાસમ પોતાના પ્રવેશની રાહ જોઈને ઉભો હતો. ભૂખને કારણે પગ હજુ પણ ધ્રૂજતા હતા અને નીંદર પણ ભયાનક આવી રહી હતી. હાથમાં વાંસની સોટીથી બનાવવેલ ભાલો અને સાડી વીંટાળીને બનાવેલા સૈનિકનો પહેરવેશ પહેરેલો હતો અને ચોકમાં વસ્તીવાળાઓ ચિચિયારીઓ સાથે જ એના શરીરમાં કંપન શરુ થઇ ગયું અને કાસમને એના કયા પ્રવેશમાં શું બોલવું અને ક્યારે બોલવું એનું ભાન પણ ધીરે ધીરે જતું રહ્યું.

કાસમને આખા નાટક દરમ્યાન બે વખત પ્રવેશ કરવાનો હતો, પહેલાં પ્રવેશમાં વાત કરવાની હતી કે, 'અફઝલખાનનો દૂત સંદેશો લઈને આવ્યો છે.' અને બીજા પ્રવેશમાં વાત કરવાની હતી કે,'મહારાજે અફઝલને મારી નાખ્યો છે, તોપથી સંદેશો આવી ગયો છે, હવે તો બસ જય ભવાની અને ચડાઈ કરો.'

ચોકમાં કાશીમાંએ વાત આગળ વધારી, શિવાજી મહારાજને બિરદાવતી વાતો અને સાથે માણનો તાલ સાંભળીને વસ્તીવાળાઓના તાળીઓના અવાજ અને આનંદની ચિચિયારીઓ ચાલુ હતી. કાસમના શરીરની રુંવાટીઓ ઉભી થઇ ગઈ હતી અને એક પ્રકારનો જાહેરમાં બોલવાનો ડર અને માનસિક દબાણને કારણે કાનના પડદાં ઉપર એક પ્રકારનું દબાણ વધી ગયું હતું. કાનની બાજુમાં જ એક મોટો અવાજ થાય અને કાનમાં જે બહેરાશ આવી જાય એવી બહેરાશના અનુભવ વચ્ચે જ એક જોરદાર ધક્કો લાગ્યો.

'જા તારો પ્રવેશ આવ્યો.' કાસમને કાંઇ સમજાય એ પહેલાંતો એ નાટકના ચોકમાં શિવાજી મહારાજની સામે આવી ગયો. ધોળીમાંએ પડકારો કર્યો અને અને માણ ઉપર ત્રણ વીંટીઓ વાળી જોરદાર થાપ મારી. હકોબક્કો થઇને ચોકની વચ્ચે આવી ગયેલો કાસમ તણાવપૂર્ણ વાતાવરણમાં અત્યાર સુધી કરેલું બધું જ રિહર્સલ ભૂલી ગયો.

'જય ભવાની, હવે ચડાઈ કરો.' કાસમ બસ એટલુંજ બોલ્યો અને વસ્તીવાળાએ તાળીઓથી વધાવી લીધો અને નાનો ભાઈ રહેમાન તો કાસમને પટમાં આવેલો જોઈને ચિચિયારીઓ પાડીને કૂદવા લાગ્યો.

કાશીમાંનું ગાવાનું બંધ થઇ ગયું અને સાથેજ માણ ઉપરની તાલબદ્ધ થાપો, શિવાજી મહારાજનું પાત્ર કરી રહેલા હરિદાસ પણ ગોટાણો કે, હજુ તો મારે અફઝલખાનને મારવાનો છે અને કાસમેતો ખોટા પ્રાશમાં ખોટો સંવાદ બોલી નાખ્યો. નાટકનો તો એકદમ અંત આવી ગયો.

કાસમને પણ નો સમજાણું કે એણે એવું તે શું કર્યું કે કાશીમાનું ગીત અને માણ અચાનક બંધ થઇ ગઈ. એણે હરિદાસ સામે જોયું, હરિદાસે આંખોથી ઈશારો કર્યો, કાસમ સમજી ગયો કે કાંઈક કાચું વધેરાયું છે, એને પાછું ફરીને ધોળીમાં સામે જોયું અને ધોળીમાંની ફાટેલી આંખો જ દેખાણી. કાસમના ધ્રૂ જતા પગ વધારે ધ્રુજવા મંડ્યા અને શું કરવું એની ખબર નો પડી. ડરનો માર્યો એ નાટકના ચોકમાંથી ભાગ્યો અને દેરીની પાછળ સંતાઈ ગયો.

એ ભાગી જતા જ ધોળીમાંએ બાજી સંભાળી લીધી અને ગીત ગાતા વાત વાળી લીધી અને રંગેચંગે નાટક પૂરું કરું. સવારે આખી વસ્તીમાં કાસમી કરેલા ગોટાળાની વાત ફેલાઈ ગઈ અને પછી તો જે પણ કાસમને સામે મળતું એ એને, 'જય ભવાની હવે ચડાઈ કરો.' કહીને ચીડવતું.

પંદર વર્ષનો મહેનતુ કાસમ કરોડીમલ શેઠનો માનીતો થઈ ગયો, શેઠની હોટલે કામ શરુ કર્યાને પાંચ વર્ષ થઇ ગયાં. આવડી નાની ઉંમરે પણ હોટલના ઘણા ખરાં કામ આસાનીથી સંભાળી લીધા. હોટલે આવતાં અંગ્રેજો પણ કાસમનું ભાંગ્યું તૂટ્યું અંગ્રેજી સાંભળીને મજાક મસ્તી કરી લેતા. મહેનતકસ કાસમ શેઠનો માનીતો થઇ ગયો હતો.

ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે મુંબઈ શહેર ભારતનું વેપાર માટેનું વડુ મથક હતું. કંપનીના અફસરો મુંબઈના લોકલ વેપારીઓ સાથે છાના ખૂણે વહીવટ કરીને ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ભારતમાંથી સસ્તા ભાવે વૈભવી ચીજ-વસ્તુઓ સપ્લાઈ કરવાનો ધંધો કરી લેતા.

કાસમ શેઠના બધા જ પર્શનલ કામ કરતો અને શેઠને જયારે કોઈની મહેમાનગતિ કરવાની હોય ત્યારે પણ ખાવા-પીવાની વસ્તુઓ આપવા હાજર જ રહેતો. શેઠ અને એક અંગ્રેજની મિટિંગમાં એ પણ નોકર તરીકે હાજર હતો.

‘શેઠ આ પોલિસી ઉપરથી ચેઇન્જ થવાની છે એનો લાભ લઇ લેવો જોઈ.’ ઓફિસર બોલ્યો.

‘ચાંદીને બદલે અફીણ? વાત સમજાતી નથી.’ કરોડીમલને અંગ્રેજની વાતમાં પૂરી સમજ ના પડતાં બોલ્યા.

‘આપણા બે વચ્ચેની વાત છે. ચીનની ચાય અને ચિનાઈ માટીના વાસણો બ્રિટનમાં પ્રખ્યાત છે?’ અંગ્રેજે પૂછ્યું.

‘હા છે.’ શેઠે ઊંચું જોઈને આપ્યો.

‘જેટલી ચાય અને વાસણો બ્રિટનમાં જાય એટલું હૂંડિયામણ બ્રિટને ચીનને ચૂકવવું પડે?’

‘હા પડે.’

‘તો બ્રિટન ચીનને હૂંડિયામણ રૂપે સોનુ કે ચાંદી આપે?’

‘કેમ?’

‘કારણકે ચીનાઓ બ્રિટન પાસેથી ખાલી સોનુ અને ચાંદી જ ખરીદે છે.’

‘ઈ સમજાણું.’

‘પણ આ જ ચીનાઓ પોર્ટુગીઝ વેપારીઓ પાસેથી અફીણ પણ ખરીદે છે?’

‘એતો બધાને ખબર છે.’ વેપારીઓમાં આ વાત જગજાહેર હતી એટલે શેઠને નવાઈ ના લાગી.

‘હવે ચીનને સોનુ-ચાંદી આપવાને બદલે બ્રિટન ઇન્ડિયાથી સીધુ અફીણ જ આપી દે તો?’

'ઈ હવે પૂરેપૂરું સમજાઈ ગયું.' શેઠ બોલ્યા.

અંગ્રેજ અને મારવાડી શેઠની વચ્ચે અફીણની મોટા પાયે ખેતી કરી અને ઇસ્ટ ઇન્ડિયા કંપનીને સપ્લાય કરવું એવી સમજૂતી થઇ અને પંદર વર્ષના કાસમને પુરી વાત સમજાતાં વાર નો લાગી.

કાસમ, રહેમાન અને કૂતરું એની કાયમની જગ્યાએ બેસીને ગંભીરતાથી વાતો કરતાં હતાં.

'હું કાલે સવારે મરી જાઉં તો તું અમ્મીનું ધ્યાન રાખીશ?' કાસમનો ચહેરો જોઈને રહેમાનને થયું કે કાસમ કોઈ મજાક નો'તો કરતો.

'એવું શું કામ બોલે છે?' રહેમાન ડરી ગયેલા અવાજે બોલ્યો.

'તું શેઠની હોટલે મારા બદલે કામ કરીશને?' કાસમ હજુ પુરે પૂરો ગંભીર હતો.

'હા કરીશ પણ તું મરી શા માટે જઈશ?'

'બસ મારે એટલુંજ જાણવું હતું, ચાલ આજે તને ચના જોર ગરમ ખવરાવું.' કહીને કાસમ ઉભો થયો અને સાથે રહેમાન અને કૂતરું પણ.

સાંજે હોટલે શેઠ પૈસાનો હિસાબ કરતાં હતા અને કાસમ પાણીનો ગ્લાસ લઇને સેવામાં હાજર હતો. કાસમે શેઠને કાંઈક એવું પૂછી લીધેલું કે શેઠના હાથમાંથી વાંચવાનો બહિર્ગોળ કાચ પડતાં પડતાં રહી ગયો.

'તને ભાન છે તું શું બોલેશ?' લખવાના બાંકડાની પાછળ બેઠેલા શેઠ ઊંચું જોઈને બોલ્યા.

'હા શેઠજી.' કાસમ હાથમાં રહેલો પાણીનો ગ્લાસ શેઠ તરફ લંબાવતાં કહ્યું.

'તો પછી મારુ અહીંયા કોણ?'

'મારો ભાઈ રહેમાન છે ને, એ તમારી સેવામાં હાજર થઇ જશે. બસ મારી અમ્મી દુઃખી ના થવી જોઈ.' કાસમ બોલ્યો.

'તું આવડો નાનો કરી આવડું મોટું કામ કરી શકીશ?' શેઠે ખાત્રી કરવાં પૂછ્યું.

'હા શેઠ, મારા ઉપર ભરોસો રાખો.' બોલતા કાસમની આંખોમાં ચમક આવી ગઈ અને આવજમાં છલકાતો આત્મવિશ્વાસ.

પ્રકરણ ૩

ઇસ્ટઇન્ડિયા મેન – બ્રિટનનું વેપારી જહાજ



સટાક..... 'ઓય.....માતાજી' બ્રિટિશ રોયલ નેવીના વેપારી જહાજમાં શિસ્ત રાખવાની જેની સંપૂર્ણ જવાબદારી હોય છે એવા સેકન્ડ લુટેનન્ટના આકરી સજા આપવા માટે ખાસ બનાવેલા હન્ટરના પહેલાં કોરડે તો કાળુથી મરણ ચીસ પડી ગઈ.

બ્રિટનના ઇસ્ટ ઇન્ડિયામેન શિપની ડેક ઉપર અફડાતફડીનો માહોલ હતો, જહાજ ફરજ બજાવતાં દરેક કુલીઓને લાઇનમાં ઉભા રાખી એક પછી એક ની પૂછપરછ થઇ એમાં એક કુલી કાળુ ખોટું બોલતાં પકડાઈ ગયો એને કોરડાંની સજા થઇ હતી.

બીજો કોરડો વીંઝતાં પહેલા, સેકન્ડ લુટેનન્ટે હન્ટરને દરિયાનું ખારુ પાણી ભરેલા વાઈનના ખાલી પીપડાંમાં જબોળ્યું અને ફરી વખત....સટાક.....'ઓય.....માતાજી'.....સટાક.....'ઓય.....માતાજી.....' બે વધારાના કોરડા કાળુની ખુલ્લી પીઠ ઉપર પડયાં અને સાથે પીઠની ચામડી પણ ઉતારતાં ગયા. કૂવાથંભ સાથે બાંધેલાં કાળુથી હન્ટરના ત્રણ કોરડાંના મારની પીડા સહન ના થઇ એટલે એ ડોકું ઢાળીને બેભાન થઇ ગયો.

'લઇ જાવ અહિયાંથી સાલા ચોરને.' સેકન્ડ લુટેનન્ટે ઓર્ડર કર્યો અને બાજુમાં જ સાવધાન પોજીશનમાં ઉભેલા ત્રણ જુનિયર થર્ડ લુટેનન્ટમાંથી બે ઉતાવળે કાળુના બાંધેલાં હાથ છોડવા લાગ્યાં. હાથ છૂટતાં જ બેભાન થઈ ગયેલો કાળુ ધડામ કરતો ડેક ઉપર પટકાયો.

સેકન્ડ લુટેન્ટ પાસેથી લોહીથી ટપકતું હન્ટર લઇને એક જુનિયર થર્ડ લુટેનન્ટે પીપડાંમાં ધોયું અને પછી ચામડાની થેલીમાં રાખતો દોડતો લુટેનન્ટની કેબીનમાં મુકવા ગયો.

સેકન્ડ લુટેનન્ટ તો જાણે કઇ થયું નથી એમ, બેભાન થયેલા કાળુ તરફ નજર કરીને પોતાની કેબીન તરફ ચાલતો થયો. જેવો એ અંદર ગયો તુરંત ડેક ઉપરના હાથ પાછળ કરીને ઉભેલા ભારતીય લાસ્ટરો એટલે કે કુલીઓ દોડ્યા અને બેભાન કાળુને ટિંગાટોળી કરીને ડેકની નીચેના ભંડકિયામાં લઇ ગયા.

'શું કર્યું?' એક ગભરાઈ ગયેલો કુલી બેભાન કાળુને જોતા જ બોલ્યો, ડરને કારણે એનો અવાજ કંપી ગયો.

'ત્રણ નવ પૂંછડી.'

'નવ પૂંછડી? ઓ માતાજી.' માથે હાથ પકડીને કુલી બોલ્યો.

ઘરેથી કહ્યા વગર ભાગીને નીકળેલા કાસમને કારોડીમલ શેઠની ઓળખાણવાળા અંગ્રેજની લાગવગથી આ વેપારી જહાજમાં બેસાડી દીધેલો. એ આવી બધી અફડાતફડીથી ખુબ જ અજાણ હતો.

'નવ પૂંછડી એ શું?' કાસમે બાજુમાં ઉભેલા જગતને ધીમા અવાજે પૂછ્યું, જગત એની બાજુના પાટિયાં ઉપર સૂતો એટલે કાસમ એને નામથી ઓળખતો.

'એ નવ પૂંછડી વાળી ચાબુક, એક પડે તો આખો વાંહો ઉતરડી નાખે અને આ કાળુ તો એવી ત્રણ ત્રણ ખાઈને આવ્યો છે, જીવતો રયે તો સારું.' જગતની આંખના ખૂણાં ભીના થઇ ગયા. કાસમ હિન્દીમાં પૂછતો હતો અને જગત એને ગુજરાતીમાં જવાબ આપતો હતો. કાસમ એના શેઠ ગુસ્સે થતાં ત્યારે ગુજરાતી બોલતા એટલે એ થોડું ઘણું ગુજરાતી પણ સમજી લેતો. ઈસ્ટ ઈન્ડિયા મેન શીપ ઉપર મોટાભાગના કુલીઓ ગુજરાતના ખારવાઓ હતા એટલે ડેકની નીચે ભંડકિયામાં બોલચાલમાં સૌરાષ્ટ્રના ખારવાઓની કાઠિયાવાડી બોલી જ ચાલતી.

'પણ એને કોને ડાઇનો કર્યો તો.' કાળુ અને જગતની વાતમાં બાજુમાં માથે હાથ દઈ ઉભેલો કુલી કૂદી પડ્યો.

'મેં એને ના ગુડેલી.' જગત બોલ્યો.

'શેની?' કાસમે પૂછ્યુ.

'મેં ના પાડેલી કે આ અફીણના રવાડે ના ચડ.' જગતના અવાજમાં ભારોભાર ગુસ્સો હતો.

'આ અફીણે જ નખ્ખોદ વાળ્યું છે.' કાળુને તિરસ્કારની નજરે જોઈ હાથેથી તિરસ્કારનો છણકો કરતો એ કુલી પણ પોતાના કામે વળગ્યો.

'એ બધાય હાલો કામે ચડો, આપણે પણ ખાલી ખોટા વગર વાંકે કૂટાઈ જાશું.'

બીજા બધા કુલીઓ પણ પોતાના કામે વળગ્યા, જગતને પણ કામની ઉતાવળ હતી. કાળુ સામે પાટિયા ઉપર ઊંધા માથે બેભાન થઈને પડ્યો હતો. કુલીઓને શિસ્ત શીખવાડવા માટે અંગ્રેજો બ્રિટિશ રોયલ નેવીના વેપારી જહાજો ઉપર નેવી ઓફિસરો નવ પૂંછડી વાળી ખાસ ચાબુક સજા આપવાં માટે રાખતાં. કાળુને આવી ત્રણ ત્રણ ચાબુકના ઘા થયા હતાં એટલે પીઠ ઉપરની બધી ચામડી ઉતરડાઈ ગઈ હતી અને પુરી પીઠ લોહીલુહાણ થઇ ગયેલ હતી.

'જગતભાઈ, મને પુરી વાત કયો, અફીણ અને આ કાળુની સજાને શું લાગેવળગે?' કાસમ આજીજી કરતાં બોલ્યો.

'અમે બાર વરહના હતાં ત્યારથી અમે બધી ખેપો હારેજ કરી છે. એ માંડવીથી બેઠો અને હું પોરબંદરથી. બસ ઈ ઘડીને એ દી બેય આ વેપારી જહાજમાં હારે કામ કરીએ છીએ.' બોલતો જગત કાળુ માટે માટીની કુલડીમાં પાણી ભરી આવ્યો અને બીજા બે કુલી કાળુને ભીના કપડાંથી પીઠ ઉપર ઉતરડાઈ ગયેલી ચામડીને સરખી કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા; જગતે પાણી ભરેલી માટીની કુલડી આપી. એક કુલીએ કુલડીમાંથી પાણી હાથમાં લઈને બેભાન થઈ ગયેલા કાળુના ચહેરા ઉપર છાંટી, કાળુ આંખો ખોળવાનું નામ નો'તો લેતો.

હજુ કાસમને કઈ સમજાતુ નો'તુ કે અફીણનું બંધાણ અને કોરડાંની સજાને શું લાગે વળગે, એટલે એ તો પ્રશ્નાર્થ ભરેલી આંખોથી જગત સામું જ જોઈ રહ્યો.

'અમે પહેલાં આ જહાજમાં બીજો માલ-સામાન લઇ જતા પણ હવે આ અફીણ ચાલુ કર્યું છે. આ પાંચસો અફીણની પેટીઓ મુંબઈથી અને બીજી વધારાની કલકતાથી, આ બધું અફીણ લઈને અમે છેક ચીન સુધી ખેપ કરીયે.' કાસમને જહાજના ભંડકિયામાં ખડકેલી લાકડાંની પેટીઓ તરફ હાથથી ઈશારો કરતો જગત બોલ્યો.' કાળુને આ પેટીઓમાંથી અફીણ ચોરીને ધુંવાણાં કાઢવાની ટેવ પડી ગઇ હતી. કલકતાથી ચીનની ખેપમાં તો ગમે તેમ કરી થોડાંક ટુકડા સેરવી લેતો પણ મુંબઈથી કલકતા આટલી ઓછી પેટીઓમાં પણ ચોરી કરી અને પકડાઈ ગયો.' જગતે પુરી વાત કરી.

'અફીણ તો બહુ ખરાબ ભાઈ, મારા અબ્બુએ અફીણનો નશો કરવામાં અમને ભૂખે મારી નાખ્યા.' કાસમે પોતાનું દર્દ જગતને કહ્યું.

'અમારાં આ જહાજમાં નવા નિશાળિયાને લેતા નથી, પણ તું કેવી રીતે આવી ચડ્યો?'

જગતે કાસમને પૂછ્યું.

‘હું મારા શેઠના ખેતરમાં પાકનો હિસાબ અને ધ્યાન રાખવા જાઉં છું અને મારા શેઠની ઓળખાણ ઉપર સુધી છે એટલે મને મુંબઈથી કલકતા જતા આ જહાજમાં લાગવગ કરીને બેસાડી દીધો.’ પણ, ‘કાળુ જે અફીણની કુટેવને કારણે બેભાન થઇને ખાટલે પડેલો છે એ અફીણની ખેતી કરાવવાં ઘરેથી કીધાં વગર જ નીકળી પડ્યો છું.’ એટલી વાત જગતને કહી ના શક્યો.

કાસમને પ્રશ્નો તો ઘણાં બધા હતા પણ હજુ કલકત્તા પહોંચવામાં ઘણાં દિવસોની વાર છે એમ માની જગતને વધુ પ્રશ્નો પૂછવાનું ટાળ્યું.

‘હું હવે સુઈ જાઉં છું મારે હવે રાતપાળી કરવી પડશે.’ જગત દૂર જતો બોલ્યો.

‘કેમ ડેક ઉપર પાર્ટી છે?’ કાસમે જિજ્ઞાસાવસ પૂછ્યું. અંગ્રેજ અફસરોની મોડી રાત સુધી ચાલતી પાર્ટીઓમાં કુલીઓ એ જ તો બધું કામ કરવાનું હોય.

‘કાળુનું કામ કોણ કરશે?’ દિવસભર કામ કરીને થાકેલા જગતના મોઢાં ઉપર થાક અને નિરાશા સ્પષ્ટ વરતાતી હતી.

‘તારા બદલે હું જઈશ, મેં કાળુને ડેક સાફ કરતાં જોયો છે.’ કાસમ ઉત્સાહથી બોલ્યો.

‘સાચે? તો તો તારાં જેવો ભગવાન નહિ. હું બઉ થાકી ગયો છું’ કહી થાકેલો જગત એના પાટીએ સુવા ચાલ્યો.

કાસમે કાળુ સામે જોયું અને કાળુના ચહેરામાં એને એના અફીણમાં ઘૂત અબુનો ચહેરો દેખાણો.

કાસમ કોરડાના મારથી બેભાન થઇ ગયેલ કાળુની જગ્યાએ ડેક સાફ કરવા માટે ભંડકિયામાંથી ઉપર આવ્યો. એ બ્રિટિશ નેવીના વિશાળકાય વેપારી જહાજ ઈસ્ટ ઈન્ડિયા મેનના ડેકની વચ્ચોવચ આવીને ઉભો રહ્યો એના એક હાથમાં લાકડાની મોટી બાલદી અને બીજા હાથમાં વાંસના બામ્બુની પાછળ બાંધેલું પોતું હતું. રાત પડી ગઈ હતી, ત્રણ કૂવાથંભવાળા જહાજમાં બધા જ શઢ પુરી કાઠીએ ચડાવેલા હતાં અને શઢમાંથી પસાર થતાં પવનને કારણે થતાં સુસવાટા કાસમને જાણે કે ચુનૌતી આપી રહ્યાં હતા. દરિયાની સપાટી ઉપર મોજાંઓને ચિરતુ આ જહાજ સડસડાટ કરતું કોલકાતા તરફ આગળ વધી રહ્યું હતું.

‘એય સઢીઓ જાગતાં રહેજો.’ ડેક ઉપરના ચોકીદારનો અવાજ દૂરથી સાંભળાણો અને કાસમ અડધી રાત્રે ડેક ઉપર શું કામ કરવા આવ્યો છે એ ભાન થયું.

ડેક ઉપર સુસવાટા મારતો ઠંડો પવન હતો, ઉછળતાં દરિયાના મોજા હતાં, ઉપર ખુલ્લુ આકાશ હતું, પહેરવાં પુરા કપડા નો’તા અને ગળે ના ઉતરે એવું ખાવાનું હતું. આટલી બધી તકલીફો વચ્ચે પણ કાસમને દરિયાની પહેલી સફરમાં જ ઘુઘવાતા દરિયા સાથે કોઈ અજાણ્યો સંબંધ બંધાઈ ગયો હોય એવું લાગતું હતું.

કાસમને તો બસ આ દરિયાને જીતવો હતો એટલે થાક કે ઊંઘની પરવા કર્યા વગર પોતાના કામમાં લાગી ગયો.

ડેક સાફ કરીને કાસમ નીચેના ભંડકિયામાં પાછો આવ્યો, એને નીચે ઉતરતા જોયુ કે ભંડકિયામાં બે ટમટમિયાં જેવાં ફાનસ સળગતાં હતાં અને આખા દિવસની કાળી મજૂરી કરી થાક્યાપાક્યા બધા જ કુલીઓ કૂકડું વળીને ઘસઘસાટ સુઈ ગયેલા. પીડાના ઉંહકારાઓ સંભળાતા ભંડકિયામાં નીચે ઊતરતો કાસમ સજાગ થયો, 'કાળુ ભાનમાં તો નહિ આવી ગયો હોય ને?' યાદ આવતાં જ એ ભંડકિયાની સીડીના છેલ્લા બે પગથિયાં કુદાવતો નીચે ઉતરીને ઉંહકારાની દિશા તરફ ઉતાવળે ચાલ્યો.

'કાળુ. તું...ક્યાં' એ કોઈ દબાયેલા અવાજે વાત પુરી કરે એ પહેલા જ.

'ઓહ.' કાંઈક પગ નીચે આવતાં ઠેસ લાગી અને એ નીચે પડ્યો.

'ઓ બાપલીયા રે...' કાળુના કણસતા અવાજે કાસમને ખબર પડી કે પાટિયા ઉપર ઊંચો સુવડાવેલ કાળુ ભાનમાં આવીને નીચે પડી ગયો હતો.

એ ભોંયતળિયા ઉપર સરકીને કાળું પાસે આવ્યો, ટમટમિયાં જેવા ફાનસના અજવાળામાં કાંઈજ દેખાતું નો'તું. કાસમ નજીક આવતાં જ કાળુએ એનો હાથ પકડી લીધો અને પોતાના મોઢાં પાસે લઇ ગયો, એ કાંઈક બોલવાનો પ્રયત્ન કરતો હતો.

'પા....ણી.' એટલું તો કાળું માંડ બોલી શક્યો.

'હમણાં લઇ આવું.' કાસમના ગળે આટલું બોલતાં તો ડૂમો ભરાઈ ગયો.

પાણી ભરવાં માટે અંધારામાં લાકડાંના થાંભલાઓ સાથે અથડાતો કૂટાતો કાસમ પાણીની માટલી તરફ ગયો. એ પાણીની કુલડી ભરીને પાછો આવ્યો ત્યાં સુધીમાં તો કાળુનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. એને કાંઈક અમંગળ થવાનો આભાસ થઇ જતા એ જગતને ઉતાવળે કહેવા ગયો.

'જગતભાઈ ....ઉઠો.....જગતભાઈ.....આ કાળુને કાઇંક થઇ ગયું છે.' કાસમે જગતને હડબડાવ્યો.

'કાળુ.....કાળુ.....' કરતો જગત એના પાટિયેથી સફાળો ઉઠીને આવ્યો, જગતે પહેલાતો કાળુને ચતો કર્યો પછી એના હાથની નાડીના ધબકારાં તપાસ્યા, એની છાતી ઉપર પણ હાથ રાખીને ચેક કર્યું પણ કાળુના હૃદયના ધબકારા બંધ થઇ ગયા હતા, કાળુ અંગ્રેજ અફસરના કોરડાંની સજાથી મરણ પામ્યો હતો.

'એ ભાયું ઉઠો હાલો.' જગતને ડૂમો ભરાઈ ગયો એટલે ધીમા અવાજે માંડ માંડ બોલી શક્યો. જગતના ગૂંગળાયેલા અવાજથી ઠંડીને કારણે કોકડું વળીને હજુ પણ ઊંઘતા જ હતા.

'એ ઉઠો.' કાસમ હવે સ્વસ્થ થઇ ગયો હતો, કાસમે ચીસ પાડી અને થોડાક કુલીઓ સળવળીને ઉભા થયાં.

'કાળુ દરિયાલાલને પ્યારો થઇ ગયો, ઉઠો બધાય.' જગત શોકમાંથી બહાર આવી જોરથી બૂમ પાડીને બોલ્યો.

જગતની બેબાકળી બૂમથી ત્રીસેક જેટલા કુલીઓ કાળુની આજુબાજુ આવીને ગોઠવાઈ ગયા. નીચે ફર્શ ઉપર નિશ્ચેત પડેલાં કાળુને ઉઠાવીને બે કુલીઓએ પાટિયાં ઉપર ચતો સુવડાવ્યો. કાળુના પરલોક સિધાવવાની પુષ્ટિ પાંચ પરમેશ્વરના હિસાબે પાંચ કુલીઓએ કરી લીધી. જીવ પરધામ પહોંચી ગયા પછી મૃતદેહને વધારે સમય ના રખાય એવી હિન્દુની માન્યતાને કારણે કાળુને છેલ્લા રામ રામ કહીને ખારવાની પરંપરા મુજબ દરિયાદેવને મૃતદેહનું દાન કરવા માટે તૈયારી શરુ કરી. કાળુના શરીરને પાણીના મહોતાથી સાફ કરવામાં આવ્યું અને સુઘડ કુલીનો યુનિફોર્મ પહેરાવવામાં આવ્યો. કાળુને આવી રીતે તૈયાર કરી એક પછી એક બધા જ કુલીઓએ કાળુના જમણાં પગના અંગુઠાને સ્પર્શ કરી એક પ્રદક્ષિણા ફરી વિધિ પુરી કરી. હિન્દુ રીત-રસમથી અજાણ કાસમે બીજા કુલીઓનું અનુકરણ કરીને કાળુને છેલ્લા રામ

રામ કીધા. પ્રદક્ષિણાની વિધિ પૂરી થઇ એટલે ચાર કુલીઓએ કાળુના મૃતદેહને હળવેથી ઉઠાવીને બારીની બહાર દરિયા દેવમાં સરકાવી દીધો.

ખારવાના મૃતદેહની અંતિમ સંસ્કાર કરવાની વિધિ જોઈને કાસમ પોતે વિચારતોજ રહ્યો કે, 'કાળુની જગ્યાએ પોતે હોત તો? દરિયામાં પધરાવવાની આ વિધિ દફનવિધિ કહેવાય કે નહિ?'.

પણ કાસમ આવી બધી બાબતો સમજવા માટે હજુ કદાચ નાનો હતો.

કાસમને કાળુની જગ્યાએ કામ કરવાનું મળી ગયું. ગઈ રાત્રે અંગ્રેજ અમલદારોએ ડેક ઉપર પાર્ટી કરેલ હોવાથી કાસમ પુરી રાત ડેક ઉપર હતો. સવાર પડતાં જ ભૂખ્યો ડાંસ થઇને એ ભંડકિયામાં આવ્યો.

'હવે કલકતા પહોંચવાને કેટલાં દિવસ છે?' કુલીઓના મુખિયા તરીકે જગતે થાળીમાં ખાવાનું આપ્યું અને કાસમે પૂછ્યું.

'હજુ પાંચ દા'ડા લાગશે, તારે ત્યાં વહેલાં પહોંચીને પાડા દોવાં છે?' જગતના અવાજમાં કાળુના મોતનું દર્દ હજુ પણ છલકાતું હતું.

'કલકત્તા આવે એટલે પેટ ભરીને ખાવું છે.' કાળુ એની તૂટેલી ફૂટેલી લોખંડની થાળીમાં જગતે આપેલ મીઠામાં પલાળેલ માંસનો ટુકડો, કોબીની આથેલી છીણ અને એક દાંત ભાંગી નાખે એવું અંગ્રેજી બિસ્કિટ જોઈ નિઃશાસો નાખીને બોલ્યો.

'હવે છાનોમુનો જે મળ્યું એ ખાઇ લે, આ વેપારી જહાજમાં અંગ્રેજોની નોકરી કરવા મળી એને તારાં નસીબ સમજ.' જગતે ખાવાની ફરિયાદ કરી રહેલા કાસમને ઝાટક્યો.

'આ તો હોટલમાં કામ કરેલું એટલે જીભ ચટાકા મારે છે.' કાસમ જગતના છણકાથી ક્ષોભિલો પડીને બોલ્યો.

'કોઈ દી બીજે ખેપ કરી છે? આનાથી ભંગાર ખાવાનું અને મહિને ખાલી પચાસ કોડી મળે. અંગ્રેજોના જહાજમાં કામ કરો તો ઘરે લઇ જવા અંગ્રેજોના કાવડિયા મળે. બૈરાં છોકરાવના પેટ ભરવા હોય અને કાવડિયા કમાવા હોય તો આ બધુય સહન કરવું પડે.' જગતે કાસમને સમજાવ્યો.

'ઉપર તો મોટા સાહેબો, નવી નવી રસોઈ અને બિયર અને રમની રમઝટ બોલાવે છે.' કાસમે શેઠે બતાવેલ ઇન્ડિયન પેલા આલે બિયરની વાત જગતને કહેવાનું માંડી વળ્યું અને ચુપચાપ જે થાળીમાં હતું એ ભાવતું ના હોવાં છત્તાંય ખાવાં માંડ્યો.

કાસમથી દરિયાઈ ખેપના છેલ્લા પાંચ દિવસ તો માંડ માંડ નીકળ્યા, કાસમનું જહાજ હુગલી નદીમાં થઇને કલકતા બંદરે પહોંચ્યું. બધા જ કુલીઓ જહાજ ઉપરનું કામ પતાવીને બંદરની બજારે ફરવાં નીકળ્યા.

'કાસમ હવે તો ખબર નથી કે આપણે ક્યારે મળશું.' જગત બોલ્યો, કાસમ ખભે એનું સામાનનું પોટલું ખભ્ભે નાખીને જગતની સાથે હાટડીઓ જોતો જોતો ચાલતો હતો.

'નમક સાથે ખાવાનું હશે તો જરૂર મળીશું.' કાસમ બોલ્યો.

'જો સંભાળ, તે પૂછ્યુંને કે તારે પ્રયાગરાજ થઇને રામપુર જવું છે? હુગલીમાંથી કોઈ વહાણની સવારી ગોતીશ તો સામાં વહેણે પહોંચતાં ચાર-પાંચ મહિના થઇ જશે એટલે તારે જતી વખતે કોઈ સંઘ ગોતવો પડશે.' જમાનાના ખાધેલાં જગતે રામપુર કેવી રીતે પહોંચવું એ કાસમને સમજાવ્યું.

'સંઘ?' પહેલી વખત દુનિયાને જોવા નીકળેલા કાસમને સંઘ એટલે શું એ ખબર ના હતી.

'ડોબા, તું કઈ દુનિયામાંથી ટપકી પડ્યો છે?' જગત બોલ્યો, બંને બજારમાં ચાલતાં હતા અને મીઠાઈની દુકાન પાસેથી પસાર થયાં.

'કેવી મસ્ત સુગંધ આવે છે, ચાલ થોડા રસગુલ્લા ખાઈએ.' કાસમના મોંમાં પાણી આવી ગયું.

'પણ…' જગત હજુ કાંઈ બોલે એ પહેલા તો ભૂખ્યો કાસમ, હાટડીએ બેઠેલા કંદોઈ પાસે પહોંચી ગયો.

'આ રસગુલ્લા કેમ આપ્યા?' કાસમે કંદોઈને પૂછ્યું.

'એક પાઈના ચાર.' કંદોઈએ કુલીનો પહેરવેશ જોયો એટલે તોછડાઈથી જવાબ આપ્યો.

'ખાલી ચાર?' ભૂખ્યા કાસમને યાદ આવ્યું કે એક પાઈ કમાવા માટે જહાજ ઉપર કેટલી વખત ડેક સાફ કરવો પડતો હતો.

'તારા જેવા કુલીથી રસગુલ્લા નહિ ખવાય, ધરમશાળાએ હાલતો થા અને બીજા ગ્રાહકને આવવા દે.' કંધોઈએ કાસમને જાટકી નાખ્યો.

હરખપદુડો થઇને રસગુલ્લાનો ભાવ પૂછવા ગયેલો કાસમ મોઢું લટકાવીને જગત પાસે પાછો આવી ગયો.

'ખોટું ના લગાડ આપણી કુલીઓની હેસિયત રસગુલ્લા ખાવાની નથી, એ બધુ માલદાર જાત્રાળુઓ માટે છે. હાલ તને ધરમશાળા બતાવી દઉં અને પેટભરીને રામરોટી ખવરાવું.' જગત બોલ્યો. રામરોટીનું નામ પડતાંજ નાનપણમાં મંદિરે રહેમાન સાથે રામરોટી ખાવા ગયો ત્યારે રોટીને બદલે હવાલદારની સોટીઓ મળેલી એ યાદ આવી ગયું. એ રસગુલ્લા ભૂલી ગયો અને ચુપચાપ જગતની સાથે ચાલવા માંડ્યો.

'તું પૂછતો હતો ને કે સંઘ એટલે શું? જો સામે જો.' ધર્મશાળામાં જગત સાથે રામરોટી ખાવા બેસેલા કાસમને આંગળી ચીંધી જગતે યાત્રાનો સંઘ બતાવ્યો.

ભોજનાલયમાંથી સામે દેખાતાં ધર્મશાળાના દરવાજેથી યાત્રાળુઓના બળદગાડાંઓ દાખલ થતા હતા અને ગાડામાં બેઠેલા અને સાથે ચાલતાં ભક્તો ધૂન ભજન અને જયનાદ કરતાં હતા.

'વાહ રામરોટી ખાવાની તો મજા પડી ગઈ.' ભૂખ્યો ડાંસ કાસમ રોટીનો મોટો ટુકડો મોંમાં મુકતા બોલ્યો.

'જય ભોલે નાથ, જય કાળિયા ઠાકોર….બમ બમ ભોલે.' સંઘના ભક્તોનો જયનાદ હજુ ચાલુ જ હતો.

'જો આ સંઘ છે ને એ જાત્રાનો સંઘ છે. એ દરેક ધરમશાળાએ જરૂરિયાત મુજબ રોકાય. આજુબાજુના મંદિરોમાં દર્શન કરે અને આગળ વધે.' જગત બોલ્યો.

'પણ આ મફત રામરોટી માટે…'

'સદાવ્રત, એ બીજા પ્રકારનો સંઘ, મોટા શેઠ શાહુકારોનો સંઘ પણ હોય, એ જાત્રાએ

નીકળે અને એ પણ આવી ધરમશાળાઓમાં રોકાય અને દાનધરમ કરતાં જાય.' કાસમની વાતને કાપતો જગત બોલ્યો.

'અમારી કોમમાં આવું ક્યાંય સાંભળ્યું નથી. હા વારે તહેવારે જલસો હોય પણ આવી રીતે નહિ.' બંનેનું ખાવાનું ચાલુ જ હતું.

'આ બે જાતના સંઘ થયા, હજુ બીજા બે બાકી. એક રજવાડાનો સંઘ હોય જેમાં રજવાડી લોકો રાવ લશ્કર લઇને જાત્રાએ નીકળે, એ પણ દાનપુણ્ય કરતાં જાય.' જગતે કાસમની સામે સંઘ પુરાણ ખોલ્યું હતું.

'હવે એક છેલ્લો પણ કહી દે.' કાસમ હસીને બોલ્યો.

'હા છેલ્લો ઈ વણજારાઓનો સંઘ, એ ગામે ગામથી પસાર થાય અને જરૂરિયાતની વસ્તુઓની હેરફેર કરે ઈ સંઘ ક્યાં રોકાય અને કેટલું રોકાય એ નક્કી નહિ અને એમાં કોણ હોય એ પણ નક્કી નહિ. માલસામાનનું ધ્યાન રાખવા એમાં ક્યારેક હથિયારધારી સૈનિકો પણ હોય.' જગતે સંઘ પુરાણ પૂરું કર્યું.

'મારે ક્યાં સંઘ ભેગું જવું જોઈ ઈ બોલ, તે તો મને ગૂંચવી નાખ્યો.' કાસમને સંઘ પુરાણ સમજાણું નહિ એટલે પૂછ્યું.

'જો જાત્રાળુના સંઘમાં મુસલમાન નો હાલે, શેઠ શાહુકારના સંઘમાં પણ કદાચ નહિ, રજવાડાનો સંઘ તો તને એકલો જોઈને બાજુમાં પણ નો ફરકવા દે. તું મુસલમાન છો એટલે તું વણજારાઓ ભેગો હાલી નીકળ તો વાંધો નો આવે. હા કોઈ એકલદોકલ હલકારો કે ખેપિયો પકડી લે તોય થાય.' જગતે પોતાનો અભિપ્રાય આપ્યો.

'હલકારો?'

'હા એ હુંડીઓ અને ટપાલો લઇને દરરોજ નીકળે પણ એ લોકો તો મોટાં વાંસ પગે બાંધી નીકળે એટલે એની હારે રહેવા તારે દોડવું પડે.' જગત બોલ્યો.

'ભલે બે દી વધારે થાય પણ દોડીને તો નથી જવું, ડેક ઉપર કામ કરી કરીને આંટા આવી ગયા છે.' ભરેલ પેટે ઓડકાર ખાઇને કાસમ પાણી પીતાં બોલ્યો.

'તું પાછો એકલો છે એટલે જો તને કોઈ વણજારા ના મળે તો આપણા કાળુનું નામ રાખીને ઘુસી જજે. કોઇ પૂછે તો કહેવું કે નામ કાળુ ખારવો અને ગામ માંડવી એટલે કોઈ વાંધો નહિ આવે.' જગતે કાસમની સમસ્યાનો ઉકેલ બતાવ્યો.

કાસમને સમજાવી જગત બંદરે પાછો ફર્યો. ધર્મશાળામાં તો માનવ ધર્મ એ જ પરમો ધર્મ હતો એટલે શું હિન્દૂ કે શું મુસલમાન. કાસમ વણજારાના સંઘની રાહ જોઈને ધર્મશાળામાં જ રોકાઈ ગયો.

'ચોમાસાની ઋતુ શરુ થવાની એટલે વણજારાઓ તો હવે ના નીકળે, એ તો હવે જે તે શહેરમાં ચાર મહીના સુધી ધામાં નાખીને રોકાઈ જશે.' ધર્મશાળાના સંચાલકે કાસમના પૂછવાથી જવાબ આપ્યો.

'મારે હવે રાહ જોઈને એક અઠવાડિયું થઇ ગયું, મારે રામપુર જવું છે.' કાસમે એનું દર્દ કહ્યું.

'હવે તો કોઈ રડ્યોખડ્યો સંઘ નીકળે તો જ મેળ પડે.' સંચાલક બોલ્યા.

'અને નો આવે તો?' કાસમ હવે ચિંતામાં પડી ગયો.

'ચાતુર્માસ અહીં ધર્મશાળામાં પસાર કરો, આમ પણ અહીંયા અમારે ગૌશાળામાં તમારાં

જેવાની જરૂર છે.' સંચાલકને તો કાસમ જેવો જુવાનિયો ધર્મશાળામાં કામ કરવાં રોકાઈ જાય એમાં રસ હતો.

કાસમ સંચાલક પાસેથી નિરાશ થઇને કુટિર બહાર નીકળ્યો અને એનું ધ્યાન ધર્મશાળામાં દાખલ થઇ રહેલ એક પાલખી તરફ ગયું. પાલખી ઉપાડેલ ચાર હમાલમાંથી એક હમાલનો પગ ખોડંગાતો હતો. કાસમને ચમકારો થયો એ પાલખીનો મલિક ઉતરે એની રાહ જોઈને ઉભો રહ્યો.

'કઈ બાજુ ઉપડી સવારી?' પાલખીમાંથી શેઠ ઉતરીને સંચાલકની કુટિર તરફ ગયા એટલે નજીક જઈને એક હમાલને કાસમે પૂછ્યું.

'પ્રયાગ રાજ.'

'સંઘ સાથે નથી?'

'અમારો સંઘ આગળ નીકળી ગયો, અમારો આ એક હમાલ ખોટકાઈ ગયો છે એટલે અમે પાછળ રહી ગયા છીએ.' હમાલે પગ પકડીને બેઠેલા બીજા હમાલ સામે જોઈને કહ્યું.

'મારે પણ ઈ બાજુ જ જવું છે.' કાસમે દાણો દબાવ્યો.

'પાલખી ઉપાડો તો શેઠ પાસેથી એક દી'નું અડધો આનો રોજ અપાવું.' હમાલ બોલ્યો એટલે કાસમને તો ભાવતું હતું ને વૈદે બતાવ્યું એવો ઘાટ થયો.

'એક પંથને દો કાજ, મને મંજુર છે.' કાસમે હમાલની નોકરી સ્વીકારી લીધી.

રામપુર ગામની ચોકી જોઈ એટલે પોટલીમાંથી શેઠે અપાવેલ નવું નક્કોર પહેરણ પહેર્યું પછી કાસમ સિપાઈ ચોકીની અંદર દાખલ થયો.

'તારું નામ શું?' રામપુર ગામની સિપાઈ ચોકીએ પહેરો ભરી રહેલો સિપાઈ કરડાકીથી કાસમે આપેલી ચિઠ્ઠી ખોલીને વાંચતાં બોલ્યો. ગારમાટીની બનાવેલી સિપાઈ ચોકીમાં ખખડધજ બાંકડા ઉપર બેસીને સિપાઈ ચીઠ્ઠી વાંચી રહ્યો હતો. કાસમે આજુબાજુ નજર ફેરવી, અડધી ચોકીમાં જેલ હતી અને બાકીની જગ્યા રોજબરોજના વહીવટ માટે રાખેલ હતી. બાંકડાની પાછળની દીવાલે ખીંટીએ બે રાઇફલો લટકાવેલી હતી, નીચે નાનો લાકડાનો કબાટ હતો.

'કા.....ળુ' કાસમ બોલવાને બદલે એ હળવેથી કાળુ બોલી ગયો અને સિપાઈની સામું જોયું.

'આ ભલામણ ચિઠ્ઠીમાં નામ નથી લખ્યું, શું કીધું કાળુ? મૂળ વતન? પૂરું નામ શું છે?' સિપાઈ મૂછે તાવ દેતો બોલ્યો.

'કાળુ જગત ખારવા, ગામ માંડવી, કાઠિયાવાડ.' કાસમ હવે આત્મવિશ્વાસથી બોલ્યો, એને શેઠનો મનોમન આભાર માન્યો કે મુંબઈ પ્રેસિડેન્સીનો સિક્કો મારેલી ભલામણ ચિઠ્ઠીમાં એનું નામ લખેલું નો'તું.

'રહેવાનું કઈ ધરમ શાળામાં?'

'હવાલદાર સાહેબ, રહેવામાં તો હું મારા શેઠના ખેતરે જ રહીશ' કાસમે નમ્રતાથી જવાબ આપ્યો.

'ક્યુ? મુંબઈના શેઠે હમણાં લીધું એ ખેતર? માધા કુર્મી ગણોતિયાનું?' સિપાઈને ગામમાં થતાં બધા જ વહીવટની ખબર રાખવાની જવાબદારી હતી.

'હાજી, હવાલદાર સાહેબ.' કાસમ નમ્રતાથી બોલ્યો. કાસમને શેઠે સૂચના આપેલી કે આ

ચીઠ્ઠી સિપાઈ ચોકીએ આપજે એ તને ખેતર શોધી આપવામાં મદદ કરશે.

'આ શું હવાલદાર હવાલદાર માંડ્યું છે? સિપાઈ સાહેબ કહીને સંબોધવાનું અને હું છું સિપાઈ નારણસિંહ. તને ખેતર ક્યાં આવ્યું એ ખબર છે?' નારણસિંહ બોલ્યો.

'ના સિપાહી સાહેબ, એ બાબતે મદદ કરશો તો તમારો ખુબ આભાર.' કાસમે જવાબ વાળ્યો.

'ઠીક છે, ઠીક છે. હમણા કાંઈક કરું છું, બહાર બેસ ત્યાં સુધી.' કાસમ મુંબઈ પ્રેસિડેન્સીનો સિક્કો મારેલી ભલામણ ચિઠ્ઠી લઇને આવેલો એટલે નારણસિંહને તો જખ મરાવીને મદદ કરવાની જ હતી; પણ પોતાનો રોફ બતાવવા માટે તોછડાઈ ભર્યા અવાજે કહ્યું.

'સાહેબ ચીઠ્ઠી?' કાસમને ચીઠ્ઠી આપ્યા પછી એનું શું કરવાનું એ ખબર નો'તી.

'આ ભલામણ ચીઠ્ઠી અહીં ચોકીએ રહેશે.' સિપાઈ ઉભો થઇને ચીઠ્ઠી કબાટમાં મૂકતાં બોલ્યો.

ધોમધખતાં તાપમાં છેક પ્રયાગરાજથી ચાલીને રામપુર આવેલ કાસમ બરાબરનો થાકી ગયો હતો સિપાઈએ કહ્યું એટલે એ ચોકીની બહાર ઓસરીમાં લાકડાની થાંભલીએ ટેકો દઈને કયારે સુઈ ગયો એ ખબર ના પડી.

'એય ઉઠ, માધા કુર્મીના ખેતર બાજુ એક ગાડું જાય છે.' ઘસઘસાટ ઊંઘી ગયેલ કાસમને પગનું ઠેબું મારીને જગાડતા નારણસિંહ બોલ્યો.

પ્રકરણ ૪

રૂપા



કાસમ માધા કુર્મીના ખેતરે જતા ગાડે એનું પોટલું લઇને બેસી ગયો. બેઠો એટલે ગાડા વાળાએ બળદોને બુચકારીને ગાડુ હાલતું કર્યું.

'કિયા ગામથી?' ગાડાવાળો પાછું જોઈને બોલ્યો.

'મુંબઈથી.' ગાડાવાળાને ખોટું બોલવાનો કોઈ મતલબ કાસમને ના લાગ્યો.

'ઓહ તો તું નવા મલિકનો દીકરો છો?' સાંજ ઢાળવા લાગી હતી એટલે ગાડાવાળાએ બળદોની રાસને ઝાટકો મારી ઉતાવળે ચલાવ્યા.

'ના હું શેઠનો મુકાદમ છુ.' કાસમ બોલ્યો.

દીકરાને બદલે મુકાદમનું નામ પડતાં ગાડાવાળાએ વધુ પૂછપરછ કર્યા વગર બળદોને બુચકારી ગાડુ આગળ હલાવ્યું.

'તમારાં શેઠ ખેતરનો ગણોતિયો બદલવાના છે?' ખેતરનો માલિક બદલે એટલે ગણોતિયો પણ બદલે એ અનુભવને આધારે ગાડાવાળાએ પૂછ્યું.

'એવો હાલ તો કોઈ વિચાર નથી, તમારે ગણોતિયો થવું છે?' કાસમે દાણો દબાવ્યો.

'નારે, આ તો માધોભાઈ બચારો બાળબચ્ચા વાળો અને મહેનતુ ખેડુ છે, એનું જરાક સાચવજો એ ભલામણ કરવાં પૂછ્યું. આ લ્યો આ તમારું ખેતર.' કહેતાં ગાડુ ખેતરના ઢક પાસે ઉભુ રાખ્યું.

કાસમ ગાડાંમાંથી ઉતર્યો.

'એ રામે રામ…' ગાડાવાળો બળદોને બુચકારતો આગળ વધ્યો.

'ખુ……એ રામે રામ.' ખુદા હાફિઝ બોલવા જતા કાસમને ભાન થયું કે એ હવે કાસમ નહિ પણ કાળુ ખારવો છે.

અજવાળિયું હતું એટલે ચંદ્રના આછા અજવાળે એ આગળ વધ્યો અને ખેતરમાં દાખલ થવાનો ઢક ખોલવાં માટે બેફિકરાઈથી લાકડાનો ટુકડો પકડીને ખેંચ્યો.

'ઓહ, આમાં તો કાંટા છે.' એનાથી સ્વાગત બોલાઈ ગયું, મુંબઈમાં મોટા થયેલ કાસમે બાવળની કાંટાળી ડાળીઓથી બનાવેલ ખેતરનો ઢક ક્યારેય જોયેલ નહિ એટલે એની બેદરકારી પકડાઈ ગઈ.

આછાં અજવાળે ખેતરની વચ્ચે બનાવવામાં આવેલા ત્રણ-ચાર ઝૂંપડીઓમાં દીવાના ટમટમિયાં જોયા એટલે એ ઝૂંપડીઓ તરફ જતા ગાડાં મારગ તરફ આગળ વધ્યો, ઝૂપડાંના ફળીયામાં પહોંચતા જ એક કૂતરું ભસ્યુ.

'કોણ?' એક ઝૂંપડાની અંદરથી કોઈ આધેડનો અવાજ આવ્યો.

'આ માધાભાઈ કુર્મીનું ખેતર છે?' કાસમે ઊંચા અવાજે પૂછ્યું.

'હા, સાહેબ હું જ માધો કુર્મી પણ તમે કોણ સાહેબ?' અજાણ્યો અવાજ સાંભળતા માધો

ફળિયામાં આવ્યો અને પૂછ્યું.

'હું કાળુ મુકાદમ મુંબઈથી આવ્યો છુ.' કાસમે માધો નજીક આવતાં કહ્યું.

'એ મુંબઈથી મે'માન આવ્યા છે, સાંભળો છો?' માધાએ મોટા અવાજે કહ્યું એટલે ઝૂંપડીઓમાં હલચલ મચી ગઈ, દરેક ઝૂંપડીઓમાં દીવડાં થયા અને માધાના પાંચે પાંચ દીકરાં પણ એક પછી એક કરતાં બહાર આવ્યા.

એક દીકરાએ દોડીને કાસમના હાથમાંથી એનું સમાનનું પોટલું લઇ લીધું અને ખાટલો ઢાળીને એની ઉપર રાખ્યું. કાસમ ખાટલા ઉપર બેઠો એટલે કૂતરું પણ કોઈ મહેમાન આવ્યા છે એ જાણીને કાસમને સુંઘવા એની બાજુમાં આવ્યું. કૂતરાને હાથ ફેરવતા જ કૂતરાએ પણ પૂંછડી પટપટાવીને એને આવકાર્યો, કાસમને પોતાનું મુંબઈનું પાળેલું કૂતરું યાદ આવી ગયું.

'બેટા રૂપા પાણી લાવજે' માધાના મોટા દીકરાએ પોતાની દીકરી રૂપાને બોલાવી.

એક ઝુપડીમાંથી પોતાની તરફ આવી રહેલા જાંજરના સુમધુર અવાજે કાસમના કાન સરવાં કરી દીધા. કાસમ જાંજરના અવાજની મુગ્ધતાંમાંથી બહાર આવે એ પહેલા જ ખીલી રહેલી નિર્દોષ યુવાની એની સામે પીવાના પાણીની કુલડી લઇને ઉભી હતી. ચંદ્રના અજવાળે રૂપાના ચહેરાનો અંદાજ ના આવ્યો પણ યુવાન કાસમને યુવાન રૂપાની હાજરીએ રોમાંચિત બનાવી દીધો. પાણીની કુલડી આપી રૂપા અંદર ચાલી ગઈ અને કાસમને મુગ્ધ કરનાર જાંજરના સુમધુર સંગીતને પણ પોતાની સાથે જ લેતી ગઈ.

કાસમે પાણી પી લીધું એટલે કુલડીને ખાટલાના એક પાયા પાસે મૂકી. કાસમને વર્ષોથી ઓળખતું હોય એમ કૂતરું પણ પૂંછડી પટપટવાતું ખાટલાની બાજુમાં જ ગોઠવાઈ ગયું.

'તમે વાળુ કર્યું?' માધાએ પૂછ્યું.

'આ સમયે વાળુ માટે તૈયારી કરવાની કોઈ જરૂર નથી, તમે આરામ કરો આપણે સવારે ઉઠીને વાત કરીશું' કાસમે ભૂખ લાગી હોવા છતાં સુરજ આથમ્યા પછી હિંદુઓ ભોજન ના કરે એ જાણતો હોવાથી ના પાડી.

'ખેપીયો સમાચાર આપી ગયેલ પણ તમે કઈ તિથિએ આવવાના એ ખબર નો'તી, નકર એક ઝૂંપડી ખાલી જ રાખી હોત.' માધાએ કાસમને આજ રાત કોઈ ઝૂંપડી ખાલી નથી એ વાત આડકતરી રીતે કહી.

'ના આજ રાત એવી કોઈ જરૂર નથી, આ ખાટલો ચાલશે. રાત પડી છે તમે બધા પણ સુઈ જાવ.'

કાસમના કહેવાથી બધા માધો અને એના દીકરાઓ પોતપોતાની ઝૂંપડીઓમાં સુવા માટે ચાલ્યા ગયા.

કાસમ માથા નીચે પોતાના સામાનનું પોટલું રાખીને આડો પડ્યો. ચંદ્રના શીતળ પ્રકાશમાં વાતાવરણ શાંત હતું, તમારાંના અવાજો વચ્ચે ક્યારેક ઢોરઢાંખરની ખરેરાટી અને શિયાળની લાંબી લાળીઓ રાતની નીરવ શાંતિનો ભંગ કરતી હતી. લાંબી મુસાફરીથી થાકેલા કાસમને ક્યારે નીંદર આવી ગઈ એની ખબરજ ના પડી.

જે ઝાડ નીચે સૂતો હતો એ ઝાડ ઉપર ચકલીઓના શોરબકોરે આમતો કાસમની નિંદર વહેલી સવારથી ઉડાડી દીધી હતી. પોતાના ખાટલાની બાજુમાં જ રૂપા ફળિયું વાળતી હતી, કાસમને રૂપાને જોવાની ઘણી ઈચ્છા હતી; પણ મનમાં ને મનમાં એ શરમાતો હતો એટલે સુવાનો ડોળ કરી આંખો બંધ કરીને પડ્યો હતો. રૂપાની સાવરણીના વાળવાના અવાજની સાથે એના

જાંજરનો મધુર અવાજ અને ઝાડ ઉપરની ચકલીઓનો મીઠો શોરબકોર જાણે કે એકબીજાને તાલ આપી રહ્યાં હતા.

'એ માધા' નારણસિંહના કર્કશ અને કરડાકી ભર્યા અવાજથી કાસમ ખાટલામાં સફાળો બેઠો થઇ ગયો. કાસમ અને રૂપાની નજર મળી, રૂપા ફળિયું વાળવાનું પડતું મૂકીને ઉતાવળે પોતાની ઝૂંપડીની અંદર દોડી ગઈ. ઝૂંપડીમાં ઉતાવળે ભાગેલી રૂપાનો ડર કાસમથી અજાણ્યો ના રહ્યો. એણે પાછળ ફરીને જોયું નારણસિંહ લાલ રંગના ઘોડા ઉપર સવાર હતો.

નારણસિંહનો કરડાકી ભર્યો અવાજ સાંભળીને માધો ઉતાવળે ઝૂંપડીની બહાર આવ્યો અને હાથ જોડીને એની સામે ઉભો રહ્યો.

'બધું બરોબર છે ને?' નારણસિંહએ માધાને એવી રીતે પૂછ્યું કે કાસમ બરાબર રીતે સાંભળી શકે.

'હા સાહેબ.' માધાએ ડર ભર્યા અવાજથી જવાબ આપ્યો.

'તારા ખેતરે આ કાળુ ખારવોજ આવવાનો હતો ને? કાંઈ પણ તકલીફ હોય તો ચોકીએ આવીને ફરિયાદ લખાવી જાજે.' કાસમ તરફ તોછડાઈથી જોતો નારણસિંહ બોલ્યો.

'હા સાહેબ.' માધો હજુ હાથ જોડીને જ ઉભો હતો. વધુ વાત ના નીકળતાં નારણસિંહ પોતાનો ઘોડો હંકારીને ચાલ્યો ગયો.

કાસમ હજુ ખાટલે જ બેઠો હતો, નારણસિંહ ગયો એટલે રૂપા પાણીની કુલડી લઇ બહાર આવી, એણે કુલડી કાસમને આપી, કાસમ કોગળાં કરવા ઉભો થયો. એ દરમ્યાન રૂપાએ માધા માટે કાસમના ખાટલાની સામે એક ખાટલો ઢાળ્યો અને ચાલી ગઈ.

'નીંદર બરાબર આવી ગઈ'તી?' કાસમના ખાટલા સામેના ખાટલા ઉપર બેસતાં માધો બોલ્યો.

'આ સિપાઈ સાહેબ સવારના પહોરમાં તમારાં ખેતરે શું કરવા આવેલ?' કાસમને પોતાની નીંદર કરતાં નારણસિંહ સિપાઈની સવાર સવારની મુલાકાતમાં વધારે રસ હતો.

'એ તો સરકારી સાહેબો એટલે ગરીબ માણસોને દબડાવવા આવે, અને કાળુભાઈ આ અમારું ખેતર નથી, આ ખેતર તો તમારું અમે તો તમારા ગણોતિયા, તમે કયો એમ અમે કામ કરીયે.' માધાભાઈના અવાજમાં પીડાનો અહેસાસ કાસમથી છૂપો ના રહ્યો.

'માધાભાઈ એક વાતની ચોખવટ કરી દઉં, તમારે બદલે બીજા ગણોતિયાને રાખવાનો મારા શેઠનો કોઈ ઈરાદો નથી અને મને ખેતી કામનો અનુભવ પણ નથી. મારા શેઠે મારી મહેનત અને ઈમાનદારી જોઈને ખાલી મુકાદમ તરીકે મોકલ્યો છે એવું સમજો અને ચિંતા ના કરો.' કાસમનો માધા ગણોતિયાને બદલાવી એની સાથે સાથે રૂપાને ગુમાવવાનો કોઈ ઈરાદો નો'તો.

'એ તમારી મોટાઈ કાળુભાઈ.' માધો બોલ્યો અને કાસમ તરફથી ખાતરી મળતાં આનંદમાં ભૂંગળી સળગાવી.

'માધાભાઈ, તમે મને તમારી વાત કરો, આ ખેતરમાં કેટલા વખતથી ખેતી કરો છો?' કાસમે પૂછ્યું.

'મારી આ ખેતરમાં ગણોતિયા તરીકે ત્રીજી પેઢી, ખેતરના માલિક વારસ વગર મરી ગયા એટલે ખેતી અમારાં નામે કરવાને બદલે રજવાડાએ લઇ લીધી, મને ખબર નથી કે આ ખેતર તમારા શેઠના કબ્જામાં કેમ આવી ગ્યું પણ અમારાં કરમની કઠણાઈ બીજું શું? સિંહને કોણ ક્યે કે તારું મોઢું ગંધાય છે?' ભૂંગળી પીતા માધાની વાતમાં એનું દર્દ કાસમથી છૂપું ના રહ્યું.

'આ ખેતરમાં પેદાશ થાય એના ભાગ કેમ પડે?' કાસમને ખેતરની ઉપજને સમજાવા માંગતો હતો એટલે પૂછ્યું.

'મારે પાંચ દીકરાં અને એને નાના મોટાં છોકરાં, આ ત્રણ સાંતીની જમીન છે, ત્રણ કોહ છે જે એક હાઈરે ગંગામાંથી પાણી ખેંચે. વરસમાં બે વખત ઉપજ આવે. ઉપજ આવે એટલે ચાર ઢગલાં થાય, એક ઢગલો સરકારનો, બે ઢગલાં માલિકના અને એક ઢગલો ગણોતીયાનો. ઉપજ રાજભંડારમાં પહોંચે એ પહેલા નારણસિંહ જેવા ખાઈ જાય એ એનું પાપ.'

'ઢોર ઢાંખરમાં?' કાસમને માધાની તળપદી ભાષામાં બધી વાત ના સમજાણી પણ આગળ જતા શીખી જશે એમ માની વાત આગળ વધારી.

'એક જોડી ધોળીયા અને બે જોડી મુંજડા બળદ, ગાયો બકરીઓ અને આ કૂતરું એટલાં ઢોર ઢાંખર.' માધો કાસમની બાજુમાં બેઠેલા કુતરાને આંગળી ચીંધતો બોલ્યો.

વાતો દરમ્યાન રૂપા બાજરીનો રોટલો અને ગરમ દૂધ શિરામણ માટે લઇ આવી.

'આ રૂપા સૌથી મોટી, મારા મોટા દીકરાની પહેલી છોડી.' માધાએ રૂપાની ઓળખાણ આપી એટલે એ શરમાઈને પોતાની ઝૂંપડીએ ચાલી ગઈ.

કાસમે અને માધાએ શિરામણ પૂરું કર્યું પછી ત્રણસો વીઘાના ખેતરની લટાર મારવા નીકળ્યા.

'કાળુભાઈ તમે આરામ કરો અમે તમારૂ ઝૂંપડું બનાવવા થોડુંક લાકડું કાપી લાવી.' કહેતો માધો એના છોકરાંને લઇને લાકડું કાપવા નીકળ્યો.

બપોરનું ભરપેટ ભોજન લઇને કાસમ ખાટલે આરામથી બેઠો, બાળકો ફળિયામાં લંગડીદાવની રમત હતાં, બાળકોના કિલકિલાટ અને આનંદથી વાતાવરણ ભરાઈ ગયું હતું.

રૂપા કછોટો વાળી ઉભડક પગે માટીના વાસણોની સફાઈ કરી રહી હતી. એક પગના ઢીંચણના દબાણને કારણે એની દૂધ જેવી સફેદ છાતીનો ઉભાર બહાર આવવા મથી રહ્યો હતો. રોમાંચકતામાં વધારો કરવા મથતી હોય એમ એના અધખુલ્લાં વાળની લટો છાતીના ગોરા અને માંસલ ઉભારને સ્પર્શતી અને સ્પંદન કરતી અજબ પ્રકારનો રોમાંચ ઉભો કરતી હતી. પગે ચડાવેલા કછોટાને કારણે રૂપાની ખુલ્લી માંસલ જાંઘો પણ એક જુદો જ નિખાર આપતી હતી.

કાસમે રૂપા ઉપરથી નજર હટાવવાની નિષ્ફળ કોશિશ કરી, પોતાની છાતીના ઉભારો ઉપરની કાસમની એ તીરછી નજર રૂપાના ધ્યાનમાં આવી અને એ શરમાઈ.

ખાટલાની બાજુમાં જ ધડામ.....કરતા લાકડાના ભારાંઓની પછડાટના અવાજે અને એનાથી ઉડેલ ધુળે કાસમને અચાનક સતર્ક કરી દીધો. રૂપા પણ એક જાટકે સપનાની દુનિયામાંથી વર્તમાનમાં આવી ગઈ.

લાકડાં ભેગા થઇ ગયા એટલે માધાના છોકરાઓએ કાસમની ઝૂંપડીનું પીંજરું ઉભું કરી દીધું, એ તૈયાર થતાં જ સ્ત્રીઓએ માટીનું ખૂંદણુ કરી માટીના પિંડા લગાવી દીવાલો ઉભી કરી દીધી, દીવાલો થોડી સુકાતાં છાણનું લીંપણ કરી છાપરાં તરીકે જુવારના પુરા બાંધીને ઝૂંપડી તૈયાર થઇ ગઈ.

વહેલી સવારથી માધા સાથે ખેતરમાં દોડાદોડી કરી ખાટલે સુવાનો ડોળ કરતો આડો પડેલો

કાસમ, ઝૂંપડીના પાણિયારે માટલીમાં પાણી ભરવા આવેલી રૂપાને તીરછી નજરે જોઈ રહ્યો હતો.

'અમારું આખું ઘર પિયે એનાથી વધારે પાણી તો તમે એકલા પી જાવ છો.' બીજું કોઈ ના સાંભળી જાય એટલાં ધીમા અવાજે મીઠો છણકો કરતી રૂપા બોલી.

'પૂરું કોણ પીવે છે, હું તો અડધું ઢોળી નાખું છું.' કાસમે બંધ આંખે જ સામો કટાક્ષ કર્યો.

'તો બધુંય ઢોળી નાખોને, હું તો કૂવેથી પાછું ભરી લાવીશ.' રૂપાએ પણ કાસમની ઝૂંપડીમાં આવવું ગમે છે એનો ઈશારો વાત વાતમાં કરી દીધો.

સમય જતા મીઠા કટાક્ષો મોકો મળ્યે સ્પર્શમાં બદલવા લાગ્યા. ખેતરમાં ખંતથી કામ કરતા કાસમનું પૂરું ધ્યાન રૂપાની દિનચર્યા ઉપર રહેતું. ઘરના પુરુષો પ્રાતઃકર્મ કરવા ઉઠે એ પહેલા મળસકે કૂવે નહાતી રૂપાને પોતાની ઝૂંપડીના બાકોરાંમાંથી જોવાની બેચેનીમાં મધરાતથી એના પડખાં ફરવાના શરુ થઇ જતા. કૂવે સાડીની કહેવા પૂરતી આડસમાં નહાતી રૂપાના નગ્ન સૌંદર્યની કલ્પના કરતાં જ એના પુરા શરીરમાં રોમાંચનું તોફાન આવી જતું.

કાસમ જયારે પણ રુપાના ભીના સૌંદર્યને આંખોથી માણતો; ત્યારે જન્નતની બોતેર હૂરમાંથી એક ખાસ એના માટે જ આ ફાની દુનિયામાં આવી હોય એવું એ માનતો. એ રૂપાના સૌંદર્ય ઉપર ઓળઘોળ હતો અને એ અબોટ સૌંદર્યને માણવાં માટે પુરી દુનીયાથી લડવા તૈયાર હતો; પણ એ રૂપાની કોમનો નથી; અને શેઠ પાસેથી પોતે સામેથી માંગેલી જવાબદારી પુરી કરવા જ અહીંયા આવ્યો છે એ વાતને કારણે સતત જાગ્રત રહેતો.

જુવારની પાંત્રીસ ખાંડીના ચાર ઢગલાંમાંથી; રાજના કર તરીકે એક ઢગલો પસંદ કરવા માટે ગાડાંઓ લઈને માધાના ખેતરે આવેલો નારણસિંહ સિપાઈ; ઘોડા ઉપર બેસીને બધા ઢગલાંઓની ફરતે આંટા મારતો હતો. એ પસંદ કરેલા ઢગલાની જુવાર લઇ જવા માટે સાથે ગાડાઓ પણ લઇ આવ્યો હતો.

'આ ઢગલો રાજનો કર.' જુવારના એક ઢગલાંમાં જુવારનું રાડું ખોસતાં નારણસિંહ બોલ્યો.

'સાહેબ ખાટલે પધારો તો દહીંનું ઘોરવું મંગાવું.' માધો નારણસિંહના ઘોડા પાસે જઈ હાથ જોડીને કરગર્યો.

કાસમ ઉપર રોફ જમાવવાના હેતુથી મૂછે તાવ દેતો નારણસિંહ ઘોડેથી ઉતર્યો અને ખાટલે બેઠો. રૂપા માટીની કુલડીમાં દહીંનું ઘોરવુ લઇને આવી.

'માધા આ સાપના ભારાને હવે ઘરે નો રખાય, હાથ ક્યારે પીળા કરવાનો છો આના?' રૂપા તરફ હવસની નજરે જોતો નફફટ થઇને નારણસિંહ બોલ્યો.

'સાહેબ યોગ્ય મુરતિયો મળે એટલે વિચારીયે.' માધાએ ક્ષોભિલા પડી જવાબ આપ્યો. રૂપાની દશા કાપો તો લોહી ના નીકળે એવી થઇ ગઈ; એટલે એ ઉતાવળે નારણસિંહને ઘોરવાની કુલડી આપી ડૂસકુ ભરી દોડતી ઝૂંપડીમાં ભાગી.

'તને આનાથી કેવો યોગ્ય મુરતિયો જોઈ?' એક હાથે મુછને તાવ દઈ ખંધુ હસતો નારણસિંહ બોલ્યો.

કાસમને નારણસિંહની આવી ગંદી વાત સાંભળી મનોમન ખુન્નસ ચડી ગયું; પણ એ નારણસિંહને સીધી ચુનોતી આપવા માટે ખુબ નાનો હતો એટલે સમસમીને બેસી રહ્યો.

'માધા હવે દરેક ઢગલાંમાંથી અડધી-અડધી ખાંડી મારો લાગો કઢાવી દે.' રાજનો ભાગ

ગાડાંઓમાં ભરાઈ ગયો એ જોઈ ઉભો થતો નારણસિંહ બોલ્યો.

'એ મેપા સાહેબે કીધું એ સંભળાયુ નહિ?' નારણસિંહનો તિરસ્કાર એના મોટા દીકરા ઉપર ઠાલવતાં માધો બોલ્યો.

'સિપાઈ સાહેબ, ગુસ્તાખી માફ પણ એક સવાલ પૂછું?' કાસમને આ નારણસિંહનો અલગથી લાગો સમજણો નહિ એટલે પૂછ્યું.

'હા શું હતું?' વર્ષોથી ચાલી આવતી પરંપરા ઉપર કાસમને શું સવાલ હોય એમ માની નારણસિંહ બોલ્યો.

'તમને તો રાજકોષમાંથી પગાર ના મળે? આ અલગથી તમારો લાગો?' કાસમે નારણસિંહની છાતી સોંસરવો નીકળી જાય એવો સણસણતો સવાલ પૂછ્યો.

'કાળુ આ મારા અને માધા વચ્ચેની વાત છે, તારે એમાં દોઢ ડાહ્યો થવાની જરૂર નથી.' નારણસિંહ કાસમ ઉપર તાડૂક્યો.

'સિપાઈ સાહેબ પણ આ ખેતરનો મુકાદમ હું છુ અને મારા શેઠની મંજૂરી વગર કોઈને અણહક્કનો લાગો ના આપુ.' કાસમ મક્કમ થઇને બોલ્યો.

'માધા?' નારણસિંહ માધા સામું જોઈને તાડૂક્યો.

'કાળુભાઇ આ તો અમારી પેઢીયુથી ચાલી આવતી પરંપરા છે. સાહેબ, મારા ગણોતિયાના ઢગલામાંથી દોઢ ખાંડી ભરાવી લ્યો બસ.' જમાનાના ખાધેલ માધાએ વાતનું વતેસર થાય એ પહેલા વાત વાળી લીધી.

રૂપા એની ઝૂંપડીમાંથી કાસમ અને નારણસિંહની માથાકૂટ સાંભળી રહી હતી. નારણસિંહ મૂછે તાવ દેતો માધાના હક્કના ઢગલામાંથી બે ખાંડી જુવાર ભરાવી કાસમ સામે કતરાતી નજર કરતો ચાલ્યો.

નારણસિંહ અને એના ગાડાં આંખોથી ઓઝલ થયાં એટલે કાસમ માધા તરફ ફરીને બોલ્યો, 'માધાભાઈ તમારે વચ્ચે પાડવાની જરૂર નો'તી.'

'તો શું કરું? સરકારી સિપાઈ સાથે ઝગડો વહોરી લઉ? કાળુભાઇ તમે જોયું નહીં?' માધાના અવાજમાં લાચારી હતી.

સાંજે જુવારના રોટલાં અને રીંગણાંના શાકનું વાળુ કરતી વખતે કાસમે માધાની કૌટુંબિક તકલીફમાં માથું મારવાનું નક્કી કર્યું.

'માધાભાઈ આમ તો આ વાત મારે ના કરાય પણ તોય પૂછવું એ મારી ફરજ છે એવું મને લાગે છે.' કાસમે પૂછ્યું. કાસમને માધાના કુટુંબની રહેણીકરણી અને શાકાહારી ભોજન પસંદ પડવા માંડ્યું હતું.

'કાળુભાઇ તમે તો હવે ઘરના કહેવાય, તમારે વાત કરવાં માટે થોડું પૂછવાનું હોય?' માધોભાઈ માટીની નાની દોણકીમાંથી દૂધનો ઘુંટડો ભરતો બોલ્યો.

'આ નારણસિંહ સિપાઈએ રૂપાનું માંગું નાખ્યું એમાં શું વાંધો છે? સરકારી નોકરી છે, મોભો છે.' કાસમની વાતથી માધો દૂધ પીતો અટકી ગયો એને પીધેલાં દૂધનો ઘૂંટડો માંડ માંડ ગળે ઉતાર્યો.

'નારણસિંહ સિપાઈ? એ બીજવર સાથે મારી રૂપા? હું મારી દીકરીને કુવામાં ધક્કો દઈને મારી નાખું પણ મારી ડાહી દીકરીનો હાથ કોઈ કાળે એ કપાતરના હાથમાં નો આપું.' માધાના નારણસિંહ પ્રત્યેના તિરસ્કારે કાસમના બધા જ સવાલોના જવાબ આપી દીધા, એ ચુપચાપ

ખાવા માંડ્યો.

અમાસની કાળી ડિબાંગ રાત્રે ઠંડીના સુસવાટાઓની વચ્ચે ક્યાંક ખૂણામાં ટૂંટિયું વાળીને સુતેલું કૂતરું ભસવાનું બંધ કરવાનું નામ નો'તું લેતું, કુતરાના ભસવાના અવાજોની વચ્ચે જુવારના સૂકા રાડાઓ પર કોઈના ચાલવાના અવાજે રૂપાના વિચારોમાં ખોવાયેલા કાસમને સતર્ક કર્યો.

'રૂપા સાંજે ની'ણ નાખી'તી ને?' માધાનો દબાયેલો અવાજ આવ્યો.

'હા દાદા મેં પોતે જ બધાય ઢોરને નાખી'તી.' રૂપાએ વળતો જવાબ વાળ્યો.

'ભુઇખા નથી તો આ બધાય ભાંભરે કેમ છે?'

'મને શું ખબર?' પાછી રૂપા બોલી.

કાસમ ઝૂંપડાની પાછળના અવાજોને અવગણી કડકડતી ઠંડીથી બચવા પાછો પછેડી ઓઢીને સુઈ ગયો. હજુ નીંદર માટે આંખો ઘેરાવાનું શરુ કરે એ પહેલા તો.

'બચાવ...બચાવ' રૂપાની મદદ માટેની બૂમ સાંભળી કાસમ સફાળો બેઠો થયો. એની ઝૂંપડી આગની લપેટમાં આવી ગઈ હતી.

એ દોડીને ઝૂંપડીની પાછળ આવ્યો એક બુકાનીધારી એક હાથમાં મશાલ અને બીજા હાથમાં રૂપાને પકડી ખેતરની અંદર ઢસરડીને લઇ જતો હતો.

'એય...છોડ એને.' કાસમે પડકાર્યો એટલે રુપાનો હાથ છોડી બુકાનીધારી ભાગ્યો.

કાસમે એનો પીછો કર્યો અને જોરથી ધક્કો માર્યો એટલે એ બે ગડથોલીયા ખાઈને પડ્યો અને જેમ તેમ મોઢે બાંધેલી બુકાની છૂટી ગઈ.

'તું?' દૂર પડેલી મશાલના અજવાળે કાસમ ચહેરાને ઓળખી ગયો.

હજુ કાસમ કાંઇ વાત કરે એ પહેલા એ જેમતેમ કરતો ઉભો થઇને ભાગ્યો.

કાસમ એની પાછળ જવાને બદલે સળગતાં ઝૂંપડે પાછો આવ્યો, ડરી ગયેલી રૂપા એના પોતાના ભડભડ સળગી રહેલી ઝૂંપડીને આગ ઓલવવા માટે દોડી. બધી જ ઝૂંપડીઓ પુરી રીતે આગમાં લપેટાઈ ગઇ હતી. માધાના કુટુંબે મહેનતથી બનાવેલી બધી જ ઝૂંપડીઓ ભડ ભડ સળગતી રહી અને બધા લાચારીથી દૂર ખેતરમાં ઉભા ઉભા આગના રુદ્ર સ્વરૂપને જોઈ રહ્યા.

ખેતરમાં હુમલાખોરનો પીછો કરીને દૂર નીકળી ગયેલો કાસમ પણ ત્યાં પહોંચ્યો. કાસમને જોતાં રૂપા એની નજીક આવી.

'તને?' એ પૂછવા જતો હતો કે રૂપા બુકાનીધારીની હડફેટે કેમ આવી પણ રૂપાએ એને વાત પુરી કરવા ના દીધી.

'અમારી ઝૂંપડી સળગી એટલે હું તને જગાડવા આવી અને એ જાણે મારી જ રાહ જોઈ સંતાઈને ઊભો હોય એમ મને પકડી લીધી, એ તો તું આવી ગયો નહીંતર મારુ કોણ જાણે શું થાત?' કહેતી એ રડી પડી. રૂપાને કાસમના ખભે માથું નાખીને રડવાનું મન થઈ ગ્યુ પણ બધાની હાજરીમાં એ કાસમથી થોડે દૂર ઊભી રહી સળગતી ઝુંપડીઓ જોતી રહી.

કડકડતી ઠંડીને કારણે બધાએ આખી રાત સળગી ગયેલ ઝૂંપડીઓના ગરમાવે વિતાવી.

પરોઢિયે રાતે ખેતરમાં છોડી મુકેલા ઢોર ઢાંખરને ભેગા કરી માધાએ અને એના છોકરાંઓએ બળીને ખાખ થઈ ગયેલી ઝૂંપડીઓની સાફ સફાઈ શરુ કરી.

'માધા.....એ માધા....ક્યાં ગુડાણો છો?' ઘોડા ઉપર દૂર ઉભેલા નારણસિંહ સિપાહીની બૂમ પડી.

અવાજ સાંભળીને ઝૂંપડી સાફ કરી રહેલ માધો બહાર આવ્યો અને એ જ સમયે પોતાની ઝૂંપડી સાફ કરતો કાસમ પણ.

'વાવડ મળ્યા કે તારી ઝૂંપડીઓમાં આગ લાગી એટલે તપાસ કરવી છે.' માધો નજીક આવતા જ નારણસિંહ બોલ્યો.

'શું તપાસ કરાવી છે બોલો ને સિપાઈ સાહેબ.' માધો કાંઈ જવાબ આપે એ પહેલા કાસમ આગળ વધીને બોલ્યો.

'હું તને નથી પૂછતો.' નારણસિંહે રોફ કર્યો.

'સિપાઈ સાહેબ આ ખેતરનો અસલી માલિક હું છુ માધાભાઈ તો મારા ગણોતિયા છે.' કાસમે પણ આજે નારણસિંહથી નહિ ડરવાનું નક્કી કરી લીધું હતું.

'આ આગની કોઈ ઉપર શંકા છે?' બળી ગયેલાં ઝૂંપડા તરફ આંગળી ચીંધતો નારણસિંહ બોલ્યો.

'દિવસે રાજનો ભાગ ભરવા આવે અને રાતે આગ લગાડે એવા આ વિસ્તારમાં કેટલા લોકો છે?' કાસમ ડોકી ટટ્ટાર કરી નારણસિંહ સામું જોઈને બોલ્યો.

'ના સાહેબ એવું કાંઈ નો'તું. એતો મારાથી ભૂલમાં દીવો ઠેબે ચડી ગ્યો એટલે જોતજોતામાં આગ બેકાબુ બની ગઈ. પાછો કાલે પવન ચડ્યો તો એટલે આંખના પલકારામાં તો બધાય ઝૂંપડા બળી ગ્યા.' માધાએ વાતને વણસતા રોકી.

'સારું સારું કોઈ ઉપર શંકા હોય તો ચોકીએ આવીએ લખાવી જજે.' કહેતો નારણસિંહ ઘોડાને બૂચકારી ઠેસી મારી ચાલતો થયો.

માધાના કુટુંબે તનતોડ મહેનત કરીને બળી ગયેલાં ઝૂંપડાં પાછા ઉભા કરી દીધાં. ઉનાળાના ઉકળાટને કારણે બધા ફળિયામાં બેઠાં હતાં. માધાએ એની ટેવ પ્રમાણે ભૂંગળી સળગાવી હતી, છોકરાંઓ ચાંદાને અજવાળે રમતાં હતાં ને સ્ત્રીઓ પોતપોતાના કામમાં વ્યસ્ત હતી. આજે સાંજે મુંબઈથી શેઠની ચિઠ્ઠી ખેપિયો ખેતરે આવીને આપી ગ્યો તો. એ ચિઠ્ઠીમાં શું હતું એ બધાને જિજ્ઞાસા હતી પણ કાળુભાઈને પૂછવું કેમ એ વિચાર લગભગ માધાના કુટુંબમાં દરેકને હતો અને હોય જ ને જિંદગીમાં પહેલીવાર કોઈ ખેતર સુધી આવીને મુંબઈથી મોકલેલો કાગળનો ટુકડો આપી ગયું હતું.

'આપણે આ દર વરસે બબ્બે પાક લઇને કૂચે મરીયે છીએ એના કરતાં આ વખતે એક જ પાક વાવવો છે.' માધાને શેઠે ચિઠ્ઠીમાં લખેલી વાત કેમ કરવી એ ચિંતાએ વાત કરવા કાસમે મથાળું બાંધ્યુ. કાસમને માધાના કુટુંબ સાથે રહેવાથી એક વાત સમજાઈ ગઈ હતી કે માધાભાઈ પોતાના શેઠની યોજના પ્રમાણે અફીણની ખેતી માટે એમ સહેલાઇથી માને એવા નો'તા.

'પણ કાળુભાઈ એક જ પાક વાવીશું પછી તમારો અને રાજનો ભાગ કાઢતાં અમારાં વાંહે તો કાંઈ નહિ વધે.' માધાના અવાજમાં ચિંતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

'આપણે કોઈ રોકડીયો પાક વાવીએ તો?' કાસમે દાણો દબાવ્યો.

'જાર, બાજરોને મગ તો વાવીએ છીએ અને ગામના શેઠ આપણને કાવડિયા પણ રોકડાં ગણી ધે છે પછી એનાથી રોકડિયું શું જોઈ. બાપદાદાના વખતથી એ જ વાવી છી અને આપણા હળને સાંતી પણ આ પાક વાવવામાંજ હાલે.' માધો બોલ્યો.

'મુંબઈથી શેઠની ચિઠ્ઠી આવી છે એમાં કહ્યું છે કે આપણે હવે ખસખસ વાવવાનું શરુ કરવું જોઈ?'' કાસમે હળવા અવાજે ઘટસ્પોટ કર્યો.

'કાળુભાઈ શેઠનો હુકમ સર આંખો ઉપર પણ અમને આ ધરમસંકટમાં કાં નાખો?' માધો બોલ્યો.

'બાપા એમાં ધરમસંકટ શેનું? રામપુરમાં કેટલાય ખેડુ ખસખસ વાવે છે અને એના ડોડવાનું દૂધ વેચીને તગડો માલ કમાય છે. આપણે આખું વરહ કૂચે મરીયે છીએ પણ કાંઈ ભેગું થતું નથી. દૂધ વેચીને ખેડુઓ નવા બળદ અને ગાડાં લઈને મજા કરે છે. આ પાંચ ખેતર મૂકીને છગનાને જોઈ લ્યો, પાંચ વરહ પે'લા કાંઈ ચોપડવાય નો'તું ને આ વરસે એની છોડીના લગનમાં આખું ગામ ધુંવાડા બંધ જમાઈડુ'તુ એતો યાદ છે ને? એને કોઈને તો ધરમ સંકટ નો નઇડુ.' માધાનો મોટો છોકરો મેપો મોકાની રાહ જોઈને વાતમાં વચ્ચે કૂદી પડ્યો.

'તું ચોખવટ કરને કે તારે ખસખસની નહિ પણ અફીણની ખેતી કરવી છે. વેવલીના એ ખેતીમાં આપણને સમજ નો પડે, ધરમની લાઠિયું કાંઈ દેખાય નહિ.' માધો મેપા ઉપર ખીજાણો.

'બાપા, રૂપાના હાથ પીળા કરવાની જવાબદારી મારી છે તમારી નહિ.' કહેતો મેપો ખાટલેથી ઉઠીને પગ પછાડતો ચાલ્યો ગયો.

'તો શું રૂપા મારી દીકરી નથી?' દૂર જતા દીકરાને માધાએ પણ સંભળાવી.

'માધાભાઈ તમે ઠંડા પડો, મેપાભાઈ આમ જોઈ તો સાચું જ ક્યે છે. આપણી પાસે પાડાની કાંધ જેવી ત્રણ સાંતીની જમીન છે, જોઈ એટલું ગંગા નદીનું પાણી છે. ખસખસની ખેતી કાંઈ બધા થોડાં કરી શકે એના માટે અંગ્રેજ સરકારના ચાર હાથ માથે જોઈ અને પાણી અને પળાને પણ મેળ જોઈ.' ખેડૂતની સાથે કામ કરીને કાસમ પણ ખેડૂતની ભાષા બોલવાં માંડ્યો હતો.

'હું તો હવે કેટલાં દી? મોટા શેઠ અને તમે બધાય કે'તા હોય તો હું રોકવા વાળો કોણ. આતો અમારાં ગઈઢા કે'તા કે નશો બરબાદ કરે એટલે એનાથી સો ગાઉ છેટાં સારા.' માધાએ હકીકતનો સ્વીકાર કરી લીધો.

'હું અને મેપાભાઈ બેય કાલે અફીણનું કારખાનું જોઈ આવી પછી નક્કી કરીયે, મારે પણ મોટા શેઠને જવાબ આપવાનો છે .' કાસમ બોલ્યો.

માધાભાઈ ભુંગરીમાંથી ધૂમાડાં કાઢતાં રહ્યા ને વિચારતાં રહ્યાં કે. 'શું જમાનો આવ્યો છે ધાન વાવવાને બદલે નવા જમાનાનો માણહ નશો વાવવાં મંડ્યો.'

'આ અમારાં બાપા નથી માનતા બાકી છગનો તો મને કે'દીનો અફીણની ખેતી માટે સમજાવે છે.' મુંજડા બળદોને બુચકારાતો મેપો બોલ્યો. કાસમ અને મેપો પચીસ ગાઉ દૂર આવેલા અફીણના કારખાને તપાસ કરવા વહેલી સવારે નીકળી ગયા હતાં.

'મને પણ મોટા શેઠે મુંબઈથી એની ખેતી કરાવવા જ મોકલ્યો છે પણ જયાં સુધી શેઠની ચિઠ્ઠી ના આવી ત્યાં સુધી મારી પણ જીભ નો'તી ઉપડતી.' કાસમ મેપાની વાતમાં સુર પુરાવતાં બોલ્યો.

'કાળુભાઈ પણ આપણને નાના માણાહને કારખાના અંદર જોવા દેશે?' મેપો બોલ્યો.
'ત્યાં જાય પછી ખબર પડે.' કાસમને પણ ખબર નો'તી.
પચીસ ગાઉનું લાબું અંતર કાપતાં સાંજ પડી ગઈ એટલે બંને ધર્મશાળામાં રોકાઈ ગયા.

સવારે ઉઠીને ગાડાંને ધર્મશાળાએ રાખી ચાલતાં જ કારખાને નીકળી પડ્યા, કારખાને પહોંચતાં જ દરવાજે પહેરો ભરી રહેલા સિપાઈએ રોક્યા.

'એય, ક્યાંથી આવો? નામ ઠામ?' સિપાઈ કડકાઈથી બોલ્યો.

'હું કાળુ ખારવો અને આ મેપો કુર્મી, ગામ રામપુર.' કાસમે જવાબ આપ્યો.

'છગન કુર્મીનું ગામ ને?'

'હા ઈ છગનાને હું ઓળખું.' મેપો આગળ આવ્યો.

'એને તમને મોકલ્યા?' સિપાઈએ પૂછ્યું.

'ના અમે જાતે જ આવ્યા છીએ, અમારે અફીણની ખેતી વિષે જાણવું છે.'

'જો એને મોકલ્યા હોય તો મારે જાણવું પડે. અને ખેતીમાં જાણવાનું શું છે? ખેડુના દીકરાને ખસખસની ખેતી તો આવડે જ.'

'એમ જાણવાનું નહિ, અમે વાવીએ અને કોઈ લિયે નહિ તો? અમારી મહેનત એળે જાય ને?' કાસમને ખેતી કરતાં અફીણના ધંધામાં રસ હતો.

'આમ રસ્તામાંથી આઘા હટો, ગાડાંઓને જવા દયો.' સિપાઈએ કાસમનો હાથ પકડી બાજુમાં હટાવ્યો.

કાસમ અને મેપો અફીણ ભરેલી માટીની કુલડીઓ લઈને જતા ગાડાંઓને દરવાજાની અંદર જતા જોઈ રહ્યા.

'મહેનત કેમ એળે જાય? એક વાર તમે સરકાર સાથે કાગળિયા કરો એણે કેટલા વીઘા જમીન છે એના હિસાબે સરકાર તમને આગોતરો ઉપાડ આપે, તમારે બસે જેટલી ઉપજ આવે ઈ બધી આ કારખાને જ જમા કરાવવાની અને વધઘટ લેતી દેતી કરી નાખવાની.' સિપાઈએ સીધું ગણિત સમજાવ્યું.

'અમે ધાન વાવી એમાં તો ચોથો ભાગ રાજનો કર લાગે અને ખસખસ વાવીએ તો?' કાસમે ખાત્રી કરવા પૂછ્યું.

'આમાં ચોથો ભાગ તમારો, બાકીની બધીયે ચિંતા અમારી.'

'ગણોતિયાથી કામ કરાવતાં હોય એનું શું?'

'તમારે એ બધું ચોથા ભાગમાંથી ફોડી લેવાનું, ત્રણ ભાગ સરકારના અને એક ભાગ તમારો. હવે માથું ખાવાનું બંધ કર અને નક્કી કરીલે એટલે પાછો આવજે. અહીં કારખાનામાં ક્લાર્ક સાહેબ તને બધું સમજાવી દેશે.' સિપાઈએ કાસમને તોછડાઈથી કીધું એટલે એ અને મેપો ધર્મશાળાએ પાછા ફર્યા.

'છગનો પણ ઈજ કે'તો તો, ચોથો ભાગ આપે તોય જુવાર બાજરાથી પાંચ ગણી કમાણી થાય.' મેપો સિપાઈની વાતથી ઉત્સાહમાં આવીને બોલ્યો.

'મારે શેઠને પૂછવું પડે.'

'શેઠને રોટલાંથી મતલબ કે ટપાકાંથી?'

'તમને ભૂખ કેવીક લાગી છે? મને તો કકડીને લાગી છે.' કાસમે વાતનો વિષય બદલ્યો.

'મારે ઈ સરકારી નારણસિંહ સિપાઈ મારા ખેતરમાં ના જોઈ.' મેપાએ એના બાપાને ચોખ્ખું સંભળાવ્યુ. કારખાનેથી આવી વાળુ પતાવીને ફળીયાના લીંબડાની નીચે બધા ભેગા થઇ ને શું કરવું એની ચર્ચા કરતાં હતાં.

'આપણે તો ગણોતિયા આપણે શું કહેવાનું, જે નક્કી કરવાનું ઈ કાળુભાઈએ કરવાનું.' માધા પાસે હવે અફીણની ખેતી ના કરવા માટે કોઈ દલીલ બચી ના હતી.

'મારો અંતરઆત્મા ક્યે છે કે મારી રૂપાને અડપલું પણ એ કપાતરે જ કર્યું અને આપણા ઝૂંપડાને આગ પણ એણે જ લગાડી છે.' મેપો બોલ્યો. 'અને તમેય કાળુભાઈ રૂપાએ મને કીધું કે તમે એને પકડી લીધો'તો તોય તમને ઈ નો ઓળખાણો? મારા હાથમાં આવ્યો હોત તો રામ રમાડી દીધા હોત એ હરામી ના.'

'ના મેપાભાઈ એને બુકાની બાંધી હતી એટલે ના ઓળખાણો.' કાસમ બોલ્યો, કાસમે નારણસિંહના એક સાગરીતને ઓળખી પાડેલો જે સવારે એની સાથે જુવાર ભરવા ગાડુ લઇને આવેલો. કાસમ એ ગાડાવાળાનું નામ લઇ રૂપા કે એના કુટુંબને નારણસિંહના દુશ્મન બનાવવા નો'તો માંગતો.

'એ તમે બધાય કયો એમ, જાર વાવવી કે ખસખસ ખેડુના દીકરાને કાંઈ ફેર નો પડે. એમાંથી કરમની કઠણાઈ નો થાય તો સારું.' માધાએ કંટાળીને એની સહમતી જાહેર કરી.

'વહાણો ભરી ભરીને ચીન વાળાઓને અફીણના રવાડે ચડાવી દીધા તોય અંગ્રેજોને તો કોઈ કરમની કઠણાઈ નો નડી ઉલટા આપણા જેવા ગરીબ ઉપર જુલમ વધારતાં જાય છે.' મેપાને અફીણની કમાણીથી રૂપાના હાથ પીળા કરવાની ઉતાવળ હતી.

આખો દિવસ અફીણના ખેતરમાં કામ કરી થાક્યો પાક્યો કાસમ પોતાની ઝૂંપડીએ આવ્યો.

હજુ સમો-નમો થાય એ પહેલા જ કાસમ માટે રૂપા સાંજનું વાળુ લઇને આવી, સામાન્ય રીતે ખાવાનું રાખીને ચાલી જતી રૂપા આજે ઝૂંપડીના બારણા પાસે લાકડાના થાંભલાને ટેકો દઈ, કેડ ઉપર હાથથી હાથ રાખીને માદક અદાથી ઉભી રહી અને કાસમને એકીટસે જોતી રહી. બારણાંની થાંભલીએ રાખેલ દીવાના પ્રકાશમાં રૂપાનું રૂપ વધારે નીખર્યું.

હજુ તો ખાવાનો પહેલો કોળિયો ભર્યો અને એની નજર કેડ ઉપર હાથ રાખીને એકીટસે તાકી રહેલો રૂપા ઉપર ગઈ. કાસમને લાગ્યું કે એ કોઈ હૂરનું મધુર સપનું જોઈ રહ્યો છે.

'શું?' કાસમે કોળીઓ મોંમાં મૂકતાં પૂછ્યું.

'કાંઈ નહિ, બસ અમારે જોવું પણ નહિ?' રૂપા બોલી, સામાન્ય રીતે પ્રેમની લાગણીને આંખોના ઈશારાથી કે નજરથી જ વ્યક્ત કરવાવાળી રૂપાને બોલતી જોઈને કાસમને પણ ટીખળ સુજી.

'જોવાની કોણ ના પાડે છે પણ આવી કાતિલ નજરથી જોવાનો મતલબ ખરો?' કાસમ બોલ્યો.

'તમને કેવી રીતે ખબર કે હું કાતિલ નજરથી જોઉં છું' રૂપાએ નટખટ અવાજમાં પૂછ્યું.

'અરે તારી આવી કાતિલ નજર અંદર સુધી ઘુસી જાય છે અને પછી અંદર સુઈની જેમ ચુભે છે.' છાતી ઉપર હાથ રાખીને ચહેરા ઉપર પીડાના હાવભાવ કરતા બોલ્યો.

'તમે તો ખાલી દેખાવ કરોછો....જાવને.' રૂપા લાડમાં કાસમ ઉપર ગુસ્સો કરતા બોલી.

'સાચે મને તારી નજર બહુ જ ચુભે છે.....આવી રીતે મારા સામું ના જો નહીંતર મને ચક્કર આવવાં માંડશે.' કાસમ હજુ પણ ગમ્મત કરવાના મૂડ હતો.

'હું તમને એક વાત પૂછું, ગુસ્સે તો નહિ થાવ ને?'

'ના બોલ.'

'તમે મારા બાપુને વાત કેમ નથી કરતાં?'

'શેની વાત?' કાસમને સારી રીતે ખબર હતી પણ એ નિર્દોષ થઈને બોલ્યો, અને કાસમના આ રમતરાડાં પણ રૂપાને હકીકત સમજાવવા માટે હતાં અને ભલીભોળી રૂપાને આ વાતનો તસુભાર પણ ખ્યાલ ના હતો.

'મારા દાદા પાસેથી મારો આ હાથ કેમ નથી માંગી લેતા?' રૂપા કેડ ઉપરથી પોતાનો હાથ હટાવીને કાસમ તરફ લાંબો કરતા બોલી.

'હાથ માંગીને પછી હું શું કરું? એનું શાક?' કાસમને પુરી સમજણ હતી પણ એ રૂપા સાથે ગમ્મત કરવાના મિજાજમાં હતો.

'અરે હાથ માંગી લો એટલે હું આ ઝૂંપડીમાં તમારી સાથે રહેવા આવી જાઉં.' રૂપા એવી રીતે બોલીને કાસમની સામે પલાંઠી વાળી હાથના ટેકે હડપચી રાખીને બેસી ગઈ.

કાસમે જમવાનું પૂરું કર્યું અને એ પાણી પીને ઉભો થયો, એ ઉભો થયો એટલા રૂપા પણ એની સાથે જ ઉભી થઇ; બંનેની આંખોથી આંખો મળી. રૂપા એક વીજળીના ચમકારાની ઝડપે એક ખીલી રહેલી વેલની જેમ; ઝાડના મજબૂત થડને ઝરમર વરસાદની ઋતુમાં પોતાનું સમસ્ત અર્પણ કરવા ચીપકી જાય એમ; કાસમને બાથભરીને ચીપકી ગઈ. ઝાડની ઊંચાઈને અંત સુધી પામવા માટે યુવાન વેલ જેમ ઉર્ધ્વગતિ કરે એમ રૂપાએ ઊંચી થઇને પોતાની આંખો બંધ કરી, કાસમને પોતાના કંપી રહેલા હોઠ ઉપર પ્રેમથી તરબોળ ચુંબન કરવાનું આહવાન આપ્યું. પ્રેમના આવેશમાં આવી ગયેલી રૂપાના આવા આલિંગનથી કાસમના બંને હાથ ઉપર થયા અને એની માખણ જેવી લીસ્સી પીઠ અને ઉતેજીત થઇને કંપન કરી રહેલા બધા જ અંગો ઉપર ફરવા લાગ્યા. કાસમના બંને હાથ અને રૂપાના ઉતેજનાથી ધગી રહેલ ગરમ શરીર વચ્ચે ખાલી એક કપડાનું જ આવરણ હતું. આવેશની આ ક્ષણોમાં કાસમના બંને હાથ રૂપાની સોળે કળાએ ખીલેલી યુવાનીનો અનુભવ કરતાં રહયા. કાસમે રૂપાને પોતાના અસ્તિત્વમાં સમાવી લેવા માટે હળવો આંચકો મારી પોતાની વધુ નજીક ખેંચી. કાસમ રૂપાના ઉતેજીત થયેલા સ્તન યુગ્મોના ઉભાર પોતાના શરીર સાથે એકાકાર થઇ ગયા હોય એવું અનુભવી રહ્યો હતો. રૂપાના ધમણની જેમ ચાલી રહેલા ગરમા ગરમ શ્વાછોસ્વાસ અને અધખુલ્લી આંખો જોઈને કાસમ પોતાની જાતને રોકી ના શક્યો એણે એને પોતાની હજુ વધારે નજીક ખેંચી પછી એક તસતસતું ચુંબન કરી દીધું. રૂપાની અધખુલ્લી આંખો હવે પુરેપુરી બંધ થઇ ગઈ હતી અને આ ઉતેજનાથી ભરપૂર ક્ષણને માણતાં બંને ચરમસીમાની અનંત મુસાફરીએ નીકળી પડ્યા.

બંનેની આંખો હજુ બંધ જ હતી, બંને આ પ્રેમથી તરબોળ ક્ષણમાંથી તસુભાર પણ બહાર આવવા માંગતા ન હતા.

'કાસમ....ક્યાં છો બહાર નીકળ' બહારથી મેપા એ બૂમ પાડી.

કાસમે મેપાના અવાજમાં એનું નામ સાંભળ્યું; અને એના હોશકોસ ઉડી ગયા. એ રૂપાને પોતાથી અળગી કરે એ પહેલા તો ગુસ્સાથી કાંપતો મેપો ઝૂંપડીની અંદર આવી ગયો અને બંને કઢંગી હાલતમાં ઝડપાઇ ગયાં.

'તું હરામખોર મારી ભોળી રૂપાને ભોળવવા બહુ રૂપિયો થઇને મુંબઈથી અહીં સુધી લાંબો થયો, આજે તારી ખેર નથી.' મેપાએ કાસમના વાળ પકડયાં અને ઢસરડીને બહાર ફળિયામાં

લઇ આવ્યો. મેપાની મજબૂત પક્કડમાંથી કાસમે છૂટવાની ખુબ કોશિશ કરી પણ ખેતરમાં કામ કરીને કસાયેલા બાંધાવાળા મેપા પાસે કાસમનું જોર કાંઈ કામ ના લાગ્યું.

'પણ મેપાભાઈ મારી વાત તો સાંભળો.' કાસમે આજીજી કરી. છટપટતાં કાસમે રૂપાની સામું જોયું એ તો ઝૂંપડીનો થાંભલો પકડીને ડૂસકાં ભરી રહી હતી.

ઝૂંપડીની બહાર નારણસિંહ ઉભો હતો એને કાસમને પકડ્યો અને મેપો ફળીયાના લીંબડા પાસે ઢોર બાંધવા રાખેલ રાંઢવું લઇને આવ્યો. નારણસિંહ અને મેપાએ ભેગા મળી કાસમના બંને હાથ બાંધી દીધાં પછી રાંઢવાનો એક છેડો લીમડાંની નીચી ડાળી ઉપરથી ઘા કરી બંને એ ભેગા થઇ ને એ છેડો ખેંચ્યો અને બાંધેલા હાથે કાસમને લીંબડાંની ડાળીએ લટકાવી દીધો.

'તું હરામખોર મુસલમાન ઉઠીને મારી દીકરીનો ભવ બગાડવા આવ્યો, તને કોઈ ના મળ્યું અને અમે જ મળ્યા?' મેપાનો ગુસ્સો સાતમા આસમાને હતો.

'પણ મેપા ભાઈ મારી વાત તો સાંભળો.' કાસમે આજીજી કરી.

મેપો બરાબરનો ગુસ્સામાં હતો, એ ઝૂંપડી પાછળ પડેલ સાંઠીઓની બાથ ભરીને લાવ્યો અને લટકેલા કાસમની નીચે ઢગલો કર્યો, એનો બબડાટ ચાલુ હતો અને એ કાસમની નીચે હોળી સળગવાની તૈયારી કરતો હોય એમ જુવારના પૂળાઓની બાથ ભરી ભરીને કાસમની નીચે ઢગલો કરતો હતો.

'એ માધાભાઈ, આને કોઈ સમજાવો મારી વાત સાંભળો પછી મને મારી નાખજો બસ.' કાસમ મેપાનું ખુન્નસ જોઈને સમજી ગયો કે આજે મેપો એને જીવતો સળગાવી નાખવાનો છે એટલે માધાની મદદ માટે બૂમ મારી.

'સાલા હરામી આતો મને જો નારણસિંહે વાત ના કરી હોત તો તે મારી દીકરીનો ભવ બગાડી નાખ્યો હોત, તને આજેજ સળગાવી ગંગામાં ફેંકી દેવો છે પછી ભલે તારો શેઠ મુંબઈથી અહી ગોતવા આવે. હરામીઓ અમારા બાપદાદાની જમીન હડપીને અમારા ઉપર રાજ કરવા આવ્યો છો.' મેપો આગ સળગાવવાની કોશિશ કરતો હતો.

'એ મેપા, તું થોડોક ટાઢો પડ, ઉતાવળે કાંઈ ખોટું પગલું નો ભરી લેતો.' કાસમની ચીસથી દોડીને આવેલો માધો બોલ્યો, મેપા એ બે પથ્થરની ચકમક કરીને સાંઠીઓ અને પૂળાના ઢગલામાં આગ લગાડી દીધી.

આગ ભડભડ સળગવા લાગી, આગનું સ્વરૂપ મોટું થતું ગયું એમ કાસમના પગ દાઝવા લાગ્યા એટલે એને તાપને કારણે પોતાના પગ સંકોરી નાખ્યા પણ આગ હવે એના પુરા શરીરને દઝાડવાં લાગી હતી, દૂર ઉભો રહીને નારણસિંહ જોર જોરથી હસતો હતો.

'ઉઠો જમવાનું આવી ગયું છે.' રૂપાએ કાસમના ગાલ ઉપર હાથ ફેરવ્યો.

'હેં?' પોતાના પુરા શરીરે હાથ ફેરવતો કાસમ સફાળો જાગ્યો.

'જમવાનું? આખો દિવસ કામ કર્યું તોય ભૂખ નથી લાગી?' રૂપાના મીઠા અવાજે કાસમને ભયંકર દુઃસ્વપનમાંથી બહાર કાઢ્યો. એ ભીંતે પડેલો બાજોઠ ઢાળી, થાળી તૈયાર કરીને નીકળી ગઈ.

'આ મેપાભાઈને ખરેખર મારી અસલિયત ખબર પડી જાય તો? મને એના મજબૂત પંજાથી કોણ બચાવે? આજુબાજુના ખેડુતો ભેગા થઇને મને મારીને નદીના પાણીમાં નાખી દે તો પણ કોને ખબર પડે?' વિચારતો પરસેવે રેબઝેબ થઇ ગયેલ કાસમ જમવાં બેઠો.

દુઃસ્વપ્નથી અસરગ્રસ્ત કાસમ ગુમસુમ જમીને ખાટલે આડો પડ્યો; પોતાના ધર્મની વાસ્તવિકતાએ એની નીંદર ઉડાડી દીધી હતી.

'અત્યારેજ સમય છે કહી દઉં મેપાભાઈને?' મેપાની સાથે ગાડામાં વિચારોમાં ખોવાઈ ગયેલ કાસમની જીભ ના ઉપડી.

'કાળુભાઈ, સાંભળો છો કે નહીં?' પખવાડિયાની અફીણની ઉપજની કુલડીઓ પાંચ ગાડાંઓમાં ભરીને કારખાને જમા કરાવા જતા મેપાએ કાસમને ખભે ધબ્બો માર્યો.

'હા સાંભળું છું.' કાસમ હક્કોબક્કો થઇને બોલ્યો.

'શું કીધું બોલો?' મેપો આજે ખુશ હતો.

'કે તમે આજે ખુબ ખુશ છો.' કાસમનું ધ્યાન નો'તું એટલે ભળતી વાત કરી.

'તમે પણ, હું એમ કે'તોતો કે છેલ્લા છ મહિનાથી એક પખવાડિએ પાંચ ગાડાં માલ થાય છે. હવે મારી રૂપાના હાથ ધામધૂમથી પીળા કરીશ.'

'હા ઈ વાત સાચી તમારી. બે વર્ષની ઉપજ છ મહિનામાં જ થઇ ગઈ.'

'પણ એમ નહિ તમે માનતા નથી બાકી આ ચારેય ગાડાં ભલે પાછા વયા આવે, હું બે'દી તમારા ભેગો રોકાઈ જાઉં.' ખુશખુશાલ મેપાએ આગ્રહ પૂર્વક કહ્યું.

'ના મેપાભાઈ મારે હિસાબ કરવાનો છે અને સરકારી કાગળિયા પણ કરવાના છે, હું વળતાં કોઈના ગાડામાં આવી જાઈશ.' કાસમે સહજ રીતે કહ્યું એટલે મેપાએ આગ્રહ કરવાનું છોડી દીધું.

'હેં કાળુભાઈ આમતો આ અફીણ વાવવાનું અને સરકારને આપવાનું સાવ સહેલું લાગે છે પણ આપણે ઉપાડ લીધો હોય પછી ન કરે નારાયણ ને પાક ફેલ જાય તો?' મેપાને આટલી સહેલાઇથી ખેતીની આવક ચાર ગણી થઇ જાય એ વાતમાં હજુ વિશ્વાસ બેસતો નો'તો.

'તો પછી સરકાર વ્યાજ ચડાવે અને બીજા પાકે વસુલ કરે, આવા બધા કાગળિયા કરવા જ મારે રોકાવું પડશે.' કાસમ બોલ્યો.

'તો તો આ કાંડા કાપીને આપી દેવાની વાત થઇ.' મેપાને કાગળિયા શેના અને કેવી રીતે કરવાની સમજ ના પડી પણ જિંદગીના અનુભવે એને એ શીખવાડેલ કે સરકાર સાથે કોઈ પણ જાતના કાગળિયા કરવા એટલે કહેવું કે આ બલા મને ગળે પડ.

કાગળિયાની વાત આવતા જ કાસમ પાછો અતીતમાં ખોવાયો.

કાસમને કોસ ચલાવતાં રૂપાએ જ શીખવાડેલ, હવે તો એ નાનામોટા ખેતી કામમાં પાવરધો થઇ ગયો હતો.

કાસમે ધોળીયા બળદોની રાસ હાથમાં પકડેલી હતી અને એ કોસની મસકને નદીમાં ડુબાડી ભરવા બળદને પાછા પગે ચલાવી રહ્યો હતો; રૂપા એની સાથે ચાલી રહી હતી. ઘરના બાકીના બધા સભ્યો અફીણના ડોડામાંથી દૂધ ભેગું કરવામાં વ્યસ્ત હતા. મબલક પાક આવ્યો હતો એટલે કોસ ચલાવવાની જવાબદારી રૂપા ઉપર આવી પડી હતી; કાસમને કોસ કેમ ચલાવવો એ રૂપા સાથે ચાલીને શીખવાડતી હતી.

'એક વાત પૂછું?' રૂપાએ શાંતિથી ચાલી રહેલા કાસમને પૂછ્યું.

'બોલ.' કાસમને વાત કરવાની ઈચ્છા ના હતી પણ છતાં કમને જવાબ આપ્યો.

'તમે મુંબઈથી ચિઠ્ઠી આવી ત્યારથી ચૂપ છો.' રૂપાએ નટખટ અવાજે પૂછ્યું.

કાસમ કેમ કહે કે એને રૂપાને ગુમાવવાનું દુઃખ હતું પણ સાથે જ એની સાચી ઓળખ હજુ સુધી કોઈને ખબર નથી પડી એનું સુખ પણ હતું.

કાસમ રૂપાને કાંઈ જવાબ આપે એ પહેલા તો મેપાના અવાજે એને તંદ્રા માંથી જગાડ્યો.

'એ કાળુભાઈ ઉઠો કારખાનું આવી ગયું, તમે તો આજે ભારે કરી, કાંઈ વાત કરતાં નથી ને ગુપચૂપ બેઠા છો.' બોલતાં મેપાએ કાસમને હળવેથી પરોણાનો ઘોદો માર્યો.

અફીણની માટલીઓ કારખાને જમા કરાવી મેપાને એના બધા જ ગાડાંઓ સાથે રવાના કરાવ્યા પછી કાસમ ક્લાર્કની ઓફિસમાં આવ્યો.

'સાહેબ આ ભલામણ ચિઠ્ઠી મારા શેઠે મોકલી છે.' ચોળાઇ ગયેલ કાગળનો ટુકડો એના પહેરણના ખિસ્સામાંથી કાઢી કાસમે ક્લાર્કને આપ્યો.

'લાવો.' કહીને ટેબલ પાછળ બેઠેલા, આધેડ ઉંમરના મુનીમજી જેવા દેખાતા ક્લાર્કે ચિઠ્ઠી લેવા હાથ લંબાવ્યો.

ચિઠ્ઠી લઇને ક્લાર્કે જીણી આંખે ચિઠ્ઠી વાંચી.

'તને તો હમણાં પેલા ખેડુએ કાળુ કહીને બોલાવ્યો.' જે વાતનો ડર હતો એ વાત હવે બહાર આવી રહી હતી. આ ભલામણ ચિઠ્ઠીમાં એનું સાચું નામ લખેલું હતું એટલે જ કાસમ મેપાના ગાડાંઓને ગમે તેમ બહાનું કાઢી રવાના કરીને પછી જ ક્લાર્કને મળવા આવ્યો હતો.

'સાહેબ અજાણ્યા ગામમાં પરધર્મી થઇને રહેવુ એના કરતાં નામ બદલીને રહેવાનું મારા શેઠે જ મને કહેલું. મારા શેઠને મારા ઉપર ગળા સુધીનો વિશ્વાસ છે.' કાસમે અગાઉથી તૈયાર રાખેલ જવાબ ક્લાર્કને આપ્યો.

'આ વાત બીજા કોઇને ખબર છે?' ક્લાર્કે ઉલટ તપાસ શરુ કરી.

'સાહેબ તમારાં સિવાય બીજા કોઈને નહિ.' કાસમ ક્લાર્કની સામે હાથ જોડીને ઉભો રહ્યો.

'તને ખબર છે, આ તારો ભાંડો ફૂટે તો તારી શું દશા થાય?' ક્લાર્કે કડકાઈથી પૂછ્યું એટલે કાસમે હકારમાં માથું હલાવ્યું.

'આ તો કંપની સરકારના સહી સિક્કાવાળી ભલામણ ચિઠ્ઠી છે એટલે જવા દઉં છું પણ જ્યાં જાય છે ત્યાં છો એવો થઇને જ રહેજે.' ક્લાર્કે કાસમને ચેતવણી આપી.

'હા સાહેબ પણ મારુ કલકતા જવાનું પાકું ને?' કાસમે હળવાં અવાજે પૂછ્યું.

'એક અઠવાડિયા પછી અફીણની ખેપ કલકતા જાય છે એમાં બેસી જજે બાકીની વ્યવસ્થા આ ચિઠ્ઠી કલકતા બંદરે બતાવજે એટલે થઇ જશે.' મુનીમજી બોલ્યા.

'સાહેબ એક બીજી વિનંતી છે, મારે એક ટપાલ મુંબઈ મોકલવી છે.' કાસમે વિનંતી કરતાં કહ્યું.

'હા લાવ, તારી સાથે કલકતા સુધી ગંગામાં થઇને લઇ જા એના કરતા અહિયાંથી સીધી મુંબઈ જતી ટપાલ સાથે મોકલી દઉં.' મુનીમજી એ હાથ લાંબો કર્યો.

'સાહેબ ટપાલ નથી હજુ લખવાની છે અને મારી પાસે ટપાલ કે કલમ ખડીઓ નથી.' કાસમે ફોડ પાડ્યો.

'શું? બહાર રાહ જો કોઈ ટેબલ ખાલી થાય એટલે બોલાવું.' ક્લાર્કે થોડા ગુસ્સાભર્યા અવાજમાં કહ્યું.

'આભાર સાહેબ. હજુ એક વિનંતી છે.'

'હા જલ્દી બોલ.' કાસમના પ્રશ્નોથી હવે ક્લાર્ક કંટાળ્યા હતાં.

'સાહેબ, હું હાજર નો હોવું તો પણ મારા શેઠના ભાગની રકમ મુંબઈ પહોંચી જાય ને?' કાસમે પોતાની શંકાનું સમાધાન કરવાં પૂછ્યું.

'તો અત્યાર સુધી તારી ક્યાંય જરૂર પડી? અને સાંભળ, આભાર માન તારા શેઠની આ ભલામણ ચિઠ્ઠીનો બાકી બીજો તારા જેવો પકડાયો હોત તો બહારથી સિપાઇ બોલાવી જેલ ભેગો કર્યો હોત.' મુનીમજીએ કાસમને સો વાત એક વાતમાં સમજાવી દીધી.

કાસમ મુનીમજીની ધમકીથી ક્ષોભિલો પડી ગયો અને ઓફિસની બહાર ચાલીમાં પલાંઠી

વાળીને બેઠો અને શેઠને ટપાલમાં નારણસિંહનો કાંટો કાઢી રૂપાથી પીછો છોડાવવા માટે શું લખવું એ વિષે વિચારવા લાગ્યો.

પ્રકરણ ૫

અફીણ યુધ્ધ



કલકતા બંદરે કાસમ અફીણના કારખાનેથી અફીણની કેક ભરીને ખેપ કરવા આવેલાં વહાણમાંથી ઉતર્યો, કલકત્તા બંદરની ગોદી ઉપર ઘણાં બધા વહાણો પોતાના વારાની રાહ જોઈને લાંગરેલા હતાં. એ હવે બનાવટી નામ કાળુ ખારવામાંથી કાસમ કુલી થવા માટે કંપની સરકારના લાંગરેલા જહાજ તરફ આગળ વધ્યો, એની નજર ગોદી ઉપર કામ કરતાં જગત ઉપર ગઇ એટલે એ ઉતાવળે પગલે ચાલ્યો.

‘કાસમ.....મારો જીગરી.’ કહીને ગોદી ઉપર કામ કરી રહેલા જગતે પોતાની તરફ આવતાં કાસમને જોયો એટલે આનંદના અતિરેકમાં બાથ ભરીને ઉઠાવ્યો એક બે કુદરડી ફેરવી અને છાતીએ ચાંપી દીધો.

‘જગત.....કેમ છો, મારા ભાઈ?’ કાસમે પણ એટલાજ જોરથી જગતને ઉમળકાભેર છાતી સરસો ચાંપી દીધો.

‘તું અહીંયા?’ જગતને કાસમની ખેપ વિષે તસુભાર માહિતી ના હતી.

‘હવે હું તારી સાથે, ચીન સુધી.’ કાસમ જગતના ખભ્ભે હાથ રાખતો બોલ્યો. આમતો જગત એનાથી મોટો પણ હવે રામપુરના ખેતરે કામ કરીને કસાયેલો કાસમ પણ એક છોકરામાંથી લવર મૂછિયો યુવાન થઈ ગયો હતો.

‘પણ તું તો તારા શેઠની જમીન સંભાળવાનો હતોને?’ જગત આશ્ચર્યથી ભ્રુકુટિ તાણતો બોલ્યો.

‘ખૂબ લાંબી વાત છે. આપણું આ જહાજ ક્યારે નીકળવાનું છે?’

‘હજુ તો લોડિંગ શરુ થયું છે, લોડિંગ કરવાના પાંચ દહાડા, અને પછી આ બધા અંગ્રેજોને જલસા કરવાના પંદર દિવસ બીજા.’ જગતે ગોદી ઉપર અફીણ ઠાલવવાની રાહ જોઈને લાંગરેલા વહાણો જોઈને અંદાજ માર્યો.

‘એટલે?’ કાસમને વધારાના પંદર દિવસ ના સમજાણા.

‘સાવ ડોબો છે, આ અંગ્રેજોને મેડમ લંડનમાં હોય અને ઘરવાળી અહીંયા કલકતામાં. ચીનથી આવતાં જતા જલસા કરી લે.’ જગત હસીને આંખ મિચકારતો બોલ્યો.

‘ઓહ, હવે સમજાણું. તો તો એટલાં દી આપણે પણ નવરાં ધૂપ. આજે પાછાં ધરમ શાળાએ ખાવા જશું?’ કાસમે પૂછ્યું.

‘તું ક્યારે કામ ચાલુ કરવાનો છે?’ જગતને હજુ આશ્ચર્ય હતું કે કાસમ એવો તો કેવો મોટો ભૂપ કે જોઈ ત્યારે અંગ્રેજના વેપારી જહાજ ઉપર કામ મેળવી લે.

‘મારે બસ એક ભલામણ ચિઠ્ઠી સેરંગ સાહેબને બતાવી લાવું એટલી વાર છે.’ કહેતો કાસમ ડેક અને એન્જીન રૂમના ઇન્ચાર્જને ભલામણ ચિઠ્ઠી બતાવવાં આગળ વધ્યો.

'રામપુરથી વીસેક ગાઉ બે મોટાં મોટાં અફીણની કેક બનાવવાના કારખાના છે. બેયમાં હજાર-હજાર માણસો કામ કરે છે. આ બે કારખાના તો કંપની સરકારની માલિકીના, બાકીના નાના મોટાં ખેડુઓ અફીણની ખેતી કરીને; સીધા જ પોર્ટુગીઝના આડતીયાઓને વેચી નાખે એ જુદા.' કાસમ અને જગત ધર્મશાળાએ બીજા કુલીઓની સાથે ભોજન લેતાં બેઠાં હતાં.

'પણ તું મારી જેમ છો જીણકો કુલી; અને પાછો ચકલી નાની ને ફઈળકો મોટો એની જેમ મોટી મોટી ફેંકવા મંડ્યો, તું થોડોક નીચે આવીને વાત કર; તો અમારા જેવા અભણ માણાહને કાંઈક સંભળાય અને થોડુંક સમજાય.' જગતે કાસમની લાંબી વાત ઉપર કટાક્ષ કર્યો.

'મારે કાંઈક નવીન સાહસ કરવું હતું એટલે શેઠને આજીજી કરી મુંબઈ છોડી રામપુર આવ્યો, રામપુરમાં અફીણની ખેતી કેમ થાય એ શીખ્યો. હવે મારા શેઠે મને હુકમ કર્યો છે કે, 'તું ચીન ખેપ મારી આવ અને ત્યાંથી કોઈ સીધા ખરીદદારની તપાસ કરી આવ.' મને તો મારા શેઠે જે કહ્યું એ હું તમને કહું છું.' કાસમ થોથવાતા બોલ્યો.

'પણ એમાં તારા શેઠ કમાય આપણે બધાયને શું?' જગતને કાસમની વાત હજુ સમજાતી નો'તી.

'તમે સાંભળો, આપણે આ વખતની ખેપમાં આપણા આંખ કાન ખુલ્લા રાખીએ ક્યાંય તક મળે તો સાંભળીયે. કોઈ સીધું ખરીદી કરવાવાળું મળી જાય તો પાંચસો વીઘાનું અફીણ તો રામપુરથી હું ભેગું કરી દઈશ.' કાસમ ઉત્સાહિત થઇને બોલ્યો.

'હાલ માની લે કે તે અફીણ ભેગું કર્યું અને ચીનમાં કોઈ રડ્યોખડ્યો લેવા વાળો પણ મળી ગયો, તું એટલું બધું અફીણ કલકતાથી છેક ચીન કેમ પુગાડીશ?' અનુભવી જગતને કાસમનો હવા હવાઈ પ્લાન સમજતો નો'તો પછી સાથે જમી રહેલા બીજા કુલીઓને કેમ સમજાય.

'તમે બધાય છો ને મારા જાંબાજ ખારવાં, તમારાથી સારો દરિયાનો જાણકાર કોણ?' કાસમે જવાબ આપ્યો.

'તો અમારે એમ માનવાનું કે વહાણ તારા શેઠ આપશે?' જગતને કાસમની વાતમાં રસ પડતાં બોલ્યો.

'ખાલી શેઠ નહિ હોય કદાચ એની હારે બીજા અંગ્રેજો પણ હશે. મારા શેઠની હોટલે બહુ અંગ્રેજો આવે છે. આપણે કામ કરીયે એવા મોટા જહાજોના ચીનના ફેરાઓથી કંપની સરકાર કમાય એમાં અંગ્રેજ ઓફિસરોને થોડું કાંઈ મળે. હું રામપુરથી વહાણમાં આવ્યો ત્યારે એક ખલાસી પાસેથી સાંભળ્યું છે કે ખાલી અફીણ કલકતાથી ચીન સુધી પહોંચાડવામાં જ એની કિંમત પચીસ ગણી થઇ જાય છે.'

'આ અંગ્રેજો અને પોર્ટુગલો અફીણના વેપારમાં એકબીજાના કટ્ટર હરીફ છે, એમાં આપણે વચ્ચે આવીને કૂટાઈ જઈએ તો?'

'મને ખબર હતી જ આ પ્રશ્ન પણ આવશે, પોર્ટુગલો દાણચોરી કરીને બીજી ચીજ વસ્તુઓની આડમાં ચીન સુધી અફીણ લઇ જાય છે. આ અંગ્રેજોને મોનોપોલી રાખવી છે એટલે બીજા કોઈને ચીન સાથે કોઈને અફીણનો વેપાર કરવાં નથી દેતા.'

'પણ આપણે પકડાઈ જાઈ તો?'

'કેમ કાઠિયાવાડથી ખારવાઓ કાપડ અને બીજી વસ્તુઓ ભરીને ચીન નથી લઇ જતા?'

'અફીણની દાણચોરી કરવાની છે એમ કહે ને, પણ મોટી કમાણી થાય એમ હોય તો જ આટલું મોટું જોખમ લેવાય.'

'એ તો શેઠને વાત કરીશું, મારા શેઠ સમજુ અને ઠરેલ છે.' કાસમે જગતને ખાત્રી આપી.

એક મહિના જેટલો સમય વીતી ગયો, થાક્યો પાક્યો મેપો ગાડાંઓ ભરીને અફીણની માટલીયું કારખાને જમા કરાવીને પાછો આવ્યો. રૂપાએ બાપુનું ગાડુ ખેતરમાં દાખલ થતું જોયું એટલે એ દોડીને ખેતરમાં કામ કરતા દાદાને દોડીને બોલાવીને લાવી.

માધો આવ્યો અને બળદ છોડી રહેલા મેપાની પાસે ગયો.

'કાંઈ વાવડ મળ્યાં?' માધાએ આતુરતાથી પૂછ્યું.

'સિપાઈઓ અંદર ક્લાર્ક સાહેબને મળવા જ નો'તા દેતા, એક આખો પહોર બેઠો એટલે પછી મળ્યો.' મેપાના જવાબમાં કંટાળા સાથે થાક પણ હતો.

'તને મેં શું પૂછ્યું? કાળુભાઈના વાવડ પૂછ્યા, ઈના કોઈ વાવડ હોય તો મોઢામાંથી ફાટને.' માધો પણ કાસમના એક મહિનાથી સમાચાર ના મળતાં ચીડીઓ થઇ ગયો હતો.

'ક્લાર્ક સાહેબે કહ્યું કે કાળુભાઈ કલકતા અફીણના વહાણ સાથે ગયો છે; અને એ વાતે ભાર દીધો કે એને ભૂલી જાવ એ હવે પાછો નહિ આવે. મને તો દાળમાં કાંઈક કાળુ લાગે છે.' મેપાને પણ હવે કહ્યા વગર કલકતા ભાગી ગયેલા કાસમ ઉપર શંકા કુશંકા થવા લાગી હતી.

'એમ નહિ પણ આપણા આ ઉભા મોલનું શું? આતો કોઈ અજાણ્યા ઉપર ભરોસો રાખીને ઉલમાંથી ચુલમાં પડ્યા.' માધાને કાસમ ભાગી જતા કુટુંબનું ભારણ પોષણ કેવી રીતે કરવું એની ચિંતા થવા લાગી.

'એની ચિંતા કરવાની જરૂર નથી, ક્લાર્ક સાહેબે કીધું છે કે જેટલો માલ થાય એટલો કારખાને લઇ લેશે અને આપણને આપણો ભાગ પણ મળી જશે એવા કાગળિયા કરીને ગયા છે.' મેપાના જવાબે માધાનો શ્વાસ હેઠો બેઠો. 'મને તો લાગતું હતું કે રૂપા અને કાળુના મન મળી ગયા હતા અને હું તો માંગુ નાખવાનો વિચાર કરતો હતો.' મેપો નિરાશ થઇને બોલ્યો.

'હવે ઓલા નારણસિંહની વાત ઉપર વિચાર કર.' માધાએ દીકરાને ઠાવકી સલાહ આપી.

'બાપા તમેય? એ બીજવર સાથે?' મેપાના અવાજમાં લાચારીનો રણકો હતો.

'હા પણ ઉજળિયાત કોમનો છે, જમીન જાયદાદ છે અને લટકામાં સરકારનો સિપાઈ છે. આખા પંથકમાં વટ પડે છે એનો.'

'સારું સારું હજુ મારી રૂપા ક્યાં ઉંમરલાયક થઇ છે.' મેપાને એના બાપની વહેવારુ વાત જરાય ના ગમી એટલે વાતને વાળી લીધી.

બાજુની ઝૂંપડીમાં સરવા કાને વાત સાંભળી રહેલી રૂપાની આંસુમાંથી બે બુંદ સરી પડ્યા.

'આ લે આ તારાય નસીબ કે કાળુનુ પાટિયું જ તારા ભાગમાં આવ્યું.' જગતે કાસમને એની સુવા માટેની ખોલી બતાવતાં કહ્યું.

કંપની સરકારનું ઇસ્ટ ઇંડિયામેન વેપારી જહાજ કલકત્તાથી ચીનની ખેપ કરવા માટે સજ્જ હતું. કાળુએ પાટિયાની ઉપરની છત ઉપર લાકડામાં ધારદાર પથ્થરથી ખોતરીને બનાવેલ કૃષ્ણ અને રાધાના ચિત્રને જોઈને કાસમ ભાવુક થઇને સ્વગત બોલ્યો, 'કાળુ એટલે કૃષ્ણ અને રાધા કોણ? મારી રૂપાની જેમ બચારા કાળુની પણ કોઈ રાધા રાહ જોતી જ હશે.' હિન્દૂઓ સાથે

રહીને કાસમને એટલી તો ખબર હતી કે કૃષ્ણ રાધાની મૂર્તિ એટલે પ્રેમ અને ત્યાગનું પ્રતીક.

કાસમથી રૂપાની યાદમાં ના રહેવાયુ, એ પોતાના પાટિયેથી ઉભો થઇને જગત પાસે એકલતાથી બચવા માટે ગયો.

'સાંભળો છો?' કોસના રાંઢવા ઉપર કાસમની પાછળ બેસી બાથ ભીડીને બેઠેલી રૂપાએ કાનમાં કહ્યું, રૂપાના ગરમ ગરમ ઉચ્છવાસે કાસમની આખા શરીરની રૂંવાડીઓ ઉભી કરી દીધી.

'તમે મારા દાદાને વાત કેમ નથી કરતાં?' રૂપા કાનની બુટને દાંત વચ્ચે દબાવી હળવું બટકું ભરતી બોલી.

'હું તારા માટે યોગ્ય વર નથી, તારા માટે તો ઉપરવાળા એ એક ખાસ ફરિસ્તો બનવ્યો છે.' કાસમે રૂપાને ભારે હૈયે ખોટો દિલાસો આપ્યો.

'મારા ફરિસ્તા તો તમે છો.' રૂપાના નખરાં તો ચાલુ જ હતાં.

'હું તારા માટે યોગ્ય નથી મારે હજુ દરિયાદેવ સાથે બાથ ભીડવાની છે, મને મારો સમુદ્ર બોલાવે છે.' કાસમની સમજાવટ ચાલુ હતી.

'એય રુપલી હાલ માવડી બોલાવે છે.' કાસમની યાદમાં લીંબડાને છાંયે તંદ્રા અવસ્થામાં પહોંચી ગયેલી રૂપાના નાના ભાઈએ એને હળબળાવીને જગાડી.

'કેમ?'

'કોઈ મહેમાન આવ્યા છે, માવડી તને ગોતે છે.' કહેતો ટેણીયો દોડીને પાછો ભાગી ગયો.

રૂપા કમને ઉભી થઇને પોતાની ઝૂંપડી તરફ ચાલી.

રૂપાએ ફળીયામાં દાદાને એક સિપાહી સાથે બેઠેલા જોયા, સિપાહી દેખાવે તરવરીયો યુવાન હતો.

'ક્યાં ગઈ'તી? જા મે'માનને પાણી આપી આવ.' ઝૂંપડીમાં દાખલ થતા જ રૂપાની માંએ પાણીની માટલી અને કુલડીઓ રૂપાને પકડાવી દીધી.

'આ મારો મોટો દીકરો મેપો અને આ મારી રૂપા દીકરી, મેપાના પહેલા ખોળાની.' માધાએ મેપાને જોતા સિપાહીને ઓળખાણ આપી.

મેપો સામે ખાટલે બેસતાં જ સિપાઈ બોલ્યો, 'હું રામસિંહ સિપાહી, હું રામપુર થાણાનો નવો સિપાહી મારા સાહેબે આ ખેતરના ગણોતિયા એટલે કે માધા ભાઈને મળવા માટે કહેલું છે.'

'ઘરમાં કોણ કોણ છે?' મેપાએ ઔપચારિક રીતે પૂછ્યું.

'બસ હું અને મારી બા, બાપુ નાનો હતો ત્યારે દેવ થઇ ગયા.' રામસિંહની વાતથી મેપાને વિચાર આવ્યો કે રૂપા માટે આ મુરતિયો બરાબર છે. મેપો રામસિંહને એકીટસે જોઈ રહ્યો અને એની અને રૂપાની જોડીની કલ્પના કરવા લાગ્યો. કાળુ ભાગી જતા કાળીયો ઠાકોર દીકરી રૂપા માટે આટલો ઝડપથી મુરતિયો મોકલી દેશે એ કલ્પના મેપાને કોઈ કાળે નો'તી.

'મેપા સિપાહી સાહેબ પણ આપણી નાતના જ છે અને એટલે જ સામે ચાલીને આપણા ઘરે આવ્યા.' નાતના છોકરાને જોઈને હરખાઈ રહેલા ભલાભોળા માધાને શી ખબર કે કાસમની શેઠને લખેલી ટપાલને કારણે રામસિંહ સિપાહી અહીંયા ખેતર સુધી લાંબા થયા છે, બાકી તો માધા અને મેપાને હુકમ કરીને થાણે બોલાવી લીધો હોત.

'મે એને આજે ડેક ઉપર જોયો તો.' કાસમ હાંફળો ફાંફળો જગત પાસે આવીને બોલ્યો.

'કોને?' જગતને કાસમની આવી વિચિત્ર વાત સમજાણી નહિ.

'કાળુના ખૂનીને.' દોડવાને કારણે કાસમ હજુ પણ હાંફતો હતો.

'કાળુ નો ખૂની? હવે તો એ લુટેનન્ટ બની ગયો છે અને નાની નાની વાતમાં કોરડાંની સજા. મારા સિવાય લગભગ દરેક કુલી એની ઝપટમાં આવી ગયાં છે. મારી હારેના મોટાભાગના જુના કુલીઓ બીજા વેપારી જહાજો ઉપર કામ કરવા ભાગી ગયા છે. હું પણ ભાગવાનો હતો પણ મારી એક મોટી મજબૂરી છે આ એક જ જહાજ માંડવી બંદરે લાંગરે છે.' જગતની વાતમાં લાચારી હતી.

'પણ આપણા કેપ્ટનને બધા કુલી તરફથી વાત નો થાય?' કાસમને હજુ પણ ઊંડા ખૂણે હંટરબાજથી બચવાની કોઈ આશા હતી.

'કોણ તુ કેપ્ટનને કે'વા જઈશ? એલા અત્યારે આ અફીણના ધંધામાં ક્યારે યુદ્ધ થશે એનું નક્કી નથી એટલે આપણા કેપ્ટનને પણ આ પાગલ લુટેનન્ટની જરૂર છે અને તું? વાહ કાસમ ભાઈ કુલી, તમે કેવડા મોટા માણસ? તમારો અનુભવ શું? અને છેલ્લે તમારી હેસિયત શું?' જગત કાસમને ઉંમર અને ઔકાતની યાદ અપાવતા કટાક્ષ કરતો બોલ્યો.

'ઇ મારા વાંકમાં આવશે ત્યારે એની ખેર નથી.' કાસમ બબડ્યો.

'કુલી અને કેપ્ટન, મારો મતલબ કુલી અને લુટેનન્ટ? જોવાની મજા આવશે. તું તારું ડેક સાફ કરવાનું કામ દિલ દઈને કર તોય આ ઇસ્ટ ઇંડિયામેન જહાજ ઉપર તારો મોટો અહેસાન જ છે.' કહીને જગત હસ્યો.

'એતો સમય આવ્યે ખબર પડશે.' કહીને કાસમ પગ પછાડતો એના પાટિયે જતો રહ્યો.

જિંદગીમાં પહેલી વખત ચીનની ખેપ મારી રહેલા કાસમને રંગબેરંગી ચીની ઢબના વહાણો જોઈને ખુબ જ નવાઈ લાગી, એ વહાણોને જોતાં જ એ જગતને પૂછવા ગયો.

'જગતભાઈ આ નવી વકલના વહાણો જોઈને એવું લાગે છે કે ચીન આવી ગયું.

'આ કેન્ટોનનો અખાત આવ્યો, હવે અંદર જઈએ એટલે કેન્ટોન બંદર આવશે.' આ દરિયાઈ માર્ગના જાણીતા જગત માટે આવા ચીની વહાણો અવરજવર નવાઈ નો'તી.

'પણ આ બધાય આપણા જહાજની આજુબાજુ આંટા કેમ મારે છે?' પોતાના જહાજની આગળ પાછળ ચાઈનીઝ વહાણોની વધતી જતી સંખ્યા જોઈને કાસમને કુતુહલ થયું.

'છેલ્લી એક બે ખેપથી કાંઈક રંધાય છે એવું મને લાગે છે, ગઈ ખેપ વખતે સાંભળ્યું હતું કે બંદર ઉપરના ચીના કમિશ્નરે બધુ જ અફીણ દરિયામાં પધરાવી દીધું હતું અને બંદર ઉપરના બધા જ અફીણના ડેપો પણ બંધ કરાવી દીધા હતા.'

'એમ નહિ પણ માથાકૂટ કરવાની શી જરૂર?'

'જો ભાઈ તું આમાં ખુબ નાનો પડ, પણ તું પુછી પછીને મારી પત્તર ના ખાંડે એટલે કહું. આપણે અફીણ ભરીને જાઈ અને વળતાં ભરીને શું લઇ આવીએ છીએ?' જગતે કાસમને પૂછ્યું.

'રેશમનું કાપડ, ચિનાઈ માટીના વાસણો અને ચાની પેટીઓ.' કાસમ થોડું વિચારીને

બોલ્યો.

'હવે જો અંગ્રેજો ચીનની મોંઘી વસ્તુઓને બદલે વળતરમાં અફીણ ના આપે તો સોનું-ચાંદી આપવા પડે. ચીનમાં અંગ્રેજોની બીજી કોઈ વસ્તુની ખપત નથી. અંગ્રેજોને ચીનાઓની જરૂર છે, ચીનાઓને અંગ્રેજોની જરાય જરૂર નથી. આજ કારણથી જબરદસ્તી કરી અંગ્રેજો ગરીબ ચીનાઓને અફીણના રવાડે ચડાવવા માંગે છે. ચીનાઓ અફીણના ધંધામાં માથાકૂટ કરશે તો યુદ્ધ પાકકુ છે. હવે સમજાણી આખી વાત.' જગતે કાસમને પહેલા અફીણના યુદ્ધનું મૂળ કારણ સમજાવી દીધું.

'આ અફીણનો ધંધો તો અઘરો ભાઈ.' કહેતો કાસમ એના કામે પાછો ફર્યો.

'એ ઘંટ વાગે તો ક્યાંક આડશ ગોતીને સંતાઈ જજે નહીંતર પાછો કારણ વગરનો કૂટાઈ જઈશ.' જગતે દૂર જતા કાસમને ચેતવ્યો.

'એ હા જગત ભાઈ.' કાસમે વળતો જવાબ આપ્યો.

'ચેતવણી, ચેતવણી, એ સઢ સંકેલી આડશ શોધીને સલામત થઇ જાવ.' ડેક ઉપરના જુનિયર થર્ડ લુટેનન્ટનો હુકમ થયો.

ડેક ઉપરના બધા જ કુલીઓએ આ હુકમ સાંભળ્યો એટલે પોતપોતને સોંપેલ શઢને સંકેલવા દોડ્યા. કાસમ અને જગત પણ એના ભાગના એક સઢના કપડાને વીંટાળીને કૂવાથંભ સાથે બાંધવા દોડ્યા ત્યાં અચાનક ઘણાં બધા સફેદ કબુતરો ઉડ્યા.

'આટલાં બધા કબુતરો?' સઢ બાંધતા કાસમને આશ્ચર્ય થયું. હજુ તો કાસમ એની વાત પુરી કરે એ પહેલા જ દૂર ચીનના લડાયક વહાણોમાંથી તોપના ગોળાઓ દાગવાનો અવાજ આવ્યો.

કાસમના જહાજે પણ વળતાં જવાબમાં ટોપના ગોળાઓ દાગ્યા. આઠ દશ નાની તોપોથી સજ્જ ચીની વહાણોએ તોપ ગોળાઓનો ધાવો બોલી દીધો.

'કબુતરો તો બીજા અંગ્રેજી જહાજો ઉપર સંદેશો મોકલવા માટે, લાગે છે હવે આપણે ખરેખર આડશ શોધવી પડશે.' અનુભવી જગતને કેન્ટોનની ખાડીના પહેલા અફીણ યુદ્ધનો સંકેત આવી ગયો હતો.

તોપોના અવાજો સાંભળીને, હન્ટરબાજ અંગ્રેજ લુટેનન્ટ ડેક ઉપરના સેકન્ડ લુટેનન્ટ અને જુનિયર થર્ડ લુટેનન્ટોને સૂચના આપવા માટે એની કેબીનથી બહાર આવીને નીચે ઉતર્યો. સાવધાન પોઝીશનમાં ઉભેલાં સલામતી ઓફિસરોની સાથે કાંઈક વાત કરીને કઠોડે ઉભો રહી કોટના ખિસ્સામાંથી દૂરબીનની ભૂંગળી કાઢીને પછી એને લાંબી કરી દૂરના યુદ્ધ જહાજ તરફ જોયું. કાસમ હંટરબાજની એકેએક હિલચાલ જોઈ રહ્યો હતો.

'અવર નેમેસીસ ઇસ હિયર.....હમારાં નેમેસીસ આ ગયા.........' દૂરબીનમાંથી જોતો જોતો એ ખુશીથી ઉછળી પડ્યો.

'નેમેસીસ?' ડેક ઉપર કુવાથંભની આડશે બેઠેલા કાસમે બાજુમાં બેઠેલાં જગતને કુતૂહલવશ પૂછ્યું.

'એ કંપની સરકારનું યુદ્ધ જહાજ છે, હવે એ બધાય જીણકાં ચીની વહાણોનો ભુક્કો બોલાવી દેશે,' જગત બોલ્યો.

હજુ તો બંને વાતો કરતાં હતાં ત્યાં જ, બ્રિટનના આધુનિક લડાકુ જહાજ નેમેસીસમાંથી ચીનના લડાકુ વહાણોને ચેતવણી આપવા માટેનો મીસફાયર થયેલો તોપનો એક ગોળો કાસમ અને જગત જ્યાં ઓથ લઇને બેઠેલાં એ મુખ્ય કૂવાથંભની બરોબર વચ્ચે લાગ્યો અને કૂવાથંભના બે કટકા થયા.

હંટરબાજ હજુ પણ ડેકના કઠેડાએ ઉભો રહીને દૂરબીનમાંથી નેમેસીસ તરફ જોઈ રહ્યો

હતો. એ કૂવાથંભ તોપના ગોળાથી તૂટ્યો એ વાતથી અજાણ હતો. જગતે અનુમાન કર્યું કે તૂટેલો કૂવાથંભ હંટરબાજ ઉપરજ પડશે એટલે એ એને બચાવવાં દોડ્યો.

હંટરબાજ કાંઈ સમજે વિચારે એ પહેલા તો જગતે દોડી એને પાછળથી ધક્કો માર્યો અને 'કટાક.....' હાડકાના ભુક્કા બોલવાનો અવાજ આવ્યો અને કોઈને કાંઈ સમજાય એ પહેલાતો હંટરબાજને બચાવવાં જતા જગતનો પોતાનો પગ કૂવાથંભની નીચે આવી ગયો અને જગત પીડાથી ચીસો પાડવા લાગ્યો.

જગતના અચાનક ધક્કાથી દૂર ફંગોળાઈને બચી ગયેલો હન્ટરબાજ યુનિફોર્મ સરખો કરતો ઉભો થયો, દૂર પડી ગયેલું દૂરબીન ઉઠાવ્યું, આજુબાજુ જોયું ડેક ઉપર કામ કરતાં બધા જ કુલીઓ અને ચોકીદારો જગતને બચાવવાં દોડ્યા. હંટરબાજ લાજવાને બદલે ગાજયો.

'એટેન્શન....' હંટરબાજે હુકમ કર્યો એટલે જગતને બચાવવાં દોડેલાં બધા જ ઓફિસરો અને ચોકીદારો પોઝીશનમાં ઉભા રહી ગયા.

એ દરમ્યાન કાસમ પણ જગત પાસે મદદ કરવા દોડીને પહોંચ્યો, પચાસ કુલીઓ ભેગા થાય તોય ટસનો મસ ના થાય એવો કૂવાથંબ કાસમથી એકલાથી થોડો હટે, પણ તોય એ પીડાથી ચીસો પાડી રહેલા જગતને બચાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરતો રહ્યો. હંટરબાજના હુકમથી સાવધાન પોઝીશનમાં ઉભા રહી ગયેલા દેશી ચોકીદારોની આંખોમાં એવું ખુન્નસ આવી ગયુંકે જો મોકો મળેતો એ બધા જ પોતપોતાની બંદૂકમાં રહેલી બધીજ ગોળીઓ નિષ્ઠુર હંટરબાજ ઓફિસરની છાતીમાં ધરબી દે પણ પાપી પેટ એ દરેકની મજબૂરી હતી. સાવધાન પોજીશનમાં સમસમીને ઉભા રહીને જગતને કણસતો જોવા સિવાય એ પણ કાંઈ કરી શકે એમ નો'તા. ડેક ઉપરના બીજા કુલીઓનું સાહસ ના થયું એટલે એ બધા ચોકીદારોની પાછળ સમસમીને ઉભા રહી ગયા.

'સર પ્લીઝ.' કાસમે અંગ્રેજીમાં હંટરબાજને આજીજી કરી.

'એ વોર ટાઈમ હૈ, મુજે સિક્યુરિટી ઓફિસર્સમેં ડિસિપ્લિન ચાહિયે. તુમ દૂસરે લાસ્કરકો બુલાઓ એ સબ લોગ સિક્યુરિટી વાલે હૈ'

કાસમને ખબર હતી કે જો હંટરબાજ બધા જ ચોકીદારોને મદદ કરવાની પરવાનગી આપે તો ભાંગેલો કૂવાથંભ જગતના પગ ઉપરથી હટી જાય પણ એ હંટરબાજ અંગ્રેજને જગતના જીવ કરતા જહાજ ઉપરનું શિસ્ત વધારે મહત્વનું હતું. કાસમની અંદર ગુસ્સાનો ચરુ ઉકળતો હતો પણ એ લાચાર હતો એને પીડાથી કણસી રહેલા જગત સામે જોયુ અને જગતે હકારમાં માથું હલાવ્યું.

'એ આપણા ભાઈઓ આવી જાવ, સાહેબે હા પાડી છે. હું બીજા સાથીઓને બોલાવી લાવું.' કાસમ આટલું બોલ્યો એટલે ચોકીદાર પાછળ સમસમીને ઉભેલાં કુલીઓ જગતને મદદ કરવા દોડયા અને કાસમ ડેક ઉપરના બાકીના કુલીઓને મદદ માટે બોલાવવાં દોડ્યો.

કાસમ બીજા કુલીઓને લઈને આવી પહોંચ્યો, વજનદાર કૂવાથંભ ચેઇન પુલ્લી અને ટેકાઓ લગાવ્યા વિના હટે એમ નો'તો. કરવતોથી કાપવાં બેસે તોય પૂરો દિવસ નીકળી જાય એમ હતું.

'જગતભાઈ, પગ કાપવો પડશે.' કાસમે જગતને મોકાણના સમાચાર આપ્યા.

'તો પછી હું કામ કેમ કરીશ, ઓ દરિયાલાલ આ તે મને કેવી તકલીફમાં નાખ્યો.' જગતની આંખમાંથી દુઃખ મિશ્રીત પીડાના આંસુ આવી ગયા.

'જો તમે હા કયો તો હંટરબાજને રમનું પૂછું?' કાસમને અત્યારે જગતના પ્રશ્નનો જવાબ આવપવાની ઉતાવળ નો'તી. એને તો બસ જગતની પીડા કેમ ઓછી થાય એમાંજ રસ હતો.

'ના મારે દારૂ પી ને મારુ આયખું નથી અભડાવું.' જગતે નકારમાં ડોકું હલાવ્યું.

'તો પછી અફીણની એક-બે ગોળી ગળી જાવ, પીડા સહન કરવાની તાકાત મળશે.' કાસમે જગતને મનાવવાની કોશિશ કરી.

'ના અફીણ તો મારે ધોળા ધરમેય નો ખપે. તું મારા દાંત નીચે દબાવવાં કાંઈક આપ.' જગત ઉંહકારો કરીને બોલ્યો.

કાસમે એને માથે બાંધેલ પનીયું ઉતાર્યું અને જગતના મોઢામાં ડૂચો ભરાવી દીધો. એક કૂલી લાકડાં કાપવાની કરવત લઈને ઉભો હતો એને ઈશારો કર્યો. કાસામે જગતની આંખો બંને હાથથી ઢાંકી દીધી.

'ઓ માડી રે, ઓ બાપલીયા.' ગૂંગળાયેલા અવાજે જગત કણસતો રહ્યો અને કરવત ચાલતી રહી, કરવતે તો ખાલી લબડી ગયેલી ચામડીજ કાપવાની હતી પગના હાડકાંનો તો ભુક્કો બોલી ગયો હતો. પીડા સહન ના થવાથી જગત બેભાન થઇ ગયો.

મુખ્ય કૂવાથંભ તૂટવાથી કાસમનું જહાજ ઉભું રહી ગયું હતું અને ડેક ઉપર મુખ્ય કુવાથંભ ભાંગી જવાથી અફડાતફડીનો માહોલ થઇ ગયો હતો. સઢીના હુકમથી બાકી બચેલાં બે નાના કૂવાથંભ ઉપર કુલીઓએ ઝડપથી સઢ લગાવવાનું શરુ કર્યું. અફીણથી હકડેઠઠ ભરેલાં કાસમના જહાજને બચાવવા માટે નેમેસીસ સમયસર આવી ગયું હતું અને એણે ચીનના વહાણો ઉપર તોપ ગોળાઓના વરસાદ વરસાવવાનું શરુ કરી દીધું હતું. નેમેસીસ એ લોખંડનું બનેલું સ્ટીમ એન્જીનથી ચાલતું લડાકુ જહાજ હતું એટલે એ પવનની સામી દિશામાં પણ આસાનીથી જઈ શકતું હતું. સદ્ભાગ્યે પવનની દિશા અત્યારે નેમેસીસની તરફેણમાં હતી. સામા પવને કેન્ટોનની ખાડીની અંદર નેમેસીસના તોપ ગોળાઓથી બચવાં પાછા ભાગી રહેલાં ચીનના બધા જ વહાણોને બ્રિટનના લડાકુ જહાજ નેમેસિસે જોતજોતામાં નષ્ટ કરીને જળસમાધિ આપી દીધી.

નેમેસીસ યુદ્ધ જહાજને સહારે કાસમનું ઇસ્ટ ઇંડિયામેન જહાજ કેન્ટોન બંદરે પહોંચી ગયું. કેન્ટોન બંદર ઉપરની ચહલપહલ ઉપરથી એવું લાગ્યું કે ચીન સાથેના આ અફીણ યુદ્ધમાં અંગ્રેજોની જીત થઇ હતી. બંદર ઉપરના ચાઈનીઝ કાર્પેન્ટરોએ કાસમના જહાજના કુવાથંભની મરામત કરવામાં લાગી ગયા હતાં. યુદ્ધના માહોલને કારણે કાસમને જે કામ માટે ચીનની ખેપ મારવા માટે આવ્યો હતો એ કામ કોઈ કુલીને બંદર ના છોડવાની ખાસ સૂચના અપાઈ હોવાથી થયું જ નહિ.

લગભગ એકાદ મહિનાના રોકાણ પછી ચીનથી ચિનાઈ માટીના વાસણોના પટારાઓ, ચાયની પેટીઓ અને રેશમના કાપડની બોરીઓ ભરીને કાસમનું જહાજ વળતી ખેપ માટે કેન્ટોન બંદરેથી નીકળ્યું.

જગતના કાપેલાં પગને હવે થોડી રુજ આવવા લાગી, એક પગ અને કાંખ ઘોડીના ટેકે એ હવે થોડું ચાલી શકતો હતો. જગત હવે ડેક ઉપર શઢના કુલી તરીકે નક્કામો થઇ ગયો હતો.

'કાસમ હવે આપણે જગતભાઈનું ધ્યાન રાખવું પડશે.' રાત્રે જગતના પાટિયાની આજુબાજુ ભેગા થયેલા કુલીઓમાંથી એક બોલ્યો.

'આપણે ધ્યાન નથી રાખતા? જગતભાઈ આ શું વેવલા જેવી વાત કરે છે.' કાસમે જગતની સેવા કરવામાં કોઈ કસર નો'તી છોડી એટલે એ થોડો ચિડાઈને બોલ્યો.

'એલા ભાઈ તું કાંઈક ફોડ પાડ, કાસમ સાચું ક્યે છે તમે બધાએ મારી ખુબ સેવા ચાકરી કરી, હવે તો મને જીવતે જીવ મરવાના વિચારો આવે છે.' જગત બોલતા બોલતા ગળગળો

થઇ ગયો.

'અરે જગતભાઈ તમે અને કાસમે તો મારી વાતને ઉંધી પકડી લીધી, હું હંટરબાજની વાત કરું છું.' કુલી બોલ્યો.

'એ હરામીનું નામ ના લે તું.' હંટરબાજનું નામ આવતા જ કાસમનું લોહી ઉકળી ગયું.

'તમને ખબર છે ને કે હંટરબાજ આ જહાજમાં કોઈ ખોટકાઈ ગયેલાને જીવતા રહેવા નથી દેતો.' કુલી બોલ્યો.

'હા ગણીયાની વાત સાચી છે, અમને બધાને એવો વ્હેમ છે કે હંટરબાજ ખોટકાઇ ગયેલ કોઈ પણ કુલીને રાતના અંધારામાં જળસમાધિ અપાવડાવી દયે છે પછી ડેક ઉપર બધાને ભેગા કરી જાહેર કરી દે કે પીડાથી કંટાળી આપઘાત કરી લીધો, વાત ખતમ, ઝાડ જાય અને જગ્યા થાય, ખાવાનું બચે અને જહાજ ઉપર ભાર પણ ઓછો થઇ જાય.' જગતને ગણેશની ચિંતા સમજાણી એટલે ફોડ પાડ્યો.

'આપણે રાતે જાગવાના વારા કાઢીયે?' એ સિવાય બીજો કોઈ ઉપાય ના સુજતા કાસમ બોલ્યો.

'જો કાસમ એ જાગવાનું કામ મારુ નહિ, મેં તો મને વહેમ હતો એટલે મેં મારો મત રાખ્યો બાકી પૂછી જુઓ આ બધાને આખો દિવસ કામ કરીને કેટલામાં રાતે જાગવાની તેવડ બાકી રહે છે.' ગણેશે પોતાની જવાબદારીમાંથી છટકવાની વાત કરી.

'એમ નહિ પણ આ જગતભાઈને એ હરામી હંટરબાજને બચાવવા માટે ડાહયા થવાની શું જરૂર હતી, એને આપણામાંથી લગભગ કોઈ કુલીને નવ પૂંછડી હન્ટરની સજા આપ્યા વગર છોડ્યો નથી.' બીજો કુલી બોલ્યો.

'સાવ સાચી વાત છે, એવા ડાહીમાંના દીકરા થવાની ક્યાં જરૂર હતી? એ મરતો'તો તો મરવા દેવો'તો ને?' ત્રીજો કુલી હવે કૂધો.

'એ ભાઈ તમે બધાય સાંભળો, મેં તમને કોઈને કીધું કે મારુ ધ્યાન રાખો? કોઈનો પણ એ ભલેને પછી મારો દુશ્મન હોય એનો જીવ જાય એ પીડા નો સહન થઇ એટલે એની પીડા મેં ભોગવી લીધી. મારા કઠણ કરમે મારા પગ ઉપર કૂવાથંભ પડ્યો એમાં તમારો કોઈનો વાંક નથી.' જગત ભાવુક થઇ ગયો, એને એની આંખના ખૂણે આવી ગયેલ આંસુને લુછ્યું.

'જગતભાઈ, હું છું ને. તમે આમ ઢીલા નો પડો.' કાસમ પણ થોડો ભાવુક થઇ ગયો.

હંટરબાજ ઇસ્ટ ઇન્ડિયા મેન જહાજના કોઈપણ કુલીને મફતમાં મુસાફરી થોડો કરવા દે? જગત પણ એમાં બાકાત ન હતો, થોડો સાજો નરવો થયો ત્યાં એનો પણ કામ કરવા માટે નો વારો આવી ગયો. જેની જેવી શક્તિ અને જેની જેવી ક્ષમતાના સિદ્ધાંત પ્રમાણે જગતનો વારો આવ્યો હંટરબાજના અંગત નોકર તરીકે. કેન્ટોનની ખાડીમાં પહેલા અફીણ યુદ્ધની સફળતાને કારણે હંટરબાજના જુલમ અને નિષ્ઠુરતા બંને વધી ગયા હતાં. જહાજના કેપ્ટનને પણ જહાજ ઉપર શિસ્ત જાળવવા હંટરબાજની આવી નિષ્ઠુરતાની જરૂર હતી. જ્યાં સુધી કંપની સરકારના હેડકવાર્ટરે સીધો જવાબ દેવા જેવી કટોકટીની વાત ના હોય ત્યાં સુધી કેપ્ટન પણ હંટરબાજની નિષ્ઠુર નીતિઓમાં કે એની દયાહીન કાર્યપદ્ધતિમાં માથું મારતા નહીં.

હંટરબાજ એટલો હરામી હતો કે અપંગ જગત પાસેથી એ સાજો નરવો માણસ કરી શકે એવા કામની આશા રાખતો હતો એટલે દિવસમાં હજાર વખત જગત હંટરબાજની માં બહેન સમાણી ગાળો ખાતો હતો, દશ લાફા મારીદો તો સહન થઇ જાય પણ મા-બહેનને ગાળો

આપો તો ખારવાનો દીકરો ક્યારેય સહન ના કરે, જગતની પણ મજબૂરી હતી, ઘરે રાહ જોઈ રહેલા પરિવારનું ભારણ પોષણ કરવાની જવાબદારી એની હતી, ઘરે જાનથી વ્હાલી પત્ની અને ઘરડા માં-બાપ રાહ જોઈને બેઠા હતા, જગતને જો આવી જવાબદારીઓ ના હોત તો નિષ્ઠુર હંટરબાજને મારીને પોતે પણ ક્યારની પોતાની જાન આપી દીધી હોત. કુટુંબ-કબીલાની હયાતીમાં જગત મજબુર હતો.

કેન્ટોનથી નીકળેલું કાસમનું જહાજ મલાક્કાની ખાડીમાં થઈને કલકતા તરફ આગળ વધી રહ્યું હતું. બધા જ સઢ પુરી કાઠીએ ચડાવેલા હતા, પવનની દિશા પણ ખૂબ મદદ કરી રહી હતી, બધા જ કુલીઓ ખાઇ પીને નવરા થઈ ગયા હતાં એટલે કાસમ એના કુલી મિત્રો સાથે હંમેશની જેમ લાકડાના પાટિયા ઉપર કોતરીને બનાવેલા નવ કુકરીના ભરત ઉપર રમતાં હતા, હંમેશની ટેવ મુજબ અમુક સાથીઓએ અફીણનો નશો કરેલો હતો. અંગ્રેજો અફીણની હેરાફેરી કરવામાં ગમે તેવી તકેદારી રાખતાં અને ચોકીદારી કરાવતા પણ જહાજના કુલીઓ ગમે તેમ કરીને અફીણનો નાનો મોટો ટુકડો જલસો કરવા માટે સેરવીજ લેતાં.

આ બાજુ અપંગ થયા પછી જગતની દુનિયા પુરેપુરી ઉલટી થઇ ગઈ હતી, એની જિંદગીમાંથી આનંદ નામનો શબ્દ જાણે પૂરી રીતે વિદાય થઇ ગયો હતો. જગતનો હંમેશા હસતો રહેતો ચહેરો હવે રોતલ જેવોજ રહેતો, એને ડેકની નીચે આવવા માટે કાસમે એક દોરડું બાંધી દીધેલું જેથી કરીને એ કાંખઘોડીને નીચે ફેંકીને કોઈની પણ મદદ વગર નીચે આવી શકે. આ દોરડાની વ્યવસ્થાથી એ નીચે તો ઉતરી શકતો પણ ભંડકિયામાંથી ડેક ઉપર ચડવામાં બહુજ તકલીફ પડતી એટલે બીજા કુલીની મદદ મળવા છતાં એને ખુબ જ પીડા સહન કરવી પડતી આ જ કારણોસર એ વહેલી સવારે કામે નિકળતો રાત્રે જ પાછો નીચે આવતો. અફીણને ધર્મ સંકટ માનતો જગત પગની પીડાને સહન કરવા ના છૂટકે થોડું અફીણ ખાઈને કોઈ સાથે બહુ વાતો કર્યા સિવાય સુઇ જાતો. કાસમની નજર જગતની ગુમસુમ જિંદગી ઉપર હતી, દુઃખ ભુલાવવા એ જયારે પણ જગતને હસાવવાનો પ્રયત્ન કરતો ત્યારે જગત એના ઉપર ગુસ્સે થઇ જતો. હંમેશા હસતો જગતનો સ્વભાવ હવે ચીડિયો થઇ ગયો હતો.

હંમેશની જેમ એ દિવસે પણ કાસમ જગતની નીચે આવવાની રાહ જોઈને જાગતો હતો. એ ચિંતામાં હતો કારણ કે જગતને ખુબ જ મોડું થઇ ગયું હતું, વહેલો ઉઠીને સૌથી પહેલા કામે ચડેલો જગત મધરાત થવા આવી છતાં નીચે આવ્યો ના હતો. જગતના વિચારોમાં અટવાયેલા કાસમે કાંખ ઘોડીનો નીચે પડવાનો અવાજ સાંભળ્યો એટલે એણે અનુમાન કર્યું કે જગત આવી ગયો અને સુવા માટે પછેડી ખેંચી.

‘ઓહ માડી રે…’ હાથમાંથી ઉતારવાનું રાંઢવું છટકી જતા નીચે પડેલા જગતથી રાડ ફાટી ગઈ.

જગતની રાડ સાંભળતા જ કાસમ થાંભલે લટકતું ફાનસ લઈને ભંડકિયાના બાકોરા તરફ

દોડ્યો. પહોંચીને જોયું તો જગત પીડાથી કણસતો નીચે પડ્યો હતો અને પાટો બાંધેલા પગમાંથી લોહી વહી રહ્યું હતું.

'આના કરતા તો ઉપરવાળો મને મોત આપીદે એ સારું.' કાસમ એની પાસે પહોંચતા જ કહીને જગત પોક મૂકીને રડવા લાગ્યો.

'એ હવે તો રહેમ કર, કેટલા દુઃખ આપવાના બાકી છે.' કાસમે ઉપર જોઈ ઉપરવાળાને ફરિયાદ કરી અને જગતને ભેટી પડ્યો. કાસમની આંખમાં પણ આંસુ આવી ગયા. કાસમ જગતની પીડાને સમજી શકતો હતો પણ એ એના જીગરી મિત્રની આ પીડા પોતાના ઉપર લઇ શકતો ના હતો એનું એને દુઃખ હતું.

કાસમે જગતને લોહી નિંગળતા પગે ઉભો કર્યો અને પોતાના ખભ્ભાના ટેકે ચલાવી જગતને એના પાટિયા સુધી લાવીને બેસાડ્યો.

'તે સવારથી કંઈ ખાધું?' કાસમે સુનમુન થઇને બેઠેલા જગતને પૂછ્યું.

જગતે નકારમાં ડોકું હલાવીને ના પાડી અને બોલ્યો, 'પેલો જલ્લાદ ઉપર ખાવાનો ક્યાં સમય આપે છે. આજે તો પૂરો દિવસ રમ પીતો રહ્યો અને મને કામ કરાવતો રહ્યો.'

'કાલથી હું ઉપર આવીને તને ઉપર ખાવાનું આપી જઈશ બસ.' કાસમે ટેકો આપીને જગતને સરખો બેસાડ્યો અને એના પગ ઉપરનો પાટો ફરીથી બાંધતા બોલ્યો.

'ના ભાઈ, એવી ગુસ્તાખી નો કરતો, તને ખબર છે ને કે કોઈ પણ કૂલીને ઉપર ઓફિસરોની કેબીનમાં આવવાની મનાઈ છે.' જગતે કાસમને ચેતવ્યો.

'ઈ નિયમ મને ખબર છે પણ તને ખાવાનું આપવા પણ નહીં આવવાનું?'

'ના'

'તો પછી બપોરે અહીં ભંડકિયાના બાકોરે આવતો જા, ત્યાં સુધી હું આપી જઈશ.'

'તને ખબર છે ને ડેક ઉપર બેસીને ખાવાની મનાઈ છે? મને ડેક ઉપર ખાતો એ હંટરબાજ જોઈ લે તો મારા જેવા અપંગને પણ નવ પૂંછડીની સજા ફટકારી દે, પીઠ ઉપર નવ પૂંછડીની પીડા સહન કરવા કરતા પેટની પીડા સો દરજે સારી. એ હરામી ડેક ઉપર મને સુવા ના દે નહીંતર હું ખાધા પીધા વગર ડેક ઉપરજ પડ્યો રહું, અહીંયા નીચે આ ઝફા સહન કરવા આવુ જ નહિ.'

'મને ખબર છે તને કેટલું દુઃખ થાય છે અને હું તો ઉપરવાળાને અરજ કરું કે તારું દુઃખ મને આપી દે પણ જીવતા રહેવા માટે ખાવું તો પડે ને?' કાસમે જગતને સાંત્વના આપવાની કોશિશ કરી.

'હા ભાઈ મારા બૈરાં-છોકરાંની ચિંતાએ જીવતો મૂઓ છું, બાકીતો ક્યારનો દરિયાલાલના શરણે વયો ગ્યો હોત.'

'મને તો એ હરામી ઉપર એટલે નફરત થઇ ગઈ છે કે અત્યારે જ એની કેબીનમાં જઈ નશામાં ધૂત થઇને ઘોરી રહેલા હંટરબાજને ઉઠાવીને એજ કૂવાથંભ સાથે લટકાવીને ફાંસી આપી દઉં.' ગુસ્સા અને નફરતને કાબુમાં રાખતો કાસમ જગત માટે ખાવાનું લઇ આવ્યો પછી આગ્રહ કરીને અફીણની એક ગોળી આપી અને સુવડાવી દીધો.

એક વાર ઇસ્ટ ઇન્ડિયા મેન જેવું વેપારી જહાજ પોતાના બધા જ સઢ ચડાવીને લાંબી સફર શરુ કરે એટલે સમુદ્રી ચાંચીયાંના અચાનક હુમલાનું ધ્યાન રાખવા સિવાય જહાજ ઉપરની સુરક્ષાની ટુકડી કે એના ઓફિસરને બીજું કોઈ કામ હોય નહિ. એક વખત ગહેરાઈવાળા શાંત

સમુદ્રમાં જહાજની સફર શરુ થઇ એટલે હંટરબાજની કેપ્ટન સાથે પોતાની કેબીનની બહાર મિજબાની પણ શરુ થઇ ગઈ. રાત દિવસ મહેનત કરતાં કુલીઓને મળતાં સડેલા માંસ, દાંત ભાંગી નાકે એવા કઠણ બિસ્કિટના ટુકડા અને ગળે ના ઉતરે એવા કોબીના છીણની પરવા કર્યા વિના જહાજના ઓફિસરો બેશર્મ થઇને રમ અને સ્વાદિષ્ટ વાનગીઓની જ્યાફત ઉડાવી રહ્યાં હતા. આ એકજ જહાજની આ વાત નો'તી, બ્રિટિશ મર્ચન્ટ નેવીના બધા જ ઇસ્ટ ઇન્ડિયા મેન જહાજોમાં ભારતીય કુલીઓની આવી જ અવદશા હતી.

કાસમ ડેક ઉપર પોતાની ડ્યુટી કરતો હતો, એને જગતને ઉપરની કેબીનમાં હંટરબાજને સર્વ કરતો જોયો.

'બચારો જગત વહેલી સવારથી એ હરામીની ડ્યુટીમાં લાગેલો છે.' કાસમને જગત તરફ જોતો હતો એ જોઈ ગણેશ બોલ્યો.

'જગત પણ હંટરબાજને વાત પણ નથી કરતો, હું ડબલ ડ્યુટી કરવા તૈયાર છું તોય.' કાસમની વાતમાં મજબૂરી સાથે દુઃખ પણ હતું.

'એ હંટરબાજ ભલે આજ બહાર બેઠો હોય પણ આજે એની નાની યાદ આવી જવાની છે.' ગણેશ તિરસ્કાર ભર્યા અવાજે શઢનું રાંઢવું કસતાં બોલ્યો.

'કેમ? કેવું મસ્ત રોમેન્ટિક સાંજનું વાતાવરણ છે, વરસાદ પણ ઝરમર ઝરમર આવે છે અને એટલે તો એ હરામી રમ પીવા બેસી ગયો છે.' કાસમને ગણેશની વાત નો સમજાણી એટલે પૂછ્યું.

'અરે આ ભણેલાંને નો ખબર પડે, આ શાંતિ છે ને એ તોફાન પહેલાની શાંતિ છે, તે જોયું નહિ પવન ફરી ગયો છે, મને તો ખતરનાક તોફાન થવાની આશંકા છે.' ગણેશ શઢના થાંભલાને ફેરવતો બોલ્યો.

જે સાંજના આથમતાં સૂર્યના સોનેરી કિરણોમાં ઝરમર વરસાદ વરસીને રોમેન્ટિક વાતાવરણ ઉભું થયું હતું એ જ સૂર્ય ક્ષિતિજમાં કાળાડિબાંગ વાદળો એકઠા થવાં લાગ્યા એટલે એ અચાનક જ દેખાતો બંધ થઇ ગયો અને ધાર્યા કરતાં વહેલા જ ડેક ઉપર અંધારું થવા લાગ્યું. વાતાવરણે પલટો લીધો એટલે પવન પણ પોતાની દિશા બદલાવીને તેજ ગતિએ ફૂંકાવા લાગ્યો, ડેક ઉપર સઢ બદલાવતાં કુલીઓ માટે શઢ સંકેલવાની કોઈ સૂચનાઓ આપવામાં આવી ના હતી એના ઉપરથી એવું લાગતું હતું કે ફરજ ઉપરના હવામાન માસ્ટરને પણ સમુદ્રી તોફાન આવવાનું છે એનો કોઈ અણસાર ના હતો. ડેક ઉપરના બધા જ અનુભવી અને કોઠાસુજવાળા કુલીઓને ખબર પડી ગઈ હતી કે ભયંકર સમુદ્રી તોફાન ગમે ત્યારે આવી પાડવાનું છે.

કાળાડિબાંગ વાદળો ઘેરાતાં હોવા છતાં સમુદ્રી તોફાનની ભયાનકતાથી અજાણ કેપ્ટન અને હન્ટરબાજ ઉપરના ડેકમાં પોતાની કેબીનની બહાર સ્વાદિષ્ટ ભોજનની સાથે રમની જયાફત ઉડાવી રહ્યા હતા, દેશી ચોકીદારો પણ વરસતાં વરસાદમાં છત્રી પકડીને સેવામાં હાજર હતાં.

કાસમ ડેક ઉપર ગણેશની સાથે કામ કરતો કરતો પોતાની ભડાશ કાઢતાં બોલ્યો, 'હરામી હંટરબાજને ચોકીદારો છત્રી ઉપાડીને ઉભા રહે એમાં ફરજ નડતી નથી પણ જગતભાઈના પગ ઉપરથી કૂવાથંભને ઉઠાવવાનો હતો ત્યારે એને બધા ચોકીદારોની ફરજ યાદ આવતી હતી.' ગુસ્સાથી ઉકળી રહેલો કાસમ સઢના દોરડાની ગાંઠોને કૂવાથંભ સાથે જરૂર કરતા વધારે સજ્જડ બાંધી રહ્યો હતો.

'કાસમ, થોડી ઢીલી ગાંઠો બાંધ, પછી ખોલવામાં આંટા આવી જાશે' કાસમ સાથે કામ કરી રહેલો ગણેશ બોલ્યો.

'મારુ ખૂન ઉકળે છે પેલો હંટરબાજ જગતભાઈને હેરાન કરે છે જોઈને' કાસમ ગુસ્સામાં

દાંત કચકચાવીને બોલ્યો.

'ભાઈ સતા આગળ શાણપણ નક્કામું, એ બધા અંગ્રેજ અધિકારીઓ છે એટલે એની ઝપટમાં ના આવવું એમાં જ શાણપણ છે. આપણે આપણું કામ કરવાનું, અને થાકી ગયા હોય તો એક અફીણની ગોળી ખાઈને સુઈ જાવાનું, વહેલી પડે સવાર.' કુલીએ જહાજ ઉપરની કુલીની જિંદગીનું તત્વજ્ઞાન એકજ વાક્યમાં કાસમને સમજાવી દીધું.

બંને વચ્ચેની આ વાતો ચાલતી હતી ત્યાં જ એક ચીસ પડી અને ડેક ઉપર કોઈના નીચે પડવાનો ધડામ...કરતો અવાજ આવ્યો, અંધારું થઇ ગયું હોવાથી દૂર શું થયું એ દેખાણું નહિ એટલે કાસમ અને ગણેશ બંને એ તરફ દોડ્યા, નજીક જઈ ને જોયું તો જગત ડેક ઉપર ઊંધા માથે પડેલો હતો, એની લાકડાની ઘોડી દૂર ફંગોળાઈ ગઈ હતી. જગતના સાજા બેવડાઈ ગયો હતો અને એના ઉપર આખા શરીરનો ભાર આવી ગયો હતો, સાજો પગ ઉંધો થઇને મરડાઈને ઝાટકો લાગવાથી ભાંગી ગયો હતો. કાસમે જગતનું માથું સીધું કર્યું.

'હંટરબાજ' કહેતો જગત, પીડા સહન ના થવાથી બેભાન થઇને ઢળી પડ્યો.

આજ ઘડીએ અચાનક કડાકા અને ભડાકા સાથે જોરદાર વરસાદ શરુ થઇ ગયો, ડેક ઉપર હજુ ફાનસો સળગાવ્યાં ના હોવાથી અંધારું ઘોર થઇ ગયું, આકાશમાં વીજળીઓના ચમકારોને જોતાં એવું લાગતું હતું કે હમણાંજ જાણે આભ ફાટી પડવાનું છે. અચાનક આવી પડેલા સમુદ્રી તોફાનમાં જહાજને ઉથલી પડતું અટકાવવા કટોકટીમાં શઢ સંકેલવાની સૂચનાઓ સંભાળવા લાગી.

'કાસમ સઢ સંકેલવા હાલ, નહીંતર સજા પડશે.' સૂચનાઓ સાંભળતા જ કાસમ સાથે દોડીને આવેલો ગણેશ પોતાની જગ્યાએ સઢ સંકેલવાં ભાગ્યો.

'કાસમ...એ કાસમ.' વરસતાં વરસાદ અને વીજળીના કડાકા અને ભડાકા વચ્ચે ગણેશનો અવાજ દબાઈ ગયો હતો, કાસમના કાનમાં બસ એકજ અવાજ ગુંજતો હતો અને એ અવાજ હતો, 'હંટરબાજ.' કાસમે બેભાન જગત સામે જોયું એ વરસતાં વરસાદમાં બેભાન થઇ ને પડ્યો હતો.

કાસમ ગુસ્સાથી રાતો પીળો થતો દોડીને ડેકના ઉપરના ભાગમાં ગયો જ્યાંથી હંટરબાજ નીચે પડી ગયેલા જગતને જોઈ રહ્યો હતો, ચોકીદારો પણ હંટરબાજ ઉપર છત્રીઓ પકડીને નીચે જોતાં હતાં. પાછળથી કાસમ આવ્યો એના ઉપર કોઈનું ધ્યાન ના હતું એટલે કોઈ કાંઈ સમજે કે વિચારે એ પહેલા જ એણે જોરથી હંટરબાજને ધક્કો દઈ દીધો અને હંટરબાજ પણ ચીસો પાડતો બેભાન થઇ ગયેલા જગતની બાજુમાં પડ્યો.

'એય કેચ હીમ, પકડો ઉસકો.' કેપ્ટનનો હુકમ થયો એટલે એક ચોકીદારે છત્રીનો ઘા કરી કાસમને પકડી લીધો.

ગુસ્સાથી ધ્રુજી ઉઠેલા કાસમને કાબુમાં રાખતાં બે ચોકીદારોને ખુબ મહેનત પડી.

'આઈ કેન ગીવ ઓર્ડર ટુ શૂટ એન્ડ કિલ પરંતુ વો સજા તો તુરંત ખત્મ હો જાયેગી, મૈને તેરે લિયે કુછ ઔર સોચા હૈ.' કેપ્ટન એના જાહાંજ ઉપર ગુસ્તાખી કરનારને એમ આસાનીથી છોડે એમ નો'તો.

'કિલ મી નાઉ, અભી માર દો મુજે.' કાસમનો ગુસ્સો હજુ કાબુમાં નો'તો.

'તુમકો માલુમ હૈ ક્યા કરના હૈ ઇસકા.' કહી કેપ્ટન હંટરબાજને જોવા નીચે ઉતર્યા.

'અરે કોઈ તો કહો કે જગતભાઈનું શું થયું.' સજાના ભાગ રૂપે અંધારિયા ભંડકિયામાં પુરાયેલો

કાસમ બેસી ગયેલા અવાજે બોલ્યો. જહાજના કાર્ગો વિભાગના એક ખૂણામાં સજા માટે પૂરેલાં કાસમનો અવાજ સાંભળવા એની આજુબાજુમાં કોઈ નોતું.

કેટલા દિવસ થયા એ ભંડકિયામાં હતો એ કાસમને યાદ ના હતું, કોઈના પગલાંનો અવાજ સંભળાતા એ સજાગ થઇ ગયો.

'ભાઈસા'બ જગતભાઈનું શું થયું?' કાસમ આજીજી કરતો બોલ્યો.

'ચૂપ, હાથ બહાર કાઢ અને ખાવાનું લઇ લે પછી નીચે પડી જાય તો ભૂખ્યો રહીશ.' ચોકીદારે કાસમના પ્રશ્નનો જવાબ આપવાને બદલે તતડાવ્યો.

કાસમે પોતાના બંને હાથ બહાર કાઢ્યા એટલે એના હાથમાં બિસ્કિટનો ટુકડો આવ્યો, ભૂખ્યો ડાંસ કાસમ ફટાફટ બિસ્કિટ કહી ગયો.

'હવે મોઢું ઉપર લાવ એટલે પાણી રેડું.' ચોકીદાર બોલ્યો અને તુરંત પાણીની ધાર થઇ, કાસમ મોઢે ખોબો રાખીને જેટલું પાણી મોઢામાં આવે એટલું પીવા લાગ્યો.

ભંડકિયામાં જ નીચેના ભાગે નાનું બાકોરું હતું, જેમાંથી દરિયાનું પાણી દેખાતું હતું એ જ બાકોરું કસમ માટે પેશાબ અને જાજરૂની ગરજ સારતું હતું. કાસમના હાથમાંથી છટકી ગયેલા બિસ્કીટના ટુકડાઓ ક્યારેક આ બાકોરાંમાંથી નીચે દરિયામાં પડી જતા, આવું થતું ત્યારે કાસમને ભૂખ્યા રહેવું પડતું હતું.

ઘોમડા પક્ષીઓના અવાજ સંભળાયા એના ઉપરથી કાસમે અનુમાન કર્યું કે કદાચ કલકતાનું બંદર આવી ગયું. જહાજને લાંગારવાના અવાજોની વચ્ચે ભંડકિયાનું સાંકડું મોઢું ખુલ્યું અને બે ચોકીદારોએ કાસમને ખેંચીને બહાર કાઢ્યો. આ ચોકીદારો ભારતીય નહિ પણ અંગ્રેજો હતા. ભંડકિયામાંથી બહાર કાઢી કંપની સરકારના કેદી તરીકે એને સાંકળે બાંધી દુર્ગંધ મારતા કાસમને ઢસરડીને જહાજથી નીચે ઉતારવામાં આવ્યો. કાસમની આવી દશા જોઈ દૂર કામ કરી રહેલા બીજા કુલીઓ દયાની નજરે જોઈ રહ્યા. ખુન્નસમાં આવીને જે પગલું ભર્યું એની સજા કાસમ અત્યારે ભોગવી રહ્યો હતો.

'અરે કોઈ તો કહો કે જગતનું શું થયું?' કાસમ દૂર ઉભા રહી પોતાને જોઈ રહેલા કુલીઓને ચીસ પાડીને પૂછવા ગયો પણ ભંડકિયામાં રાડો પાડી પાડીને બેસી ગયેલા ગળામાંથી આવાજ ના નીકળ્યો. એન બોલવાનો ખુબ પ્રયાસ કર્યો પણ એ પોતાને ઢસરડીને લઇ જતા ચોકીદારોને સંભળાય એટલો અવાજ પણ ના કાઢી શક્યો. કાસમને દુઃખી થતો જોઈને બંને અંગ્રેજ ચોકીદારો એક બીજા સામું જોઈને હસવા લાગ્યા.

પ્રકરણ ૬

કાળકોટડી



'કંપની સરકારના ઇસ્ટ ઇન્ડિયા મેન વેપારી જહાજના લુટેન્ટ ઉપર વગર કારણે હુમલો કરવાના આરોપમાં, કાસમ ઇબ્રાહિમને જન્મટીપની સજા આપવામાં આવે છે.' થોડું ઘણું અંગ્રેજી સમજી લેતા કાસમને એટલું સમજાઈ ગયું કે એની બાકીની જિંદગી હવે કાળકોટડીના અંધકારમાં વીતવાની છે.

'તારી સફાઈમાં તારે કાંઈ કહેવું છે?' કોર્ટના ક્લાર્કે સજાનું હિન્દી રૂપાંતરણ કરવાં છતાં પોતાની સજાનો કોઈ ઉત્તર કે પ્રતિક્રિયા આપવાને બદલે જજ સામું ચકળવકળ નજરે જોઈ રહેલા કાસમને જોઈને જજે ખાત્રી કરવાં માટે પૂછ્યું.

'તને જજ સાહેબ પૂછે છે, તારે કાંઈ કહેવું છે?' અંધારી કોટળીની યાતનાપૂર્ણ જિંદગીની કલ્પનામાં ખોવાઈને ચુપચાપ ઉભેલા કાસમને બાજુમાં ઉભેલા સૈનિકે હળવેથી પૂછ્યું.

'જગતભાઈને કેમ છે?' એ બસ એટલુંજ બોલ્યો.

'કોણ જગત?' કાસમની આવી ઢંગધડા વગરની વાત સાંભળીને પાંચેય અંગ્રેજ જજ એક બીજાની સામું જોવા લાગ્યા, એક મગતરા જેવા ઇન્ડિયન સાથે વધુ સમયની બરબાદી કરવાને બદલે એક જજે કાસમને પકડીને ઉભેલા સૈનિકોને સજાનું પાલન કરવાનો હુકમ કરી દીધો.

ઈંગ્લેન્ડના રાજા વિલીયમ ત્રીજાના નામ ઉપરથી કલકતા શહેરના કિનારે વહેતી હુગ્લી નદીના કિનારે બનાવવામાં આવેલ લગભગ 70 એકરમાં પથરાયેલ ફોર્ટ વિલિયમ કિલ્લો એ અંગ્રેજોનું લશ્કરી થાણું હતું, આજ કિલ્લાની અંદર આવેલી હતી કુખ્યાત ફોર્ટ વિલિયમ જેલ. આ કિલ્લામાંથી જ અંગ્રેજો કલકતા અને આજુબાજુના બંગાળ પ્રદેશમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામે હકૂમત ચલાવતા હતા.

ફોર્ટ વિલિયમ જેલમાં કાસમને સજા સંભળાવવા માટે લાવવામાં આવ્યો હતો. કોર્ટમાં પેશ કરવાનો હોવાથી એના વધી ગયેલ દાઢી અને ધૂંચવાઇ ગયેલા વાળ કાપી સરખો કરીને લોખંડની જંજીરો સાથે ફોર્ટ વિલિયમ જેલની અંદર અંગ્રેજોના ગુનેગારોની તાત્કાલિક સુનાવણી કરવાની કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. બે અંગ્રેજ ચોકીદારોની વચ્ચે ઉભા રાખવામાં આવેલા કાસમે જોયું કે તાત્કાલિક સુનાવણી કોર્ટમાં એક મોટા ટેબલની આજુબાજુ પાંચ અંગ્રેજ જજ બેઠેલાં હતા અને એની પાછળની દીવાલ સરસા અંગ્રેજ સૈનિકો હાથમાં બંદૂકો રાખીને સાવધાન પોઝીશનમાં ઉભેલા હતા.સુનાવણીમાં તો કઈ કરવાનું હતું નહિ, ખાલી સજા જ સાંભળવાની હતી. સજા શું કરવાની છે એ પણ નક્કી જ હતું. ન્યાયનો અંચળો ઓઢીને જે નાટક થઇ રહ્યું હતું એતો માત્ર અને માત્ર દેખાવ જ હતો.

'કાન ખોલીને સંભાળી લે, દિવસમાં એક વખત ખાવાનું આવશે, બારણે અવાજ થાય એટલે પાણી પીવા આવી જવું, જો વાર લાગી તો પાણીની મસક તારી માસી નથી કે રાહ જોશે. જાજરૂ લાગે તો ખૂણામાં માટલી છે એમાં કરી લેજે.' કહીને કાસમ હજુ વાત સમજે એ પહેલા તો અંગ્રેજ ચોકીદારે એને ધક્કો મારી કોટળીની અંદર ધકેલી દીધો.

જેલમાં જે બેરેકોમાં બીજા કેદીઓને રાખવામા આવતા હતા તેનાથી ખૂબ જ દૂરના એક અંધારિયા ખૂણામાં આવેલી કાળકોટડીમાં દિવસ કે રાત દરમ્યાન સંપૂર્ણ અંધારું રહેતું, કાળકોટડીની જાડી દીવાલમાં એક નાનકડું બાકોરું હતું પણ એ જેલની ઊંચી દીવાલોની પાછળ આવેલું હોવાથી એ બાકોરા માંથી કોઈ પણ પ્રકારના પ્રકાશને અંદર પ્રવેશવાની શક્યતાઓ નહિવત હતી.

દર પંદર દિવસે એક વાર એક કલાક માટે બહાર નીકળવા મળતું, આ દરમ્યાન કાસમને કોઈ કેદીઓ સાથે વાત કરવાની છૂટ ના હતી. કાસમ ને કલાક માટે બહાર કાઢવામાં આવતો ત્યારે એને ફક્ત બે અને બેજ કામ કરવાના રહેતા, એક તો કાળકોટડીમાં જાજરૂ માટે રાખેલી વાસ મારતી માટલી સાફ કરી લેવાની અને બીજું તડકામાં ઊભા રહીને જરૂરી સૂર્યપ્રકાશ લઈ લેવાનો રહેતો જેથી કરીને ચામડીના રોગો ના થાય. કાસમને દર મહિને એક વખત નહાવા માટે એક માટલી ભરીને પાણી મળતું.

અત્યાર સુધીમાં ચોવીસ વખત ન્હાયો એટલે લગભગ બે વર્ષનો સમય વીતી ગયો એવો અંદાજ કાસમને હતો. આવી યાતનાભરી કાળકોટડીમાં જન્મટીપની સજાનું જીવન પસાર કરવાને બદલે ઉપરવાળા પાસે મોત માંગતો જેથી કરી આ જીવતા દોજખમાંથી એનો છુટકારો કરે.

બદબૂ મારતી કાળકોટડીમાં મોતની રાહ જોતો કાસમ એક ખૂણામાં કોકડું વળીને પડ્યો રહેતો, હવે તો એની ચામડીમાં પણ ખંજવાળીને ચકામાં પડી ગયા હતા. બે બે વર્ષના વહાણાં વહી જતા પોતના ખુદના અસ્તિત્વની સમાજ પણ ધીરેધીરે ઓછી થવા લાગી હતી.

'સાહેબ બહુ ભૂખ લાગી છે.એક ટુકડો વધારે આપવાને બદલે તમેતો એક ઓછો આપ્યો.' દરોજ્જ બિસ્કિટના બે ટુકડાને બદલે એકજ ટુકડો ફેંકવામાં આવતા કાસમે ચોકીદારને આજીજી કરી.

'આજથી તારું રાશન અડધું.' બહારથી ચોકીદારનો અવાજ આવ્યો. ભંડારમાંથી તો દરેકને બે બિસ્કિટ આપવામાં આવતા પણ આ ચોકીદારે પોતાના તરફથી કાસમનું રાસન અડધું કરીને ભૂખે મારવાનું નક્કી કરી લીધું હતું.

'પણ સાહેબ, મેં વગર વિચાર્યે ગુનો કર્યો એના માટે તો મને આ કાળકોટડી મળી ગઈ હવે શેની સજા આપો છો?' ભૂખ્યા કાસમે બિસ્કિટના બાકી રહેલા ટુકડાં માટે આજીજી કરી.

'તારું પૂરું નામ કાસમ ઇબ્રાહિમ?' કાળકોટડીની બહારના દરવાજેથી અવાજ આવ્યો અને કાસમ સતર્ક થઈ ગયો, ફોર્ટ વિલિયમ જેલમાં આવ્યા પછી એને કોઈએ પૂરા નામથી બોલાવેલો નહીં, જ્યારથી એને અહિયાં જન્મટીપના કેદી તરીકે રાખવામાં આવ્યો ત્યારથી એને નંબરથી જ ઓળખવામાં આવતો.

'કોણ?' કાળકોટડીમાં જીવતા રહેવાના સંઘર્ષમાં કાસમની પાંચેય ઇન્દ્રિયોએ કામ કરવાનું ઓછું કરી દીધું હતું એટલે એના માટે અજાણ્યા અવાજને ઓળખવાની શક્યતાઓ નહિવત હતી.

'કાળુ ખારવો નામ યાદ આવ્યું?' અજાણ્યા અવાજે રહસ્યને વધારે ઘેરું બનાવ્યું.

'સાહેબ આપ રામપુરથી છો?' કાસમને ખબર પડી ગઈ કે અવાજ કોઇ રામપુર નિવાસીનો છે અને આ બોલનાર વ્યક્તિ એના બનાવટી નામનું રહસ્ય જાણી ગઇ છે.

'હા, તે બરોબર અનુમાન કર્યું.' અવાજ આવ્યો.

'સિપાઈ સાહેબ?' કાસમને અચાનક યાદ આવ્યું.

'હા સિપાઈ નારણસિંહ.' તે મને બરાબરનો ફસાવ્યો અને મારા મૂળ વતન રામપુરથી ફેંકીને સજા રૂપે અહિયાં છેક ફોર્ટ વિલિયમ જેલ જેવા નર્કમાં સડવા માટે મોકલી દીધો.

'પણ સાહેબ મારો આમાં ક્યાં વાંક ગુનો છે?' કાસમને ખબર હોવાં છતાં અજાણ્યો થઇને બોલ્યો.

'મારી બદલીનો ઓડર મુંબઈ પ્રેસિડેંસીની ભલામણથી આવેલો, હું એવો કોઈ મોટો અંગ્રેજ અમલદાર નથી કે મારી બદલી માટે છેક મુંબઈ પ્રેસિડેંસીથી ભલામણ આવે અને તું એકજ હતો જે મુંબઈથી ખાસ ભલામણ લઈને રામપુર કામ કરવા આવેલો.' નારણસિહે હવે પૂરેપુરી ચોખવટ કરી.

'સાહેબ મને માફ કરી દયો.' કાસમની આજીજી ચાલુજ હતી.

'તને ખબર પણ છે કે તને જે કોટડીમાં રાખવામાં આવ્યો એનો ઇતિહાસ શું છે?'

'સાહેબ મારે ઇતિહાસ જાણીને શું કરવું છે? મને તો બસ દયા કરીને એક બિસ્કિટ આપી દયો એટલે ભૂખ મટે.'

'મારે તને ઇતિહાસ કહેવો છે એટલે આ કોટડીમાં અત્યારે તને રાતે ઊંઘ આવી જાય છે ને એ પણ ના આવે. તું કાન આડા હાથ રાખીશ તોય ઇતિહાસ તો હું કહીશ જ. તને આ કાળકોટડીમાં રાખવાનો હુકમ થયો છે એ બ્લેક હોલ ઓફ કલકતાના નામથી ઓળખાય છે. આ કાળકોટડીની સાથે અંગ્રેજો માટે કાળો અને શર્મનાક ઇતિહાસ જોડાયેલો છે. 20 જૂન 1756ના દિવસે જયારે બંગાળના નિજામ સિરાજઉદૌલાના સૈનિકોએ ફોર્ટ વિલિયમ કિલ્લાનો કબજો કરી લીધો હતો, ત્યારે આજ નાની અમથી કોટડીમાં જીવતદાન આપેલા 64 અંગ્રેજોને એક સાથે ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવ્યા હતા અને સવારે બારણું કોટળીનું બારણું ખોલતા ફક્ત 21 અંગ્રેજો જ બચ્યા હતા અને બાકીના બધા ગૂંગળાઈને એકજ રાતમાં મરી ગયા હતા. મરી ગયેલા અંગ્રેજોની લાશોને સિરાજઉદૌલાના સૈનિકોએ એક ખાડામાં ફેંકીને એની ઉપર ધૂળ ચડાવી દીધી હતી. અંગ્રેજ અફસર ઉપર તે હુમલો કર્યો એની સજા રૂપે જ તને ખાસ આ ઓરડીમાં રાખવામાં આવ્યો છે.' નારણસિંહે કાળકોટડીનો ઇતિહાસ કહી દુઃખી કાસમને વધારે દુઃખી કર્યો.

'આ કોટડીમાં અંગ્રેજો ગૂંગળાઈને મરી ગયા?' પૂછતાં તો કાસમનો અવાજ ગૂંગળાઈ ગયો.

'હા અને એટલેજ મેં તને કાળકોટડીનો કાળો ઇતિહાસ તને કીધો.'

'પણ સાહેબ, તમને કેવી રીતે ખબર પડી કે મને જનમટીપ મળી છે?' કાસમને વિશ્વાસ નો'તો બેસતો કે નારણસિંહની બદલી અહિયાં કંપની સરકારની કુખ્યાત જેલ ફોર્ટ વિલિયમમાં ખાલી એની એક ટપાલથી થઈ ગઈ.

'એક મહિના પહેલા મેં તને જેલની પાછળ તારી માટલી સાફ કરતાં જોયેલો, પહેલા તો મને વિશ્વાસ ના બેઠો એટલે ચોક્સસાઈ કરવા મેં રામપુર તપાસ કરાવી તો ખબર પડી કે તું રામપુરથી પરદેશ જવા નીકળી ગયો છે અને જે જહાજમાં તને લાવવામાં આવ્યો એ પણ પરદેશથી જ આવેલું. તને હવે ખબર પડશે કે નારણસિંહ સાથે દુશ્મની કરવી કેટલી તને કેટલી ભારે પડે છે.' નારણસિંહ દાંત કચકચાવતો બોલ્યો.

'સાહેબ મને માફ કરો, મારા નસીબ આમ પણ ફૂટી ગયા છે.' કાસમે આજીજી કરી.

'સાલા તું પરધર્મી થઈને ભલાભોળા હિન્દુ કુટુંબમાં ખોટું નામ રાખીને રહ્યો અને પેલી

બિચારી ભોળી રૂપાને પણ તારી માયાજાળમાં ફસાવી, હવે તને ખબર પડશે કે વિશ્વાસઘાતની સજા શું હોય.' નારણસિંહ આમ કહી ચાલતો થયો એના ભારે બુટથી થતો પગરવનો આવાજ પણ દૂર થતો ચાલ્યો.

'સાહેબ, અલ્લાહના સોગંદ ખાઈને કહું છે કે મેં રૂપાને હાથ પણ નથી લગાડ્યો.'

સામેથી કોઈ જવાબના આવ્યો એટલે કાસમ થોડી વાર ચૂપ થઈ ગયો અને પછી બોલ્યો.....

'સાહેબ...ઓ સાહેબ....રહેમ કરો, મારાથી કોઈ ભૂલ થઈ હોય તો મને સો કોરડાની સજા કરો પણ મને એક વાત ક્યો એ જહાજ ઉપર જગત કરીને અપંગ કુલી હતો એનું શું થયું? એ જીવતો છે?'

કોઈ જવાબ નહીં મળતાં, કાસમ પાગલની જેમ રાડો પાડી પાડીને નારણસિંહને બોલાવતો રહ્યો પણ એની રાડો કે આજીજી સાંભળવા વાળું ત્યાં જેલની મૂંગી દીવાલો સિવાય કોઈજ ના હતું.

કાસમને જન્મટીપની સજા થઈ એને ચારેક વર્ષ પુરા થવા આવ્યા, હવે તો કાળકોટડીનું અંધારું કાસમના જીવનની એક એક ક્ષણમાં વણાઈ ગયું હતું. અંધારામાં કાંઈ કરવાનું ન હતું એટલે પાંચ વખત નમાજ પઢી લેતો અને ખૂબ વિચારીને આ કાળકોટડીના આ અંધારિયા જીવનને એક બદનસીબી તરીકે સ્વીકારી લીધું હતું. કાસમને હજુ પણ દૂર દૂર એક આશાની કિરણ જીવંત હતું કે એનો ક્યારેક તો આ જહન્નમમાંથી છુટકારો થશે, પરિવારમાં ખુશીના પ્રસંગે કે યુદ્ધમાં કોઈ મોટી જીત થવાની ખૂશાલીમાં અંગ્રેજ રોયલ હાઈનેસ તરફથી નાના ગુના માફીના હુકમો આવ્યાના દાખલાં પણ હતા. બિસ્કિટનો સમય થયો એટલે કાસમ રાહ જોઈને બેઠો હતો.

‘સાહેબ આજે તો દયા કરો, આજે તો બે બિસ્કિટ આપી દયો, ઉપરવાળો તમને ભરપૂર ખુશી આપશે.’ નારણસિંહનો પગરવ સંભળાણો એટલે કાસામે આજીજી કરી.

‘તને તો એક જ બિસ્કિટ મળશે, તારા ઉપરવાળાની દુઆ મારે નથી જોતી.’ નારણસિંહનો ગુસ્સો હજુ શાંત થયો હોય એવો કોઈ અણસાર કાસમને ના આવ્યો.

‘એમ નહિ પણ છેલ્લા બે વરસથી તમે આને શું કામ સજા આપો છો?’ કાસમની કોટડીની બહાર નારણસિંહને સાથેના બીજા એક ચોકીદારે પૂછ્યું. કાસમની આ કોટડી બીજી કોટડીઓથી દૂર હોવાથી અંગ્રેજોથી છુપાઈને કોઈ વાત કરવી હોય તો આ બરાબર જગ્યા હતી.

‘એ છે મુસલમાન અને આપણું હિન્દૂનું બનાવટી નામ રાખી મારા જ ગામમાં મારો દુશ્મન બન્યો અને ત્યાં બેઠા બેઠા મુંબઈ ચિઠ્ઠી લખીને મારી આ નર્કમાં બદલી કરાવી નાખી.’ નારણસિંહ બોલ્યો.

‘તમારી બદલી છેક રામપુરથી અહીંયા અને એ પણ આના કહેવાથી? તમે અફીણની ગોળી ખાધી છે?’ બીજો ચોકીદાર બોલ્યો.

‘ઈ બહુ લાંબી વાત છે, ટૂંકમાં આ મારો અંગત દુશ્મન છે.’ નારણસિંહે ટૂંકમાં પતાવ્યું.

‘અરે સિપાઈ, અત્યારે આપણા બધાના દુશ્મન આ અંગ્રેજો છે, આપણે અત્યારે હિન્દુ મુસલમાન કરીશું અને ધરમને આધારે અંગત દુશ્મન બનીને રહીશું તો આઝાદ કેવી રીતે થઈશું?’ બીજો ચોકીદાર બોલ્યો.

‘એ વાત તમારી સાચી પણ…’નારણસિંહ પાસે બીજું કોઈ બહાનું નો’તું.

‘અંગ્રેજોના જુલમ શું હિન્દૂ કે શું મુસલમાન બેય કોમ ઉપર સરખાંજ છે. જનરલ નિકોલસનની અફવા તમે સાંભળી છે ને? એક હિન્દૂ રાજાને થૂંકેલું ચટાવ્યું અને એક ઇમામની દાઢી રસ્તા ઉપરજ નાઈ પાસે કઢાવી નાખી. હવે તમે કયો આ આપનો દુશ્મન છે કે અંગ્રેજો?’ સાથેના સિપાઈએ નારણસિંહને કાસમ સાથેની દુશ્મની ભૂલી જવાની વાત કરી.

‘તને નો ખબર હોય, આ સાપોલિયાના બચ્ચા ઉપર દયા નો ખવાય.’ નારણસિંહ હજુ એના સાથીદારની વાત માનવા તૈયાર નો’તો.

‘એ ભલેને સાપોલિયા રહ્યા આપણે માણસ છીએ, આપણે ખતમ થઇ જઈશું તોય એના જેવા નહિ થઇ શકીયે.’ નારણસિંહનો સાથી હજુ કાસમને માફ કરી દેવાની તરફેણમાં જ હતો.

એના સાથીદારના દબાણને વશ થવાને બદલે બીજી રીતે કાસમને ઠેકાણે પાડી દેવાનો ઉપાય નારણસિંહે વિચારી લીધો. આ જ કારણસર એણે આજે કાસમ માટે બે બિસ્કિટ રાખ્યા.

‘એય જાગેશ?’ પોતાના રૂટમાં ખાવાનું લઇને નીકળેલા નારણસિંહે કાસમનો સળવળાટ ના સાંભળ્યો એટલે બોલ્યો.

‘હા સિપાઈ સાહેબ તમારા બિસ્કિટની રાહ જોઈને જ બેઠો છું.’ કાસમ કોટડીના બાકોરાની નજીક આવીને બોલ્યો.

'તારે આ કાળકોટડીમાંથી બહાર નીકળવું હોય તો એક તુક્કો છે, એ કારગત નીવડે કે નહીં એ ખબર નથી પણ તું મહેનત કર તો કદાચ શક્ય છે.' નારણસિંહ ધીમેથી બોલ્યો.

'બોલોને સાહેબ મારે શું કરવાનું છે? હું તમે કયો ઈ કરવા તૈયાર છું. હવે અહિયાં આ નર્ક નથી સહેવાતું.' કાસમ ગળગળો થઇને બોલ્યો.

'લાંબાગાળાની સજા ભોગવીને તું દુબળો પાતળો થઇ ગયો હોઈશ. તું જો થોડો તંદુરસ્ત અને હટ્ટોકટ્ટો દેખાય એવો થઈ જા તો એક ઉપાય છે, આવતી કાલથી તને હું વધારે ખાવાનું આપીશ.' નારણસિંહે કહ્યું.

'સાહેબ થોડું વધારે ખાવાનું મળે તો તો હું ચપટી વગાડતાં ઘોડા જેવો થઈ જાઉં.' કાસમે ઉતેજનાથી કહ્યું.

નારણસિંહનું વધારે ખાવાનું અને અંદર દંડ બેઠક પીલવાનું શરુ કરતાં છ મહિનામાં તો કાસમ હટ્ટોકટ્ટો થઇ ગયો. એણે ઘણી વખત નારણસિંહને પૂછ્યું કે હટ્ટાકટ્ટા થઇને પછી શું કરવાનું તો એને કોઈ દિવસ કોઈ જવાબ ના આપ્યો.

એક દિવસ અચાનક, એ નહાઈને પોતાની કોટડીમાં જતો હતો ને એક અંગ્રેજ ઓફિસરે દૂરથી ઈશારો કરતાં બે ચોકીદાર આવ્યા અને એને લોખંડની બેડીમાં જકડી દીધો અને એના જેવાં બીજા કેદીઓને ક્યાંક લઇ જતા હતાં એની લાઈનમાં ગોઠવી દીધો.

‘આ બધાયને ક્યાં લઇ જાય છે?’ કાસમે એની આગળ ચાલી રહેલા કેદીને પૂછ્યું.

‘મને તો કાળા પાણીની સજા લાગે છે.’ આગળનો કેદી બોલ્યો.

‘પણ આપણેજ કેમ?’ કાસમને હજુ સમજાતું નો’તું કે એને એવું શું કર્યું કે એને જંજીરમાં

બાંધીને ક્યાંક લઇ જવામાં આવી રહ્યો છે. આ નારણસિંહનું કાવતરું તો નો'તું ને?. કાસમને કાંઈક ખોટું થઇ ગયાના ભણકારા વાગવા લાગ્યા.

'આપણા જેવાં હટ્ટાકટ્ટાઓ કંપની સરકારને નડે નહિ એટલે.' પાછળ વાળો બોલ્યો.

કાસમ વધુ કાંઈ પૂછે એ પહેલા તો જેલની પાછળનો હુગલી નદીનો કાંઠો આવી ગયો. કાંઠે આવેલ જેટી ઉપર બધાને બાંધેલી હાલતમાં જ લઇ જવામાં આવ્યા. જેટી ઉપર બે વહાણો લંગરેલા હતાં, બંને વહાણો પર ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ધ્વજ લહેરાઈ રહ્યા હતાં. વહાણોના કદની સરખામણીએ ચોકીદારોની સંખ્યા જોતાં આ વહાણો ખાસ કેદીઓની હેરફેર કરવાં માટે જ કંપની સરકારે બનાવ્યા હોય એવું કાસમને લાગ્યું.

બધાને વહાંણના ભંડકિયામાં લાવીને લાઈનમાં બાંકડાઓમાં બેસાડીને બધાને એક મોટી સાંકળથી બાંધી દેવામાં આવ્યા.

'પણ આપણો કાંઈ વાંક ગુનો કે સીધી કાળા પાણીની થઇ ગઈ?' કાસમેં અંગ્રેજોના કાળા પાણીની સજા અને સજાની ક્રૂરતાં વિષે ખુબ સાંભળેલું. કાળા પાણીની સજા કરતાં તો અંધારી કોટડી શું ખોટી હતી. નારણસિંહે મોકો જોઇને બરાબરનો બદલો લીધો. કાસમને એના ફૂટેલાં નસીબ ઉપર તરસ આવી ગઈ.

વહાણની અંદર મુસાફરી દરમ્યાન કેદીઓને લાકડાના બાંકડાઓ ઉપરથી ઉઠીને ક્યાંય હરવા ફરવાની છુટ નો'તી. દિવસમાં એક વખત દરેક કેદીને વારાફરતી ખોલવામાં આવતાં અને એ વારા દરમ્યાન કુદરતી હાજત પતાવી દેવાની. દરેક કેદીએ બાંકડા ઉપર બેઠા રહીને જ સુવાનું અને બીજો કોઈ હુકમ કરવામાં આવે તો એનું પાલન કરવાનું. આમ કરતાં લગભગ પંદરથી વીસ દિવસનો સમય થયો હશે અને કાસમનું વહાણ લાંગર્યું.

પ્રકરણ ૭

ચમક



'ક્યુ બંદર હશે કાસમ?' કાસમ દરિયાનો અનુભવી હતો એ જાણતાં એક કેદીએ પૂછ્યું.

'મને તો પોર્ટબ્લેર લાગે છે, કલકતાથી લગભગ પંદર દિવસની ખેપ થાય.' કાસમે મુસાફરીના દિવસો ગણતાં અનુમાન કર્યું.

વહાણની બહાર નીકળીને પણ બધા કેદીઓ હજુ પણ સાંકળોથી બાંધેલાં જ હતાં. વહાણમાંથી ઉતરેલા કેદીઓને લેવા આવીને ઉભેલી હરોળબંધ ઘોડાગાડીઓના પાછળના ભાગમાં જાડા લોખંડના સળિયાઓનું પીંજરૂ હતું. પીંજારા ઉપર શણ અને સફેદ કપડાંનું ડબલ પડવાળું કપડાનું કવર હતું. દરેક ઘોડાગાડીની એક થાંભલી ઉપર ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો ધ્વજ લગાવેલો હતો. કોઈપણ ઘોડાગાડીને પહેલી નજરે જોતાં એવુ લાગે કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો સમાન અંદર ભરેલો હશે. કાસમના ભાગમાં પણ આવી એક ઘોડાગાડી ભાગમાં આવી. પીંજરાની અંદરના ભાગે કેદીઓને બેસવા માટે લાકડાના પાટિયા લગાવેલાં હતા. બધા જ કેદીઓ બેસી ગયા એટલે ચોકીદારોએ કેદીઓને બાંધેલી લોખંડની સાંકળોમાંથી બંને બાજુથી એક એક સળીઓ પસાર કરી એના છેડાઓ ભેગા કરીને એના ઉપર ખંભાતી તાળું લગાવીને પુરી ઘોડાગાડીને એક હરતી ફરતી જેલ જેવી બનાવી નાખી. સલામતી માટે એવી જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી હતી કે બધા જ કેદીઓ એક સાથે ભેગા થઇને નકકી કરે તોય લોખંડની જંજીરોથી નીકળીને ભાગી ના શકે. ઘોડાગાડીની આગળના પાટિયા ઉપર ત્રણ જણ બેસી શકે એવી વ્યવસ્થા હતી. ચાલક માટે વચ્ચેની જગ્યા અને બંને બાજુએ એક એક જગ્યા રાયફલધારી ચોકીદાર માટે.

'આ આપણને ક્યાં લઇ જાય છે?' પીંજરા ઉપર ઢાંકેલ આવરણ કે કારણે બહાર જોઈ ના શકતો એક કેદી બોલ્યો.

'તારા માટે ખાસ બંદરની બાજુમાં જ જેલ બાંધી છે.' બીજા કેદીએ કટાક્ષ કર્યો.

ઘોડાગાડી પાછળ બેઠેલાં બધા જ કેદીઓ પોતપોતાની રીતે કાળાપાણીની જેલ કેવી હશે એની કલ્પનામાં ખોવાયેલા હતાં. કોઈ કેદીને ડર હતો તો કોઈ કેદીને અંગ્રેજોની સામે બાથ ભીડવાનું ગૌરવ પણ હતું. રેવાલ ચાલે ચાલી રહેલા ઘોડાઓના ડાબલા અને એની લગામ સાથે બાંધેલી ઘૂઘરીઓનો તાલબદ્ધ અવાજ આવતો હતો.

'લૂંટ'

'મર્ડર'

'અંગ્રેજ ઉપર હુમલો'

'તારે શું કામ છે? તું જેલર છો?' સામેના પાટિયાના છેડે બેઠેલા કેદીએ કાસમના પૂછવાથી તોછડો જવાબ આપ્યો. એક પછી એક બધા જ કેદીઓએ આ અંજામ સુધી પહોંચવાના કારણો કાસમના પૂછવાથી આપ્યા સિવાય કે એક કેદી જે કલકતાથી નીકળ્યા ત્યારનો એક શબ્દ નો'તો બોલ્યો. ગુસ્સાથી કે નફરતથી પણ એની બંને આંખો લાલ ઘુમ હતી અને પડછંદ બાંધો હતો.

'આતો ખાલી થોડી ઓળખાણ થાય એટલા માટે.' કાસમ ક્ષોભિલો પડીને બોલ્યો.

'પણ મારે ઓળખાણ નથી કરવી ને.' કેદીના અવાજમાં હજુ એવી જ તોછડાઈ હતી.

કાસમે વધુ માથાકૂટ કરવાનું છોડી દીધું. તોછડાઈ ભરેલી વાતથી બધા જ ચુપચાપ પોતપોતાની વિચાર યાત્રાએ નીકળી પડ્યા. લગભગ ત્રણેક કલાકની મુસાફરી કરીને ઘોડાગાડી ઉભી રહી.

'આવી ગઈ?' એક ઉતાવળીયો બોલ્યો.

'હમણાં ખબર પડશે.' બીજો બોલ્યો.

બધાની નજર પિંજરાના પાછળના બાકોરા તરફ હતી, પાછળના ભાગે પણ કોઈ વધારાના સળવળાટ વગર થોડીવાર પછી ઘોડાગાડી ફરી ચાલતી થઇ.

'લાગે છે, ઘોડાઓને પાણી પાવા રોકાણાં 'તા, જીવતા જાગતા માણસોની દયા નથી આવતી પણ ઘોડાઓની આવે છે.' ઉતાવળીયો નિરાશ થઇ ને બોલ્યો.

'આવી રીતે રિબાવી રિબાવીને મારે એના કરતાં તો ફાંસી દઈ દયે ઈ સારું, એક કામ પતે.' અંગ્રેજોના જુલમોથી કંટાળેલો એક કેદી બોલ્યો.

પાંચ-છ કલાકની મુસાફરી કરતાં રાત પડી ગઇ, અંધારું થતા જ ઘોડાગાડી ઉભી રહી અને ચાલકે ઘોડાઓને છોડ્યા.

'લાગે છે રાત આમાં જ કાઢવાની છે.' ઉતાવળીયો પાછો બોલ્યો.

'હમણાં આવે છે, સો મણની તળાઈ મંગાવી છે.' એજ લાલ આંખો અને એવોજ તોછડો જવાબ.

ઉબડખાબડ રસ્તાથી થાકી ગયેલાં કેદીઓને ઘોડાગાડી ઉભી રહેવાથી થોડી નિરાંત થઇ એટલે પાટિયા ઉપર બેઠાં બેઠાં જ ઊંઘવા લાગ્યા.

વર્ષોથી કાળકોટડીની ભયાનક શાંતિમાં ઊંઘવાની ટેવવાળા કાસમ માટે પાટિયા ઉપર થાકીને ઘેંસ જેવા થઇ ગયેલા બીજા કેદીઓના કર્કસ નસકોરાંના આવાજ અને પોતાના વિચારોના વંટોળ આ બંનેને કારણે નીંદર ઉડી ગઈ હતી. ફોર્ટ વિલિયમ જેલની એ ગોઝારી કાળકોટડીમાં વિતાવેલા એ દર્દનાક સમયને યાદ કરતાં કરતાં કાસમ પોતાના કુટુંબ અને રૂપાના વિચારે ચડી ગયો. શેઠને ચીનની ખેપ કરવાની ના પાડી દીધી હોત અને અમ્મીને સમાચાર મોકલાવી દીધા હોત કે એણે રૂપા સાથે નિકાહ પઢી લીધા છે અને એ રૂપાને લઈને મુંબઈ આવી રહ્યો છે તો? કેવી જન્નત જેવી જિંદગી જીવવાની તક અલ્લાહ તાલાએ આપેલી પણ એ જ મહામૂર્ખ હતો કે પોતાની જિંદગીને ખોટા નિર્ણયો કરી એણે હાથે કરીને દોજખ જેવી બનાવી દીધી. રામપુર ગામમાં પૂરું સન્માન હતું અને સાથે રૂપાનો નિર્દોષ પ્રેમ હતો જ્યારે અત્યારે એની પાસે અંગ્રેજોને કરવાની નફરત સિવાય કશું જ બચ્યું નથી. વિચારોના વમળોમાં ક્યારે મધરાત થઇ અને આંખો ઘેરાવા લાગી ત્યાં જ અચાનક....

'ઉહ.....' અને એક લાંબી લોહી નીંગળતી તલવારનો છેડો લોખંડના પીંજરાને ઢાંકેલા કાપડને ચિરતો કાસમના નાક પાસેથી પસાર થયો અને સટાક કરતો પાછો ચાલ્યો ગયો. ઘડીના પલકારાંમાં થયેલો તલવારનો એ ઘા એટલો ત્વરિત હતો કે ગાઢ નીંદરમાં સુઈ રહેલા

એક પણ કેદીની નીંદરમાં ખલેલ પડી નહીં. તલવારના એક જ ઝાટકે કોઈનો જીવ ચાલ્યો ગયો તેમ છતાં ઘોડાગાડી બહારનું વાતાવરણ એકદમ શાંત હતું. ઉભા ઉભા નીંદર કરી રહેલા ઘોડાઓની આછી ચહલપહલથી પગે બાંધેલ ઘૂઘરીઓના ક્યારેક થઇ જતા અવાજોની વચ્ચે દૂર દૂર શિયાળની લાળીઓ સંભળાતી હતી. કાસમે કાન સરવા કર્યા, રાતની નીરવ શાંતિમાં આજુબાજુ જે પણ કઈ ચહલપહલ હતી એ બધી જ દબાતા પગલે થઇ રહી હતી. થોડીવારમાં કોઈપણ જાતનો અવાજ કર્યા વગર ઘોડાગાડી ચાલતી થઇ.

'શું થયું?' ઘોડાગાડીના ચાલવાથી કાસમની બાજુનો કેદી જાગી ગયો.

'શાંતિ, કાંઈક ગડબડ થઇ છે.' કાસમે બાજુના કેદીને અંધારામાં ગોદો મારીને ચેતવ્યો.

ઘોડાગાડી આખી રાત ચાલતી રહી, કાંઈક અમંગળ થયાની શંકાથી બધા જ કેદીઓ ચુપચાપ બેઠાં રહ્યા. પરોઢિયું થયું એટલે એ ઉભી રહી અને એનો પીંજરાની પાછળનું કપડું ઊંચું થયું અને બહાર બુકાનીધારીઓનું ટોળું ઉભેલું જોતા જ પાછળ બેઠેલાં કેદીઓને એક વાત સમજાઈ ગઈ કે કાંઈક મોટી ગડબડ થઇ છે.

'આ બધાય કોણ છે?' ઉતાવળીયો બોલ્યો.

'આતો કોઈ લૂંટારા લાગે છે.' બુકાનીધારીઓને જોઈને બીજો કેદી બોલ્યો.

પિંજરામાં કિંમતી સમાનને બદલે કેદીઓને ભરેલાં જોતા જ બુકાનીધારીઓ એક બીજા સાથે ના સમજાય એવી ભાષામાં ઝગડવાં લાગ્યાં. શું નક્કી થયું એ કેદીઓને ખબર ના પડી પણ એક બુકાની ધારીએ કપડું પાછું ઢાંકી દીધું અને ઘોડાગાડી આગળ ચાલી.

બેટ દ્વારકા ગામની બહાર ધક્કાએ ઉભી રાખેલી હોડીમાંથી જંજીરોમાં બાંધેલાં કેદીઓને ઉતારીને બળદ જોડેલ વેલડાંમાં ઢાંકો ઢુંબો કરી બેટ દ્વારકા ગામની અંદર લઇ આવ્યા.

ઘરના ફળિયામાં ઢોલીયા ઉપર બેસીને હુક્કો પી રહેલા જોધાભાઈ માણેકે પૂછ્યું કે માલ લૂંટવા ગયા હતા કે આ બધા કેદીઓને એટલે મુળુભાઈએ કાકાને આખી વાત કહી.

'કાકા અમને એમ કે લૂંટેલી ઘોડાગાડીમાં કંપની સરકારનો દારૂ ગોળો હશે અને ખોલીને જોયું તો આ કેદીઓ નીકળ્યા.' મુળુભાઈ બોલ્યા.

'અરે કાંઈ તમે બધાય વેવલીના છો કે આટલાં બધા સાંકળુથી બાંધેલા કેદીઓ નો દેખાય.' જોધાભાઈને ભત્રીજા મુળુની વાત ના સમજાણી.

'કાકા વાત એમ છે કે અમે રાણાવાવ ગામની સીમમાં શિકારની શોધમાં હતાં ત્યારે એક કપડું ઢાંકેલી કંપની સરકારની ઘોડાગાડી કોટની અંદર ગઈ એટલે અમે પણ છાનમુના એની પાછળ ચાલ્યા, અમે ઈ ચાલક અને ચોકીદારો વચ્ચેની વાતો સાંભળી તો ચકરી આવી ગઈ.' મુળુભાઈએ એ ઘોડાગાડી ચાલક અને ચોકીદાર સાથે શું વાત થઇ એ બતાવતા વાત આગળ વધારી.

'સાહેબ તમને નો સમજાય તમે અંગ્રેજ સરકારના ચોકીદાર પણ અમે તો આ ધૂળમાં રમીને મોટા થયા એટલે અમને આ ભૂમિની વધારે ખબર હોય, આ કાઠિયાવાડ આમ કહેવાય છે તો સંત-સુરાઓની ભૂમિ પણ આ કળિયુગમાં સંત અને સુરાઓ કરતાં લૂંટારાઓ વધી ગયા છે.' કાસમની ઘોડાગાડીનો ચાલક રાણાવાવ ગામે કોટની બહાર ઘોડાગાડી ઉભી રાખીને ચોકીદારોને રાણાવાવ ગામની ધર્મશાળાએ રાતવાસો કરી લેવા માટે સમજાવી રહ્યો હતો.

'જો સાંજ પડે ને રસ્તે આવતાં ગામમાં રોકાઈ જવું પડે તો તો આપણે ઠેકાણે ક્યારે પહોંચીએ?' એક ચોકીદાર બોલ્યો.

'જોવો સિપાઈ સાહેબ, આ કાઠિયાવાડ છે. આયાં મોટાભાગના ખેડૂતો ખેતરે જ ઝૂંપડી બાંધીને રહે અને જરૂર પડે થયારે ખાલી હટાણું કરવા માટે જ આવા કોટબંધ ગામમાં આવે. તમે જુઓ આ ગામની ચારેય દિશામાં કોટની દીવાલ ઉપર બુરજ બનાવેલા છે અને આ બુરજમાંથી દરબારના સિપાહીઓ રખેવાળી કરે. કાઠિયાવાડમાં બહારવટિયાઓ, બળવાખોરો અને લૂંટારાઓ આ ત્રણેય મોકો મળે એટલે ઘા કરી લ્યે. હટાણું કરવું હોય તો સાંજ પડે એ પહેલા ગામમાં દાખલ થઇ જવાનું, દિવસ આથમે એટલે કોટના દરવાજા બંધ થઇ જાય. દરવાજા બંધ થયા પછી જમાદાર કે દરબારની પરવાનગી વગર અંદર આવવા ના મળે. આ લૂંટાઈ જવાના જોખમથી બચવા માટેજ હું આ આ ગામમાં રાત રોકાઈ જવાની વાત કરું છું.' ઘોડાગાડીના ચાલકને જીવનું જોખમ નો'તું લેવું એટલે ચોકીદારોને મનાવવાની પૂરતી કોશિશ કરતો હતો.

'ઈ તમે જે કયો તે, અમે બે છીએ અને અમારી પાસે બે નાળચાંવાળી છે, એક ઘોડો દબાય તો સામે વાળાના છોતરાં ઉડી જાય.' એક ચોકીદાર એક હાથ પોતાની બંદૂક ઉપર રાખી બીજા હાથે મૂછને તાવ દેતો બોલ્યો.

'તમે એમ કરો રાંગે જમાદાર હશે એને જઈને પૂછી લ્યો જાવ.' ઘોડાગાડી ચાલક બોલ્યો.

થોડીવારમાં જમાદાર સાથે વાત કરી બંને ચોકીદાર પાછા આવ્યા.

'શું કીધું?'

'જમાદારે તો રોકાઈ જવાનું કીધું પણ પછી મેં પૂછ્યું કે કંપની સરકારની હથિયારધારી ગાડી છે કોણ હિંમત કરી શકે? તો એને જવાબ આપ્યો કે કોઈ નહિ. બીજું આગળ હાલશું તો રાત પડ્યા પહેલાં બરાડાના ડુંગરે બિલેશ્વર મહાદેવના મંદિરે પહોંચી જાસુ અને ત્યાં રાતવાસો કરાય, એવું પણ કીધું.' એક ચોકીદાર બોલ્યો.

'સાહેબ પણ આજે બંદરથી નીકળવામાં ધાર્યા કરતાં વધારે મોડું થઇ ગયું હવે કાલે વહેલી સવારે નીકળીને ગાડી થોડી ઉતાવળે ચલાવીશ.' ઘોડાગાડી ચાલકે આજીજી કરી.

'અરે ભાઈ આ પાર્શલ અમારે છેક જામજોધપુર પહોંચાડવાનું છે, બે દિવસ પછી રેલવેનું કામ શરુ કરવાનું છે. વચ્ચે આટલું વહેલું રોકાવું ના પોસાય.' ચોકીદાર બોલ્યો.

'આ બધાયની વાતું સાંભળી એટલે મને ખબર પડી કે સરકારી બોકડા ફસાણા છે અને રેલવેનું કામ છે એટલે ડુંગરા ખોદવા માટે દારૂ ગોળો હશે, મને શું ખબર કે કંપની સરકાર આ કેદીઓનો ઢાંકો ઢુંબો કરીને જામજોધપુર રેલવેના પાટા ખોદાવવા લઇ જતા હશે. આટલી વાત સાંભળી અમે તો ઘોડાગાડી પહોંચે એ પહેલા જ બિલેશ્વર મહાદેવે પહોંચી ગયાં અને બસ બંને ચોકીદારોએ સુવાની ગફલત કરી અને અમે આખી ઘોડાગાડી જ લૂંટી આવ્યા. સવારે અજવાળામાં જોયું તો દારૂગોળાને બદલે આ બધાય નીકળ્યા. આટલા બધા આખી રાત પાછળ બેઠાં'તા એકેય બોઇલો હોય તો ખબર પડેને કે દારૂગોળાને બદલે ઘોડાગાડીની પાછળ માણહ ભરેલા છે.'

'આખી ઘોડાગાડી ઉઠાવતાં પહેલાં જોવાય નહિ?' જોધાભાઈ બોલ્યા.

'અંધારામાં થોડું દેખાય અને ઉતાવળે જોવાની કોશિશ કરેલી પણ પાછળ ખભાતી તાળું મારેલું હતું, વિચાર્યું સવાર પડ્યે અજવાળામાં જોશું.'

હાથકડી પહેરીને હુક્કો પીતા મુળુભાઈના ઢોલિયા સામે નીચે બેઠેલા કાસમના માનસ પટલ ઉપર આખો ઘટનાક્રમ પસાર થઈ ગયો. એ જે નારણસિંહને કલકતાથી નીકળ્યો ત્યારથી કોષતો હતો એ નારણસિંહતો એના માટે ફરિસ્તો નીકળ્યો. ખવડાવી પીવડાવીને હટ્ટો કટ્ટો બનાવીને એ મને કાળકોટડીની બહાર કાઢવા માંગતો હતો અને જયારે એ બીજા કેદીઓની સાથે પહેલાં વહાણ ઉપર ચડતો હતો ત્યારે નારણસિંહે જ એને બીજા વહાણમાં જવાનો

ઈશારો કરેલો. એ પહેલાં વહાણમાં બેસી ગયો હોત તો? કદાચ ઓસ્ટ્રેલિયા જેવી ગુમનામ જગ્યાએ કાળી મજૂરી કરતો હોત. ભલું થજો નારણસિંહનુંકે એના કારણે એ આ દેશમાંજ રહ્યો.

'મુળુ તમે જુવાનિયાઓ એ જે કર્યું તે, પણ આ બધાય કેદીઓ કંપની સરકારના દુશ્મન એટલે આપણા અંગત, આવા તૈયાર હટ્ટાકટ્ટા લડવૈયા કોણ આપે? કેદમાંથી છોડાવેલા છે એટલે જો પકડાય તો કાંતો મળે કાળાપાણીની સજા અને કાં મળે ફાંસીનો ફંદો.' જોધાભાઈ હૂકો ગગડાવતાં બોલ્યા.

વાઘેરો આમતો મૂળે લડાયક રાજપૂત કુળના અને એમાંય હિન્દુ વાઘેરોતો જમીનોના માલિક એટલે પોતાની જમીનમાં ખેતી કરે કે કરાવે અને મોકો મળે ત્યારે વડોદરાની ગાયકવાડ સરકારને પડકાર આપવા દૂર દૂરથી શ્રીદ્વારકાધીશના મંદિરે આવતા યાત્રાળુના સંઘને લૂંટી પણ લ્યે. બીજી બાજુ મુસલમાન વાઘેરોનો અરબી સમુદ્રમાં ખતરનાક સમુદ્રી ચાંચીયા તરીકે સરકારોને ખુલ્લો પડકાર. આવા જ એક પડકારના ભાગ રૂપે 1804 ની સાલમાં મુસલમાન વાઘેરોએ બે અંગ્રેજોને મારીને સુરતના વાણીયા વેપારીનું આખું વેપારી જહાજ લૂંટી લીધેલું પછી અંગ્રેજ સરકારે એક લાખ દશ હજાર રૂપિયાનો દંડ કરેલો અને એ દંડ વાઘેરો પાસેથી વસુલ કરાવવામાં અંગ્રેજ સરકારને પણ ફીણ આવી ગયેલા.

વટવાળા અને લડાયક ઓખામંડળના વાઘેરોમાં શું હિન્દૂ કે શું મુસલમાન? વાઘેરનો દીકરો હિન્દુ હોય અને મુસલમાન પણ હોય. વાઘેરોએ બાપદાદાથી વારસાઈમાં ચાલી આવતી જમીન અને કાળીયા ઠાકોરે દીધેલો દરિયો ખેડવા ગાયકવાડ સરકારની કે અંગ્રેજોની મંજુરી લેવી પડે? આ વાતે જ જ વાઘેરોને ગાયકવાડ સરકાર સાથે વાંધો, મારીને મરશું પણ અમારા હક્ક માટે શહીદ થઇ જાઈશું એવી વાઘેરના બચ્ચા બચ્ચાની ભાવના.

'જેટલા બધાયને પકડી લાઇવા છો ઈ બધાય વાઘેર.' બેટ દ્વારકા ગામના ગઢની અંદર, ઢોલિયા ઉપર બેસીને હુક્કો પી રહેલા વાઘેર કોમના મુખિયા જોધા માણેકે તળપદી કચ્છી બોલીમાં હુકમ કરી દીધો.

મૂળુભાઈને પહેલાતો બધા કેદીઓને જોધાભાઈ શું બોલ્યા એ તળપદી કાઠિયાવાડી હિન્દીમાં સમજાવ્યું પછી કાકાને કહ્યું કે કચ્છી બોલી આ સામે બેઠેલામાંથી કોઈ નહિ સમજે એટલે જોધાભાઈએ પણ જેવી આવડે એવી હિન્દીમાં બોલવાનું શરુ કર્યું.

'તમે જો હિન્દૂના દીકરાં હોય તો આ એકાવન ગજની ધજાવાળો કાળિયો ઠાકોર તમારો ધણી અને જો મુસલમાન હોય તો આ ઓખા મંડળની ધરાના સૂફી સંતો તમારા ધણી પણ તમે બધાય આજથી વાઘેર.' જોધાભાઈ એ જાહેર કર્યું.

'અને આ ઘડીએ જેને છોડીને વયા જાઉ હોય એને ઓખામંડળ બહાર જવાની છૂટ, પણ ગાયકવાડ સરકારની પોલીસ કે ફિરંગીઓ માથા વાઢીને લઈ જાય તો અમને નો કે'તા, પણ આયા રયો તો તમે વાઘેર અને હું તમારો મુખીઓ મંજુર હોય તો લાપસીના આંધણ મુકાવું અને કાળીયા ઠાકોરના નામે સોગંદ લેવડાવું.'

બધા કેદીઓની હા હતી પણ મુખિયા સામે બોલાય કે નહિ એમ સમજીને બધા ચુપ રહ્યા.

'કાકા ક્યે છે એની વાત સમજાણી હોય અને મંજુર હોય ઈ હાથ ઊંચા કરો અને ના મંજુર હોય એને પેટ ભરી ખવરાવીને મારા જુવાનિયાઓ ઓખામંડળની બહાર મૂકી જશે, બોલો મંજુર છે?' મુળુભાઈ બોલ્યા. કાસમ સહિત બધા જ કેદીઓને ખબર હતી કે તેઓની અત્યારે બેટ દ્વારકામાં છુપાઈને રહેવા સિવાય બીજો કોઈ ઉપાય નથી અને આ પ્રણ લેવામાં ક્યાં કોઈ ધર્માન્તર કરવાનું હતું, ખાલી વાઘેર કોમ તરીકે ઓળખવાનું હતું અને જોધાભાઈને વાઘેરોના મુખી માનવાના હતા. આ કારણથી બધાએ હાથ ઊંચા કરીને હકારમાં ડોકાં હલાવ્યા.

'મૂળું ઘરમાં કહેવડાવીદે કે લાપસીના આંધણ મૂકે, આજથી આ બધાય આપણા વાઘેર ભાઈયું' જોધાભાઈ એ જાહેરાત કરી અને તૈયારીઓ શરુ થઇ ગઈ.

કાસમ સહિત લગભગ દરેક કેદીઓને પ્રશ્નો હતાં પણ આજુબાજુની પરિસ્થિતીને અનુકૂળ થાય ત્યાં સુધી રાહ જોવાનું વિચારી જોધભાઈના હુકમનું પાલન કરવાનું મુનાસિબ માન્યુ. બધા કેદીઓની હાથ કળીઓ ખોલવામાં આવી પછી કાળીયા ઠાકોરના મંદિરની દિશા બાજુ મોઢું રાખી બાજોઠ ઉપર બેસાડી તુલસીપત્ર અને ગંગાજળની સાક્ષીએ જોધાભાઈએ સોગંદ વિધિ શરુ કરાવી.

'પહેલી સોગંદ, વાઘેરકોમનો વટ અને સંસ્કૃતિ જાળવી રાખવાં માટે ગાયકવાડ અને અંગ્રેજ સરકારના સૈનિકોને જરૂર પડે તો મોતને ઘાટ ઉતારી દઈશ.' જોધાભાઇ બોલ્યા એટલે અગાઉ સમજાવ્યા પ્રમાણે દરેક કેદીએ તુલસી પત્ર અને ગંગાજળનું અર્ધ્ય ધરતીમાંને આપ્યું.

'બીજી સોગંદ, ઓખામંડળના વાઘેરો કોઈની હકુમતમાં નથી એ સાબિત કરવા યાત્રાના સંઘને કે આપણા દરિયામાં નીકળેલા વેપારી વહાણોને જયારે પણ મોકો મળે ત્યારે લૂંટી લેવા.'

'ત્રીજી સોગંદ, કોઈ નિર્દોષ પ્રજાનો જીવ નો લેવો.'

'ચોથી સોગંદ, જોધામણેકને ઓખામંડળનો મુખિયો અને રાજા માનવો.' આ સોગંદ મુળુભાઇએ લેવડાવી.

કાસમ સહીત બધા જ કેદીઓ એ ચારે ચારે સોગંદ પુરી કરી તે ઘડીથી કંપની સરકાર દ્વારા જન્મટીપની સજા પામેલો કાસમ ઇબ્રાહિમ બની ગયો ઓખામંડળનો કાસમ વાઘેર.

'હવે સાંભળો બધાયે સોગંદ લઇ લીધા એટલે એક વાત કરી દઉં.' જોધાભાઈ બોલ્યા.

'એય કાકા કાઇંક ક્યે છે સાંભળો.' બે વાઘેર યુવાનો અંદરો અંદર વાત કરતા હતા એને મુળુભાઈએ ટોક્યા.

'બેટ દ્વારકા ગામમાં હજુ પણ ગાયકવાડ સરકારનું રાજ છે, હું અને મુળુતો અમરાપર ગામથી જરૂર પડ્યે આવ જા કરીયે એટલે તમારે બધાયે અહીં જાળવીને રહેવાનું છે. તમે કંપની સરકારના જનમટીપના કેદી છો એટલે જો કોઈ સરકારી સિપાઈ કે જમાદારની ઝપટે ચડ્યા તો તમને કોઈને ફાંસીનો ફંદો સગો નહિ થાય.' જોધાભાઈએ બેટ દ્વારકાની પરિસ્થિતિનો ચિતાર આપ્યો.

'એટલે કાકા એમ કે'વા માંગે છે કે જાહેરમાં બહુ ખુલ્લા થઇને નો ફરવું અને કોઈ પૂછે તો કહેવું કે જાત્રાળુ છીએ, તમને ગમે ત્યાં રખડવાની છુટ છે કારણ કે તમે બેટ છોડીને ક્યાંય ભાગી જાશો એની અમને કોઈ ચિંતા નથી. બાકી ખાવા પીવાનું આયાં થઇ જાશે અને રહેવામાં ધરમશાળા એટલે તમે અમારા મહેમાન.' મુળુભાઈએ પુરી ચોખ પાડી દીધી.

કાસમ અને કેદીઓ સમજી ગયા કે જીવ બચાવવો હશે તો અસલી વાઘેર જેવા દેખાઈને જ રહેવું પડશે.

'તારી જીભેથી અત્યાર સુધી કડવાહટ સિવાય એક વાત નીકળી નથી, અમને તારું નામ પણ મુળુભાઈએ તારી પાસે બોલાવ્યું ત્યારે ખબર પડી.' વર્ષોના વહાણાં વાયા પછી પોતાને સ્વતંત્ર અનુભવી રહેલો કાસમ બેટ દ્વારકાના દરિયા કાંઠે ખુન્નસથી ભરેલા ઇસ્માઈલ સાથે કાંઇક વાતની શરૂઆત થાય એવું ઈચ્છતો હતો. લાપસીના આંધણ જમાડી દીધા પછી જોધાભાઈ તરફથી બધા જ કેદીઓને બેટ દ્વારકાના દરિયે હરવા ફરવાની છૂટ મળી ગઈ હતી.

‘હવે નામ ખબર પડી ગઈ ને?’ ઇસ્માઈલ એટલુ જ બોલ્યો.

‘જો આપણે બંને મુસલમાન એટલે આપણા ભાગમાં દરિયો આવ્યો, મારો તો દરિયાનો બહોળો અનુભવ છે. તારો?’ કાસમ બોલ્યો.

‘મારો? મારો અનુભવ ધનોત પનોત કાઢવાનો.’ ઇસ્માઈલ ટૂંકુંને ટચ બોલી એની વાત પુરી કરતાં બોલ્યો.

‘ધનોત પનોત?’ કાસમને સમજાણું નહિ.

‘મારો અનુભવ પીંઢારાનો.’ ઇસ્માઈલ બોલ્યો.

‘પીંઢારા?’ કાસમ પાછો ગૂંચવાયો.

‘એ હવે બીજા કોઈને પૂછી લેજે.’ કહેતો ઇસ્માઈલ ગામના દરવાજા તરફ પાછો વળી ગયો.

‘અરે પણ ઇસ્માઈલ, સાંભળ તો ખરો.’ કાસમે ઇસ્માઈલને રોકવાનો પ્રયત્ન કર્યો.

‘તું પ્રશ્નો પૂછીને નખ્ખોદ વાળે છે.’ પાછળ ફર્યા વગર બોલી ઇસ્માઈલ જતો રહ્યો.

એ જતો રહ્યો એટલે કાસમ એકલો પડ્યો એણે તો કોણ જાણે કેટલાં વરસથી આવો આથમતો સુરજ નો’તો જોયો કે નો’તો સાંભળ્યો આવો પક્ષીઓનો કલબલાટ. એણે દરિયાને કાંઠે કાંઠે ચાલીને ખુબ લાંબી લટાર મારી, દરિયા કિનારે નાની નાની જેટીઓએ લાંગરેલી નાની મોટી હોડીઓ અને વહાણોને નીરખતો એ કેટલું ચાલ્યો એનો અણસાર આવે એ પહેલા એણે મુળુભાઈને એની ટોળી સાથે એક ધક્કા ઉપર ઉભેલા જોયા એટલે એ મળવા માટે આગળ વધ્યો.

‘આવ આવ કાસમ, તારા બીજા સાથીઓ ક્યાં?’ કાસમ નજીક આવતાજ મુળુભાઈએ આવકાર્યો.

‘એ ક્યાં મારા સાથીઓ હતાં? પંદર દિવસ સાથે દરિયામાં મુસાફરી કરી એમાં પણ કોઈની સાથે નાની અમથી વાત કરો તોય ચાબુક પડતી અને ઘોડાગાડીમાં બોલવાનો સમય મળ્યો એ પહેલાતો તમારી લોહી નીંગળતી તલવાર જોઈ લીધી એટલે પાછી બોલતી બંધ થઇ ગઈ.’ કાસમે ગંભીર વાતને એકદમ આસાનીથી કહી દીધી.

‘તું બીજા કેદીઓ જેવો ખૂંખાર નથી લાગતો, તું આ બધા વચ્ચે કેવી રીતે ફસાઈ ગયો?’ મુળુભાઈએ પૂછ્યું.

‘મુળુભાઈ એ બહુ લાંબી વાત છે, સમય મળે એટલે માંડીને વાત કરીશ પણ મને ઓલો ઇસ્માઈલ કહેતો’તો કે ઈ પીંઢારો હતો, પીંઢારા એ નામ મેં પહેલી વાર સાંભળ્યું.’ કાસમને ખુન્નસથી ભરેલાં ઇસ્માઈલનો ઇતિહાસ જાણવો હતો.

‘અત્યાર સુધી તું કઈ દુનિયામાં જીવતો હતો ભાઈ, કે તે પીંઢારાનું નામ નથી સાંભળ્યું?’ મુળુભાઈને નવાઈ લાગી.

‘નાનપણ મુંબઈમાં, સમજણો થયો ત્યાં વગડામાં ખેતરે, મોટો થયો ત્યારે દરિયો ખેડ્યો અને પછી તો જનમટીપ. હવે તમે કયો આમાં મને ક્યાંથી ખબર હોય?’ કાસમ બોલ્યો.

‘પીંઢારા એટલે ખરા લૂંટારા, એનો વિશ્વાસ નો કરાય. સારું કીધું તે ઇસ્માઈલની વાત કરી મારે ધ્યાન રાખવું પડશે. આમ તો આપણને પણ ઓખામંડળની બહાર બધાય લૂંટારા તરીકે જ ઓળખે છે. આપણે લૂંટારા નથી આપણે બળવાખોર વાઘેર છીએ અને આપણી દુશ્મની ગાયકવાડ અને કંપની સરકાર સાથે છે. આપણે કોઈને લૂંટીયે તો પણ સરકારને નીચું દેખાડવાં લૂંટીયે એટલે જ તો જોધાકાકાને ઓખામંડળની પ્રજાએ દિલમાં બેસાડેલા છે.’ મુળુભાઈ બોલ્યા.

‘એમ નહિ તો પીંઢારા ખરા લૂંટારા એનો અર્થ શું?’

'જો પીંઢારા મોટાભાગે મુસલમાન જ હોય, કારણકે કોઈ હિન્દૂનું લોહી પીંઢારો થઈ જ નો શકે. કારણ વગર કોઈને લૂંટીને મારી નાખવા, અબળાઓની લાજ લૂંટવી, નિર્દોષ બાળકોને મોતને ઘાટ ઉતારવાં અને સાથે લઇ ના જઈ શકાય એ જાનમાલને સળગાવી નાખવાનો એ બધું પીંઢારાઓનું કામ. પીંઢારાઓ મોટાભાગે થોડાક પૈસા કમાવા સાટુ રાજાઓ માટે કામ કરે, જે નિર્દોષ પ્રજાને રંજાડવાનું રાક્ષસી કામ રાજા નો કરી શકે એ કામ પીંઢારાઓને સોંપી દે. ભાઈ તું પણ મુસલમાન છો એટલે ખોટું ના લગાડતો પણ સાચી વાત સૌને કડવી લાગે.' મુળુભાઈએ વાત કરીને નિઃશાસો નાખ્યો.

'ના મુળુભાઈ મને ખોટું શું કામ લાગે? મેં દરિયાઇ ચાંચીયા વિષે સાંભળ્યું છે પણ એય સામેથી વાર કરે અને આ પીંઢારા તો મને લાગે છે કે દગાખોરી કરીને પ્રજાને લૂંટતાં હશે.' કાસમે અનુમાન કર્યું.

'હવે એ બધી વાત છોડ, પેલું વહાણ જો તને કેવું લાગે છે?' ધક્કા ઉપર ઉભા ઉભા જ મુળુભાઈએ દૂર લાંગરેલું ત્રણ શઢવાળુ નાનું વહાણ કાસમને બતાવ્યું.

'મને તો આનાથી દશ ગણા મોટા જહાજનો અનુભવ છે, આવડા નાના વહાણને તો હું મારી આંગળીયે નચાવી શકું.'

'એય એક નાવડી તૈયાર કર મારે કાસમને અંદર જોવા લઇ જવો છે.' મુળુભાઈએ કહ્યું એટલે બે યુવાનો દોડીને જેટીના છેડે ગયા અને એક હોડીને તૈયાર કરી.

'એ હાલો મુળુભાઈ.' હોડી તૈયાર થતા જ હાકલ પડી.

'તમે બધાય આયા રયો, હું કાસમને બતાવીને આવું.' કહી મુળુભાઈએ કાસમને ઈશારો કર્યો અને બંને ચાલ્યા હોડી તરફ.

'જો કાસમ બધાની વચ્ચે વાત નો કરાય એટલે હું તને અહીં લઇ આવ્યો.' બંને હોડી ચલાવતા વાઘેર યુવાનોને નીચે છોડીને મુળુભાઈએ કાસમને વહાણના તૂતક ઉપર વાતો કરતાં કહ્યુ.

'હા બોલોને મુળુભાઈ.'

'જો ઓખામંડળમાં બધા જ વાઘેરો જોધાકાકાને ખરા દિલથી વાઘેર કોમનો મુખીયો માનતાં નથી, ખાસ કરીને દરિયામાં ખેપ મારીને વાઘેરોના નામે લૂંટી ખાવા વાળા લૂંટારાઓ. જોધાકાકાની લડાઇ એ વાઘેરોના હક્કની લડાઈ છે અને એ લડાઈ લડવા માટે માલ જોઈ. જમીન ઉપર તો મારાં જુવાનિયાઓ કોઈને પણ ભારે પડે એવા છે પણ દરિયામાં અમારો વધારે અનુભવ નથી.' મુળુભાઈએ કાસમને જરૂર પૂરતી જ વાત કરી પરિસ્થિતિની સમજણ આપી.

'હક્કની લડાઈમાં તો ભેગા થઇને મુકાબલો કરો તો જ સફળ થવાય.'

'ગામ હોય ત્યાં ઊકેળો હોય જ, અમારે એક વાઘેર છે દેવો છબાણી. એક વાર બે ફિરંગી બાયુને ઉપાડી લાઈવો'તો જોધા કાકાએ કહેવડાવેલું કે અબળા બાયુને છોડી દે, ફિરંગીઓ હારે અંગત દુશ્મનાવટ નો બાંધ પણ માઈનો જ નહિ એટલે અમે માણેકોએ એની હારે અન્નજળ બંધ કરી દીધા છે. એની ઓખામંડળના દરિયામાં મોટી ધાક છે.' મુળુભાઈએ કહ્યું.

'મુળુભાઈ, હું તમારી આ હક્કની લડાઈમાં કેવી રીતે મદદ કરી શકુ એ હુકમ કરો.' વાઘેરોએ એના ઉપર અજાણ્યે કરેલા અહેસાનનો બદલો કાસમ ભૂલી જાય એવો હલકટ નો'તો.

'આ લૂંટેલું વહાણ છે એને તું સંભાળ અને દરિયામાંથી માલ ભેગો કર.' મુળુભાઈ બોલ્યા.

'પણ મુળુભાઈ આતો વેપારી વહાણ છે આને લડાયક વહાણ બનાવવું પડે.' કાસમ વહાણ ઉપર નજર ફેરવીને બોલ્યો.

'હા તો શું ફેરફાર કરવા પડે ઈ કહે? અને તારે ફેરફાર કરવા માટે શું જોઈ ઈ કહે?' મુળુભાઈ કાસમને દરેક રીતે મદદ કરવાં તૈયાર હતાં. કાસમની ખુલ્લીને વાત કરવાની રીત મુળુભાઈને ગમી ગઈ હતી.

'મને પાંચ વિશ્વાસુ સુથાર અને એક લુહાર આપો એટલે હું કામ ચાલુ કરી દઉં.' કાસમે મુળુભાઈને ખાત્રી આપી.

'એ મળી જશે, બીજું કાંઈ?' મુળુભાઈ આત્મવિશ્વાસથી બોલ્યા.

'અને થોડો સમય.' કહીને કાસમ હસ્યો અને એના હસવાથી મુળુભાઈ પણ હસી પડ્યા.

બંને પાછા ધક્કા ઉપર આવવા નીકળ્યા.

'કાકા એવા વાવડ મળ્યા છે કે, આપણા કેદીઓને પોરબંદર સ્ટેટના સિપાઈઓ બરડા વિસ્તારમાં ગોતે છે.' મુળુભાઈએ કેદીઓની વાત જોધાભાઈ પાસે ઉખેડી. અમરાપર ગામના ઘરે ફળિયામાં ખાટલો નાખીને એ હૂકો ગડગડાવી રહ્યા હતા. 'ઈ જાન વાજતી ગાજતી બેટ દ્વારકા આપણી ઘરે આવે ઈ પહેલા મારો કાળીઓ ઠાકોર વાઘેરના દીકરાઓને એક મોકો આપી દેશે.' જોધાભાઈ તો બેટ દ્વારકામાં બળવો કરવા માટે મોકાની શોધમાં જ હતા.

'અને આપણું જે વહાણ ધૂળ ખાતુ હતું એને મેં કાસમને મરામત કરવા માટે સોંપી દીધું છે.'

'મને કાસમ ઢીલો લાગે છે, દરિયામાં ચાંચીયાગીરી કરવી હોય તો કડક માણાહ જોઈ. મને ઓલો પડછંદ ઈસ્માઈલ બરોબર લાગે છે એને તું ઈ વહાણનો ટંડેલ બનાવી દે.'

'કાકા, ઈ ઈસ્માઈલનો ભૂતકાળ બરોબર નથી, એ પીંઢારાની ટોળીમાં હતો અને કંપની સરકારે ઈ ટોળીને વીખી નાખી અને એમાં આ પકડાઈ ગયો અને જન્મટીપ પડી, એનો વિશ્વાસ કરાય એવું નથી.'

'તને જેમ ઠીક લાગે એમ પણ પૂરો વિશ્વાસ તો કોઈનો નો કરવો.' જોધાભાઈએ ભત્રીજા મુળુને ડહાપણની વાત કહી.

'રૂપાનો પ્રેમ ઠુકરાવવાં ને બદલે શેઠને ના કહી દીધી હોત તો? એ પણ ઠીક નારણસિંહ ફરિસ્તો થઈને ના આવ્યો હોત તો? એક નાની અમથી ભૂલે એને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધો?' વિચારોના વમળોમાં અટવાયેલો કાસમ વધુ અટવાય એ પહેલા વહાણ ઉપર કામ કરતો એક સુથાર બોલાવવા આવ્યો.

'કાસમભાઈ, તમે કીધું એવું ચોરખાનુ બનાવી દીધું આવીને જોઈ લ્યોને.' વહાણના કઠેડે ટેકો દઈને બેઠેલા કાસમને સુથારે કહ્યું.

'હા ચાલો.' કહેતો કાસમ સુથારની પાછળ ચાલ્યો.

એ કઠેડાથી ઉભો થઇ ને ભંડકિયામાં જવા જતો હતો ત્યાં જ મુળુભાઈ ડેક ઉપર લોખંડ ઢાળીને બનાવેલી તોપનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

'મેં સાંભળ્યું છે કે ચાંચીયાઓના વહાણોમાં તો બંને બાજુએ ઘણી બધી તોપુ ફિટ કરેલી હોય, આ નાનકડી તોપ હાલે?' મુળુભાઈને ડેક ઉપર ખાલી એક નાની હાથેથી ચાલી શકે એવી તોપ રાખવાનો તર્ક સમજાણો નહિ એટલે પૂછ્યું.

'આપણે ક્યાં મોટા જહાજો લૂંટવાના છે? આપણે તો નાના મોટાં વેપારી વહાણોને જ શિકાર બનાવવાના છે એટલે આ નાની તોપનો ચેતવણીનો ભડાકો જ પૂરતો છે. આપણે બંને બાજુએ તોપુ છે એવો વહેમ પડે એવા બનાવટી ઢાંકણાં બનાવ્યા છે એટલે કોઈ દૂરબીનથી જુએ તોય પાછળ તોપુ હશે એવો વહેમ પડે જ.' કાસમે વહાણ ઉપર ફક્ત એક જ ટોપ રાખવાનો તર્ક મુળુભાઈને સમજાવ્યો.

'તું કે'તો હતો કે અમુક ચોરખાના પણ બનાવ્યા છે.'

'હા ચાલો એ નીચે છે.' આમ કહીને કાસમ મુળુભાઈને વહાણના ભંડકિયામાં લઇ ગયો.

'વાહ આ નીચે તો બધું સરસ આરામદાયક બનાવી દીધું છે ને.' વહાણમાં કરેલા ફેરફારો જોઈને મુળુભાઈને આશ્ચર્ય થયું.

'આ પહેલા ટંડેલની કેબીન હતી એમાં ફેરફાર કરાવ્યા, આ જ રૂમમાં કિંમતી માલ સમાન ભરવા માટે, જરૂર પડે તો છુપાઈ જવા માટે અને કટોકટીમાં આવી પડે તો સૂકો ખોરાક ભરી શકાય એવા ચોરખાના પણ બનાવ્યા છે. આ ચોરખાનાઓની તમારાં વિશ્વાસુ સુથારો, લુહાર અને ખુદ તમારાં સિવાય કોઈને ખબર નથી.'

'વાહ કાસમ, તેં તો કમાલ કરી દીધી.' મુળુભાઈ કાસમની પીઠ થપથપાવતા બોલ્યા.

'મુળુભાઈ આ વહાણનું કાંઈક નામ રાખવું પડશે.' મુળુભાઈના પ્રોત્સાહનથી કાસમને પણ એની મહેનત લેખે લાગી હોય એવું લાગ્યું.

'એના માટે કાકાને પૂછીશું, પછી નક્કી કરીયે. મારા સાથીઓ પણ હવે પૂછવા લાગ્યા છે કે મોસમ ખુલવાની છે તો હવે આ પુરે પૂરું ક્યારે તૈયાર થઇ જશે?' મુળુભાઈને પણ હવે આ નવા વહાણને કામે ચડાવવાની ઉતાવળ હતી.

'આ વધારાના કૂવાથંભ નખાવ્યા છે એટલે આની એક લાંબી ખેપ મારવી પડશે પછી આને દરિયો ખેડવાની છૂટ આપી શકાય.' કાસમને પણ એ જાણવાની ઉતાવળ હતી કે એના અનુભવથી કરાવેલા ફેરફારોથી વહાણની ગતિમાં શું ફરક પડે છે.

'તો એક દિવસ કર નક્કી એટલે સારું મુહૂર્ત જોઈને કરીયે કંકુના.' મુળુભાઈ કાસમની વહાણ ઉપર કરેલી રાતદિવસની મહેનતથી ખુશ થતા બોલ્યા.

'તો ભાઈયું શું નામ રાખશું? મુળુ ક્યે છે એમ, કાસમે તો વહાણને વીજળીના ચમકારાં જેવું તેજ બનાવી દીધું તો ચમક નામ રાખીશું?' જોધાભાઈએ નામ માટેનો પ્રસ્તાવ રાખ્યો.

જોધાભાઈનો બોલ કોણ ઉથાપે? કાસમે મહેનત કરીને બનાવેલ વહાણનું નામ નક્કી થઇ ગયું ચમક.

કાસમ પણ હાજર હતો, એને ઇસ્માઈલ સામે જોયુ ઇસ્માઈલના ચહેરા ઉપર ખુશીને બદલે ખુન્નસ હતું, કાસમને મળતું માન ઇસ્માઈલને કદાચ મંજુર નો'તુ.

'અને કાસમ ચમકનો ટંડેલ.' ઇસ્માઈલના ખુન્નસ ઉપર ખીલ્લો ઠોકાય એવું જોધાભાઈનું બીજુ ફરમાન આવ્યું.

બધાએ તાળીઓ પાડીને જોધાભાઈના નિર્ણયને વધાવી લીધો.

'સાંભળો, સાંભળો. ચમક ઉપર બંદૂકધારી તરીકે ઇસ્માઈલ રહેશે.' ઇસ્માઈલને ભાવતું

મળ્યું, ખાંડાની ધારે ચાંચિયાગીરી થતી એમાં ઇસ્માઈલને બંદૂક આપીને જોધાભાઈએ ઇસ્માઈલના કાસમ પ્રત્યેના ખુન્નસને કાબુમાં લેવાની સફળ કોશિશ કરી.

દરિયો ખેડવાની મોસમ ખુલી ગઈ હતી, ચમકે પહેલી ખેપના પહેલા શિકાર તરીકે ઓખામંડળના દરિયામાં ઊંડાણે એક હજ કરવાં જતા વહાણને તોપના એક જ ભડાકે આંતર્યું.

ચમક વહાણનો ટંડેલ કાસમ હજુ કાંઈ સૂચના આપે એ પહેલા તો ઇસ્માઈલ ઉભા રખાવેલા વહાણમાં ખભ્ભે ટિંગાળેલ મસ્કેટ બંદૂક સાથે દોરડે લટકીને પહોંચી ગયો, એનું એવું સાહસ જોઈને બીજા વાઘેરના યુવાનો પણ એની પાછળ ખુલ્લી તલવારો લઇને ખાબકી પડ્યા.

બુકાનીધારી ચાંચિયાઓને આવી રીતે ટપોટપ દોરડે કૂદીને ડેક ઉપર પહોંચી ગયેલા જોઈ હજ યાત્રીઓ અને એની સાથેના નાનામોટાં હથિયારધારીઓ ઊંઘતા ઝડપાઇ ગયા હોય એમ અવાચક જેવા થઇને હથિયાર હેઠાં મૂકીને શરણે થઇ ગયા.

‘બધા જ સઢ ઉતારી નાખો.’ કાસમે હુકમ કર્યો એટલે અગાવથી નક્કી કર્યા પ્રમાણે ફટાફટ સઢ ઉતરી ગયાં અને એક યુવાન કૂવાથંભ ઉપર કંપની સરકાર કે ગાયકવાડ સરકારના સગડ રાખવા માટે ચડી ગયો.

‘ના એ હું નહિ આપું, એ મારી જન્નત નસીન બીવીની અમાનત છે.’ લૂંટનો માલ ભેગો કરવાં કપડાંની જોળી સામે રાખીને ઉભેલા બુકાનીધારી યુવાનને આનાકાની કરતો એક વૃદ્ધ બોલ્યો.

‘ચલ લાવ હવે.’ કહેતાં બુકાનીધારીએ હાથમાં પકડી રાખેલું નાનું પોટલું જોરથી ખેંચ્યું અને ખેંચાખેંચીમાં વૃદ્ધ નીચે પડી ગયો.

વૃદ્ધના અચાનક નીચે પડી જવાથી એની યુવાન છોકરીએ પણ એના અબ્બુને સાથ આપવા જપાજપી શરુ કરી. આ જોઈને આજુબાજુના હજ યાત્રીઓ પણ એકઠા થઇ ગયા અને બુકાનીધારી સાથે ઝપાઝપી કરવા લાગ્યા. બુકાનીધારીએ બીજા યુવાનોને બૂમ પાડી બોલાવ્યા અને હજ યાત્રીઓ અને બુકાનીધારી વાઘેરના યુવાનો વચ્ચે અફડાતફડી મચી ગઈ. વૃદ્ધ પોતાનું પોટલું છોડવા તૈયાર નો’તો એટલે ભેગાં થઇને બધા જ એને ગડદાપાટુનો મરણતોલ માર મારવા લાગ્યા. ઇસ્માઈલની બંદૂક ખાલી હતી એને ફોડવી પડશે એવું ધારેલું નહિ પણ અત્યારે જરૂર પડી એટલે એણે બંદૂકમાં દારૂ ભરીને ખાંડવાનું શરુ કર્યું. કાસમે જોયું ઇસ્માઈલની હરકત ઉપરથી તો લાગતું હતું કે એ ઝપાઝપી કરી રહેલા વૃદ્ધને અથવા તો એની છોકરીને ગોળીએ દેવાની તૈયારી કરી રહ્યો હતો. મરણતોલ ગડદાપાટુ ખાઇને પણ વૃદ્ધ હજયાત્રી અને એની છોકરી સમાનનું પોટલું છોડવા તૈયાર ના હતાં. બંદૂક તૈયાર થઇ એટલે ઇસ્માઈલે બંદૂકનું નાળચું ઊંચું કર્યું અને ભડાકો કરવા માટે તૈયાર કરી. કાસમે ઇસ્માઈલની આંખોમાં ભડાકો કરવાનું જનુન જોયું એટલે એણે એક આંચકે ઇસ્માઈલના હાથમાંથી બંદૂક ઝૂંટવી લીધી અને ઝપાઝપી કરી રહેલા વૃદ્ધના લમણે રાખી દીધી. બંદૂકનું ઠંડુ ગાર નાળચું લમણે અડ્યું એટલે હજયાત્રીએ સામાનનું પોટલું છોડી દીધું અને કાસમે પોતાના યુવાનોને બંદૂકનું નાળચું બતાવી ચમક ઉપર પાછા ફરવાં ઈશારો કર્યો.

‘બધાની સામે આમ બંદૂક આંચકવાની શું જરૂર હતી? ઈશારો કર્યો હોત તો આપી દેત.’ ચમક ઉપર પાછા પહોંચતાજ કાસમ ઉપર ધુંવાફુંવા થઇ ગયેલ ઇસ્માઈલ પગ પછાડતો બોલ્યો.

'ટંડેલને યોગ્ય લાગ્યું તેમ કર્યું.' કાસમ એકદમ ઠંડા કલેજે બોલ્યો, ઇસ્માઈલ કાસમ પાસેથી ભૂલ સ્વીકારવાને બદલે ઠંડો જવાબ સાંભળી પગ પછાડતો ભંડકિયામાં ચાલ્યો ગયો.

કાસમ વાઘેરની આ પહેલી દરિયાઈ ચાંચિયાગીરી સફળ તો રહી પણ એક દુશ્મન ઉભો કરીને જ જંપી.

'આવ કાસમ આવ.' ફળિયામાં ઢોલિયા ઉપર રાહ જોઈને બેઠેલા કાસમને જોઈ ઓસરીમાંથી બહાર નીકળતા જોધાભાઈએ આવકાર્યો.

કાસમની સામેજ રજાઈ પાથરેલા ઢોલિયા ઉપર બેસી એણે બાજુમાં રાખેલા હુક્કામાંથી એક બે ઊંડી સટો લીધી.

'એય ભોજા, અંદરથી બે લોટા કઢીયલ દૂધના લેતો આઇવ.' જોધાભાઈનો હુકમ સાંભળી ઢોલિયાની બાજુમાં ઉભેલો ભોજો દોડાદોડ અંદર ગયો.

'કાસમ મેં તને એક ખાસ વાત કરવા બોલાઇવો છે.' જોધાભાઈએ વાત શરુ કરી.

'બોલોને જોધાભાઈ તમારો હુકમ સર આંખો ઉપર.' કાસમ બોલ્યો.

ભોજો પાછો આવ્યો અને કાંસાની થાળીમાં બે કઢીયલ દૂધથી છલકતા બે લોટા લાવી એક જોધાભાઈના ઢોલિયા પાસે રાખ્યો અને એક કાસમને આપ્યો.

'કાલે તમને સારો દલ્લો હાથમાં લાગી ગયો.' જોધાભાઈની હુક્કાની ગડગડાટી ચાલુજ હતી.

'હા બધાએ કિંમતી સામાન ભેગો કરવામા મહેનત પણ બહુ કરી.' કાસમ દૂધનો ઘૂંટડો ભરવાં જતો હતો ત્યાં જ જોધાભાઈએ પૂછ્યું એટલે અટકીને બોલ્યો.

'મારે એનીજ વાત કરવી છે.'

'જરૂર હુકમ કરો અને કાંઈ ભૂલ થઇ હોય તો જરૂર બતાવજો.'

'એવી કોઈ મોટી ભૂલ નથી પણ મને વાવળ મળ્યા કે તું ઈ હજ કરવા જાતા વહાણ ઉપર થોડો ઢીલો પડ્યો, નીકર કોઈ માઇનો લાલ ચાંચીયા લૂંટતા હોય ઇમાં હાથ ચાલાકી શું લેવા કરે?'

'પણ...જોધાભાઈ...' કાસમ જવાબ આપવા માટે બોલવા જતો હતો ત્યાં જ જોધાભાઈએ એને અટકાવ્યો.

'કાસમ તને ખબર છે? ઓરંગઝેબના કાળમાં જયાં આખા હિન્દુસ્તાનમાં એની હકુમત હાલતી એ ટાણે પણ ઘા મારવાનો થાય ત્યારે વાઘેરના દીકરાઓ મુંબઈ-સુરતના વાણિયાઓના વેપારી વહાણો અને હજ કરવા જાતા વહણો ચપટી વગાડતાં લૂંટી લેતા. એની સરખામણીએ આ મગતરા જેવી ગાયકવાડ સરકારનું શું ગજું? જો ચાંચીયા થઇને ક્રૂર અને ડરામણાં નો થાવ તો જાત્રાળુમાં બીક જ નો બેસે અને જો જીવ જાવાની બીક નો હોય તો લૂંટ કેમ સફળ થાય? બીવડાવવા માટે એકાદને મારીને દરિયામાં નાખી દેવો પડે તો કાળીયા ઠાકોરના નામે પધરાવી દેવાનો. આ ઓખામંડળની ધરા વાઘેરકોમના બાપદાદાએ બાવડાંના જોર ઉપર લીધી છે એમાં નથી ગાયક્વાડનો હક્ક કે નથી ફિરંગીઓનો હક્ક. ઓખામંડળના દરિયામાં વાઘેર ચાંચિયાનું નામ પડે તો મોટો ભૂપ પણ ઊભા ઊભા ધોતિયું ભીનું કરી દેવો જોઈ, આવી ધાક મારે બેસાડવી છે.' જોધાભાઈએ વાઘેર ચાંચિયાઓનો ઇતિહાસ કાસમને એક ઝાટકે બતાવી દીધો.

'પણ જોધાભાઈ, તમને જેને તમને ફરિયાદ કરીને; એણે એક જુવાન દીકરીને ગોળીએ

દેવાની તૈયારી કરી હતી, એની આંખોમાં મેં નિર્દોષ હજયાત્રીને ખાલી ખોટો ભડાકે દેવાનું જનુન જોયું એટલે મેં એની પાસેથી બંદૂક આંચકી લીધી. ખાલી નાળચું કપાળે અડાડીને કામ પતાવી દીધું.' કાસમે હકીકત બતાવી.

'છેડતીના વાવડ પણ મને મળ્યા અને મેં ઠપકો દીધો છે. વાઘેરનો દીકરો બેનું દીકરીયુંને ઉની આંચ નો આવવા દે. જો થોડા મહિના પહેલા પેલો દેવલો, મારો ભાઈ દેવો નહિ, દેવો છબાણી બે ફિરંગી બાયુંને ઉપાડી લાઈવો તો મે કહેવડાવેલું કે છોડી ડે, પણ નો માઈનો અને અમે માણેકોએ એની હારે અનજળ બંધ કરી દીધા'તા અને તેદીની ઘડીને આજનો દી બેટ દ્વારકાના બધાય વાઘેર એના નામ ઉપર થૂ....થૂ....કરે છે.'

'હવે તમારે નહિ કેવું પડે.' કહી ઔપચારિક વાતો કરીને કાસમે વિદાય લીધી. જોધાભાઈની મીટીંગે કાસમને ઇસ્માઈલ વિષે વિચારતો કરી દીધો અને એની ચમક વહાણના કેપ્ટન થવાની મહત્વાકાંક્ષા માટેનું રાજકારણ પણ સમજાઈ ગયું.

પ્રકરણ ૮

વિઘા



આજે ફરી એક વખત શિકારની શોધમાં કાસમનું ચમક વહાણ રેવાલ ચાલે ઓખામંડળના મધદરિએ આગળ વધી રહ્યું હતું. ચોમાસુ લગભગ પૂરું થવા આવ્યું હતું છતાં કાળાડિબાંગ વાદળો ઘેરાયેલ હતાં અને ઝરમર વરસાદ વરસતો હતો. શિકારના સગડ ગોતવા માટે કાળુ કૂવાથંભની ટોચે બનાવેલા હિંચકે બેઠો ફરતીકોર નજર રાખીને બેઠો હતો. ચમકના ભંડકિયામાં કાસમ અને સાથીઓ પેલી ધારના દેશી દારૂની મિજબાની માણી રહ્યા હતાં ત્યાં અચાનક…જ.

'કાસમભાઈ……' કાળુએ રાડ પાડી.

થોડીવારમાં ભંડકિયામાંથી કાસમ બહાર આવ્યો.

કાળુએ આથમણી બાજુ હાથ લાંબો કર્યો, કાસમ સડસડાટ કૂવાથંભ ચડીને ઉપર પહોંચ્યો. નરી આંખે હાથે છજ્જુ કરીને જોયું તો મધ્યમ કદનું વહાણ દૂર ક્ષિતિજ ઉપર દેખાતું હતું.

'કાળુ કંપની સરકારનો ઝંડો તો નથી ને? મને નથી દેખાતો.' કાસમે ચોક્કસાઈ કરવાં પૂછ્યું.

'ના કાસમભાઈ, મેં નીરખીને જોયું પછીજ તમને રાડ પાડી.'

'એ વાતનું ખાસ ધ્યાન રાખવું કારણ કે કંપની સરકારના વહાણો આપણને પકડવા ખેપુ મારતાં હોય છે.' બોલતાં, કાસમે રાડ પાડી, 'ઇસ્માઈલ….જગ્ગા….હરિયા….'. એ સડસડાટ કૂવાથંભની નીચે ઉતર્યો અને શઢની દિશા બદલાવી.

હાહા...હીહી….કરતાં થોડા નશાની હાલતમાં બધા ભંડકિયાની બહાર નીકળ્યાં. કાસમે ઈશારો કર્યો એટલે બધા પોતાને ગળે વીંટાળેલા કપડાઓથી બુકાનીઓ બાંધી તૈયાર થયાં. ચમકની ગતિ તેજ થઇ અને તોપ દાગવા માટે તૈયાર થઇ.

'………ધડામ………' અને ચેતવણી રૂપે દાગેલો તોપનો ગોળો ચમક ઉપરથી સનસનાટી કરતો જઈને પડ્યો સામેના વહાણની બાજુમાં.

તોપના અવાજથી આગળ વધી રહેલા વહાણનો શઢ ઉતર્યો અને એક ખલાસી હાથમાં સફેદ ઝંડો ફરકાવતો ડેક ઉપર આવીને ઉભો રહ્યો, જેવું ચમક નજીક પહોંચ્યું બધા બુકાનીધારીઓ હથિયારો લઇ દોરડે લટકીને બીજા વહાણના ડેક ઉપર કૂદી પડ્યા.

ઇસ્માઈલ પોતાની ભરેલી મસ્કેટ બંદૂક પકડીને સાવધાન થઇને ઉભો હતો, કાસમે વહાણના ડેક ઉપર એક આંટો મારી વહાણની આજુબાજુ જોઈને પરિસ્થિતિનું અવલોકન કર્યું અને પછી

શેઠ શાહુકાર જેવા દેખાતા આધેડની સામે રાખેલ બાંકડા ઉપર બેસી ગયો. બેસતાંજ તીરછી નજરે શેઠની દીકરી જેવી લાગતી છોકરીની નોંધ લીધી અને એની સુંદરતાની પણ.

કાસમે આજુબાજુ નજર ફેરવી, સીસમના લાકડાંની કલાત્મક કોતરણીઓ કરેલી થાંભલીઓને આધારે આખું છાપરું હતું. છાપરાની આજુબાજુની દીવાલો ઉપર મહાભારત અને રામાયણના ચિત્રો દોરેલા હતાં. વહાણને પહેલી નજરે જોતા કોઈનું ખાનગી વહાણ લાગતું હતું. શેઠની પાછળ એનો રસોયો અને બે ખલાસીઓ હારબંધ ઉભા હતા.

'ક્યાંથી આવો છો?' કાસમે શેઠનો ભારતીય પહેરવેશ જોઈને હિન્દીમાં પૂછ્યું.

'દક્ષિણ આફ્રિકાથી, આપ કાંઈ લેશો? ટી? મતલબ ચાય?' શેઠે જવાબ આપતાં પૂછ્યું. શેઠનું અનુમાન હતું કે કાસમ જેવા બુકાનીધારી વાઘેર ચાંચિયાએ જિંદગીમાં અમીર લોકોનું પીણું ચાય ક્યારેય પીધી નહિ હોય.

'તમને ખબર છે અમે કોણ છીએ?' કાસમે વાત ટૂંકાવતા પૂછ્યું.

'ઓખામંડળના વાઘેર વિષે ખુબ જ સાંભળ્યું છે અને આ ઓખમંડળનો દરિયો હોવાથી વાઘેર હશો એવું ધારું છું.' શેઠે શાંતિથી કહ્યું, શેઠની વાત ઉપરથી કાસમને લાગ્યું કે શેઠ દરિયાના જાણકાર માણસ છે.

'તો હવે તમને ખબર પડી જ ગઈ છે તો એ પણ કહીદો કે ઓખામંડળના દરિયામાં ખેપ મારવાનો તમારો હેતુ શું છે?'

'કુટુંબનું એક ધાર્મિક કામ પૂરું કરવા માટે અને દાન દક્ષિણા કરીને થોડું પુણ્ય કમાવા આવ્યા છીએ.' શેઠે દરિયો ખેડવાનો હેતુ કાસમને બતાવ્યો.

'દાન દક્ષિણા? તો તો કિંમતી સામાન ભરેલો હશે ભંડકિયામાં નીચે.' કાસમ બોલ્યો.

'ચાલો તમારા માણસોને કહી દો કે દાન દક્ષિણા આપવાનો ખજાનો બતાવે એટલે અમે લઇને ચાલતા થઈએ.' કાસમે કામની વાત કરી.

'પણ.....તમારું નામ શું?'

'ઓખામંડળનો વાઘેર એ નામ જ પૂરતું છે.'

'અમારી પાસે કેપ ટાઉનના બ્રિટિશ ગવર્નરનો સલામતીની ગેરંટીનો લેખિત હુકમ છે.' શેઠે કાસમને સમજાવવાની કોશિશ કરી.

'ઓખામંડળના દરિયામાં વાઘેરના દીકરાનો જ હુકમ ચાલે. બધા ફિરંગીઓને અને વાઘેરને બાપે માર્યા વેર છે.' કાસમ હજુ શેઠને સમજાવવાની કોશિશ કરી રહ્યો હતો અને ભરી બંદુકે બાજુમાં ઉભેલા ઇસ્માઈલને કાસમની સુફિયાણી વાતોમાં કોઈ રસ નો'તો. જોધાભાઈની સલાહનો ઊંધો મતલબ સમજેલો ઇસ્માઈલ ઓખામંડળના દરિયામાં વાઘેર ચાંચિયાઓની ધાક કેમ બેસે એ વિચારતો સમસમીને ભરી બંદૂકે ઉભો હતો.

'અમે જે આપીએ એ ભેટ સમજીને રાજી ખુશીથી લઇ જાવ એટલે બ્રિટિશ સરકારના ખોફથી બચી જશો અને હા અમે આપણી આ અચાનક મુલાકાતની વાત કોઈને પણ નહિ કરીયે.' શેઠે ઠરેલ અવાજમાં કાસમને ગર્ભિત ધમકી આપી.

'પણ શેઠ......' કાસમ હજુ કઈ વાક્ય પૂરું કરે એ પહેલા તો ઇસ્માઈલે ખેલ પાડી નાખ્યો.

'.........ધડામ.........' કરતી ઇસ્માઈલની મસ્કેટ બંદૂક ફૂટી અને સફેદ ખમીસ ઉપર મોટો લોહીનો ધબ્બો કરીને ગોળી સોંસરવી ઉતરી ગઈ શેઠની છાતીમાં.

શેઠની છોકરી, 'બાપુ..........' ચીસ પાડી ગાદી ઉપર ઢળી પડેલા શેઠને ટેકો આપવા દોડી.

શેઠને લોહીના ખાબોચિયામાં લથપથતાં જોઈને ખલાસીઓ અને રસોયો જીવ બચાવવાં

ભંડકિયા તરફ દોડ્યા. ખુબ જ નજીકથી ફૂટેલ બંદુકે કાસમના કાનમાં તમરાં બોલાવી દીધા. શેઠને ઉભા કરવા મથતી છોકરીની ચીસો પણ કોઈ દૂર ગુફામાંથી આવતી હોય એમ સંભળાવા લાગી. કાસમને પલટાયેલી પરિસ્થીતીમાં સમજાણું નહિ કે શું કરવું પણ છોકરીની દર્દનાક ચીસો સાંભળીને એ છેલ્લા શ્વાસ લઇ રહેલા શેઠને ટેકો આપવા દોડ્યો.

'તે આ શું કર્યું?' કાસમે ઈસ્માઈલને ચીસ પાડી.

'હુકમનું પાલન.' કહેતા ઇસ્માઇલે પોતાની બંદૂકને ખાંડીને ભરવાની તૈયારી કરતો બોલ્યો.

'હુકમ? કેવો હુકમ?' કાસમને ઈસ્માઈલની વાત સમજાણી નહિ.

'તું ટંડેલ થઇને બેસી ગયો છે એટલે તને નહિ સમજાય.' કહેતા ઈસ્માઈલે બંદૂકનો અડધો ઘોડો ચડાવ્યો, ખભ્ભે ટિંગાળેલ થેલીમાંથી ગન પાવડરની પોટલી કાઢી થોડો પાવડર ટ્રીગર પાસે અને બાકીનો આગળના નાળચે ઠાલવ્યો, પાવડરને ખાંડ્યો પછી નાળચું કાસમ તરફ કર્યું અને બોલ્યો, 'હવે તારો વારો, તું ખતમ એટલે પછી ટંડેલ હું.'

ઇસ્માઈલ ઉપર મોતનું તાંડવ કરવાનું ખુન્નસ છવાઈ ગયું હતું. એ બંદૂકનો ઘોડો દબાવે એ પહેલાજ સણસણાટી કરતી એક ટૂંકા હાથાવાળી ધારદાર કુહાડી આવીને ઇસ્માઈલના ડાબા ખભા ઉપર ઘુસી ગઈ. લોહીનો ફુવારો ઉડ્યો અને ઇસ્માઈલ ચીસ પાડી બંદૂક સાથે જ નીચે પટકાયો. કાસમે જે તરફથી કુહાડી આવી એ તરફ નજર ફેરવી, નીચેના ભંડકિયામાંથી શરીરે ચટાપટા કરેલો પડછંદ કાયાવાળો હબશી યોદ્ધો હાથમાં ખુલ્લી તલવાર લઈને નીચે પડીને ચીસો પાડી રહેલા ઇસ્માઈલ તરફ દોડ્યો. એણે ઇસ્માઈલથી દૂર જઈને પડેલ બંધૂકને ઉઠાવીને દરિયામાં ફેંકી દીધી. યોદ્ધો ટટ્ટાર થઇને કણસતાં પાસે ઉભો રહ્યો, એનો પડછંદ પગ ઉઠાવીને ઇસ્માઈલની છાતી ઉપર મુક્યો અને ખભામાં ઘુસી ગયેલી કુહાડી એક જાટકે ખેંચીને બહાર કાઢી કેડે બાંધેલ ચામડાના પટ્ટામાં પાછી રાખી દીધી, લોહીનો ફુવારો ઉડ્યો અને ઇસ્માઈલની ચીસો ચારેબાજુ ગુંજી ઉઠી. કાળ બનેલા હબશી યોદ્ધાએ ઈસ્માઈલનું માથું વાળ પકડીને તલવારથી વાઢવા માટે ઊંચું કર્યું, હબશીનું આવું રુદ્ર સ્વરૂપ જોઈ ઇસ્માઈલે મદદ માટે ચીસ પાડી પણ એની ચીસ પુરી થાય એ પહેલા તો એનું માથું વઢાઈ ગયું હતું. આ જોઈને અવાચક થઇ ગયેલા બધા જ વાઘેરના યુવાનો હબસી યોદ્ધા ઉપર તૂટી પડ્યા. ધીંગાણું થઇ ગયું આખરે હબસી યોદ્ધો પડ્યો પણ સાથે સાથે જગ્ગા, હરિયા અને કાળુને પણ મોતને ઘાટ ઉતારતો ગયો અને આ ધીંગાણામાં ભંડકિયામાંથી ફરી બહાર આવેલ બે ખલાસીઓ અને રસોયો પણ ઝપટમાં આવી ગયાં. વહાણનો ડેક લોહી લુહાણ થઇ ગયો.

શેઠે પોતાની નજરે મોતનું તાંડવ જોયુ, એનું માથુ હજુ એની દીકરીના ખોળામાં જ હતું. છેલ્લા શ્વાસ લઇ રહેલા શેઠે કાસમ અને પોતાની દીકરીની સામે એક એક નજર નાખી, એણે કાસમનો હાથ હાથમાં લીધો દીકરીના હાથ ઉપર મુક્યો અને આંખો મીંચી દીધી.

બંધ થઇ ગયેલો વરસાદ પાછો ચાલુ થઇ ગયો અને સાથે દૂર દૂર વીજળીના કડાકાઓ અને ભડાકાઓ પણ, પવને દિશા અને ગતિ બદલી એટલે કાસમને સમુદ્રી તોફાનના ભણકારા વાગવા મંડ્યા.

'હવે?' કાસમે છોકરીની સામે જોઈને પૂછ્યું.

'હવે શું?' છોકરીની આંખમાં આંસુ હતાં.

'હવે કોઈ ભંડકિયામાં છે?'

'ના.' છોકરીએ ડેક ઉપર પીડાથી કણસતાં હબસી યોદ્ધા ઉપર અને મોતને ઘાટ ઉતરી ગયેલ ખલાસીઓ અને રસોયા ઉપર નજર નાખતા કહ્યુ.

'ભયંકર સમુદ્રી તોફાન આવવાનું છે, તારે જે લેવું હોય એ લઇ લે અને ચાલ મારી સાથે' કાસમે છોકરીને કહ્યું.

‘આ?’ છોકરીએ હજુ જીવતા રહી ગયેલા હબસી તરફ હાથ બતાવીને કાસમને પૂછ્યું.

‘એને પછી લઇ જાઉં પહેલા તું ચાલ.’ કહીને કાસમે હાથ પકડીને છોકરીને ઉભી કરી.

‘હું આવું.’ કહેતી એ ભંડકિયા તરફ દોડી.

કાસમને કાંઈ સમજાય એ પહેલા તો એ હાથમાં એક અસ્થિનો લોટો લઇને પાછી આવી ગઈ. એ પાછી આવી એ દરમ્યાન કાસમે મદદ કરીને હબસીને બેઠો કરી એક થાંભલીના ટેકે બેસાડી દીધો હતો.

‘તારો જરૂરી સામાન આવી ગયો?’ કાસમે છોકરીને પૂછ્યું. છોકરીને હકારમાં માથું હલાવ્યું. લાડકોડમાં ઉછરેલી છોકરીની લાબું વિચારવાની સુજબુજ ખૂનામરકીથી મૂઢ થઇ ગઈ હતી. એને એની માંના અસ્થિકુમ્ભ સિવાય જરૂરી સામાન તરીકે બીજું કાંઈ યાદ ના આવ્યું.

વરસાદનું તોફાન વધવા લાગ્યું કાસમે વહાણના કઠેડે બાંધેલ રાંઢવું છોડ્યું એક હાથ સીધો અને બીજો હાથ છોકરીની કેડ ફરતો કરીને રાંઢવું પકડ્યુ અને રાંઢવે લટકીને બંને ચમકના ડેક ઉપર પહોંચ્યા.

‘હમણાં આવું.’ કહેતો કાસમ એજ રાંઢવું પકડીને શેઠના વહાણ ઉપર પાછો ગયો.

કાસમે પાછા ફરીને ડેક ઉપર નજર ફેરવી હબસી ગાયબ હતો અને ભંડકિયામાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળી રહ્યા હતા. એ દોડ્યો અને ભંડકિયાની આડસ દૂર કરી, અંદરથી આગના લપકારા બહાર આવવા લાગ્યા. હબસીએ જ આગ લગાડી હશે એવું અનુમાન કરી કાસમ ચમક ઉપર પાછો જવા માટે કઠેડા પાસે આવ્યો. પવનના જોરદાર સપાટાઓથી ચમક દૂર થઇ ગયું હતું અને સાથે કઠેડે બાંધેલ રાંઢવું પણ તૂટી ગયું હતું. પવનના સુસવાટાઓ અને વરસતાં વરસાદમાં કાસમે રાડો પાડી પાડીને છોકરીને સમજાવી કે એ ચમક ઉપરના રાંઢવાનો છેડો પોતાના તરફ ફેંકે. ધોધમાર વરસાદ અને વીજળીના કડાકાઓ ભડાકાઓ વચ્ચે છોકરી પોતાની તરફનો રાંઢવાનો છેડો માંડ માંડ કાસમ બાજુ ફેંકવામાં સફળ થઇ.

રાંઢવું પકડી કૂદીને એ ચમકની ડેક ઉપર આવ્યો, એકલાં બચેલા કાસમ માટે હવે કપરો સમય હતો. સમુદ્રી તોફાનની વચ્ચે હાલક ડોલક થતાં ચમકને કાબુમાં લેવાનું હતું. જે મુખ્ય સઢને ચડાવતા કે ઉતારતાં ઓછામાં ઓછા ત્રણ ખલાસી જોઈ એ સઢ પવનના જોરદાર સુસવાટાઓ વચ્ચે એણે એકલાએ ઉતારવાનો હતો. સઢ ઉતારવાં એણે નીચે બાંધેલું રાંઢવું છોડ્યું અને એ ફંગોળાયો. પવનના સુસવાટાથી મંદિર ઉપર ચડાવેલી લાંબી ધજાનો છેડો કોઈ બિલાડી પકડીને ચોંટી ગઈ હોય એવી દશા કાસમની થઇ ગઈ. પવનના સતત સુસવાટાઓને કારણે કાસમ નીચે આવી શકતો નો’તો. ડેક ઉપર ઉભેલી છોકરીએ કાસમનો આ સંઘર્ષ જોયો, એ હાથમાં રાખેલા અસ્થિકુંભને નીચે મૂકીને દોડી, શઢના લાંબા રાંઢવાનો છેડો હજુ ડેક ઉપરજ હતો. એણે એ છેડો પકડ્યો અને તોપના નાળચામાં ભરાવીને જોરથી ખેંચ્યો. રાંઢવાનો પાછળનો છેડો બાંધવાથી સઢનો ફફડાટ બંધ થઇ ગયો. કાસમ નીચે ઉતર્યો અને છોકરીની મદદથી જોર કરીને સઢને કૂવાથંભ સાથે વીંટાળીને બાંધ્યો. મુખ્ય સઢ બંધાઈ ગયો એટલે નાનો સઢ ખોલી કાસમે ચમકને આગળ વધારી.

અડધા ચડાવેલા નાના શઢથી હવે શાંત થયેલા તોફાનમાં ચમક ધીરે ધીરે બેટ દ્વારકા તરફ આગળ વધી રહ્યું હતું. બંને નીચેના ભંડકિયામાં આવીને બેઠા. વરસાદથી પુરી ભીંજાયેલી છોકરીના શરીર સાથે મોંઘી રેશમની ચૂંદડી ચપકી ગઈ હતી અને એના શરીરના અંગો બહાર ડોકિયાં કરી રહ્યા હતા. ઠંડી અને પવનને લીધે છોકરીનું આખું શરીર ધ્રુજી રહ્યું હતું. કાસમે

કબાટમાં એક પંચીયા જેવું કપડું જોયું પણ એ ટૂંકું પડશે એમ વિચારીને એને રહેવા દીધું, પોતાનું લાબું બુકાનીની પછેડી યાદ આવી જે હંમેશા ગળામાં વીંટળાયેલ રહેતી પણ એ ક્યારે પવનની ઝાપટોમાં ક્યારે ઉડી ગઈ હતી એ પણ યાદ નો'તું. કાસમે ચમકને નાની મોટી બધીજ પરિસ્થિતિ વિચારીને સજાવેલ પણ એને ક્યારેય એવું નહિ વિચારેલું કે ભંડકિયામાં ક્યારેક વરસાદથી ભીંજાઈ ગયેલી છોકરીને આશરો આપવો પડશે.

'તારું નામ શું?' કાસમને છોકરીનું નામ પૂછવાનો પણ સમય નોતો મળ્યો.

'વિધા.' ભંડકિયામાં કૂકડું વળીને ધ્રૂજતી વિધા બોલી.

કાસમે ઠંડીનો બીજો ઉપાય શું કરી શકાય એ માટે આજુ બાજુ નજર ફેરવી, દેશી દારૂની ભંભલીમાં હજુ દારૂ વધેલો હતો, કાસમે ભંભલીના મોઢે ઢાંકેલ કપડાનો કટકો હટાવ્યો એક પ્યાલો લીધો અને એમાં દેશી દારૂ ભર્યો.

'આ પીલે નહીંતર આ મોસમમાં એવી બીમાર પડીશ કે કોઈ હકીમ કે વૈદ પણ તને બચાવી નહિ શકે.' વિધા તરફ એ પ્યાલો લંબાવતાં બોલ્યો.

'શું છે ?' ઠંડીથી ધ્રૂજતી વિધાએ પ્યાલો હાથમાં લેતા પૂછ્યું. ક્યાં હે ? ને બદલે શું છે ? સાંભળીને કાસમને નવાઈ લાગી.

'મહુડાનો દારૂ' બોટમાં આ એક જ વસ્તુ છે જે તને આ તોફાનમાં જીવતી રાખી શકે અને તને ગુજરાતી આવડે છે?' કાસમે પૂછ્યું.

'હા થોડું થોડું.' કહીને વિધા એ આંખો ઢાળી દીધી.

'પણ' વિધાના સંસ્કાર એને દારૂ પીવાની મંજૂરી નો'તા આપતાં.

'શેઠ તને શું થાય?' કાસમે પૂછ્યું.

'બાપુ.' પ્યાલો હજુ વિધાના હાથમાં જ હતો.

'એને તો વિશ્વાસ કર્યો, તને કરવામાં શું વાંધો છે?' કાસમે વિધાને વિશ્વાસ આપવાની કોશિશ કરી.

કાસમની બોટ ઉપર બુકાની બાંધીને આવી ચડ્યો ત્યારથી અત્યાર સુધીની વર્તણુક વિધાએ જોયેલી અને એ જોતા એ સાફ દિલનો વાઘેર ચાંચિયો ચાંચિયો લાગ્યો અને આમ પણ એના બાપુએ કાઇંક વિચારીને કાસમના ભરોસે છોડી હશે એવું વિચારી વિશ્વાસ રાખીને વિધા બંને આંખો બંધ કરીને આખો પ્યાલો એકજ શ્વાસે દવા માનીને ગટગટાવી ગઈ. પ્યાલો પૂરો થતા જ વિધાના આખા શરીરમાં મહુડાએ ગરમાટો લાવી દીધો અને એના શરીરની ધ્રુજારી પણ ઓછી થઇ ગઈ.

કાસમને વિધા વિષે ઘણા સવાલ હતા, એ હજુ પણ વિધાની ઠંડી ઓછી કરવા માટે કાંઈક મળી જાય તો શોધતો હતો પણ વરસાદ અને પવનના તોફાને ચમક ઉપરની બધીજ વસ્તુઓને ભીની કરી નાખી હતી.

વિધાએ પ્યાલો પાછો આપ્યો એટલે પોતે પણ પોતાના માટે પણ એક પ્યાલો ભર્યો અને ગટગટાવી ગયો, કાસમે પ્યાલો મુક્યો અને વાત શરુ કરી.

'તને મારુ નામ ખબર છે?'

મહુડાની અસરમાં આવી રહેલી વિધાએ નકારમાં ડોકું હલાવ્યું.

'મારુ નામ કાસમ, હું કોઈ જન્મે નથી વાઘેર કે નથી ચાંચિયો. હું કૂલી તરીકે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વેપારી જહાજમાં બંગાળથી ચીન સુધી દરિયામાં ખેપ મારતો પણ એક એ જહાજ ઉપર એક વખત મારા મિત્ર જગતને મદદ કરવાની નાની અમથી ભૂલથી એક ક્રૂર અંગ્રેજ ઓફિસરે મને જન્મટીપની સજા અપાવડાવેલી અને કાળકોટડીમાં પુરાવી દીધેલો. થોડા વરસ પહેલા સરકારી જાપ્તા નીચે મને અને તારા બાપુને ગોળી મારી એ બંધૂકવાળા ઇસ્માઈલને

કાળીમજૂરી કરાવવા માટે પોરબંદરથી ક્યાંક લઇ જતા હતા અને ઓખામંડળના વાઘેરો અમને ભૂલથી અંગ્રેજોનો સામાન માનીને એ જાહાજમાંથી ઉઠાવી લાવેલા. હું મુંબઈ પાછો જઈને ફાંસીએ ચડવા માંગતો ના હતો એટલે પછી મેં કાળીયા ઠાકોરના નામે વાઘેરના મુખિયાની સામે સોગંદ લીધા અને હું પણ બધાની જેમ વાઘેર ચાંચિયો બની ગયો. મારા અમ્મી અબુ અત્યારે પણ મુંબઈમાં રહે છે. તો આ થઇ મારી વાત. હવે તું કહે તારા બાપુએ અને તે એકલાએ આવો ખતરનાક અને સમુદ્રી ચાંચીયાઓથી ભરેલો દરિયો ખેડવાનું જોખમ કેમ લીધું?' કાસમે પોતાનો ભૂતકાળ સંક્ષિપ્તમાં કહ્યો.

વિધાને હવે મહુડાની વધારે અસર થવા માંડી હતી.

'હું વિધા, મારા પરદાદા કલગા પ્રભુ જેને કોચીનના રાજાએ લગભગ સો વર્ષ પહેલા એવા ખોટા આરોપથી હદપાર કરેલા કે મારા પરદાદાએ કોચીનના રાજાને ગાદી ઉપરથી ઉથલાવવાનું કાવતરું મૈસુરના નવાબ હૈદર અલીના જનરલો સાથે મળીને કર્યું. મારા બાપુ માધવ પ્રભુ જે દક્ષિણ આફ્રિકાના વગદાર ધનવાન. આમતો મારા કુટુંબને ક્યારેય ઇન્ડિયા પાછા ફરવાની પરવાનગી નો'તી પણ મારી માં નો સ્વર્ગવાસ થઇ ગયો. એની ચારધામની જાત્રા કરવાની અધૂરી માનતા હતી એ પુરી કરવા અને એના અસ્થિ ગંગામાં પધરાવવા અમે નીકળ્યા હતાં. અમને દક્ષિણ આફ્રિકાના અંગ્રેજ ગવર્નરની ખાસ મંજૂરી અને તેઓ તરફથી સલામતીની ખાતરી હતી. અમને રસ્તામાં ક્રૂર અને ખતરનાક સોમાલી ચાંચિયાઓએ પણ આંતરેલા બાપુએ અંગ્રેજ ગવર્નરનો હુકમ બતાવ્યો એટલે અમને હેમખેમ જવા દીધેલા.' વિધાએ વાત પુરી કરી અને બાજુમાં પડેલો પ્યાલો ઉઠાવીને ઊંચો કર્યો, કાસમ સમજી ગયો કે મહુડાથી વિધાને રાહત મળી છે એટલે એણે પણ ગ્લાસ પાછો ભરી આપ્યો. વિધા પાછો આખો પ્યાલો એકી શ્વાસે ગટગટાવી ગઈ.

વિધાને કાસમ જેવો હટ્ટોકટ્ટો યુવાન બે ગ્લાસ મહુડો ગટગટાવ્યા પછી વધુ ગમવા લાગ્યો. બે પ્યાલા ગટગટાવ્યા પહેલાની વિધાને પોતાના માંસલ શરીરની સાથે ચીપકી ગયેલ રેશમની ચૂંદડીથી સ્પષ્ટ રીતે પ્રગટ થતાં શરીરના વળાંકોનો સંકોચ હતો. એ જ સંકોચ મહુડાની મદહોશીમાં પોતાનું અસ્તિત્વ ધીરે ધીરે ઓગાળવા લાગ્યો. ચુસ્ત ભારતીય પરંપરાને અનુસરતી કુટુંબ વ્યવસ્થામાં મોટી થયેલી વિધાને પોતાના બાપુ સિવાય કોઈ બીજા પુરુષની આવી નિકટતાનો અનુભવ નો'તો. વિધા માટે બાપુનું મૃત્યુ થયું એતો દુઃખદ અને દર્દનાક ઘટના હતી જ પણ આકસ્મિક સંજોગોએ કાસમ જેવા યુવાનનો સહવાસ અપાવ્યો એનું એક આછું તો આછું પણ સુખ હતું.

કાસમ વિધાની તબિયતને લઇને ચિંતિત હતો. યુવાન દિલના ઊંડાણથી તો એને ભીની ચૂંદડીમાં બેઠેલી વિધા, અને એમાંથી ડોકિયાં કરતાં એના માંસલ અંગોને નીરખવા ગમતા હતાં પણ સાથોસાથ એને એ પણ ચિંતા હતી કે લાડકોડમાં ઉછરેલી વિધાને ભીના થઇ ગયેલ કપડાં બીમાર નો પાડી દે.

'મને અજુગતું લાગે છે પણ આખા વહાણમાં આ એક કોરું કપડું છે, થોડું ટૂંકું છે પણ તને બીમાર થવાથી બચાવશે.' કાસમે બાજુના કબાટમાંથી પંચીયુ કાઢીને વિધા તરફ લંબાવતા કહ્યું.

વિધાએ પંચિયું હાથમાં લીધું અને આંખના પલકારામાં તો રેશમની ચૂંદડી, ચોળી અને ચણીયાનું સ્થાન પંચિયાએ લઇ લીધું. સફેદ પંચિયાથી વિધાની યુવાની ખુબ વધારે નિખરી ઉઠી.

બહાર વરસતો વરસાદ ધીરે ધીરે પાછો તોફાની બનવા લાગ્યો, ઘેરાયેલ કાળાડિબાંગ વાદળોથી સાંજે પણ અંધારાનો અંચળો ઓઢી લીધો. મહુડાના નશાની અસરમાં તદ્દન નજીક

બેઠેલા એ બંને એક બીજાના બાહુપાશમાં ક્યારે આવી ગયા એનું ભાન નો રહ્યું. અણધાર્યા સમુદ્રી તોફાન અને પવનના સુસવાટાઓની વચ્ચે બંને માટે સમય જાણેકે થંભી ગયો હતો. કેટલો સમય વીત્યો એનું ભાન બંને માંથી કોઈને નો'તુ.

ઉત્તેજનાના ઘોડાપુરની સાથે સાથે સમુદ્રી તોફાન પણ શાંત થઇ ગયું. ચમકને પણ એ કઈ દિશામાં જઈ રહ્યું હતું એનું ભાન નો'તુ.

“......ધડામ.....” કરતો કોઈ તોપનો મોટો અવાજ થયો અને ચેતવણીનો ગોળો ચેતકની બાજુમાં પડ્યો. બંને સપનાની દુનિયામાંથી પાછા આવી ગયા.

કાસમે બાજુની ડોકાબારી ખોલીને જોયું તો અંગ્રેજનું પેટ્રોલિંગ કરવાનું વહાણ નજીક આવી રહ્યું હતું. કાસમના હોશ ઉડી ગયા, એણે તંદ્રામાં સરી પડેલ વિધાને જગાડી, વિધા સફાળા ઉઠી, એ કાસમ સામું જોઈને શરમાઈ ગઈ. વિધા એક માસુમ કળીમાંથી ફૂલ બની ચુકી હતી.

'તું ડેક ઉપર જા અને આ સફેદ વસ્ત્ર લહેરાવ એટલે એ વહાણ નજીક આવશે અને કદાચ અંગ્રેજ સૈનિકો પણ અહીં ખાતરી કરવા આવશે, તને પૂછે તો કહેજે કે તારા વહાણને વાઘેર ચાંચીયાઓએ લૂંટેલું અને પછી આગ લગાડી દીધી અને એ આગમાં બધા જ મરી ગયા અને તું એકલીજ આકસ્મિક રીતે બચીને ચમક ઉપર આવી ગઈ છે. અને છેલ્લે એક ખાસ વાત, અંગ્રેજોના મગજમાં ઠસાવી દેજે કે ચાંચિયાનો કપ્તાન કાસમ ઇબ્રાહીમ પણ એમાં સળગી ગયો.' કાસમે એક શ્વાસમાં વિધાને બધું સમજાવવાની કોશિશ કરી.

'પણ સૈનિકો અહીંયા જોવા આવશે તો? તમે તો પકડાઈ જશો' હાંફળીફાંફળી થઇ ગયેલ વિધાએ પોતાનું પંચિયું સરખું કરતાં પૂછ્યું.

'તું એ ચિંતા ના કર, એની વ્યવસ્થા મેં કરેલી છે, અને હા તને હવે ક્યાં જવું છે એ પૂછે તો દ્વારકાના મંદિરે જવું છે એમ કહીને મંદિરે ધર્મશાળામાં રોકાઈ જજે, હું તને ત્યાં મળવા આવીશ પછી નક્કી કરીશું કે આગળ શું કરવું છે.' આમ કહીને કાસમે વિધાને બાહુપાશમાં જકડી લીધી અને એક તસતસતું ચુંબન આપી દીધું.

વિધા ડેક ઉપર ગઈ અને સફેદ કપડું લહેરાવ્યું એટલે અંગ્રેજનું પેટ્રોલિંગ વહાણ વધારે નજીક આવ્યું અને બે અંગ્રેજ સૈનિકોએ વિધાની પૂછપરછ કરવાં ચમક ઉપર આવ્યા. નીચે ભંડકિયું ખોલીને અંદર જોવા ગયા પણ ચોરખાનામાં છુપાઈ ગયેલા કાસમની સૈનિકોને કોઈ ભાળ મળી નહિ.

વિધાને લઈને સૈનિકો જતા રહ્યા. ચોરખાનામાં છુપાયેલ કાસમને હદ બહારની ગરમી થતાં ચોરખાનાનું ઢાંકણું ખોલ્યું, બહાર તો ચમક ભડભડ ભડકે બળી રહ્યું હતું. ચાંચિયાગીરીને નેસ્તનાબૂદ કરવાની નીતિના ભાગ રૂપે અંગ્રેજ તીરંદાજોએ સળગતા કાકળા ફેંકીને ચમકને સળગાવી માર્યું હતું. આગની લપેટો વચ્ચેથી કાસમ મહામુસીબતે બહાર નીકળ્યો અને એક લાકડાનું મોટું પાટિયું લઈને દરિયામાં કૂદી પડ્યો.

વિધાની વાતથી અંગ્રેજો માટે કાસમ ઇબ્રાહિમ હવે મારી ચુકવાનો હતો.

પ્રકરણ ૯

કમળ અને રોટી



કંપની સરકારના પેટ્રોલિંગ જહાજે ચમકને ડુબાડી દીધું અને સાથે બધા જ વાઘેરના યુવાનોને પણ ડુબાડી દીધા એ સમાચાર ઓખામંડળમાં વાયુવેગે પ્રસરી ગયા. કાસમને વાવડ મળી ગયા કે જોધાભાઈ આજે અમરાપર ગામથી જે છોકરાવ ડૂબ્યા એના કુટુંબીઓને મળવા માટે આવવાના હતા. હકીકત શું બની એ તો જોધાભાઈ પૂછવાના જ છે એટલે કાસમ ગઢની રાંગની બહારના રસ્તે ચાલતો વિચારી રહ્યો હતો. કંપની સરકાર અને વાઘેરની લડાઈમાં વિધાને કેમ બચાવવી ફક્ત એ જ કાસમનો ઉદ્દેશ હતો.

‘કાસમભાઈ તમને બરકે છે.’ એક છોકરાના અવાજે કાસમને સતર્ક કરી દીધો.

એ જોધાભાઈને મળવા રાંગની અંદર છોકરાની પાછળ ચાલ્યો.

‘ભાઈયુ, હવે આ તલવારોનો જમાનો ગયો, સામેથી પડકારવાને બદલે ફિરંગીઓ દૂરથીજ આપણા ભડાકા કરી નાખે છે, હવે તો મર્દાનગી જેવું કાંઈ આ ધરા ઉપર બઈચુ નથી.’ જોધાભાઈ બેઠકમાં વાઘેરના યુવાનોને સમજાવતા હતા.

‘આવ કાસમ બેસ.’ કાસમને જોતાજ જોધાભાઈએ એને આવકાર્યો. એ જોધાભાઈના ઢોલિયાની સામે કંતાન પાથરેલા હતા એના ઉપર બીજા યુવાનોની સાથે જ બેસી ગયો.

‘કાસમ, તારી વાત મુળુએ કરી, કાળીયા ઠાકોરની દયાથી તારો બચાવ થઇ ગયો પણ બીજા ભાઈયું શાહીદ થઇ ગ્યા.’

‘જોધાભાઈ મેં ઇસ્માઈલને ના પાડેલ કે કોનું વહાણ છે એની નજીક જઇને ખાતરી કર્યા વગર હુમલો ના કરાય પણ, કોણ જાણે કેમ એ શું સાબિત કરવા માંગતો હતો. વગર વિચાર્યે ચેતવણીનો ગોળો દાગ્યો અને એ કંપની સરકારનું વહાણ પણ અમને જ શોધતું હતું.’ કાસમે અગાઉથી વિચારેલ વાત કહી દીધી.

'અરે પણ કાળુ અને એ બધાય તો હતા, એ લોકોએ એ મૂરખને રોક્યો નહીં?' જોધભાઈને કાસમની મનઘડત જેવી લાગતી વાતનો તરત વિશ્વાસ નો બેઠો.

'કરી’તીને, પણ ઈસ્માઇલે કાળુના લમણે બંદૂક રાખી દીધી બોલો.' કાસમે જોધાભાઈ પાસેથી આ પ્રશ્નની આશા રાખેલી જ.

'ઈસ્માઈલ ઓછું બોલતો અને એના મનમાં શું ચાલતું એ ક્યારેય કોઈને ખબર પાડવા દેતો ના હતો, એક વખત તો મને પણ પૂછતો તો કે મુળુભાઈ ચાંચિયાગીરી કરવામાં ચમકનો ટંડેલ મરી જાય તો કોણ નવો ટંડેલ બનશે?' મૂળુભાઈએ કાસમની વાતમાં ટાપસી પુરાવી.

'હા જુઓ, હું કહેતો તો ને કે એના મનમાં ઊંડે ઊંડે ક્યાંક ખોટ હતી.' કાસમને મૂળુભાઈની વાતથી પોતાની વાત રાખવાનો ટેકો મળી ગયો.

‘ઠાકરને ગમ્યું તે ખરું, હવે જ્યાં સુધી કાંઈ નક્કી નો થાય ત્યાં સુધીમાં તું ઘોડેસ્વારી શીખી જા, મુળુ તને શીખવાડશે.’ જોધાભાઈએ કાસમને ભાવતું હતું ને વૈદે બતાવ્યું એવું કામ

સોંપી દીધું.

જ્યાં સુધી બીજા ચમકનો વેંત નો થાય ત્યાં સુધી કાસમે મુળુભાઈ સાથે કામ કરવાનું હતું. મુળુભાઈ અને કાકા જોધાભાઈ માણેકની આગેવાની નીચે ઓખામંડળના વાઘેરો બળવાખોર ચળવળ ચલાવતા હતા. વાઘેરોનો ગાયકવાડ સરકાર સાથેનો વાંધો જગ જાહેર હતો. આ બધી બાબતો માંથી જયારે પણ થોડો ઘણો સમય મળે ત્યારે મુળુભાઈએ કાસમને ઘોડેસ્વારી શીખવાડવાનું શરુ કર્યું.

‘દરિયામાં આપણને ભલેને લોકો વાઘેર ચાંચિયાઓ તરીકે ઓળખે મને એની ચિંતા નથી, મને તો મારા કાળીયા ઠાકોર ઉપર ભરોસો છે, એને બધીજ ખબર છે કે વાઘેર શું જાત છે અને આપણે આ ઓખામંડળને પાછું લેવા માટે શું પ્રણ લીધેલ છે.’ મુળુભાઈ અને કાસમ ઘોડા ઉપર લટાર મારવા નીકળ્યા હતા. બંનેની કાઠિયાવાડી ઘોડીઓ ધીરે ધીરે કદમ ચાલે ચાલી રહી હતી.

‘ચાંચીયા નહિ તો વાઘેર બહારવટિયા ખરાં ને?’ કાસમને ઓખામંડળના વાઘેરોની ચળવળ સમજાતી નો’તી એટલે મુળુભાઇને પૂછ્યું.

‘આપણે બહારવટિયા નથી. બહારવટિયા રાજવાડાની સામે બહાર રહીને વટે ચડે, બહારવટિયા રાજવાડાના કાયદા કાનૂનનો ભંગ કરીને નિર્દોષ પ્રજાને હેરાન કરતા હોય એવા લોકોને ગોતી ગોતીને જાતે જ સજા કરે. બહારવટિયાનો મુખ્ય હેતુ પોતાને કે પોતાના કુટુંબને રાજા કે રજવાડા દ્વારા થયેલ અન્યાય સામે લડવાનો હોય.’

‘પણ આપણે તો કોઈને સજા કરવાને બદલે ખજાનો ભેગો કરીયે છીએ.’ કાસમથી બોલતાં તો બોલાઈ ગયું. ‘મુળુભાઈ માફ કરજો જો હું મારી મર્યાદા ચુક્યો હોય તો.’ કહીને વાતને વાળી લીધી.

‘ના કાસમ મને આજે તને પુરી વાત કહેવા દે એટલે તને કોઈ એવો વહેમ નો રયે કે વાઘેરો કોઈ ખજાનો ભેગો કરવાં લૂંટ ચલાવે છે. આપણે વાઘેર બળવાખોર છીએ, આપણે રાજવાળાની સામે બહારવટે નથી ચડેલા આપણે ઓખામંડળમાંથી ગાયકવાડ સરકારને જ ઉખેડી ફેંકવી છે. ઓખામંડળ આપણા બાપદાદાએ પોતાનું લોહી રેડીને બાવડાંના જોરે લીધેલું છે એમાં ગાયકવાડ સરકારનો કોઈ હક્ક નથી. અધૂરામાં પૂરું એણે આપણી જમીન જાયદાદ ઉપર ફરજિયાત વેરા નાખી દીધા છે. આપણે ચપટી જેટલા વાઘેરો ગાયકવાડ સરકાર સામે કેવી રીતે બાથ ભીડિયે? કાકા તો બસ એક મોકાની રાહ જોવે છે. મને ગળા સુધી ખાતરી છે કે મારો કાળીઓ ઠાકોર ઈ મોકો આપશે અને આપે એટલે ખાંડાની ધારે ખેલ કરી નાખવો છે.’ મુળુભાઈ ભાવુક થઇને બોલ્યા.

‘મોકો મળશે તમે ઉપરવાળા ઉપર વિશ્વાસ રાખો, પણ ખાલી ગાયકવાડ સરકાર એકલી થોડી છે? એ તકલીફમાં આવશે તો એને કંપની સરકાર સાથે પણ સારા સંબંધો છે એટલે એની કુમક બોલાવી લેશે.’ કાસમને હવે વાઘેરોની ચળવળની વાત સમજાઈ હોય એવું લાગ્યું.

‘એતો ત્યારે પડશે તેવા દેવાશે, એક એક વાઘેરનો જુવાનિયો ગાયકવાડ સરકારના દશ દશ સિપાઈને પહોંચી વળે એવો તાકાતવારો છે.’ જોધાભાઈ જોમ પૂર્વક બોલ્યા.

‘એ તમારી વાત સાવ સાચી જેવા પડે એવા દેવાય, હું પણ હવે બરાબરનું કાઠિયાવાડી શીખી ગયો.’ કહેતો કાસમ હસ્યો.

‘કાસમ મને એક સવાલ છે, થોડો અંગત છે પણ હવે તું પણ અમારા માઈલો થઇ ગયો

એટલે જાણવાની મારી ફરજ છે.' મુળુભાઈએ વાત બદલાવી.

'બોલોને મુળુભાઈ તમારાથી કોઈ વાત શા માટે છુપાવવી?'

'તને ક્યારેય તારો કુટુંબ કબીલો યાદ નથી આવતો?'

'આવે છે ને? પણ મજબૂરી છે.' કાસમને અમ્મીના આંસુ યાદ આવી ગયા.

'તો પછી એકાદ આંટો મારી આવ ને? હું ને કાકા વેશપલટો કરીને જાઈ એ છીએ ને.' મુળુભાઈએ ઉપાય બતાવ્યો.

'ક્યારે થાય કે મળી આવું, પણ જો પકડાઈ જાઉ તો? કંપની સરકારની જેલ તોડીને ભાગેલો ભાગેડુ છુ મને ફાંસીથી ઓછી સજા ના મળે.' કાસમે એની મજબૂરી અને ડરની વાત કરી.

'પણ તને લખતાં વાંચતા આવડે છે ને? તો એક નાની ચીઠી લખી નાખ, ઘરવાળાઓને પણ નિરાંત થઇ જાય.' 'મુંબઈમાં ટપાલ પણ કંપની સરકાર ચલાવે છે, બહારથી ટપાલ આવે એટલે કોઈને પણ વહેમ તો જાયજ એટલે મન મારીને પણ કોઈ મોકો મળે એની રાહ જોવું છુ. પણ મુળુભાઈ આમ જોવો તો એ લોકો માટે હુ મરી ગયો છુ એ માનવું જ સારું છે. મારો નાનો હોટલે લાગી ગયો છે એવું મને મારા શેઠે વર્ષો પહેલા કહેલું એટલે એ ચિંતા નથી.' કાસમનો ડર એમ જાય એવો નો'તો.

'તને જેમ ઠીક લાગે એમ પણ મારી મદદની જરૂર હોય તો ગમે ત્યારે કહેજે. જો અત્યારે ચાલે એ કદમ ચાલ. હવે બતાવું રેવાલ ચાલ, બંને પગે બાજુમાં ઠેસ માર એટલે રેવાલ ચાલ ચાલશે. આખી દુનિયામાં આ ચાલ ખાલી કાઠિયાવાડી ઘોડાની જાતજ ચાલી શકે.' મુળુભાઈ એની ઘોડીને બંને બાજુએથી એડી મારી અને એની ઘોડીએ રેવાલ ચાલ પકડી.

'વાહ.' આતો મજા પડી ગઈ, પોતાની ઘોડીએ રેવાલ ચાલ પકડી એટલે ખુશ થઇને કાસમ બોલ્યો.

દ્વારકાધીશ મંદિરના દરવાજામાં દાખલ થતા જ કાસમના પગ ધ્રુજવા લાગ્યા. ના આવ્યો હોત તો સારું હતું એ વિચારે જોર કર્યું પરંતુ વિધાને વધુ એક વખત નીરખીને જોવાની તમ્મનાએ એના પગને જોમ આપ્યુ અને એ ધર્મશાળા તરફ આગળ વધ્યો. ધર્મશાળામાં દાખલ થતા જ એની નજર ડેલી ઉપર બેઠેલા મુનીમજી ઉપર પડી. એ સફેદ રંગના ગાદલા ઉપર એક આંખમાં દોરી વાળો બિલોરી કાચ લગાવીને મેજની પાછળ બેઠા હતા. કાસમ બે પગથિયાં ચડીને ઉપર ગયો, લખવામાં વ્યસ્ત મુનીમજીએ એક નજરે ઉપર જોયું પછી બેસવાનો ઈશારો કર્યો અને પાછા લખવા મંડ્યા. કાસમ મુનીમજીની સામે બિછાવેલ પાથરણાં ઉપર બેઠો.

'બોલો તમારી શું સેવા કરું?' લખવાનું બંધ કરી કાસમ સામું જોઈને મુનીમજી બોલ્યા.

મુનીમજી કાંઈક આડું અવળું પૂછશે અને એને નહિ આવડે તો? એને વિધાને મળવા માટે એવું જોખમ લેવાની શું જરૂર હતી? હવે પસ્તાવો કરવાથી પણ શું વળવાનું?

'મુનીમજી રાત્રીવાસો કરવા માટે ધર્મશાળામાં એક ઓરડી મળી જાય તો.' કાસમના અવાજમાં પકડાઈ જવાનો ડર હતો.

'કેવી રીતે આવ્યા છો?' મુનીમજી ચોપડાનું પાનું ફેરવતાં બોલ્યા.

'હં?' ગભરાઈ ગયેલો કાસમ મુનીમજીનો સવાલ સમજ્યો નહિ.

'એકલા આવ્યા છો? સંઘમાં આવ્યા છો?'મુનીમજી એ ચોખ પાડી.

'એકલા અને અશ્વશાળાએ ઘોડાની વ્યવસ્થા કરીને આવ્યો છું.' કાસમને લાગ્યું કે

મુનીમજીને ખબર પડી ગઈ છે કે એ હિન્દૂ નથી.

'એકલી ઓરડી તો બધી નોંધાઈ ગઈ છે, કહો તો સભાખંડમાં ખાટલો નંખાવી દઉં, આજે એક સાથે બે ત્રણ સંઘ ભેગા થઇ ગયા છે ને એટલે.' મુનીમજીના અવાજમાં ગંભીરતા હતી.

'હા ખાટલો પણ ચાલશે, એક રાતનું તો રોકાણ છે.' મુનીમજી એ બીજું કાંઈ ના પૂછ્યું એટલે મનોમન ખુશ થતો કાસમ બોલ્યો.

કાસમે હા પાડતાજ, મુનીમે જે ચોપડામાં કામ કરી રહ્યા હતા એ એક બાજુ મુક્યો અને બાજુમાંથી બીજો ધર્મશાળાનું નોંધણીપત્રક ઉપાડીને ચીવટથી છેલ્લું પત્તુ ખોલીને નોંધણી શરુ કરી.

'ક્યુ ગામ?' મુનીમજીએ હવે ચોપડામાં લખવાનું શરુ કર્યું.

'પોરબંદર' કાસમે નામ અને ગામ ગોઠવી રાખેલું.

'વરણ?'

'શું?' કાસમને પ્રશ્ન સમજાણો નહિ એટલે પરસેવો છૂટી ગયો.

'વરણ? તમારી જ્ઞાતિ શું?' મુનીમજીએ નવાઈથી ચોખવટ કરી.

'ઓહ, ભામણ.' વાઘેર કહેવા જીભ ઉપડી પણ યાત્રાળુઓને લૂંટતાં વાઘેરોની છાપ મંદિરે સારી નહિ હોય તો એમ માની કાસમે બ્રાહ્મણ કહ્યું. હવે કઈ આવું અઘરું કાંઈ નો પૂછે તો સારું વિચારતો બેઠો.

મુનીમજીને હવે થોડો વહેમ પડ્યો કે બ્રાહ્મણનો દીકરો અને વરણનો અર્થ ખબર નથી એટલે વધારે ચોકસાઈ કરવા ચોપડામાં ના લખવાનો સવાલ પણ પૂછી નાખ્યો.

'ઓહ, બ્રાહ્મણના દીકરા તો તો તમારું ગોત્ર પણ લખાવો?' મુનીમજીએ પૂછ્યું..

'ગોત્ર?' કાસમ હવે બરાબરનો ફસાણો, ગોત્ર વિષેતો કોઈ સાથે કાંઈ વાત થઇ નો'તી. કાસમને તાત્કાલિક વિચારીને જવાબ આપવાનો હતો પણ ગોત્ર એટલે શું એજ ખબર નો'તી.

'મુનીમજી હું તો ખાલી ઘોડો ચલાવવા વાળો છું, હું હમણાજ મારા માલિકને પૂછીને આવું.' કહીને અંદરથી હલબલી ગયેલો કાસમ મુનીમજી કાંઈજ બોલે એ પહેલા ઉતાવળે નીકળી ગયો.

ઝડપથી ચાલીને અશ્વશાળા તરફ જતા કાસમે, મુનીમજીની બૂમ સાંભળી પણ એ અવાજ જાણે એને સંભળાણો નથી એવો દેખાવ કરતો વધારે ઝડપથી ચાલવા લાગ્યો.

હક્કા બક્કા થઇ ગયેલા કાસમે દ્વારકા મંદિરની બહાર નીકળીને પોતાનો ઘોડો પુરપાટ બેટ દ્વારકા તરફ હંકારી મુક્યો.

પોતાના ઘોડા સાથે બેટ દ્વારકા તરફ હોડીમાં બેસીને જતા કાસમના શરીરનું કંપન હજુ પણ ચાલુ હતું. વિધાને મળવા ગયો અને પકડાઈ ગયો હોત તો?, કાસમને જોધાભાઈનો ગુસ્સો યાદ આવી ગયો.

'એને વાડીએ જઈ ને લીંબડે લટકાવીને ટૂંપો ના દઈ દેવાય? એને એ નો થાય એમ હોય તો મને કેવાયને ઝેરનો કટોરો હું મોકલાવી દેત.' જોધાભાઈએ આવા ક્રોધિત કાસમે ક્યારેય નો'તા જોયા.

'પણ જોધા તું થોડો ઠંડો થા.' જોધાભાઈના મોટાભાઈ દેવાભાઈ માણેક એને સમજાવી રહ્યાં હતા.

'અરે ભાઈ તમે પણ? આપણી નાત કે ધરમમાં ઓછી હતી કે વિધર્મી હાઈરે સવેલું કરીને

આવી ગયો.' જોધાભાઈનો ગુસ્સો શાંત થવાનું નામ નો'તો લેતો.

'એ હવે સમજી ગયો છે, એ પાછી મૂકી આવશે બસ.' દેવાભાઈ બોલ્યા.

'એને કહી દયો દી આથમે ઈ પેલા મૂકી આવે નકર પછી મારુ ખાંડુ બાર કાઢવું પડશે. ભાઈ તમને ખબર છે ને કે એક વાર મારુ ખાંડુ બહાર નીકળે પછી કોઈ મરદનું લોહી પીધા વગર અંદર નથી જાતું?' જોધાભાઈએ છેલ્લી ચેતવણી આપી દીધી.

બેટ દ્વારકાનો ધક્કો આવતાં જ ઘોડાની હણહણાટીએ કાસમની વિચાર શ્રૃંખલા તોડી. એણે મનોમન કસમ ખાધી કે જીવતા રહેવું હશે તો દ્વારકાના મંદિર સામે નો જોવું અને એનો અર્થ વિધાને પણ ભૂલી જવાની. વિધા આમ પણ સલામત અને પવિત્ર જગ્યાએ તો છે.

'વેવલીનો થામાં, કાળુ ઉપર વયો ગયો, અને હાઈરે જગ્ગા અને હરિયાને પણ લઇ ગયો એનું દુઃખ તને એકલાને જ છે?' મુળુભાઈએ મેપાને ખખડાવ્યો.

'પણ ઈ બધાય ઉપર શું કામ વયા ગ્યા? ખજાનો ભેગો કરવાની લાહ્યમાં ને?' મેપાને એના વાઘેર મિત્રો ખજાનો ભેગો કરવાં માટે ચાંચિયાગીરીમાં માર્યા ગયા એનો રંજ હતો.

'તો તું શું કે'છે, આ બધાય નિર્દોષ ગરીબ જાત્રાળુઓને લૂંટવા? તને ખબર છે ને આપણે આવા જાત્રાળુનું તો રક્ષણ કરીયે છીએ અને ખાલી માલદાર શેઠિયાઓને જ લૂંટીયે છીએ. મેપા, આપણે આપણી સાત પેઢીયું માટે ભેગું નથી કરવું મારે આપણી આવતી પેઢીયુંને ગાયકવાડની ગુલામીમાંથી આઝાદ કરાવી છે. અને આઝાદી માટે માલ જોઈ માલ, ગાયકવાડની બંધૂકુંની સામે આપણા જૂના પુરાણાં ખાંડાં નો હાલે, બંદુકું લેવા માટે પણ માલ જોઈ માલ.' વેશ બદલો કરીને મુળુભાઈ એની વાઘેર ટોળકીની સાથે તાપણે બેઠા હતાં. ખાવાપીવાની કોઈ ચિંતા નો રહે એ માટે સામાન્ય જાત્રાળુઓના સંઘના પડાવની સાથે રહીને જ માલદાર શિકારની શોધ કરતાં અને કોઈ ગુપ્ત સંદેશાની આપલે કરવી હોય તો એ પણ કરી લેતાં.

એક ઘોડો હણહણ્યો એટલે મેપો ઉભો થઇને જોવા ગયો.

'કાસમ હવે આને કોણ સમજાવે કે બળવાખોર થવું અઘરું છે પણ લૂંટારા થવું સાવ સહેલું.' મુળુભાઈ પણ મેપાના જેવા વાઘેર યુવાનોના પ્રશ્નોના જવાબ આપીને કંટાળી ગયા હતા.

વાતો ચાલતી હતી એ દરમ્યાન સાધુના કપડાં પહેરેલો એક માણસ તાપણાંની નજીક આવ્યો.

'એય થોડોક આઘો હટ, મહારાજને બેસવાં દે.' મુળુભાઈએ એક યુવાનને હાથનો ઈશારો કરતાં કહ્યું.

'જય રણછોડ.' સાધુએ બેસતાજ બે હાથ જોડી મુળુભાઈનું અભિવાદન કર્યું.

'જય કાળીયા ઠાકર.' મુળુભાઈએ જવાબ વાળ્યો.

'કયા ગામના?'મુળુભાઈએ હિન્દીમાં પૂછ્યું.

'ઝાંસીથી' સાધુએ હળવેથી જવાબ આપ્યો. 'હું તમારી વાતો સાંભળતો હતો.' સાધુ એવું બોલ્યા એટલે તુરંત મુળુભાઈનો હાથ ખાંડાની મુઠ ઉપર ગયો.

'અરે બાપલાં જાસૂસી કરવા નહિ.'

'તો બોલો શું કામ?' મુળુભાઈ બોલ્યા.

'તમારો હુકમ હોય તો એક વાત પૂછું. મારી નો તમને નો ગમે તો તમે તમારા રસ્તે અને હું

મારા રસ્તે.' સાધુએ હાથ જોડીને વિનમ્રતાથી મુળુભાઈને પૂછ્યું.

આગ માટે લાકડાં ખૂટી પડતાં કાસમ ઉઠ્યો અને ભારામાંથી એક નાનકડી કોરી બાજુમાં રાખતો પાછો બેઠો.

'તમે ખેડુના લૂગડાં પેર્યા છે તો પણ ખેડું નથી લાગતાં. તમે કોઈ સરકારી જાસૂસ કે સિપાઈ તો નથી ને?' સાધુએ સંકોચાઈને હળવા અવાજે પૂછ્યું.

'તમારે ઇ શું કામ છે? તમે તમારો મતલબ કયો ને.' મુળુભાઈ સાધુની ગોળગોળ વાતોથી કંટાળ્યા હતા.

'ખોટા લોકો પકડાઈ જાય તો મારો તો જીવ જાય ને?' સાધુએ પોતાનો ડર બતાવ્યો.

'તમારો જીવ નહિ જાય એનું હું વચન આપું બોલો.' મુળુભાઈનો હાથ ખાંડાની મુઠ ઉપર ગયો.

'મારે ઓખામંડળના વાઘેર કોમના મુખીને એક સંદેશો આપવાનો છે.' સાધુને અભય વચન મળતાં ચોખવટ કરી.

'તમારી સામે જ બેઠા છે.' કાસમે વાતમાં ટાપસી પુરાવી.

'ના ભાઈ હું મુખી નથી પણ તમારે જે સમાચાર પહોંચાડવાના હશે એ મુખીને બેધડક પહોંચી જશે.' મુળુભાઈએ પોતાની પુરી ઓળખ આપવાનું માંડી વાળ્યું.

સાધુને હવે ખાતરી બેઠી કે હવે એની ફરજ બજાવવામાં પુરી સલામતી છે એટલે એને પોતાના કેસરી પહેરણના આગળના ખિસ્સામાંથી એક સફેદ કપડું કાઢ્યું અને મુળુભાઈને આપ્યું.

'આ સંદેશો, આ રાખો મને મેરઠથી આવ્યો છે.' સાધુએ કપડાંનો કટકો મુળુભાઈ તરફ લંબાવતા કહ્યું.

મુળુભાઈએ ગડી કરીને વાળેલું કપડું ખોલ્યું, એમાં કેસરી રંગનું કમળ અને લીલા રંગની રોટી ભરત ભરીને બનાવેલ હતાં. મુળુભાઈને સંદેશાનો મર્મના સમજણો.

'ઓખામંડળ તો ધરતીના છેડે છે એટલે આની પહેલાના કોઈ સંદેશા અમને મળ્યા નથી.' ખૂલેલું સફેદ કપડું સાધુને બતાવતા બોલ્યા. મુળુભાઈને ગળા સુધી ખાત્રી હતી કે કોઈપણ ખાનગી વાત જોધાકાકા એનાથી છુપાવીને રાખે નહિ એટલે આ કમળ અને રોટીનો મર્મ શું થાય એ કાકાને પણ નહિ ખબર હોય.

'કાસમ, થોડાક લાકડાં વધારે લઇ આવ, લાગે છે કે આજે મોડે સુધી જાગવું પડશે.' મુળુભાઈએ કાસમને કહ્યું.

કાસમનું નામ સાંભળતા જ સાધુની આંખના ભવા ખેંચાયા પછી ચિંતીત નજરે મુળુભાઈ સામે જોયું, સમજદાર મુળુભાઈ સમજી ગયા.

'આમાં કોઈ ખૂટલ નથી, તમ તમારે જે સંદેશો હોય એ બે ધડક કહી દયો.' મુળુભાઈએ સાધુને આશ્વાશન આપ્યું.

'જો તમને કમળ અને રોટીનો મર્મ નો ખબર હોય તો મારે માંડીને વાત કરવી પડશે.' કહીને ઉભડક પગે બેઠેલા સાધુએ પલાંઠીવાળી અને વાત શરુ કરી.

'કંપની સરકારને ભારતવર્ષમાંથી હાંકી કાઢવા માટે બળવો શરુ થઇ ગયો છે. નાના મોટાં બધાય રજવાડાઓ કંપની સરકારના સિપાઈઓ સાથે બળવા ઉપર ઉતરી ગયાં છે. બંગાળના બરકપુરમાં બહાદુર સૈનિક મંગલપાંડેને ફાંસીએ લટકાવી દેવાયો છે. અંગ્રેજો પાસે હવેતો સિપાઈઓ ખૂટવા મંડ્યા છે અને કંપની સરકારના દેશી સિપાઈઓ પણ બળવો કરવા મંડ્યા છે. અમે પુજારીઓ, મૌલવીઓ, ખેપિયાઓ, લોકનાયકો, ભજનિકો, કથાકારો અને સાધુઓ કમળ-રોટીનો આ સંદેશો ભારતભરમાં ફેલાવી રહ્યા છીએ. ' સાધુએ વાત પુરી કરી.

'હવે તમે જાવ, તમારો સંદેશો ઓખામંડળના વાઘેરોને પહોંચી ગયો એમ સમજો.' મુળુભાઈએ કહ્યુ એટલે સાધુ ત્યાંથી નીકળી ગયા.

'મેપા તું એક ભેરુને લઇ બેટ દ્વારકા જાઓ અને બધાને સાબદા કરો. કાસમ તું અને બાકીના મારી હારે અમરાપર હાલો.

સવાર થવાની રાહ જોયા વગર બધા પોતપોતાને રસ્તે નીકળી પડ્યા.

'ભાઈયું તમને તો ખબર છે કે આપણને જે જીવાઈ ગાયકવાડ સરકારે આપવાનું નક્કી કર્યું હતું એ આપવામાં પણ હવે ઠાગાઠૈયા કરે છે અને જીવાઈ આપતા હોય તો કેમ જાણે આપણા ઉપર કોઈ મોટો અહેસાન કરતા હોય. હું આજે સૂબા ગોવિંદ રાવને મળીને આવ્યો અને મને હળાહળ અપમાન કરીને કહી દીધું કે સરકારની મરજી હશે ત્યારે જીવાઈ આપશે.' જોધાભાઈએ એની સામે બેઠેલા આગેવાનોને વાત કરી.

મુળુભાઈ સંદેશો લાવ્યા એટલે બાપુ માણેક, દેવાભાઇ છબાણી સહીતના બીજા વાઘેરના આગેવાનો અમરાપર ગામે જોધાભાઈની વાડીએ ભેગા થયા હતા.

આખી રાતની મજલ કાપી બાજરાના ઢેબરાં રોટલા અને તાંસળીયું ભરીને ભગરી ભેસુંના દૂધ પીધાં પછી મોટાભાગના યુવાનો નીંદરે ચડી ગ્યા તા પણ બળવાની વાત સાંભળી કાસમની નીંદર ઉડી ગઈ'તી.

'તમે બધાય ઈ લાગના જ છો, હું જયારે પેલી બે ગોરીને દરિયામાંથી બહાદુરી બતાવી ઉપાડી આવ્યો તો મારી હારે બધાએ અનજળ બંધ કરી દીધાં તા યાદ છે?' દેવો છબાણી ગુસ્સાથી બરાડ્યો.

'દેવા કાકા, એવી છિછોરી વાત વાઘેરના દીકરાને નો શોભે, તમે તો બધીય હદ પાર કરી ગ્યાતાં, અમે એવા વાઘેર નથી.' મુળુભાઈ ગુસ્સામાં ખાટલેથી ઊભાં થવા જતા હતાં ત્યાં એના બાપુ દેવાભાઈએ ખભ્ભો પકડી રોક્યા.

'મુળુ તને નો ખબર પડે તું હજુ નાનો પડે આ રજવાડાની આંટીઘૂંટીમાં, ક્રૂરની સામે ક્રૂર થવામાં કોઈ ધરમ નો નડે.'

'કાકા એતો ખાંડાના ખેલ થાય ત્યારે ખબર પડે કે કોણ નાનો છે ને કોણ બધાયનો બાપ.' મુળુભાઈએ તલવારની મુઠ ઉપર હાથ રાખીને દેવા છબાણીને રીતસરનો પડકાર આપી દીધો.

'તો તારે તારી બાપની ઉમરનાની હારે ખાંડુ ખેલવું છે?' દેવો પણ કાંઈ પાછો પડે એવો નોતો.

'ખમ્મા કરો ભાઈઓ આપણે સરકાર સામે બાથ ભીડવા ભેગા થયા છીએ અને તમે તો અંદરા અંદર જ ધીંગાણું કરવા સાબદા થ્યાં છો.' વાત આગળ વધે અને અધીરા વાઘેરો વચ્ચે જ તલવારો ખેંચાય એ પહેલા જોધાભાઈ વચ્ચે પડ્યા.

જોધાભાઈની વાત સાંભળીને દેવો અને મુળુભાઈ શાંત પડ્યા.

'તમે બધા વડીલો હુકમ કરો અમે બધા જ વાઘેરના જુવાનિયાઓ ઓખામંડળને ગાયકવાડની ચુંગાલમાંથી છોડાવવા સાટુ અમારું બલિદાન આપવા તૈયાર જ છીએ, કેમ ભાઈઓ?' મુળુભાઈએ જોધાભાઈની વાતમાં સુર પુરાવતા વાઘેરના જુવાનિયાઓને બરાબરનો પાનો ચડાવ્યો.

'ભાઈઓ મારું લોહી પણ ઉકળે છે પણ ઉતાવળે કામ ના લેવાય ખબર છે ને આપણા ચપટી જેટલા સુરવીર વડવાઓએ સામી છાતીએ મરાઠાની ફોજને લડત આપી હતી પણ

છેલ્લે તો આખું ઓખામંડળ ગાયકવાડની સામે ગુમાવ્યું અને આપણે સાલિયાણાં ઉપર જીવવાના દી'આવ્યા.' જોધાભાઈએ કહ્યું.

'પણ તો શું કરવું હવે તો આ અન્યાય સહન કરી કરીને ગળા સુધી આવી ગયા છીએ.' મુળુભાઈએ બધા જુવાનિયાઓની સામું જોયું અને દરેકે પોતાના હાથ ઊંચા કર્યા.

'છેલ્લે આપણે એકલાંજ આપણી જાગીર માટે લડેલા આ વખતે આપણે બધાય ભેગા થઇને લડીશું. આપણને જેમ રોટી અને કમળનું પ્રતીક મળ્યું એમ આપણે પણ ગામેગામ ઊંટ ફેરવીને સમાચાર મોકલી દયો કે ઓખામંડળની ભૂમિને તમારા લોહીની જરૂર પડી છે.

'જોધાકાકા, બેટ દ્વારકા ઉપર ગાયકવાડ સરકારના આરબ અને સિંધી સિપાઈઓને પણ જો કમળ અને રોટીની વાત કરીશું તો આપણી પડખે રહીને લડશે.' કાસમે એની કોમના લોકો પણ લડાઈમાં જોડાશે એવી વાત રાખી.

'તને વિશ્વાસ હોય તો તુ જા બેટ દ્વારકા અને બધાને કર ભેગા, અને મુળુ તુ ગામે ગામ ઊંટ મોકલીને વાવડ કરી દે' જોધાભાઈએ કામની વહેંચણી કરી.

જોધાભાઈના હુકમથી ઓખામંડળના વાઘેરો બેટ દ્વારકાનો કબ્જો કરવાની તૈયારીમાં લાગી ગયા.

પ્રકરણ ૧૦

બેટ દ્વારકા



‘ભાઈઓ આજે મારે તમને એક સંદેશો આપવો છે. દેશમાં કંપની સરકાર સામે રણસીંગુ ફૂંકાઈ ગયું છે, દિલ્હીનો શહેનશાહ આપણી કોમનો હશે તો આયાં ઓખા મંડળમાં આપણે વાઘેરો સાથે મળી સરકારને ઉથલાવીયે.’ કાસમે અબ્દુલ સૈયદની આગેવાની નીચે મસ્જિદમાં ભેગી થયેલ કોમને કહ્યુ.

‘કાસમ તું બહારનો થઇને ઓખા મંડળની ચિંતા ક્યારથી કરવા મંડ્યો?’ એક સિંધી જુવાનિયો બોલ્યો.

‘હું? બહારનો?’ કાસમને આવી ઢંગધડા વગરની વાત સાંભળીને નવાઈ લાગી પણ એ સમજી ગયો કે સિંધી જુવાનિયો શેની વાત કરી રહ્યો છે.

‘હા, અમારા અબ્બુ પણ અહીંયા જન્મેલા અને અહીં મરેલા પણ તારા?’ સિંધી યુવાન આજે કાસમ સાથે જૂનું વેર વાળવાની ઉતાવળમાં હતો.

‘જો અલી, તારા કાનમાં જેને જે ઝેર ભર્યું હોય એ પણ તમારામાંથી કોઈ સાબિત કરી દયે કે મે ઓખામંડળની ધરતી સામે ક્યાંય કોઈ જાતની ખૂટલગીરી કરી છે તો મારુ માથું અને તારી તલવાર બાકી આવી ઢંગધડા વગરની વાત એક સિંધીના દીકરાને શોભતી નથી. અબ્દુલ ચાચા આને કાંઈક કયો હવે.’ કાસમ ગુસ્સે થઇને બોલ્યો.

‘ભાઈઓ પહેલા કાસમને સાંભળો, પછી જેને જે શંકા હોય એનું સમાધાન થશે.’ અબ્દુલ ચાચા વચ્ચે પડ્યા.

‘જોધા માણેકના વડવાઓ આ ઓખામંડળ ઉપર રાજ કરતા’તા અને હવે આપણે એને ફરી પાછા ઓખામંડળના રાજા બનાવવાના છે એના માટે મને જોધાભાઈએ અંગત વિનંતી કરી છે કે હું આપણી કોમને એના દિલની વાત કરું.’ કાસમે મુદ્દાની વાત કરી.

‘એટલે એક રાજાથી રાજ લઇને બીજાને આપવાનું છે, એમાં આપણે શું કામ આપણા માથા કપાવવાં?’ અલીને પાછી જીભ કચરી. કાસમને સારી રીતે ખબર હતી કે એ કામચોર અલીને એણે ચમક ઉપર કામે નો’તો રાખ્યો એટલે પેટમાં દુઃખતું હતું.

‘તું અત્યારના રાજા, અરે રાજા પણ નહિ ખાલી સૂબા ગોવિંદ રાવને મળી શકે? અરે તારા જેવા મગતરાને બેટ દ્વારકાના દરબારગઢની અંદર આંખ ઉઠાવીને જોવાય નો દયે, તું આવી સરકારની તરફદારી કરે છે? ખૂટલગીરી તો આ કહેવાય.’ કાસમે અલીને ચોપડાવી.

‘પણ.....’ અલી જાંખવાણો પડી ગયો.

‘તું પહેલા મારી વાત સાંભળ, તું જે કાળી મજૂરી કરીને માછલાં પકડી લાવે છે ને? એનો ચોથો ભાગ ગાયકવાડ સરકારમાં કર તરીકે જમા કરાવવો પડે છે, એ તને ખબર છે? ના ખબર હોય તો તારા અબ્બુને પૂછી લેજે. જોધા માણેક ઓખામંડળના રાજા બનશે તો આપણે બધા ભેગા થઇને કર ઓછો કરવાની વાત વાત કરીશું. વાઘેરોના રાજમાં આપણે બધા સાચા

અર્થમાં આઝાદ થઇશું.' કાસમે પોતાનો મત રાખ્યો.

હવે અબ્દુલ ચાચાનો વારો હતો.

'કાસમની વાત બરાબર છે, આપણે બધા આઝાદીની આ લડાઈમાં વાઘેરોની સાથે છીએ. દરબાર ગઢની અંદર કામ કરે છે એવા એકાદ સિપાઈને પૃચ્છા કરી જોવો કે રાંગની અંદર લડાઈ વગર જવાનો કોઈ રસ્તો ખરો?' અબ્દુલ ચાચાની વાત કોઈ ઉથાપી શકે એમ નોતું.

કાસમ પોતાની વાત કોમની સામે રાખી અને કોમ તરફથી મદદ મળશે જ એવી બાંહેધરી અબ્દુલ ચાચા પાસેથી લઇને નીકળ્યો.

દરબાર ગઢની પશ્ચિમ બાજુએ આવેલ ધક્કા ઉપર ગાયકવાડ સરકારના વહાણમાંથી બેટ દ્વારકાના સૂબા ગોવિંદ રાવ માટેનો સામાન ઉતરી રહ્યો હતો. કાસમ અને અલી, વહાણની ચોકી કરી રહેલા સૈયદ સિપાઈઓની હલચલ ઉપર નજર રાખીને કાંઠે સહેલાણીઓ હોય એવી રીતે ચાલતાં હતા. દરેક સિપાઈના ખભે લાંબા નાળચાવાળી મસ્કેટ બંદૂક લટકાવેલી હતી, ઉપર લીલી પાઘડી, પાછળ ઢાલ, કેડે તલવાર અને ચામડાના પટ્ટે બંદૂકના કારતુસ અને બંદૂકના દારૂ માટેની કોથળી બાંધેલી હતી. સૈનિકો વહાણની ચોકીદારી કરવાં માટે પુરી રીતે સજ્જ હતાં.

'અરે મેં કીધું તું ને કે કામ થઇ જશે?'

'અલી તને ખબર છે કે તું શું બોલેશ?'

'હા કાસમ, મને ખબર છે, વાલીદભાઈએ કીધું એ આજે અંધારીયે મુળુભાઈના ધક્કે મળવા આવશે.'

'તું મને માંડીને વાત કર એમને એમ હું નો માનું મારે મુળુભાઈને ત્યાં બોલાવવા કે નહિ.'

'જો અબ્દુલ ચાચાએ મને કીધેલું કે દરબારગઢના કોઈ સિપાઈની ઓળખાણ જોઈ.'

'હા તો?'

'મેં બે દિવસ જાપ્તો રાખ્યો દરબારગઢના ધક્કે, તો ખબર પડી કે ખાવાનો સામાન લઇને એક નાની હોડીની ખેપ દરરોજ વહેલી સવારે અને એક બીજી દિવસ આથમ્યા પછી આવે છે અને એના ચોકિયાત તરીકે પેલા દેખાય ઈ વાલીદભાઈ હોય છે અને ઈ દરબારગઢ અંદરની ખોલીમાં રયે એટલે એને આપણી વાત કેમ કરવી એ મોટો સવાલ હતો.'

'તો પછી, વાત કેવી રીતે થઇ?' કાસમ હવે ઉતાવળો થયો.

'આજે સવારે ચિક્કાર ધુમ્મસ હતી, હોડીમાંથી સમાન ઉતરતો હતો, કાંઈ દેખાતું નો'તુ એટલે હું હિંમત કરી ધક્કાની નજીક ગયો અને વાલીદભાઈ મળી ગયા.'

'પછી?'

'પછી શું? હું બાજુમાંથી હળવેકથી બોલતો નીકળ્યો કે કોમને ફાયદો થાય એવી વાત કરવી છે અને મારા ધાઇરા બાર એને મને પાછો બોલાવ્યો અને કીધું કે એનું નામ વાલિદ સૈયદ છે અને એ મદદ કરશે.'

'મારુ તો એટલુંજ કામ હતું, મેં એને આજે રાતે મુળુભાઈના ધક્કે બોલાવી લીધા, હવે તું વાત કરજે જે કરવી હોય એ.' અલી બોલ્યો.

'અલી માફ કરજે દોસ્ત ચમક ઉપર તને મેં લીધો એ મારી ભૂલ હતી. હવે વાલીદભાઈને હું સંભાળી લઈશ.' કાસમ અલીની વાત સાંભળીને એને ભેટી પડ્યો.

કાસમ એકલો વાલીદભાઈને મળવા નો’તો માંગતો કાંઈક ઊંધું વેતરાઈ જાય તો વાઘેર કોમનું ભવિષ્ય દાવ ઉપર લાગી જાય. કાસમે કમને પણ અલી સાથે દેવા છબાણીને મળવાનું નક્કી કર્યું.

‘તું આમ તો મુળુભાઈનો માણાહ મારી મદદ લેવા કેમ આઈવો?’ દેવો કાસમ ઉપર કટાક્ષ કરતાં બોલ્યો.

‘દેવાભાઈ આ તો આપણી બધાની લડાઈ છે, અને હું તો નાનો અમથો માણાહ છું.’

‘તો મુળુ ક્યાં અને બીજો કોઈ વાઘેરનો દીકરો વઇધો નથી કે તને મોઇકલો?’ દેવાની વાતથી કાસમ સમસમી ગયો પણ કડવો ઘુંટડો ઉતારીને ચૂપ રહ્યો .

‘એતો અમરાપર છે તમે જ અત્યારે અમારા મુખી છો અને મારે તમને એક કામની વાત કહેવી છે.’

‘શું હતું બોલ.’ દેવાને કાસમની વાતમાં કોઈ ખાસ રસ નો’તો એટલે રુક્ષતાથી જવાબ આપ્યો.

‘ગાયકવાડનો એક સૈયદ સિપાઈ મળવા તૈયાર થયો છે અને મેં આજે અંધારે મુળુભાઈના ધક્કે મળવા બોલાવ્યો છે.’ ‘તો મારા ધક્કાનું નામ લેતા તારાં મોઢામાં મગ ભઈરા’તા?’ દેવાની કડવી વાણી હજુ ચાલુ જ હતી.

‘તું મળવાનો હતો એ મને થોડી ખબર હતી?’ કાસમ બોલવા જતો હતો પણ, ‘દેવાભાઈ ઈ વાત આ અલી વાલિદભાઈ સાથે નક્કી કરી આવ્યો અને એને પણ અબ્દુલ ચાચાએ સમજાવેલો.’ કહીને વાત વાળી લીધી.

‘સારું સારું હું વાળુ પતાવી મુળુના ધક્કે આવી જઈશ.’ દેવો તિરસ્કારથી બોલ્યો.

‘આ ઠંડી છે એટેલ સારું નહીંતર રાત્રે પ્રકાશ માટે મશાલ કરવી પડેત.’ કાસમને ખાનગી મિટિંગની કોઈને ખબર પડે એની ચિંતા હતી. કાસમ, દેવો છબાણી અને અલી પોતાના ઘોડાંનું કુંડાળું કરી તાપણે વાલીદભાઈને મળવા માટે એની રાહ જોઈને ઉભા હતાં.

‘હવે એમ બી બીને જીવે ઈ થોડો વાઘેરનો દીકરો કે’વાય. કાસમ એને ક્યાં ટાણે આવવાનું કીધું’તુ? વાળુ ટાણાં પહેલા કે પછી? આ હજુ કેમ દેખાણો નહિ?’ અધીરો થઇ ગયેલો દેવો બોલ્યો.

બેટ દ્વારકાના એકે એક રહેવાસીને દેવા છબાણીના હલકા સ્વભાવની ખબર હતી એટલે કાસમ શું જવાબ આપવો એ વિચારતો હતો. બીજી બાજુ અલીની તો દેવાને જોઈને જીભ જ સિવાઈ ગઈ હતી, એ તો ચુપચાપ ઉભો ઉભો તાપણે તાપતો હતો.

‘અલીએ એને વાળુ પછી અંધારિયાનું કીધું’તુ અને એને હા પણ પાડી’તી, હવે આવવા જોઈએ.’ કાસમ હજુ બોલવાનું પૂરું કરે એ પહેલા એક ઘોડેસ્વારનો પડછાયો નજીક આવતો દેખાણો.

‘આ આવી ગ્યા લ્યો.’ કાસમ સતર્ક થઇ ગયો, થાકીને ઉભડક પગે તાપણે બેઠેલો અલી પણ ઉભો થયો.

ઘોડેસ્વાર નજીક આવ્યો, તાપણાંને અજવાળે એ દેવા છબાણીને ઓળખી ગયો, એને

એના ઘોડાને એડી મારી અને પાછો વાળ્યો. આ જોતાંજ કાસમ ઘોડેસ્વારની પાછળ દોડ્યો,

દેવાએ જે રીતે અંગ્રેજી મેડમોનું અપમાન કર્યું અને બેટ દ્વારકાના રહેવાસીઓ ઉપર કંપની સરકારના સીધા હુમલાનું જોખમ ઉભું કરી દીધેલું ત્યારથી બેટ દ્વારકાના કોઈ માણસને દેવો છબાણી દિઠોય ગમતો નો'તો.

કાસમે ઘોડેસ્વારના ઘોડાની લગામ પકડી લીધી એટલે ઘોડેસ્વારે બુચકારો કરીને પોતાના ઘોડાને ઉભો રાખવા લગામ ખેંચી.

'અરે વાલિદમિયાં તમે પહેલા મારી વાત તો સાંભળો.' કાસમે ઘોડેસવારને આજીજી કરી.

'દેવા છબાણી હારે હું કામ નો કરું, એનો વિશ્વાસનો થાય.' વાલિદ ઘોડાને ખેંચીને ઉભો રાખતા બોલ્યો.

'અરે પણ સાહેબ એ મારી પણ મજબૂરી છે, મને પણ એ દિઠોય નથી ગમતો.'

'એલા ત્યાં ઉભા ઉભા શું વાતુંના ફડાકા ઠોકો છો, કાંઈ ખાનગી રાખવાનું છે?' દૂર ઉભેલો દેવો બૂમ પાડીને બોલ્યો.

'ના દેવાભાઈ એવું કાંઈ નથી......' કાસમે વળતો જવાબ આપ્યો.

'અરે વાલિદમિયાં તમે ક્યાં દેવા છબાણીના મોઢાના આવ્યા છો? તમને જોધાભાઈએ બોલાવ્યા છે એમ માનો ને?' કાસમે સિપાઈ સાંભળે એટલા ધીરેથી બોલીને આજીજી કરી.

સિપાઈનો ઘોડો પાછો વળ્યો અને દેવાની નજીક પહોંચતા જ અધીરો દેવો તાડૂક્યો.

'કેમ ભાઈ પાછા વળી ગ્યા?' દેવાએ કરડાકીથી પૂછ્યું.

કાસમે સિપાઈ કાંઈજ બોલે એ પહેલા મોરચો સંભાળ્યો.

'દેવાભાઈ, સિપાઈ સાહેબ અલીને ઓળખતા નથી એટલે પાછા વળી ગયા કારણકે એ રાજદ્રોહનું ખોટું જોખમ લેવા નોતા માંગતા.' કાસમે અલી સામે જોયું અને બોલ્યો.

'વાંધો નહિ, આપણે બધાય ભાઈયુંજ છીએ.' દેવાભાઈ શાંતિથી બોલ્યા.

કાસમે સિપાઈને રોટી અને કમળના પ્રતીક મળવાથી માંડીને ઓખામંડળના વાઘેરો એ શું નક્કી કર્યું એ વાત કરી. એક વખત વાલિદ તરફથી મદદની ખાતરી મળી પછી કાસમે વાત આગળ વધારી.

'વાલીદભાઈ અમારે રાતે ગઢના દરવાજા ખોલાવવા હોય તો?' કાસમે પૂછ્યું.

'દી આથમે પછી દરબાર ગઢની હવેલીએથી હુકમ આવે તો જ અંદરથી જ ખુલે, બાકી તો ડોકાબારી જ ખુલ્લી હોય.' વાલિદ બોલ્યો.

કયા સમયે, કેવી રીતે અને કેટલાં જણાં એ દરવાજેથી દાખલ થવું એ નક્કી કરીને બધા છુટા પડ્યાં.

'એલાવ હવેથી ઘરે એક તલવાર રાખવી છે.' ગાડું ભરીને જતા ખેડૂતોમાંથી એક બોલ્યો.

'હવે ખેડુના દીકરાને તલવારની શું જરૂર હું તો સામે આઈવો એને એક રાંપ ઠોકીને મારી નાખીશ.' બીજો ખેડૂત બોલ્યો.

મુળુભાઈએ ઓખામંડળના ગામે ગામ ઊંટ ફેરવીને સમાચાર પહોંચાડ્યા હતાં એટલે ખેડૂતો ગાડાં ભરીને બેટ દ્વારકા તરફ રવાના થયા હતાં.

અમરાપર બધુ કામ નિપટાવી જોધાભાઈ અને મુળુભાઈ પણ હવે બેટ દ્વારકા આવી ગયા હતા. પુરા ઓખામંડળમાંથી ભેગા થયેલાં લડવૈયાઓ હાથમાં આવ્યું એ હથિયાર લઇને હનુમાન ટેકરીયે એકઠાં થયા હતાં. મુળુભાઈએ કાસમને જોયો એટલે ઈશારો કરીને બાજુમાં

બોલાવ્યો.

'જો કાસમ તું મારી સાથે રહેજે, પણ આપણે તું જે વાવડ લઇ આવ્યો એ પ્રમાણે નથી કરવાનું.' મુળુભાઈ બોલ્યા.

'પણ વાલીદભાઈ?' કાસમ સમજ્યો નહિ.

'કાસમ દેવા કાકાની યોજનાનો પુરે પૂરો ભરોસો નો કરાય, આપણે નક્કી કર્યું એનાથી તદ્દન ઊંધું કરવાનું છે, આપણે રાંગ ઠેકીને જવાનું છે અને ગઢના દરવાજા અંદરથી તલવારની ધારે ખોલાવવાના છે.'

'વાલીદભાઈ ગઢના દરવાજે હશે એટલે લોહી નહિ રેડવું પડે.' કાસમને વાલિદ સૈયદે આપેલ વચન ઉપર ભરોસો હતો.

'કાસમ તું અને તારી ટોળી લઇને તૈયાર થઇ જા.' મુળુભાઈનો હુકમ થયો એટલે કાસમ એના સાથીઓને ભેગા કરવા ત્યાંથી ગયો અને એના સાથીઓને લઇને પાછો મુળુભાઈ પાસે આવી ગયો.

'જો સાંભળજો, રાતે રાંગની અંદરના ભાગે ચોકીદારો રાતનો પહેરો ભરતા હોય છે.' મુળુભાઈ કાસમ અને એના સાથીઓને સમજાવતા બોલ્યા.

'પણ રાંગની ઓલી બાજુ કેમ દેખાય?' કાસમની સાથે આવેલ જમાલ મુળુભાઈને જોઈને હરખપદુડો થવા ગયો.

'હવે બુદ્ધિના બારદાન, કાન સરવા રાખીને સાંભળવાનું.' અલીએ જમાલને ટોક્યો.

'અમે ફતેહ કરીયે એટલે અમારાંમાંથી કોઈ એક મારતે ઘોડે આવીને સમાચાર આપી જશે.' કાસમ બોલ્યો.

'કાસમ ગઢની કઈ બાજુથી મીંદડીયુ ફેંકવાના છો? ખબર છે?' મુળુભાઈએ ચોકસાઈ કરવા પૂછ્યું.

'હા મુળુભાઈ આ જમાલને ખબર છે, આથમણી બાજુ રાંગની બાજુના ઢોરા ઉપર એક ખીજડાનું ઠૂંઠું ઉભું છે એના ઉપર ચડીને મીંદડીનો ઘા કરવો સે'લો પડશે.' કાસમને પોતાની જવાબદારીની ભાન હતું એટલે બધી જ તૈયારે અગાઉથી કરી રાખેલી.

'મીંદડીઓનું વજન હોય છે, ખબર છે ને? જો જરૂર હોય તો કોઈ હટ્ટાકટ્ટાને સાથે મોકલુ?' મશાલના અજવાળે મુળુભાઈ કાસમ સાથે આવેલ અલી અને જમાલ ઉપર નજર નાખીને બોલ્યા.

'માછલાં પકડવા જાળ ફેંકવામાં જોર કરવુ જ પડે છે ને? અમે ફોડી લઈશું.' જમાલે આત્મવિશ્વાસ સાથે જવાબ આપ્યો.

'તો જાવ ને કરો ફતેહ. જોમ ચડાવવા એકાદ અફીણનો ગાંગળો ચગરવો હોય તો લેતા જાઇજો.' મુળુભાઈએ કીધું એટલે કાસમ અને એના સાથીઓ નીકળ્યા.

કાસમ, અલી, જમાલ આ ત્રણેય ઘોડા ઉપર મીંદડી નાખીને ગઢની આથમણી બાજુએ ખીજડાના ઠુંઠે પહોંચી કામે વળગ્યા.

'જમાલ તે મુળુભાઈ આગળ મોટી મોટી વાતો તો કરી નાખી પણ પછી આ વજનદાર મીંદડીનો ઘા તો તારાથી થાશે ને?' અલી જમાલની ઠેકડી ઉડાડતો બોલ્યો.

'કાસમ તું એને કે'કે ઈ રાંગે જઈને ચોકીદારને સંભાળવાનું કામ સોંપ્યું ઈ કરે.' મીંદડીના એક છેડાનું રાંઢવું કેડે બાંધતો જમાલ બોલ્યો.

'સારું સારું, હું જાઉં છું. હું જોરથી બે તાળી પાડીશ એટલે તારે ઘા કરવાનો.' કહેતો અલી રાંગ તરફ જવા નીકળ્યો.

જમાલે આથી ઊંચા નાળિયેરીના ઝાડ ઉપર ચડીને નાળિયેરી ઉતારેલી એના માટે આ ખીજડાનું ઠૂંઠું કોઈ વિસાતમાં નો'તું. એ સડસડાટ કરતો ઠૂંઠાની રાંગ તરફની ડાળીએ ચડ્યો અને નીચેથી લોખંડની મીંદડીને ઉપર ખેંચવા ડાળ ઉપર બેઠો.

'આને ફેંકવા તો ખાસ ગોફણ જોઈ, હાથેથી તો થોડી ભારે પડે.' જમાલના ઘોડે બાંધેલ મીંદડીને ઘોડા ઉપરથી છોડાવતો કાસમ બોલ્યો.

'હવે ગોફણ આપણે ક્યાં લેવા જવી? આપણે થોડી હરોજ રાંગુ ઠેકવી હોય.' મીંદડીને ઉપર ખેંચતો જમાલ બોલ્યો.

ઉપર આવેલી મીંદડીને પકડીને ડાળીએ રાખવા જાય ત્યાં જ.

'ઓ અમ્મી.' સુકાઈ ગયેલ ખીજડાની ડાળી માટે જમાલ અને મીંદડી બંનેનો વજન વધારે થઇ ગયો એટલે એ અણધારી તૂટી અને જમાલ ચીસ પાડતો નીચે પડ્યો. જમાલની અચાનક ચીસથી એક ઘોડો ભડક્યો અને ભાગ્યો.

'જમાલ તું ઠીક તો છો ને?' નીચે ઉભેલો કાસમ જમાલ પાસે આવ્યો.

'કાસમ લાગે છે મારો પગ ભાંગી ગયો છે.' જમાલ કણસતો બોલ્યો.

'અલી..અલી.' કાસમ વધુ બોલે એ પહેલાજ જમાલની ચીસ સાંભળીને એ દોડતો પહોંચી ગયો.

'શું થ્યું?' ગભરાયેલો અલી બોલ્યો.

'આ તો ખોટકાઈ ગ્યો, હવે?' કાસમે અલીને પૂછ્યું.

'હવે શું મને નો કયો મને આ ઝાડ ચડતાં નો આવડે, મેં તો પહેલેથી જ કીધેલું.' અલીને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધા.

'તને ઝાડ ચડવાનું કોણે કીધું? અને આમ પણ રાંગ બાજુની ડાળી ભાંગી ગઈ છે. હવે મુળુભાઇને શું જવાબ આપશું?' કાસમ પણ ગભરાઈ ગયો હતો.

'તું કે તો મારતે ઘોડે હું સમાચાર આપી આવું?' અલી બોલ્યો.

'ના આબરૂના ધજાગરા કરવા છે? આપણે તલવાર પણ ઉપાડવી નથી અને આટલું નાનું કામ પણ નો કરી શકીયે?' કાસમ સહેલાઇથી હાર માનવા માટે તૈયાર નો'તો.

'તો પછી તું બોલ શું કરવું છે.' અલી બોલ્યો.

'મને વિચારવા દે.' કાસમને કાંઈ સુજતુ નો'તું.

'આ જમાલનું શું કરવાનું છે?'

'તું મારી ચિંતા ના કર, તમે મીંદડીની ચિંતા કરો.' જમાલ હજુ પણ પીડાથી કણસી રહ્યો હતો.

'એક ઉપાય છે, હવે આ ખીજડો તો કાંઈ કામ આવે એમ નથી, આપણે રાંગ પાસે જઈને મીંદડીનો એક આંકડાનો ઘા કરીએ તો?' કાસમે તુક્કો લગાવ્યો.

'નસીબ પાધરા હોય તો એક આંકડો પણ ચોંટી જાય બાકી આખી રાત મહેનત કરો તોય કાંઈ નો થાય.' અલી નાસીપાસ થઇને બોલ્યો.

'પણ મને લાગે છે આપણે કોશિશ તો કરવી જોઈ. જમાલ તું થોડી વાર રાહ જો અમે હમણાં આવી.'

મીંદડીમાંથી એક આંકડો કાઢી એને રાંઢવું બાંધી કાસમ અને અલી રાંગ તરફ ગયા.

'એ જાગતા રહેજો.....' રાંગની અંદરના ભાગેથી રાતે ફેરી કરતા ચોકીદારનો અવાજ આવ્યો.

'મેં કીધું તું ને કે દયાન રાખીને ફેંક.' દબાતાં અવાજે કાસમ બોલ્યો.

'હા પણ ઘા કર્યા પછી એ બોલ્યો તો મને કેમ ખબર પડે?' અલીએ મીંદડીના આંકડાનો ઘા કર્યો ત્યારેજ બરાબર ચોકીદાર બોલ્યો.

'લાવ હવે મને આપ.' કહી કાસમે અલી પાસેથી રાંઢવાનો છેડો લીધો.

ઘા કરેલ આંકડો ફસાણો કે નહિ એ બંને માંથી એકેયને ખબર નો'તી. બંને ચોકીદાર રાંગની પાછળના ભાગમાંથી પસાર થઇ જાય એની રાહ જોતાં બેઠાં.

'એ જાગતા રહેજો...' અવાજ ફરી પાછો આવ્યો પણ એ અવાજ હવે ધીરે ધીરે દૂર જવા લાગ્યો. અવાજ સંભળાતો બંધ થયો એટલે કાસમે આંખો બંધ કરી ઉપરવાળાનું નામ લઇ, શ્વાસ રોકીને રાંગ ઠેકીને પાર પડેલા રાંઢવાને ધીરેથી ખેંચ્યું અને એ અટકાણું હોય એવું લાગ્યું.

'કાસમ મને નથી લાગતું એક આંકડો ફસાય, આપણે કેટલા ઘા કર્યા? હવે તો મારા બાવડાં પણ દુખાવા મંડ્યા છે.' અલી ઘા કરી કરીને થાક્યો હતો.

'ઉભો રે, મને લાગે છે આ ઘા ફસાણો છે.' કાસમ બોલ્યો.

અને થયું પણ એમજ કરેલ મહેનત સફળ થઇ હોય એમ ઘા ફસાણો, હવે કાસમનું કામ શરુ થતું હતું. અલીને જમાલ અને ત્રણેય ઘોડાઓ લઇ મુળુભાઈને ફતેહના સમાચાર આપવાનું કહી કાસમ વધારાના રાંઢવા ખભે બાંધીને રાંગે ચડ્યો.

રાંગ પાર થઇ ગઈ એ સમાચાર મળતાંજ ગઢની બહાર હનુમાન મંદિરે એકઠા થયેલા ઘોડેસવારો અને જેની પાસે ઘોડા નો'તા એ બધા પગપાળાં ગઢના મુખ્ય દરવાજે પહોંચવા નીકળ્યા. હો ગોકીરો થઇ ગયો આ કોઈ શિસ્તબદ્ધ લશ્કર થોડું હતું આતો ગજા બહારના કરવેરાઓ અને વાઘેરોના સાલિયાણાં આપવામાં ગાયકવાડ સરકાર જે ઠાગાઠૈયા કરતી હતી એની સામે ઉભા થયેલા અસંતોષનો જુવાળ હતો.

ગઢના મુખ્ય દરવાજે કોઈ હલચલ નો'તી, ઠંડીને કારણે ચાર-પાંચ સિપાઈઓ તાપણે ટોળું વળીને બેઠાં હતા. મુળુભાઈ કાસમ અને સાથે બીજા સો એક હથિયાર ધારીઓને ગઢની અંદરની શેરીમાંથી આવતા જોઈને બીજા સિપાઈઓની સાથે ફરજ બજાવી રહેલા વાલિદભાઈને નવાઈ ના લાગી. મુળુભાઈ અને કાસમને જોયા એટલે વાલીદભાઈ ઉભા થઇને નજીક આવ્યા.

'મુળુભાઈ આ છે રાજના ચોકીદાર વાલિદભાઈ સૈયદ, મેં એમની સાથે વાત કરેલી.'

'વાલીદભાઈ શું કયો છો? દરવાજો ખોલો અને આવી જાઓ અમારી સાથે અને રાત્રીની ફરજ ઉપરના તમારાં બીજા સાથીઓને પણ જાણ કરી દો જેથી કરીને કોઈનું ખોટું લોહીનો રેડાય.' મુળુભાઈ વાલિદની પાસે જઈ ને બોલ્યા.

વાલિદ પણ આ વિપ્લવમાં ભાગ લઇને પોતાની જાતને ધન્ય માનતો હતો, એણે બીજા ચોકીદારોને ઈશારો કર્યો એટલે દોડતાં બે ચોકીદારોએ જઈ ને ગઢના દરવાજા ધીરે ધીરે ખોલ્યા. દરવાજા ખૂલતાજ સામે જોધાભાઈ અને વાઘેરોનું ટોળું રાહ જોઈને જ ઉભું હતું. મુળુભાઈની સમજાવટથી દરવાજા ખુલી જતા લોહીનો એક છાંટો પાડ્યા વગર બધા બેટ દ્વારકાના ગઢમાં દાખલ થયા.

'મુળુ કોઈને મોકલ સૂબા ગોવિંદરાવની હવેલીએ અને એના ચોકીદારોને કહેવડાવી દે કે શહિદ થવું હોય તો સાબદા રહેજો.' જોધાભાઈએ કીધું એટલે મુળુભાઈના ઈશારાથી એક

ઘોડેસ્વાર મારતે ઘોડે સૂબા ગોવિંદરાયની હવેલીએ જવા નીકળી ગયો.

'કાકા આપણે પણ હવેલી તરફ નીકળીએ, હવેલીના પાંચ ચોકીદાર શું કરી લેશે?' મુળુભાઈ એના ઘોડાને બુચકારી એના ઉપર સવાર થતાં બોલ્યા. ગઢના દરવાજેથી કાસમ અને બીજા રાંગ ટપીને આવેલાં વાઘેરોના ઘોડાઓ પણ આવી ગયા હતાં.

'મેં આજે સવારે એક ચોકીદારને વાત કરી છે એટલે એ લોકો તમારા સંદેશાની રાહ જ જોતા હશે.' જોધાભાઈ અને મુળુભાઈની વાતો સંભાળીને વાલિદ આગળ આવ્યો અને બોલ્યો. 'પણ જો તમારો હુકમ હોય તો હું સાથે આવું?'

'ના તમારી જરૂર નથી, મને તમારી વાત ઉપર ભરોસો છે.' જોધાભાઈએ વાલિદને રોક્યો.

ગઢનો દરવાજો ફતેહ થઇ ગયો એટલે જોધાભાઈના ઈશારાથી મશાલચીઓના ઘોડા આગળ થાય અને બાકીના પાછળ ચાલ્યાં. સૂબા ગોવિંદરાયની હવેલીના દરવાજાની ડેલીઓ તો કોઈજ ધીંગાણું કરવાની જરૂર ના પડી, વાલિદે અગાઉથી કરેલ વાતની અસર દરેક ચોકીદારને થઇ ગઈ હતી અને એ બધા પણ વિપ્લવમાં વાઘેરોની સાથે જોડાવા રાજી હતાં. જોધાભાઈ, મુળુભાઈ અને કાસમ સહીતના હથિયારધારીઓ ફળિયામાં થઇને બે રોકટોક હવેલીના બારણે આવીને ઉભા રહ્યા.

જોધાભાઈ ઘોડેથી ઉતર્યા, લોખંડની ખરી જડેલા ચામડાના બુટથી બારણાં ઉપર પાટુ માર્યું અને એક દરવાજો ધડામ કરતો નકુચામાંથી છૂટીને નીચે પડ્યો, પાછળથી દરવાજો ખોલવા આવતો એક નોકર પણ એ દરવાજાની નીચે આવી ગયો અને પીડાનો માર્યો બુમાબુમ કરવા લાગ્યો. બે ત્રણ નોકરોએ મહામહેનતે એને બહાર કાઢ્યો.

જોધાભાઈ એ આજુબાજુ નજર કરી.

'મુળુ બાકીનાને કહે કે બહાર શાંતિ રાખે.' કહેતા દીવાન ખાનામાં સૂબા માટે અનામત રાખેલ કલાત્મક સોનાના હાથા વાળી ખુરશી ઉપર પગ ઉપર પગ ચડાવીને બેઠા. નીચે દીવાન ખાનામાં થઇ ગયેલ અફડાતફડીથી એક નોકર ઉપરના મજલે જઈને સૂબાને ખબર કરી આવ્યો.

થોડીવારમાં ઢળેલી આંખો સાથે સૂબો પગથિયાં ઊતરીને નીચે આવ્યો. નીચે દરવાજાની બહાર સળગતી મશાલો અને હથિયારો સાથે વાઘેર લડવૈયાઓ અને દીવાનખાનામાં જોધાભાઈને એની ખુરશીમાં બેસેલાં જોઈ એ દોડાદોડ જોધાભાઈ પાસે આવ્યો.

'જોધાભાઈ તમે?

જોધાભાઈ કાંઈ જ ના બોલ્યા.

'જોધાભાઈ સાલિયાણાં માટે મેં વડોદરા દીવાનશ્રીને આવેદન કર્યું છે. અને આ તમે....' પોતાની ખુરશી ઉપર જોધાભાઈને બેસેલા જોઈને ગોવિંદરાય કાંઈક બોલવા જતો હતો એને જોધાભાઈએ હાથ ઊંચો કરીને રોક્યો.

'આ તમારી ખુરશી ઉપર કેમ બેઠો એમ ને?'

ગોવિંદરાયે હકારમાં માથું હલાવ્યું.

'તમને શું લાગે અમે આટલાં બધા વાઘેરો ખાલી સાલિયાણું લેવાં માટે હેરાન થાઈ?'

ગોવિંદરાયને સમજાણું નહિ કે જોધાભાઈ શું કહેવા માંગેછે એટલે એ ચૂપ થઇને ઉભો રહયો.

'અમે સાલિયાણું નહિ પણ ઓખામંડળની ગાદી ઉપર અમારો હક્ક જમાવવા અહીં ભેગા થયા છીએ.'

'જોધાભાઈ નાહકની ગાયકવાડ સરકાર સાથે બાથ ભીડશો?' ગોવિંદરાય હાથ જોડીને બોલ્યો.

'બાથ ભીડાઇ ગઈ, હવે તમે તમારી રૈયતને રાખરી રામ રામ કહી દયો.' જોધાભાઈ હવેલીના દરવાજે ઉભેલા લડવૈયાઓના ટોળાં તરફ હાથ કરતાં બોલ્યા.

'ગોવિંદરાવના તો પગ નીચેથી જમીન સરકી ગઈ, એ કાંઈ પણ બોલ્યા વગર ડરનો માર્યો દોડીને પગથિયાં ચડતો ઉપરના મજલે ભાગ્યો.

'કાકા, સૂબાને ખબરદાર કરી નાખું? જેને તમને ભીખ મંગાઈવી હતી એને તમે કયો તો ઢાળી દઉ.' મુળુભાઈ પોતાની તલવારની મુઠ ઉપર હાથ મૂકતાં બોલ્યા.

સમયે સમયનું કામ બરાબર કર્યું. હજુ એક મહિના પહેલાજ સૂબો ગોવિંદરાવ જે ખુરશી ઉપર બેસીને જોધાભાઈને અગાઉથી બાંધેલું સાલિયાણું આપવા આનાકાની કરતો હતો એ આજે પૂંછડી દબાવીને જીવ બચાવવા માટે ભાગી ગયો.

'ના મુળુ, રે'વાદે આપણે એના જેવા ખૂટલ નથી, એના ઘરવાળાઓ સાથે એને પણ વડોદરા હેમ ખેમ પહોંચાડવાની જવાબદારી આપણી છે. આપણે વાઘેરના દીકરા છીએ કોઈ કાયરની પેટે જનમ નથી લીધો.

સૂબો ઉપર ગયો એને સારો એવો સમય થઇ ગયો, મુળુભાઈ અકળાણા.

'મને એ બેટની સૂબાગીરી મફતમાં આપી દે એવો લાગતો નથી, મને ઉપર જઈને જોવા ધો કાસમ હાલ તો મારા ભેગો.' કહેતા મુળુભાઈ પગથિયાં ચડીને ઉપરના મજલે ગયા. કાસમ મુળુભાઈને ઓળખાતો હતો એ એકલા જોખમ લઇ લે એવા બહાદુર હતાં પણ આ સમય બહાદુરી બતાવાનો નો'તો.

'એય જીવણ અને અલી તમે બેય હાલો મારી પાછળ.' હવેલીના દરવાજે જોધાભાઈના હુકમની રાહ જોઈને ઉભેલ વાઘેર યુવાનોમાંથી બે યુવાનોને ઈશારો કરતો બોલ્યો.

'કાસમ ઉપરના મજલે તો કોઈ જ સળવળાટ નથી, આ હવેલીને બીજા કોઈ છુપા રસ્તા તો નથી ને?'

'મુળુભાઈ મેં તો આ હવેલી જ પહેલી વખત જોઈ મને તો કેમ ખબર હોય?' બોલવા જતા કાસમે, 'કોઈ નોકરને શોધીયે, એને ખબર હશે.' બોલી મુળુભાઈને પોતે એની જગ્યાએ હોય તો શું કરે એ કહી દીધું. *** 'હવે નાહકના તમે બધાય શું કામ તમારો જીવ જોખમમાં નાખો છો? તમને તમારો કુટુંબ કબીલો વા'લો છે કે નહિ?' મુળુભાઈની કરડાકીની કોઈ અસર નોકરો ઉપર થતી હોય એવું લાગતું નો'તું. હવેલીના રસોડાના એક ખૂણે ઉભડક પગે હાથ જોડી ભરાઈને બેઠેલા નોકરો રડી રડીને હીબકે ચડી ગયા હતાં, પણ કોઈ મુળુભાઈના પ્રશ્નનો જવાબ આપતા નો'તા.

'મુળુભાઈ, તમારી આજ્ઞા હોય તો હું પૂછું?' કાસમ આગળ આવ્યો અને મૂળુભાઈને પૂછ્યું.

મુળુભાઈ નોકરોને પૂછી પૂછીને કંટાળી ગયા હોવાથી હકારમાં માથુ હલાવી હા પાડી.

'તમારા માંથી કોઈને ખબર પણ છે કે સૂબા ક્યા રૂમના ચોર ખાનામાં છુપાયેલા છે?' કાસમે ખાલી અનુમાન કર્યું.

બધા જ નોકર હજુ હાથ જોડીને બેઠાં હતાં.

'કાસમ એને અમર વચન જોતું હોય એવું લાગે છે. તમારાં માંથી જે પણ નોકર સાચી વાત કહેશે એને રાજનો ખુટલ નહિ મનાય આ મારુ વચન છે બસ?' મુળુભાઈએ દરેક નોકરને જીવતદાન આપ્યું. જીવતદાન મળતાંજ એક નોકર ઉભો થયો અને અને બંધ રૂમના બારણે આવીને ઉભો રહી ગયો. માહિતી આપે એના ઉપર ગદ્દારનો બટ્ટો લાગે અને માથું વઢાય જાય તો? આ જ બીકે એક પણ નોકર સૂબો ગોવિંદરાય ક્યા રૂમમા છુપાયેલ છે એ બતાવવા તૈયાર નો'તો. કાસમ નોકરની પાછળ ગયો અને બારણું ખોલી રૂમમાં દાખલ થયો .

'મુળુભાઈ...!' કાસામે રૂમના પાયખાના માંથી બૂમ પાડી.
'મળ્યો?' કહેતા મુળુભાઈ રૂમમાં દાખલ થયા.
હવેલી ગઢની રાંગની લગોલગ આવેલી હતી અને પાયખાનાનું મળમૂત્ર વિશર્જન કરવા માટેનું બાકોરું સીધું રાંગની બહાર પડતું હતું એ બાકોરાં માંથી એક ગાંઠો વળેલું રાંઢવું લટકતું દેખાયું. સૂબો ગોવિંદરાવ એના કુટુંબને લઇને એ બાકોરાંમાંથી ભાગી છૂટ્યો હતો.

'કાકા એતો કાયર થઇને ભાગી છૂટ્યો.' મુળુભાઈ દોડતા નીચે આવ્યા અને જોધાભાઈને સમાચાર આપ્યા.
'તો હવે બેટ દ્વારકા આપણું વાઘેરોનું થયું.' જોધાભાઈએ જાહેર કર્યું અને બારણાંની બહાર આતુરતાથી રાહ જોઈ રહેલા લડવૈયાઓ ચિચિયારીઓ પાડી ઉઠ્યા.
'જોધા માણેકનો જાય હો, મુળુ માણેકનો જય હો.' ટોળાના વાઘેરો જય જયકાર કરવા લાગ્યા.
દેવો છબાણી પણ હાજર હતો, જોધાભાઈ અને મુળુભાઈનો જય જયકાર એને જરાય પસંદ નો'તો એ એના ચહેરાના હાવભાવ ઉપરથી મુળુભાઈ ઓળખી ગયાં.
'દેવા કાકાનો..!' મુળુભાઈએ જય બોલાવી.
'જાય હો.' ટોળાએ દેવા છબાણીનો જયકાર પણ ઝીલી લીધો.
'એ બધાય અંદર આવી જાઓ, જો જો કોઈ કિંમતી વસ્તુઓને નુકસાન નો કરતાં, આ હવેલી હવે આપણી છે.' મુળુભાઈએ જાહેર કર્યું અને બહારથી આવીને બધા દીવાનખાનાની ફર્શ ઉપર પલાંઠી વાળીને બેસી ગયા. જોધાભાઈ સૂબાની ખુરશી ઉપર અને આજુબાજુ રાખેલી ખુરશીઓ ઉપર મુળુભાઈ, દેવો, કાસમ વગેરે ગોઠવાઈ ગયા.
'ભાઈઓ સાંભળો, આ ઇતિહાસની અમર પળ છે. હવે આપણે નક્કી કરવાનું છે કે આપણા રાજા કોણ? અને..' મુળુભાઈ એની વાત પુરી કરે એ પહેલાં તો ટોળામાંથી જયકાર સાંભળવા મંડ્યા.
'જોધા માણેકનો જય હો...જોધા માણેક...અમારા રાજા.' ટોળાના અવાજે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખ્યું. 'હવે કાકા ક્યે એટલે સારું મુરત જોઈને કરીયે કંકુના, બોલો કાળીયા ઠાકોરનો.' મુળુભાઈ ખુરશીમાંથી ઉભા થઇને બોલ્યા.
'જય હો.' વાઘેરોના અવાજથી મધ્ય રાત્રે આખી હવેલી ગુંજી ઉઠી.
'મુળુ?' જોધાભાઈને કાંઈક વાત કરવી હતી.
'એ સાંભળો, કાકાને કાંઈક વાત કરવી છે.' મુળુભાઈએ કહ્યું અને દીવાનખાનામાં બેઠેલા વાઘેરો જોધાભાઈને સાંભળવા ઉતાવળા થઇ ગયા.
'ભાઈઓ, બેટ દ્વારકાતો આપણું થયું ખરો ખેલ તો દ્વારકામાં છે અને સરકારનું મોટું થાણું પણ ત્યાં જ છે એટલે જો આખું ઓખામંડળ ફતેહ કરવું હશે તો ખાલી બહાદુરી, બુઠી તલવારો અને રાંપોથી નહિ ચાલે સાચાં હથિયારો જોઈશે.' જોધાભાઈ વાઘેરના લડવૈયાઓને એની યોજના બતાવી.
'આજ્ઞા હોય તો હું બોલું?' હો ગોકીરામાં ગઢના દરવાજેથી હવેલીએ પહોંચી ગયેલો વાલિદ બોલ્યો.
જોધાભાઈએ હાથ ઊંચો કરીને બોલવાની પરવાનગી આપી.
'હવેલીની પાછળના ભાગે મોટું દારૂખાનું છે, એમાં મસ્કેટ બંદૂકો, હજારો તલવારો,

ધારિયાં, કુહાડીઓ, લગભગ એક હજાર કિલો જેટલો ગન પાવડર અને હજારો કિલો સલ્ફર છે.' વાલિદે દારૂખાનાનો હિસાબ આપી દીધો. જે લોકોની સૂબા ગોવિંદ રાવના રાજમાં હવેલીના બારણે ફરકવાની હિંમત નો'તી થતી એ ઓખામંડળના ભવિષ્યના રાજા સાથે સીધી વાત કરી શકતા હતા. જમીન સાથે જોડાયેલ જોધા માણેકને ઓખામંડળનો રાજા બનાવવા માટે એકે એકે વાઘેરનો લડવૈયો થનગની રહ્યો હતો.

'આટલાં હથિયારો તો ઓખામંડળ ઉપર રાજ કરવા માટે પૂરતા છે.' જોધાભાઈનો ઈશારો મુળુભાઈ સમજી ગયા.

'હવે તો પૂરું ઓખામંડળ કબજે કરીને જ જંપીશુ કેમ ભાઈઓ?' મુળુભાઈએ ટોળાને પૂછ્યું અને ટોળાએ ફરી પાછો જય જયકાર બોલાવી દીધો.

જોધામણેક ઓખામંડળના રાજા બની ચુક્યા હતા.

પ્રકરણ ૧૧

મુળુ માણેક



જોધા માણેક બેટ દ્વારકાના રાજા બનતા કાસમનો માન મરતબો એની કોમમાં વધી ગયો. હવે કાસમ ખરા અર્થમાં એક વાઘેર અને મુળુભાઈનો અંગત વિશ્વાસુ બની હતો હતો. કાસમની વિનંતીને માન રાખી જોધાભાઈએ માછલીઓ ઉપરનો વેરો સંપૂર્ણ નાબૂદ કરી દીધો હતો. એ વિધાને ભૂલવા માંગતો હતો પણ ભૂલી શકતો નો'તો. જો વાઘેરો દ્વારકા શહેર ઉપર કબ્જો કરી લે તો વિધાને મળવું એના માટે આસાન થઇ જાય એ હિસાબે કાસમ મુળુભાઈને પોતાની વાત મનાવવા માંગતો હતો.

'કાસમ તારે વાતું કરવી છે, તલવારું અને બંદૂકો તો અમારે હલાવવાની ને?' મુળુભાઈ કાસમની વાત માનવ તૈયાર નો'તા.

'પહેલા આપણી પાસે હથિયારોની કમી હતી હવે એ કમી પણ દૂર થઇ ગઈ છે.' કાસમ દ્વારકા શહેર કબ્જે કરવાની તરફેણમાં હતો જયારે મુળુભાઈના ગળે એ વાત ઉતરતી નો'તી.

'હજુ આખું ઓખામંડળ કબજે કરવાનું બાકી છે અને દ્વારકા શહેરમાં ગાયકવાડ સરકારનું મોટું થાણું છે.' મુળુભાઈ તાત્કાલિક હુમલો કરવાની વિરુદ્ધમાં હતા.

'તો પછી ઓખામંડળના બીજા ગામડાઓ અને શહેરો કબ્જે કરવાનું શરુ કરો, દ્વારકા શહેરનો વારો છેલ્લે રાખશું.' જોધાભાઈએ હુકમ કરી દીધો એટલે વધારે ચર્ચાને કોઈ સ્થાન નો'તું.

યોજના અનુસાર ઓખા ગામને કબજે કરવામાં તો કોઈ વાર નો લાગી, વાત તો પવન વેગે ફેલાઈ ગઈ હતી કે જોધાભાઈ માણેકને ઓખામંડળના રાજા બનાવી દેવામાં આવ્યા છે. ઓખામંડળના વાઘેરોમાં માણેક કુટુંબની અનેરી છાપ અને માન મર્યાદા હતી. મૂળુભાઈ ની આગેવાનીમાં વાઘેરના લડવૈયાઓએ ઓખામંડળના એક પછી એક નાના મોટા શહેરો અને ગામડાઓ કબ્જે કરવા માંડ્યા. ઓખામંડળની રૈયત ગાયકવાડની ચુંગાલ માંથી છૂટી એટલે એ આ આઝાદીને ઉત્સવની જેમ ઉજવી રહી હતી અને મુળુભાઈના લડવૈયાઓની ફોજમાં જોડાઈ રહી હતી.

જોધા માણેકની આગેવાની નીચે ઓખામંડળના બે ભાગ થઇ ગયા હતા એક ભાગ બેટ દ્વારકાવાળો અને બીજો ભાગ દ્વારકા શહેર વાળો.

'મુળુ હવે આ દ્વારકા શહેરનું કાંઈક કરવું જોઈ.' જોધાભાઈએ લાગતાં વળગતાંને હવેલીએ બોલાવ્યા હતાં.

'કાકા, ગાયકવાડ સરકારના તાલીમબદ્ધ સિપાઈઓ સાથે બાથ ભીડે એટલાં આપણા વાઘેરો જોરૂકા નથી.' મુળુભાઈને પોતાના લડવૈયાઓની ખૂબીઓ અને ખામીઓ બંનેનો સારી રીતે ખ્યાલ હતો.

'પણ મુળુ, મને તમે બધાએ ભેગા થઇને ઓખામંડળનો રાજા બનાવ્યો એને પૂરું એક વર્ષ થયું, હવે આ ઓખામંડળનો વહીવટ આમ બે કટકામાં કરશું તો કેટલું લાબું હાલશે?'

'આપણી પાસે હજુ પૂરતી બંદૂકો નથી, બીજા હથિયારો છે પણ....!'

'પણ શું? મુળુ તને આપણા વાઘેરોના કાંડાના જોર ઉપર વિશ્વાસ નથી?' બહાદુર ભત્રીજો મુળુ પીછે હટ કરવાની વાત કરતો હતો એ જોધાભાઈને ના ગમ્યું.

'કાકા મને ગાયકવાડ સરકાર ઉપર ભરોસો નથી, આપણે બેટ દ્વારકા કબ્જે કર્યું એને એક વરસ થઇ ગ્યું એના તરફથી કોઈ હુમલો નથી થયો તો આપણે એમ માની લેવું કે મરાઠાઓએ ચૂડીઓ પહેરી લીધી છે?' મુળુભાઈને મરાઠાઓના પ્રતિભાવના અભાવથી શંકા થતી હતી.

'મરાઠાઓ જમીન ઉપર શૂરા પણ એનું દરિયામાં કામ નહિ એટલે આ બાજુ ફરક્યા નથી.' જોધાભાઈ પાસે મુળુભાઈની વાતનો પણ જવાબ હતો.

'આપણે દ્વારકા શહેર કબજો કરવાનો પ્રયત્ન તો કરવો જ જોઈ, એ બહાને આપણને મરાઠાઓની તાકાતનો પરિચય પણ મળી જાય.' કાસમને વિધાને કારણે દ્વારકા શહેરને ફતેહ કરવામાં રસ હતો એ વાત જોધાભાઈ કે મુળુભાઈને ખબર નો'તી.

'મુળુ મને તારી બહાદુરી અને કાંડાના જોર ઉપર વિશ્વાસ છે.' જોધાભાઈએ તો આમ કહીને દ્વારકા શહેર ફતેહ કરવાની મંજૂરી આપી દીધી.

'અલી આ તો ઉલ્ટું પડ્યું છે ગાયકવાડ સરકારના સિપાઈઓ જાણે આપણીજ રાહ જોઈને બેઠાં હતા એવું લાગે છે.' કાસમ અને અલી લડવામાં પાવરધા નો'તા પણ ભાગવામાં તો ચોક્કસ હતાં. અંધાધૂંધીમાં જીવ બચાવવાં માટે કાસમ અને અલી બંને મુખ્ય ટોળીથી છુટા પડી ગયા હતાં.

ધાર્યા કરતા ધીંગાણું લાબું ચાલ્યું અને દ્વારકા શહેરની શેરીઓની અંદર જ તલવારો ઉડી અને બંદૂકોના ભડાકા થવા લાગ્યા. વાઘેરોએ ધાર્યું હતું કે બેટ દ્વારકાની જેમ દ્વારકા શહેરમાં પણ માથાકૂટ કર્યા વગર ગાયકવાડ સરકારના સિપાઈઓ શરણે થઇ જશે પણ એ બધી ગણતરીઓ ઉંધી પડી. મુળુભાઈએ અનિચ્છાએ દ્વારકા શહેર ઉપર કરેલો હુમલો નિષ્ફળ ગયો હતો. મસ્કેટ બંદૂકોની ગોળીઓનો સામનો ખાંડા, તલવાર અને ધારિયાથી કેમ કરવો એ કોઈને સમજણ પડતી નો'તી એટલે પોતપોતાનો જીવ બચાવવા દ્વારકા શહેરની શેરીઓમાં ભાગમદોડ મચી ગઈ હતી.

બેટ દ્વારકા હાથમાંથી ગયા પછી ગાયકવાડ સરકારે દ્વારકાનો કબ્જો જાળવી રાખવા માટે વધારાની મરાઠા સિપાઈઓની ટુકડીઓ અને દારૂગોળો વડોદરાથી મોકલાવેલો. આ વાતની વાઘેરોને ખબર પડે ત્યાં સુધીમાં તો ગોળીબારી શરુ થઇ ગઈ હતી. વાઘેર લડવૈયાઓ કરતાં દુશ્મન ગાયકવાડ સરકારના સૈનિકોની સંખ્યા અનેક ગણી વધારે હતી એટલે વાઘેરોને જીવ બચાવીને ભાગવા સિવાય કોઈ આરો નો'તો.

સિપાઈઓની એક ટુકડી કાસમ અને સાથી અલીની પાછળ પડી ગઈ હતી, દુશ્મનોની સંખ્યા ખુબ જ વધારે હોવાથી એ બંને પોતાનો જીવ બચાવીને ભાગતા હતા. સિપાઈઓની મસ્કેટ બંદૂકો કાસમ અને અલીનો જીવ લીધા વગર બંધ ના થવાની હોય એમ ધાણીની જેમ

ફૂટતી હતી. દ્વારકાની શેરીઓમાં જીવ બચાવી દોડતા એ બંને કોઈ ઘરમાં સંતાવાનું શોધી રહ્યા હતા પણ ડરના માર્યા શહેરની પ્રજાએ પોતપોતાના ઘરની ખડકીઓ અને ભાગરો બંધ કરી દીધી હતી અને ઘરમાં ભરાઈ ગઈ હતી. આખા શહેરમાં એક પણ ઘરની ખડકી ખુલ્લી નો'તી.

'આપણે જો મંદિરની અંદર જતા રહી તો જીવ બચી જશે.' દ્વારકાધીશના મંદિર સામાનેની શેરીના એક ચબુતરાની પાછળ જીવ બચાવવા છુપાઈને બેઠેલા કાસમે અલીને કહ્યું.

'મંદિરમાં? એમ નહિ પણ મંદિર અંદર જવા કરતા દરિયે વયા જાય એ બાજુ કોઈ હોડકી મળી જશે.' કાસમ ભલે ભૂલી ગયો હતો પણ અલીને એનો મજહબ યાદ હતો એટલે મંદિરવાળો ઉપાય એને પસંદ ના પડ્યો.

'તું હાલને અત્યારે આ બઘડાટીમાં કોઈ ભાવ નહિ પૂછે કે તું હિન્દૂ છો કે મુસલમાન.' કાસામે હાથ પકડીને અલીને પોતાની પાછળ ખેંચ્યો.

કાસમને મંદિરમાં શરણું લેવામાં એક કાંકરે બે પક્ષી મારવા હતાં. જીવ બચાવવાની સાથે જો વિધાની એક ઝલક મળી જાય કે પછી એની સાથે ટૂંકી વાત થઇ જાય એ ખાસ હેતુ હતો. હજુ તો બંને હજુ ચબુતરાના ઓથમાંથી બહાર નિકળ્યાજ હતા.

ધડામ અને '....સન...ન...ન...ન....' કરતી એક ગોળી, રાંગના બુરજ ઉપર તાકીને બેઠેલા સૈનિકની મસ્કેટમાંથી અચાનક જ આવી અને આંખના પલકારામાં અલીનું માથું ફાડીને સોંસરવી નીકળી ગઈ. અલીના માથાના ફૂરચા ઉડી ગયા અને લોહીનો એક ફુવારો ઉડ્યો અને ચબુતરાની દીવાલમાં લોહીનો મોટો ધબ્બો પડી ગયો. અલીના મોઢામાંથી પીડાનો એક ઉંહકાર પણ ના નીકળી શક્યો એ ધડામ કરતો નીચે પડ્યો, કાસમે અલીનો પકડેલો હાથ હાથમાં જ રહી ગયો. અલી અલ્લાહને પ્યારો થઇ ગયો હતો.

ચબૂતરાંની પાછળ હવે વધુ વખત સંતાઈ રહેવામાં અલીની જેમ એનો પણ ઘડો લાડવો થઇ જશે એનો ડર પેસી જતા એ આંખો બંધ કરી એકીશ્વાસે જીવ બચાવીને મંદિરના દરવાજા તરફ દોડ્યો. દરવાજાની પાસે એને ગોળીઓથી બચવાની આડસ મળી ગઈ. ત્યાં પહોંચતાજ મંદિરના વિશાળ દરવાજાઓ ઉપર મુક્કા મારી ખોલવા માટે બૂમો પાડવા લાગ્યો પણ દરવાજાની પાછળ એની બૂમો સાંભળવા વાળું કોઈ નો'તુ. મંદિરના દરવાજા કદાચ સદીઓના ઇતિહાસમાં પહેલી વખત વાઘેરોના હુમલાને કારણે બંધ કરવા પડ્યા હતાં. પાછળ બંદૂકની ગોળીઓનો ડર હતો અને આગળ બંધ દરવાજા હતા. એણે આજુબાજુ નજર કરી, જમણી બાજુના દરવાજામાં એક નાનકડી ખડકી હતી એ ત્યાં ગયો અને ખડકી ઉપર આંખો બંધ કરીને પાટા મારવા લાગ્યો. ખુબ પાટા માર્યા પછી ખડકીની અંદરનો નકુચો તૂટી ગયો અને ખડકી ખુલી એ વધુ વિચાર્યા વગર જીવ બચાવવા અંદર ઘુસી ગયો.

ધર્મશાળાની ઓરડીના ખૂણામાં કોકડું વળીને ધ્રુજતા કાસમની સામેથી અલીનું ફાટી ગયેલું માથું કેમેય કરીને દૂર થતું ના હતું. સામે ઉભેલા યુવાન સંન્યાસી પાસેથી કાસમે ધ્રુજતા હાથે પાણીની કુલડી લીધી અને એકી શ્વાસે બધુ જ પાણી ગટગટાવી ગયો.

'વાઘેર લાગો છો.' સંન્યાસીના અવાજમાં સમુદ્ર જેવી ગહેરાઈ અને શાંતિ હતી.

'હા ધીંગાણું થયું અને અમે ધાર્યા કરતા સરકારના સિપાઈઓની સંખ્યા વધારે નીકળી એટલે વાઘેરોએ ભાગવાનો વારો આવ્યો છે.' કાસમે કંપતા અવાજે માંડ એટલું બોલી શક્યો.

'તમે મૃત્યુને સાક્ષાત જોયું લાગે છે, તમારે વધારે પાણીની જરૂર છે. હું હમણાં આવ્યો.' કાસમના હાથમાંથી પાણીની કુલડી લઇને સંન્યાસી ઓરડીની બહાર ચાલ્યા ગયા.

'આ સંન્યાસીને કેમ ખબર પડી કે મેં અલીના ફાટી ગયેલા માથાને મારી સગી આંખે જોયું છે?' કાસમ અલીના મોત વિષે વધુ વિચારે એ પહેલા તો સંન્યાસી બીજી કુલડી ભરીને પાછા આવી ગયા.

'આ પી જાઓ એટલે મન શાંત થઇ જશે.' સંન્યાસીએ પાણીની કુલડી લંબાવી, કાસમ એ પણ એકી શ્વાસે પી ગયો.

'તમારો ખુબ આભાર, હું તમને શું કહું?' કાસમે સંન્યાસીનું નામ જાણવા માટે પૂછ્યું.

'પંડિત શાંતિભૂષણ' સંન્યાસીના અવાજના ઊંડાણે કાસમને સલામતીનો અનુભવ કરાવ્યો.

'મારે મારા સાથીઓને મદદ કરવા જવું છે પણ શહેરની શેરીઓમાંતો લાંબા નાળચાવાળી મારી રાહ જોઈને બેઠી છે. બીજો કોઈ રસ્તો મળે?' કાસમને મંદિરમાંથી ભાગવું હતું પણ જો મોકો મળે તો વિધા વિષે જાણવાની જિજ્ઞાસા પણ હતી.

'મંદિરની પાછળથી ગોમતી નદીમાં નીકળાય, ધક્કા ઉપર એકાદ બે હોડીઓ હોયજ છે.'

'પંડિતજી તમારી આજ્ઞા હોય તો મારે અહીંયાથી નીકળતા પહેલા એક પ્રશ્ન પૂછવો છે.' કાસમ જે પ્રશ્નનો જવાબ મેળવવા એક વર્ષથી મહેનત કરતો હતો એ મોકો અત્યારે હતો.

'પૂછો તમને જે પણ પ્રશ્ન હોય એ પૂછો, સંન્યાસીનું કામ જ એ કે સંસારના મૂંઝવતા કોયડાઓનો ઉકેલ શોધવાનો અને જવાબ આપવાનો.' સંન્યાસીએ એજ શાંત અવાજમાં કહ્યું.

'મંદિરની આ ધર્મશાળામાં વિધા નામે કોઈ યુવતીએ આશરો લીધો છે?'

'વિધા? હા છે ગૌશાળામાં કામ કરે છે, અનાથ છે અને કુટુંબમાં એક માત્ર પિતાશ્રી હતા એ પણ મૃત્યુ પામ્યા છે. પણ તમે વિધાને કેવી રીતે ઓળખો?' સંન્યાસીએ પૂછ્યું.

'અલ્લાહને મંજુર હશે તો સારા સંજોગોમાં મળીશું ત્યારે બધી જ માંડીને વાત કરીશ, અત્યારે રજા આપો.' આમ કહીને કાસમ મંદિરની પાછળ આવેલ ગોમતી નદીમાં હોડી લઇને નીકળી ગયો.

દ્વારકામાંથી વાઘેરોને ખદેડીને ભગાડ્યા એને એક વરસ થઇ ગયું તેમ છતાં સૂબા ગોવિંદરાવને મહારાજાની ચુપકીદી સમજાતી નો'તી. એ મહારાજને સમજાવીને થાક્યો હતો કે વાઘેરો બેટ દ્વારકાના ગઢની રાંગ ઉપર તોપુંની ગોઠવણી કરવાનું વિચારે એ પહેલા બેટ દ્વારકા ઉપર હુમલો કરવો જોઈ પણ મહારાજાને હજુ પણ વાટાઘાટો ઉપર વિશ્વાસ હતો. એક વખત મોકો મળતા જ સૂબો મહારાજના ગુસ્સાની પરવાનગી વગર કંપની સરકારના કર્નલ ડોનાવનને મળવા મુંબઈ પહોંચી ગયો.

'હજુ મને હુમલો કરવાની પરવાનગી નથી મળી.' ડોનાવનને સમજાતું નો'તું કે સરકારે એને રિઝર્વ ફોર્સ તરીકે શા માટે રાખ્યો છે.

'પણ જો અમારાં મહારાજની વાત ઉપર લેવલે સ્વીકારાઈ જશે તો બેટ દ્વારકામાં યુદ્ધને બદલે સંધિની વાત શરુ થશે.' ડોનાવનની લાગણીને ઉશ્કેરતા ગોવિંદરાવે કહ્યું.

'મને ખબર છે, જેણે અમારી મેડમો ઉપર ઊંચી આંખ કરીને જોયું એને હું જીવતા છોડવા નથી માંગતો પણ મારે ઉપરથી રિઝર્વ રહેવાનો ઓર્ડર છે.' ડોનાવન મજબુર હતો.

'તો પછી હું મહારાજની વાત આગળ વધારું?' ગોવિંદરાવને પણ હવે આશા નો'તી.

'ના તમે વાતને ડીલે કરો, ખેંચો. જો મોકો મળશે તો એકેય વાઘેરને હું જીવતો છોડીશ નહિ.' ડોનાવને વચન આપ્યું અને ગોવિંદરાવ નીકળ્યો.

'મુળુ, મને આ ગાયકવાડ સરકારની ચુપકીદીનો બઉ ભરોહો નથી.' જોધાભાઈ એના અંગત વર્તુળમાં રાજકાજની સામાન્ય ચર્ચા કરતાં હતા.

'કાકા, વાવડતો એવા મળે છે કે નાનામોટાં રાજવાળાઓ અને ક્યાંક ક્યાંક તો રૈયત જ અંગ્રેજ સરકારની સામે થઇ ગઈ છે. કોઈ એવું ક્યે છે કે બળવો સફળ થ્યો ને કોઈ ક્યે છે કે વિફળ થ્યો. કોની વાતનો વિશ્વાસ કરવો ઈ જ ખબર નથી પડતી.' મુળુભાઈએ પોતાની ચિંતા વ્યક્ત કરી. 1857ની સાલમાં મંગલ પાંડેના બલિદાનથી શરુ થયેલો વિપ્લવ બંધ થવાનું નામ લેતો નો'તો. બે-બે વર્ષથી ભારતભરમાં ચાલી રહેલા વિપ્લવને દાબવામાં અંગ્રેજ સરકારને નાકે દમ આવી ગયો હતો.

'મને લાગે ગાયકવાડ સરકાર કરતાં આપણે સૂબા ગોવિંદરાવનું ધ્યાન રાખવું પડશે, મને કેમેય પણ એની દાનત ખોરી લાગે છે.' જોધાભાઈને ગાયકવાડ સરકાર ચૂપચાપ કેમ બેઠી છે એ પ્રશ્ન તો ઉભો જ હતો.

'કાકા, હવે એને ઉથલાવ્યો છે તો કાંઈણ તો ઈ કરવાનો જ છે, કેટલી મોટી કાંઈણ કરવાનો છે એટલું જ વિચારવાનું છે.' મુળુભાઈને તો ગળા સુધી વિશ્વાસ હતો કે ગોવિંદરાવ તકલીફ આપવાનો છે.

સલામતીના કારણોસર જોધાભાઈના કાફલાને રાતના અંધારીયે અમરાપર રવાના કર્યા પછી મુળુભાઈ અને કાસમ હથિયારખાનાની મુલાકાતે આવેલા હતાં. મુળુભાઈ દરવાજે આવ્યા એટલે અંદર હથિયારોની ગણતરી કરાવી રહેલો વાલિદ બહાર આવ્યો. 'કાસમ મને તારી આ વાત પસંદ પડી, આપણને ભલે કોઈ બહારથી તોપ ના આપે પણ ચમક ઉપર હતી એવી નાની તોપું તો આપણે બેટની કોઈઢ્ઢમાં પણ ઢાળી શકીયે ને?' મુળુભાઈને ગાયકવાડ સરકારની ચુપકીદીથી ઉકળાટ થતો હતો. દ્વારકા શહેર ઉપરનો હુમલો નિષ્ફળ થયો એના પછી પણ ગાયકવાડ તરફથી બેટ દ્વારકા ઉપર કોઈ વળતો હુમલો ના થયો એ વાત મુળુભાઈને બરાબરની અકળાવતી હતી.

'અને બહારથી ઢાળેલ તોપ મળી જાય તોય અહીં બેટ ઉપર લાવવી કેમ?' કાસમનો પ્રશ્ન વ્યાજબી હતો, બળવો કચડાઈ ગયો પછી કોની હિંમત હોય કે જે ગાયકવાડ અને કંપની સરકારના દુશ્મન એવા વાઘેરોને તોપો આપે.

'કાકાએ પણ આવા ટાણે જ અમરાપર જવાનું નક્કી કર્યું.'

'તો શું વાંધો છે? તમારા બાપુને મળવા તો જાવુ જ પડેને? તમારી હારે કોઈ વાટાઘાટો થયા વગર એમ કાંઈ થોડું ધીંગાણું થઇ જવાનું છે?' કાસમે મુળુભાઈને ટાઢા પાડ્યા. કાસમના મતે ઓખામંડળના રાજા થયા પછી જોધાભાઈ એના મોટાભાઈ બાપુ માણેકને જીવના જોખમે મળવા જાય એ કારણ પણ વ્યાજબી જ હતું.

'તોપુ બનાવવા માટે તો આપણા હથિયાર ખાનામાં ઢગલાં બંધ તલવારું છે એ ઓગાળીને…' હજુ વાલિદ એનું બોલવાનું પૂરું કરે એ પહેલા તો એક લાલચોળ આગનો ગોળો આકાશમાંથી આવ્યો અને ઘોડારના છાપરા ઉપર પડ્યો. ભડકેલા ઘોડાંની હણહણાટીઓએ બેટ દ્વારકા ઉપર ગાયકવાડ અને કંપની સરકારે કરેલા હુમલાનો જાણેકે

સંકેત આપી દીધો હતો.

'આ જેણે પણ અબળી રૈયત ઉપર ગોળા ફેંકવાનો હુકમ આપ્યો એ તો કાયર નીકળ્યો, એની માંએ સવાશેર સૂંઠ ખાધી હોય તો પડકાર કરીને સામી છાતીએ આવે ને.' મુળુભાઈનો ગુસ્સો સાતમા આસમાને હતો, વાઘેરનો દીકરો એટલે લોહી તો આમ પણ ઉકળેલું જ રહેતું.

'પણ મુળુભાઈ આ જ વાત છે ગંદા રાજકારણની, ઇતિહાસ એવા કાયરોને નહિ પણ સામી છાતીએ લડવા વાળાઓને યાદ રાખે છે.' કાસમની પણ બધીજ ગણતરીઓ ઉંધી પડી હતી, કોઈ પણ જાતની વાટાઘાટ કે સૂચના આપ્યા વિનાજ બેટ દ્વારકાની નિર્દોષ પ્રજા ઉપર ત્રણ ત્રણ યુદ્ધ જહાજોએ ત્રણેય બાજુથી આગના ગોળાઓ વરસાવવાના શરુ કરી દીધાં હતાં.

'આપણે તો રાંગની અંદર છી, રાંગની બહારના માછીમારો ઉપર પણ આ તોપના ગોળાઓ વરસતા હશે ને?' જોધાભાઈ બહારગામ જતા મુળુભાઈએ મોરચો સાંભળવાની ફરજ પડી.

'આપણી પાસે વળતો જવાબ આપવા તોપુ નથી પણ જો કોઈ ગઢની રાંગ ચડવાની કોશિશ કરે તો આપણા જુવાનિયાઓને રાંગ ઉપર ચડાવવા પડશે.'

'એની ચિંતા અત્યારે છોડ એ એક રાતમાં એવો હુમલો નહિ કરે, તમે બધાય ઘરે ઘરે જઈને બૈરાં છોકરાઓને મંદિર ભેગા કરો, જે પણ કાયર ગોળા ફેંકાવી રહ્યો છે એ કાળીયા ઠાકોરના મંદિરને તો એક નોરૂ રાખશે જ.' મુળુભાઈને પોતાની રૈયતની ચિંતા હતી.

મધરાતનો સમય થઇ ગયો હતો અને બેટ દ્વારકા ઉપર હજુ પણ ત્રણેય દિશાઓથી આગના ગોળાઓ વરસી રહ્યા હતા. ગઢની રાંગ પણ હવે આગથી ધગધગતાં તોપના ગોળાઓની સામે ટક્કર લઇ શકે એમ નો'તી, રાંગમાં પણ હવે ઠેક ઠેકાણે બાકોરાં પડવા મંડ્યા હતાં. તોપમાંથી છૂટેલા ગરમ ગરમ લોખંડના ગોળાઓ છાણ માટીના ઘરો ઉપર પડતા આગ લાગી જતી હોવાથી રાંગની અંદરના ભાગમાં ઠેર ઠેર આગ લાગી ગઈ હતી. લોકો તોપના ગોળાઓનો ભોગ બની જવાની બીકે બધા જ પોતપોતાના ઘરોમાં ભરાઈને બેસી ગયાં હતાં. વાઘેરના યુવાનો બધા લોકોને મંદિરે આશરો લેવાનું કહેવા માટે જીવના જોખમે ઘરે ઘરે ફરી રહ્યા હતાં. કાસમ અને એના સાથીઓ એક શેરી માંથી પસાર થયાં અને સામે અચાનક દેવો છબાણી એની બંદૂક બાજોની ટોળી સાથે મળી ગયો. હંમેશા પોતાના ઘોડા ઉપર સવાર રહેતો દેવો તોપમારાથી બચવા એના બંદૂકબાજો સાથે ચાલતો જ નીકળ્યો હતો.

'એય કોણ છે? મશાલ આગળ લાવ તો.' અંધારામાં દેવાએ અજાણ્યુ ટોળું જોયું એટલે પડકાર કર્યો.

'દેવકાકા હું કાસમ.' દેવાનો અવાજ ઓળખી ગયો એટલે કાસમ બોલ્યો.

'કાસમ, તું અને તારા સાથીઓ જાઓ અને મારા બંદૂક બાજોને દારૂખાનામાંથી ગનપાવડર પહોંચાડો.' દેવભાઈએ કાસમને હુકમ કરતો હોય એવી રીતે વાત કરી.

'પણ દેવાકાકા, રાતના અંધારામાં બંદૂકબાજ રાંગ ઉપર ચડીને શું કરશે?' કાસમ મુળુભાઈએ સોંપેલું કામ પહેલા પૂરું કરવા માંગતો હતો.

'ઈ તારે ક્યાં જોવાનું? જોધોભાઈ હાજર નથી એટલે આ બેટ ઉપર હું કહું એમ કરવાનું અને સામે જીભ નહિ કચરવાની. શું સમજ્યો?' તડ અને ફડમાં માનવા વાળો દેવાને જોધાભાઈને મળતો માનમરતબો સહન થતો નો'તો. દેવો ખાલી જોધાભાઈને જ ઓખામંડળના રાજા માનવા તૈયાર હતો બાકી વાઘેર કોમની વચ્ચે એના ભત્રીજા મુળુની વાતનું પણ વજન

પાડવા માંડ્યું હતું એ દેવાને બરાબરનું ખટકતું હતું. એને ખબર હતી કે જોધાભાઈને એના જેવા માથા ફરેલ વાઘેરની જરૂર હતી એટલે એ મોકો મળ્યે કોઈપણનું અપમાન કરતાં ખચકાતો નો'તો.

'કાકા અમને મુળુભાઈ એ હુકમ કર્યો છે કે અમારે બૈરાં છોકરાંઓને મંદિરની અંદર પહોંચાડવાના છે.'

'હું તને હમણાં તો ફાટ્યો કે જોધોભાઈ રૂબરૂ હાજર નો હોય ત્યારે હું રાજા, અને આ તું જે તારા મુળુ મુળુની માળા જપેશ એનો નાયડો નો'તો તૂટ્યો એ પહેલા તો મેં બે ખૂન કરી નાખેલા.' મુળુભાઈનું નામ સાંભળતા દેવો બરાબરનો અકળાયો હતો.

'દેવાકાકા, મારો કહેવાનો મતલબ એ કે ગન પાવડરને થોડું મોડું થાય તો નહિ ચાલે? અમે બધાને સલામત મંદિરે પહોંચાડી દઈએ પછી તમારો હુકમ સર આંખો ઉપર, તમે કયો ત્યાં ગન પાવડર પહોંચાડી દેશું.' કાસમે દેવાને શાંત પાડવા કોશિશ કરી.

'એય વેવલા, મુળુ મોટો કે હું? કોનું પહેલા માનીશ? મારૂ કે એનું? હાલો બધાય અમારી હારે અને મેં કીધું ઈ પેલા કરો.' દેવાએ કાસમ અને એના સાથીઓને હુકમ કર્યો.

'પણ કાકા..' કાસમ બોલવા જતો હતો ત્યાં જ દેવાએ એને રોક્યો.

'અને તું મુળુ મુળુની માળા જપેશ એ મુળુ ક્યાં? ક્યાંક મીંદડીની જેમ સંતાઈ....' દેવો પોતાની વાત પુરી કરે ત્યાં અચાનક જ એક તોપનો ગોળો દેવા ઉપર પડ્યો અને એ ગોળાએ દેવાના પડછંદ શરીરને એક તણખલાની જેમ ઉછાળ્યું. ગોળાની સાથેજ દેવાના શરીરના ફૂરચેફૂરચા ગઢની રાંગ ઉપર ચોંટી ગયા. ઘડીના છઠા ભાગમાં તો દેવો હતો નો'તો થઇ ગયો. દેવાનું આવું કમકમાટી ભર્યું મોત જોઈને કાસમ અને સાથીઓના શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઇ ગયુ.

પહેલી રાતના તોપોના હુમલે દેવાભાઈના કમકમાટી ભર્યા મોત સિવાય બધા સલામત હતા. એના મોતની ખબર આખા બેટ દ્વારકામાં વાયુવેગે ફેલાઈ ગઈ હતી, ભલે જેવો હતો તેવો પણ દેવો છબાણી વાઘેર કોમનો એક આગેવાન હતો. યુદ્ધ જહાજોના તોપમારાની સામે મજબુર થઇ ગયેલા વાઘેર કોમના લડવૈયાઓ દેવાભાઈના મોતનો બદલો લેવા અધીરા થઇ ગયા હતાં પણ શું કરવું એની સમજણ પડતી નો'તી.

'મુળુભાઈ, એ તો આપણે જવાબમાં તોપમારો નો કરીયે તો એને ખબર તો પડી જ જાય ને કે આપણી પાસે રાંગ ઉપર તોપો નથી.' કાસમે જવાબ આપ્યો, તોપ ગોળાઓની સામે વળતો હુમલો કેમ કરવો એની ચર્ચા મુળુભાઈની આગેવાની હેઠળ ચાલુ હતી.

'આપણી પાસે તોપો નથી એ તો સમજ્યા પણ લાંબા નાળચાંવાળી નો કામ આવે?' કાંઈક તો ઉપાય હશે એ હિસાબે મુળુભાઈએ પૂછ્યું.

'અમે રાતે રાંગની બુરજ ઉપર ગ્યા'તા, પણ તોપ દગાય એનો પ્રકાશ આવે પાછું અંધારું ઘોર થઇ જાય એમાં બંદૂકથી નિશાન કેમ લેવા?' એક વાઘેર બોલ્યો.

'અને મોં સુજણું થાય તયેં કાયરના દીકરાઓ ઊંડાણમાં વયા જાય છે એટલે આપણી ગોળીએ પણ નો પહોંચે.' બીજાએ સાથે પુરાવ્યો.

'કાયરના દીકરાઓ દગા ફટકાથી મેલી રમત રમે છે, એક વાર જો ખાંડાની ધારે આવે તો ખબર પડે.' મુળુભાઈ અંગ્રેજોની દગાખોર યુદ્ધ નીતિથી મૂંઝાઈ ગયા હતાં.

'મુળુભાઈ એક ઉપાય છે.' કાસમ બોલ્યો.

રાત પડી અને ફરી પાછો તોપમારો શરુ થયો. આ તોપમારો ઓછો કરાવવાનો એક જોખમી ઉપાય કાસમે બતાવ્યો અને મુળુભાઈ અને સાથીઓ એનો અમલ કરવા તૈયાર થઇ ગયા હતાં.

'મુળુભાઈ હું અને બીજા બે સાથીઓ જાઈ, આમ પણ તમારાં ઉપર મોટી જવાબદારી છે.' કાસમે આગ્રહ કર્યો, એને જોકે ખબર હતી કે મુળુભાઈ જેવો બળુકો અને બહાદુર માણસ એને જીવનું જોખમ લેવા જવા નહિ દે.

'કાસમ તારું કામ હતું આ ઉપાય બતાવવાનું હવે અમારુ કામ છે કાંડાનું બળ બતાવવાનું.' મુળુભાઈને પોતે વાઘેર હોવાનું ગર્વ હતું.

એક વાર નક્કી થયું પછી, રાત પડ્યે હનુમાન ટેકરીએ ભેગા થવાનું નક્કી કર્યું. રાતના અંધારામાં મુળુભાઈ એના ચુનંદા સાથીઓને લઇને તોપમારો કરી રહેલાં જહાજની પાછળની બાજુએ હલેસાંવાળી હોડી લઇને પહોંચી ગયા. કાસમના અનુભવ અને અનુમાન પ્રમાણે ટોપના નાળચાં બહાર કાઢવાની કે જોવાની ડોકાબારી માંથી અંદર જઈ શકાય તો જહાજના તોપચીઓને રૂબરૂ મળી શકાય એવી યોજના હતી. જહાજની આ પાછળની બાજુની તોપો શાંત હતી જયારે બેટ દ્વારકા તરફની તોપો અવિરતપણે આગના ગોળાઓ ફેંકી રહી હતી. ગાયકવાડ સરકારના જહાજો ધારેલા એતો કંપની સરકારના જહાજો નીકળ્યા.

'મુળુભાઈ હજી પણ પાછાં વળી શકાય એમ છે.' ડોકાબારીએ પહોંચવા માટે રાંઢવું તૈયાર કરી રહેલા મુળુભાઈને કાસમે સમજાવવાનો પ્રયત્ન કર્યો. કાસમ વાઘેરો અને કંપની સરકારને સીધી દુશ્મની થાય એવું નો'તો ઈચ્છતો.

'ભાઈ કાસમ હવે તો પાછો વળું તો મારી માંનું ધાવણ લાજે, તમે બધાય કાળીયા ઠાકોરને અરજ કરો કે મારી આ મીંદડી એક ડોકાબારીમાં ફસાઈ જાય, પછી તો હું પહોંચી વળીશ. મારો રણછોડ મારી હારે જ છે.

બધાના આશ્ચર્ય વચ્ચે થયું પણ એવુ જ પહેલા જ ઘા એ મીંદડી ડોકાબારીના નકૂચે ફસાણી.

'સાથીઓ જો હું પાછો નો આવું તો જાજાથી જુહાર અને આવતાં ભવે વાઘેરની કુખે જ જનમ લઇ ફરી મળીશું.' કહેતા મુળુભાઇ રાંઢવું પકડીને સડસડાટ ઉપર ચડી ગયા. હથિયારમાં એની કેડે બસ એક ખાંડુ લટકાવેલ હતું.

જહાજની બીજી બાજુની તોપો દાગવાનું ચાલુ જ હતું. એક પછી એક તોપો ફૂટતી હતી અને એમાંથી નીકળતાં આગના ગોળાઓ બેટ દ્વારકાના ગઢની રાંગની સોંસરવા થઈને નિર્દોષ લોકોનો કચ્ચરઘાણ બોલાવી દેતા હતાં.

કાસમ અને બીજા સાથીઓ હોડીમાં શ્વાસ થંભાવીને બેઠાં હતાં. મુળુભાઇ ડોકાબારીનું ઢાંકણું ખોલીને અંદર ગયા અને બધાની આંખો કાળીયા ઠાકોરને અરજ કરવા બંધ થઇ ગઈ. વધતાં જતા હૃદયના ધબકારાઓ વચ્ચે તોપમારો અચાનક બંધ થઇ ગયો અને એ બંધ થતાં જ દરિયાના જહાજને અફડાઈને ડેકાં દેતાં મોજાઓનો અવાજ સ્પષ્ટ સંભળાવા લાગ્યો. મુળુભાઈ ડોકાબારીમાંથી બહાર આવ્યા અને લબડતાં રાંઢવે ધડામ કરતાં હોડી ઉપર પડ્યા.

'ભાગો, હવે.' મુળુભાઈ હજુ બોલ્યા ત્યાંતો જહાજની આબાજુની બધીજ ડોકાબારીઓ ખુલી ગઈ અને એમાંથી ધનાધન ગોળીઓ છૂટી. ગોળીઓથી બચવા માટે કાસમ સહિતના બધા જ જોર કરી કરીને હલેસાં મારતાં જહાજથી બને એટલી ઝડપથી દૂર ભાગ્યાં. રાતના અંધારાને કારણે એક પણ વાઘેરના દીકરાનો વાળ વાંકો નો થયો. મુળુભાઈએ કોઈ જાદુ કર્યો હોય એમ હોડી કાંઠે પહોંચી ત્યાં સુધી એક પણ તોપનો ગોળો ના છૂટ્યો.

તે રાતે સવાર સુધી તોપમારો બંધ રહ્યો એટલે ઘાયલ થયેલ લોકોને ઠેકાણે પાડવાનો સમય પણ મળી ગયો. તોપોના ગરમ ગરમ ગોળાઓ બેટ દ્વારકાની શેરીઓમાં તો કોઈના ઘરમાં પડ્યા હતા. રાતના અંધારામાં જ મંદિરે આશરો લીધેલ વાઘેરની બાયું નીકળી પડી અને પોતપોતાના ઘરમાંથી પાણીમાં પલાળેલાં ગોદડાંઓ વીંટાળીને વરસી પડેલાં તોપોના ધગધગતાં ગોળાઓને ઠેકાણે પાડી દીધાં. આખી રાતની દોડધામમાં કોઈને નિરાંતે વાત કરવાનો સમય નો'તો મળ્યો. કાસમ અને એના સાથીઓને ઉપર શું થયું એની જીજ્ઞાશા હતી એટલે એ પણ મુળુભાઈને મોકો મળે ત્યારે પૂછવાની રાહમાં હતા.

'ભાઈયું આજે રાતે તૈયારી રાખજો એ ડોનાવનનો દીકરો બરાબરનો ખીજાણો હશે.' મુળુભાઈ ટોળે વળેલા વાઘેરોને પાનો ચડાવતાં હતા.

'પણ તમને…' કાસમ વાત પુરી કરવાં જતો હતો ત્યાં જ.

'મને એનું નામ કેમ ખબર એમ ને? હું રાંઢવું પકડી ડોકાબારી માંથી અંદર ગયો તો તે કીધું તું એમ બધા તોપચીઓ તોપું ફોડવામાં મશગુલ હતા અને કોઈ પાસે હથિયાર નો'તા મેં અચાનક ખાંડુ કાઢ્યું ને ધીંગાણું થઇ ગયું અને મેં દશ-બારના તો કાંડા કાપી નાઇખા હશે. એ બઘડાટીમાં એ કર્નલ ડોનાવનને બોલાવો, કર્નલ ડોનાવનને એમ રાડો પાડતાં હતાં. એ કર્નલનો દીકરો આવે એ પહેલા તો હું બારી ઠેકીને પાછો વયો આઈવો.'

'પણ ભાઈ આ કર્નલ સખણો બેસવાનો નથી, એ હોડીઓમાં પાયદળ નહીં મોકલે એની આપણને શું ખાતરી છે?' મુળુભાઈનો નાનો ભાઈ દેવો બોલ્યો.

'હા દેવા એટલે તો મેં તને કીધું કે બે બે ચાર જણાંને હનુમાનની દેરીએ સાબદા રાખો, એ એક જ એવી જઈગા છે જ્યાંથી એ ફિરંગીઓ આવી શકે. બીજે ક્યાંય ઉતરે તો આપણી બંદૂકો એને ફૂંકી મારે.'

એજ તો વાત હતી, વિપ્લવ પૂરો કચડાઈ ગયા પછી તુરંત ગોવિંદરાવની બેટ દ્વારકા ઉપર હુમલો કરાવવાની યોજના સફળ રહી હતી અને એના અગાથ પ્રયત્નોથી કર્નલ ડોનાવન પોતે દરિયાઈ માર્ગેથી જાય અને એના બીજા બે કેપ્ટનો જરૂર પડ્યે જમીન ઉપર હુમલો કરે એવી યોજના તૈયાર કરી બેટ દ્વારકાને ધૂળમાં મેળવવાનો પ્લાન બનાવી ચુક્યો હતો. અધૂરામાં પૂરું મુળુભાઈએ તોપખાનામાં કરેલા ધીંગાણાંથી કર્નલ ડોનાવનના જહાજ ઉપર હાહાકાર મચી ગયો હતો અને ઘણાં બધા તોપચીઓ ઘવાઈ ગયા હતાં તેમ છતાં કર્નલ ડોનાવનના ગુસ્સાને કારણે રાત પડ્યે તોપમારો પાછો શરુ કરી દીધો હતો.

પુરા એક અઠવાડિયા સુધી દિવસે અજવાળું થતાં ડોનાવનના ત્રણેય યુદ્ધ જહાજો બંદૂકની રેન્જથી બચવા માટે કિનારાથી દૂર ચાલ્યા જતા હતાં અને રાત્રે અંધારું થતાં જ નજીક આવીને ફરી પાછો તોપમારો શરુ કરી દેતાં હતા. એક અઠવાડિયા સુધી સખત તોપમારો કર્યા પછી પણ વાઘેરો તરફથી ગઢની રાંગ ઉપર શરણાગતિનો સફેદ ઝંડો ના ફરક્યો એટલે કર્નલ ડોનાવન પુરે પૂરો પાગલ થઇ ગયો હતો. કર્નલ ડોનાવને જમીન માર્ગે હુમલો કરવા એના જેવાજ ક્રૂર બે કેપ્ટનોને આ કામ સોંપી દેવાનું વિચાર્યું. એ બંને નંદાણા ગામની અંગ્રેજી છાવણીએ એક હજાર સિપાઈઓ સાથે કર્નલના હુકમની રાહ જોઈને તૈયાર જ બેઠા હતા.

'ભાઈઓ જેની રાજ જોતા હતાં એ ઘડી આવી પહોંચી છે.' મુળુભાઈએ કેસરિયા કરવાં તૈયાર હતાં એ યુવાનોની ટોળીને પાનો ચડાવ્યો. જે વાવડની રાહ હતી એવાંજ વાવડ મળ્યા કે ઓખા ગામના દરિયા કાંઠે નાની મોટી હોડીઓ અને વહાણોનો જમાવડો થઇ ગયો છે, કોઈ મોટી લશ્કરી હિલચાલ થઇ રહી છે. હજારોની સંખ્યામાં પાયદળ નંદાણા ગામથી માર્ચ કરીને ઓખા ભેગું થયું છે અને બેટ દ્વારકા ઉપર હુમલો કરવા માટે તૈયારી ચાલી રહી છે.

'મને તો લાગે કે એ હનુમાનના મંદિર બાજુથી આવશે, તમને શું લાગે છે ભાઈઓ?' મુળુભાઈ અંગ્રેજોનું લશ્કર ક્યાંથી હુમલો કરશે એની ચર્ચા કરતાં હતા.

'ઓખા ગામથી તો મંદિર બાજુનો કાંઠો નજીક પડે.' એક યુવાન બોલ્યો.

'હાલો બીજું કોઈ? પછી હું મારી વાત રાખું.' મુળુભાઈ એ ફરી પૂછ્યું. કોઈએ જવાબ નો આપ્યો એટલે મુળુભાઈએ એનો તર્ક રાખ્યો કે એના માટે અંગ્રેજો હનુમાનના મંદિર વાળા કાંઠેથી આવવાં જોઈ કારણકે મંદિર તરફની રાંગ હજુ સાબૂત છે એટલે વાઘેરોની બંદૂકોની ગોળીઓથી બચવા એ મંદિર બાજુના દૂરના છેડે થી આવશે.

'એ વાત તો સમજાણી પણ હજારોની સામે આપણે આટલાં મુઠીભર?' હજારોની સંખ્યા સાંભળીને એક વાઘેર યુવાનના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી.

'એને જ કેસરિયા કહેવાય, નમાલું જીવીને પણ શું કરવું? એક એક વાઘેરનો દીકરો જો દશ સિપાઈના માથાં વાઢી લ્યે તો હજાર તો શું દશ હજારને પણ ખદેડી દેવાય. મુળુભાઈનું લોહી ગરમ થઇ ગયું હતું એને તો હજાર સિપાઈ હોય કે દશ હજાર એનાથી કોઈ ફરક પડતો નો'તો.

'હાલો આમાંથી ખાંડે કોણ રમશે અને કોણ મશાલ પકડશે એ નક્કી કરો, કાસમ તું મારી હારે મશાલ પકડીને રહેજે.' મુળુભાઈએ કાસમને કામ સોપી દીધું.

'પણ મુળુભાઈ, આમ ઉતાવળ કરવાને બદલે વાટાઘાટોનો કોઈ રસ્તો ખરો?' કાસમને વગર વિચાર્યે મોતના મોઢામાં જવું એ મુર્ખામી લાગતી હતી.

'તને શું લાગે છે, આ હજારોનું પાયદળ વાટાઘાટ કરવા ઉતાર્યું છે? જે ને આપણા ઘર ખોઈડાં તોપના ગોળાઓથી સળગાવી નાઇખા એની પાસે તું વાટાઘાટોની આશા રાખેશ.' મુળુભાઈ વાટાઘાટો કરવા માટે તસુભાર પણ રાજી નો'તા.

'પણ...' કાસમ કાંઈક બોલવા જતો હતો ને મુળુભાઈ એ રોક્યો.

'તું મારી હારે મશાલ પકડીને ઉભો રહેજે ને, આપણે તો એનો જે મુખી હોય એને જ ગોતવનો છે, એક વાર એ પાયદળનો મુખી મને મળી જાય પછી હું સંભાળી લઈશ.' મુળુભાઈએ કાસમને ધરપત આપી.

'પણ મુળુભાઈ આ સમય કેસરિયા કરીને શૂરવીરતા દેખાડવાનો નથી આપણે અત્યારે આપણે બેટ દ્વારકાને બચાવવાનું છે, કેસરિયા કરીને બધા શહીદ થઇ જાશું તો ફિરંગીઓ આપણા બાળ બચ્ચાઓને છોડી દેવાના છે?' કાસમ સિવાય આ વાત મુળુભાઈને કોઈ કરી શકે એવી હિંમત નો'તી.

'તો તારું શું કેવાનું થાય છે એ બોલ.' મુળુભાઈને પણ કાસમની વાત વ્યાજબી લાગી.

મુળુભાઈએ જેમ ધારેલું હતું એવુ જ થયું, ડોનાવનનું પાયદળ હનુમાન દેરીએ આવેલ કાંઠે જ ઉતર્યું. અંધારું ઘોર હતું અને ઓચિંતો હુમલો કરવાની યોજના હશે એટલે કોઈ મશાલ પણ સળગતી નો'તી. દરિયા કાંઠે હોડીઓમાંથી ઉતરી રહેલાં ઘોડાંની હણહણાટી અને પાયદળના

માર્ચિંગના અવાજ ઉપરથી લાગતું હતું કે પાયદળની બે ટુકડીઓ હતી. મુળુભાઈની યોજના પાર પડે તો અંગ્રેજોને એની છઠ્ઠીનું ધાવણ યાદ આવી જવાનું હતું એ વાત પાકી હતી. હનુમાનની દેરીએ છુપાઈને મુળુભાઈ અને એના સાથીઓ શિકારની રાહ જોઈને બેઠા હતાં.

'ભાઈ આમ છુપાઈને ઘા કરીશું તો આપણું દૂધ નહિ લજવાય?' મુળુભાઈની સાથે સંતાઈને બેઠેલો નાનો ભાઈ દેવો બોલ્યો.

'બસ આ વાતે જ પાડ કાઢી છે. આપણી માંનું દૂધ લજવાય પણ એ હરામખોરોએ આપણી મહેમાન ગતિનો લાભ ઉઠાવી આખો દેશ હડપ કરી લીધો અને તને તારી માંના દૂધની પડી છે?' મુળુભાઈ ગુસ્સે થઇ ગયા.

'પણ કાકાને ખબર પડશે તો?' દેવાએ પાછી જીભ કચરી.

'તું એમ કર, હજુ કાંઈ મોડુ નથી થયું તું પાછો રવાના થઇ જા એટલે મારે એક ઓછો સાચવવો.' મુળુભાઈ નીચે તરફ હાથ બતાવતાં બોલ્યા.

'દેવાભાઈ તમે પણ તમને અત્યારે આ માથાકૂટ ક્યાં સુજી, જેવા સાથે તેવા થવામાં કોઈ અધર્મ નથી યાદ રાખજો.' કાસમે બંને ભાઈઓ વચ્ચે મામલો શાંત પાડવાની કોશિશ કરી.

ડોનાવનના બંને કેપ્ટનોને કાઠિયાવાડના શૂરવીરોના કેસરિયા અને એનો ઇતિહાસ ખબર હતી એટલે કોઈ વાઘેરનો દીકરો છુપાઈને ઘા કરશે એવી કોઈ ચિંતા કર્યા વગર પોતાના સિપાઈઓને બેટ દ્વારકાની અંદર હુમલો કરવા માટે શિસ્તબદ્ધ માર્ચ કરાવીને આગળ વધતાં હતા.

'કાસમ ધ્યાન રાખજે, આ સિપાઈઓની ટોળીનો કેપ્ટન કોણ છે એ, અને જરૂર પડે તો તું મારી સાથે મશાલ પકડીને રહેજે એટલે મને ખબર પડે કે કોને મારવો અને કોને નહિ.' સિપાઈઓ શિસ્તબદ્ધ દેરીના પાછળના ભાગેથી પસાર થઇ રહ્યા હતા અને મુળુભાઈ સહીત બધાની નજર સીપાઈઓના કેપ્ટનને શોધતી હતી.

'મુળુભાઈ આ કેપ્ટન લાગે છે, એની આજુબાજુ દશ ઘોડાઓનું કુંડાળું છે.'

'પાકકુ?'મુળુભાઈએ કાસમને પૂછ્યું.

'મારા અનુભવે તો પાક્કુ.'

'એય હાલો બધાય કરો કેસરિયા, જય રણછોડ, સાબદા થાજો.' આટલું બોલતાં વડ ઉપર સંતાઈ મુળુભાઈ અને એના સાથીઓ વડની વડવાઈઓ પકડીને નીચે ઉતર્યા અને કેપ્ટનને ઘેરી લીધો.

કૅપ્ટન એની પાતળી સોટી જેવી તલવાર કાઢીને સાબદો થવા જાય ત્યાં જ મુળુભાઈએ એના ઘોડાને પાટુ માર્યું અને કેપ્ટન ઉપરથી ઊંધા માટે નીચે પડ્યો. મુળુભાઈના સાથીઓનું કેપ્ટનની આજુબાજુના સિપાઈઓ સાથે ધીંગાણું થઇ ગયું એમાં દશે દશ સિપાઈઓ મોતને ઘાટ પહોંચી ગયા.

'કેપ્ટન વિલિયમ્સ...કેપ્ટન.' મુળુભાઈનું હાથમાં ખુલ્લા ખાંડા સાથેનું વિકરાળ રૂપ જોઈને ચપળતાંથી ઉભો થઇ ગયેલા કેપ્ટને અને સાથીને મદદ માટે બૂમ પાડી.

'ધાયરુ હોત તો એક પાટે પાડીને માથું વાઢી નાઇખું હોત પણ તને એમ નો થાય કે વાઘેરના દીકરાએ મોકો નો આઇપો, થઇ જા સાબદો.' કેપ્ટનને મુળુભાઈની એકેય વાત નો સમજાણી પણ એણે ખાંડુ ઊંચું કર્યું એટલે એ પણ તૈયાર થઇ ગયો.

'કેપ્ટન....વિલિયમ્સ.' બોલતો ભફાંગ કરતો નીચે પડ્યો, એની સોટી જેવી તલવાર ખાંડાના એક ઘાએ દૂર પડી હતી અને મુળુભાઈના બળુકા કાંડાના બે જનોઈવઢ ઘાએ કેપ્ટનને ભોંય ભેગો કરી નાખ્યો.

'શું થયું?' મારતાં ઘોડે અને સિપાઈઓ સાથે પાછો વળેલો કેપ્ટન વિલિયમ્સ અંગ્રેજીમાં

બોલ્યો અને મુળુભાઈનું લોહી નિંગળતું ખાંડુ જોઈને એ પણ સાબદો થઇ ગયો.

'એટેક.' ઊંચી તલવાર કરીને એના સિપાઈઓને સાબદા કરવા એણે હુકમ કર્યો.

'તમારી માંના સોગંદ છે જો મને આ ફિરંગીની સામે મારુ પાણી નો બતાવવા દીધું તો.' મુળુભાઈ કેપ્ટન વિલિયમ્સની સાથે પાછા ફરેલા દેશી સિપાઈઓને સંબોધીને બોલ્યા. સૈનિકો મુળુભાઈની કચ્છી ભાષા નો સમજ્યા પણ હાવ ભાવ ઉપરથી સમજી ગયા કે મુળુભાઈએ કેપ્ટન વિલિયમ્સને દ્વંદ્વની ચેલેન્જ આપી છે. દેશી સિપાઈઓ વધુ સમજે એ પહેલાતો દરેક ઘોડાની બાજુમાં વાઘેરના લડવૈયાઓ ખુલ્લી તલવારે ગોઠવાઈ ગયા હતાં.

'આવી જા તારામાં તાકાત હોય તો.' મુળુભાઈ ખુલ્લા ખાંડે જમીન ઉપર ઉભા હતા અને કેપ્ટન વિલિયમ્સ ઘોડા ઉપર, મુળુભાઈ એટલાં નજીક ઉભા હતા કે કેપ્ટન ધારે તો બંદૂકથી નિશાન નો તાકી શકાય. કેપ્ટનનો હાથ એની મસ્કેટ બંદૂક ઉપર ગયો અને બંદૂક બહાર કાઢતા ઘોડાને પાછો હટાડવા એડી મારી. ઘોડો પાછો હટ્યો એટલે મુળુભાઈ કેપ્ટનની ચાલ સમજી ગયા. એ દોડ્યા અને ઘોડાને લગામથી પકડી જડબા નીચે ખભો ભરાવીને ઘોડાને ઊંચો કર્યો. એક હાથમાં તલવાર સાથે બંદૂક કાઢવા મથતા કેપ્ટનથી સંતુલન ના રહ્યું અને એ ગબડી પડ્યો.

કેપ્ટન ઉભો થઇને કાંઈ સમજે એ પહેલાંતો મુળુભાઈના ખાંડાના ઘાથી ચારણી જેવો થઇ ગયો હતો.

'કેપ્ટન વિલિયમ્સ અને કેપ્ટન મેકોર્મેક બંને ડેડ, રિટ્રીટ રિટ્રીટ પાછા વળો.' બૂમો મારતાં સિપાઈઓમાં અફડાતફડી મચી ગઈ.

બે બે અંગ્રેજ કેપ્ટનો ઉભે ઊભાં ચિરાઈ જતા સિપાઈઓમાં અડફાતડફી મચી ગઈ અને કેટલાય મેદાન છોડીને દરિયા કાંઠા તરફ પાછા ભાગવા લાગ્યા પણ ઝનૂને ચડેલા વાઘેરોએ પીછો કરી ઘણાંને મોટને ઘાટ ઉતારી દીધા. વધેલાં ઘટેલાં અને ઘાયલ થઇ ગયેલાઓ દુમ દબાવીને કર્નલ ડોનાવનને ખરાબ સમાચાર આપવા હોડીઓમાં બેસી બેસીને ભાગ્યાં.

'આઈ ટોલ્ડ હીમ, મેં બંનેને કીધું તું કે પુરી તાકાતથી જાવ, પણ માને તો ને?' ગુસ્સેથી ધુંવાફુંવા થતાં કર્નલે હાથમાં રહેલા વીસ્કીના ગ્લાસનો ઘા કર્યો. ત્રણ ત્રણ યુદ્ધ જહાજોનો ઉપયોગ કરી સાથે બેટ દ્વારકાને ધમરોળતા કર્નલને સપનામાં પણ કલ્પના નો'તી કે મુઠીભર વાઘેરો એના બબ્બે કૅપ્ટનોને ઉભે ઉભા રહેંસી નાખશે અને દફન પણ કરી દેશે. બબ્બે અંગ્રેજી કેપ્ટનો અને દશ સિપાઈઓના કમકમાટી ભર્યા મોતથી એ પાગલ થઇ ગયો હતો.

સમાચાર આપવા આવેલો સિપાઈ કર્નલ ડોનાવનના ગુસ્સાને સમજી શકતો હતો એટલે કાંઈ પણ બોલ્યા વગર કર્નલના ઓર્ડરની રાહ જોતો નતમસ્તકે ઉભો રહ્યો.

'નોવ ગેટ ધ હેલ આઉટ, આખું લશ્કર જાવ, પુરા એક હજાર. એ બધા ટેમ્પલમાં છુપાયેલ છે એટલે ટેમ્પલ ઉપર સીધો હુમલો કરો અને એનો ખજાનો લૂંટો, જમીન ઉપર તોપો ઉતારો, કિલ ઓલ, કિલ ઓલ એનિમલ ટુ. માણસો કે પ્રાણીઓ જે હાથમાં આવે એને વાઢી નાખો. કિલ એવરી વાઘેર.' ગુસ્સાથી લાલ પીળો થઇ ગયેલો કર્નલ બોલ્યો.

'યસ કર્નલ.' કહી સલામ મારી સિપાઈ જતો રહ્યો.

‘કાકા, આ ફિરંગીઓનો વિશ્વાસ નો કરાય હો. અને પાછો હવે તો આપણે એના બે કેપ્ટનના માથાં વાઢી નાખ્યા છે એટલે એ નાગ વધારે છંછેડાયો હશે.’ હંમેશા દિલને બદલે દિમાગથી વિચારતા દેવાએ જોધાભાઈને કહ્યું.

બેટ દ્વારકા ઉપર થયેલા હુમલાના વાવડ મળતાજ જોધાભાઈ અમરાપરથી પાછા આવી ગયા હતા. એક અઠવાડિયાના સતત તોપમારાથી શહેરમાં મંદિર સિવાય કોઈ આશરો બચ્યો નો’તો. જમીન ઉપર છુપાઈને હુમલો કરવા આવેલ બે નાની ટુકડીઓને પાછી ખદેડી મુક્યા પછી કર્નલ ડોનાવન શું ચાલ ચાલશે એની વિચારણાં માટે મંદિરે સાંજનો પ્રસાદ લીધા પછી ચર્ચા ચાલતી હતી.

‘હું ખાલી પાંચ દી મારા મોટાભાઈને મળવા ગયો એટલી વારમાં તો મારુ બેટ દ્વારકા હતું નો’તું કરી નાખ્યું, હવે આ સાચની લડાઈમાં પીછે હટ નો કરાય. મુળુ તમે ધીંગાણામાં ફના થઇ ગ્યા એનું શું કર્યું?’ જોધાભાઈને લડાઈ હારવા કે જીતવા કરતા સત્ય અને અસત્યની વધારે ચિંતા હતી.

‘મરી ગયેલા બધા સિપાઈઓના ધરમ પ્રમાણે અગ્નિદાહ કર્યા ને કાં દફનાવ્યાં. બંને ફિરંગી કેપ્ટનોને પણ પુરા માન મર્યાદાથી બેટ દ્વારકાની પવિત્ર ભૂમિ ઉપર દફનાવ્યા છે. અમે વાઘેરનું દૂધ પીધું છે કોઈ બકરીનું દૂધ પીને મોટા નથી થ્યા.’ મુળુભાઈના જવાબે આજુબાજુમાં બેઠેલા યુવાનોનું લોહી ઉકાળી નાખ્યું.

‘હવે સાંભળો બધા, જ્યાં સુધી મને સમજાય છે ત્યાં સુધી હવે આ મંદિર પણ સલામત નથી?’ જોધાભાઈને પોતાની રૈયતની અને બેટ દ્વારકાના ભવિષ્યની ચિંતા હતી.

‘તો પછી કાકા તમે કયો શું કરવાનું છે, એટલે અમે બધા કામે લાગીયે.’ મુળુભાઈ અધીરા થઇને બોલ્યા.

‘ઓખામાં તો કંપની સરકારે લશ્કરે છાવણી ઉભી કરી દીધી છે એટલે ઓખામાં આશરો લેવાય એમ નથી, અંધારાનો લાભ લઇને જેટલાને દ્વારકા શહેર રવાના થાય એટલાં કરી દો. બીજુ ના કરે નારાયણ અને જો મંદિર ઉપર હુમલો થાય તો મારા રણછોડ રાયની મૂર્તિઓ બચાવવાનું કામ સૌથી પહેલા કરવાનું છે.’

‘આપણા બધા માટે પણ હોડીઓ તૈયાર રખાવી છે.’ કાસમે પોતાની તૈયારીની વાત કરી.

બેઠકની વચમાં જ હાંફાળો ફાંફળો થતો એક યુવાન આવ્યો અને અશુભ સમાચાર આપ્યા.

‘મોટાં મોટાં વહાણ લાંગરીને હજારેક સિપાઈઓ હનુમાનની દેરી વાળા કાંઠે ઉતરી રહ્યા છે. ઘોડાઓથી ખેંચીને હાઈરે તોપું પણ ઉતાયરી છે.’ દોડીને થાકી ગયેલો એ યુવાન એટલું બોલતાજ નીચે જમીન ઉપર બેસી ગયો.

‘એય આને પાણીનો કળશિયો આપો કોઈ.’ જોધાભાઈએ યુવાનની હાલત જોઈને પાણી મંગાવ્યું.

‘આ વાવડ તને ક્યારે મળ્યા?’ મુળુભાઈ એ પૂછ્યું.

‘મુળુ, એ બચારાનો સાંસ તો ધીપવા દે.’ જોધાભાઈએ ભત્રીજાને ટોક્યો.

પાણીનો લોટો આવ્યો એટલે પાણી પીધાં પછી દોડીને આવેલા યુવાનના જીવમાં જીવ આવ્યો.

‘મારે રાતે ચોકી કરવા જવાનું હતું પણ મારો ઘોડો ખોટકાઈ ગયો’તો એટલે હાલીને નીકળી ગ્યો અને ધાઈરા કરતાં વહેલો પહોંચી ગયો. દેરીએ પહોંચીને જોયું તો કોઈની બીક વગર ફિરંગીઓનું આખું લશ્કર દેરીની પાછળ ભેગું થયું છે અને આ બાજુ આવવાની તૈયારી કરે છે.’ યુવાન બોલ્યો.

‘હજાર હોય કે દશ હજાર, જેને જીવ જવાની પરવા હોય ઈ સિપાઈયુના નંબર ગણે, હાલો થાવ સાબદા એટલે એક પછી એક હજારે હજારને ભરી પિયે.’ મુળુભાઈનો હાથ એના ખાંડાની મુઠ ઉપર ગયો.

‘બસ કાકા આનો આજ વાંધો છે, ભલે જીવતા પાછા નો આવીયે પણ ખાંડાની ધારે ધીંગાણું કરી લેવું છે.’ દેવાએ કટાક્ષ કર્યો.

‘તો શું હાથ ઉપર હાથ ધરીને બેસી રહેવું?’ મુળુભાઈનું લોહી ઉકળી ગયુ હતું.

‘એ હું તો એટલું કહું કે જીવતો નર ભદ્રા પામે, જીવતા રહેશું તો બેટ દ્વારકાજ શું કામ, આખું ઓખામંડળ કાકાના ચરણોમાં ધરી દેશું પણ ઉતાવળું પગલું ભરીને ખોટા પાળિયા નો થઇ જવાય. કાકા મેં કાલે રાતે પણ મોટાભાઈને ના પાડેલી આ તો અમારાં નસીબ પાધરા હતા કે ખાલી બે નાની ટુકડીઓ જ હતી.’ દેવો બોલ્યો.

‘પણ તે મારા ખાંડાનો ખેલ જોઈ લીધોને? તને હજુ તારા આ મોટા ઉપર ને એના ખાંડા ઉપર વિશ્વાસ નથી?’

‘ભાઈ વિશ્વાસ તો ગળા સુધીનો છે પણ તમે ખાલી દિલથી વિચારો છો.’

‘એ તમે બંને ભાઈયું અને બધાય જુવાનિયાઓ સાંભળો. જો આપણા આ મંદિર ઉપર સીધો હુમલો થાય અને એવું લાગે તો ખાલી પાળિયા થઇ જવા માટે ધીંગાણું કરવાનું નથી, આપણે બધાએ દ્વારકા શહેર ભેગું થવાનું છે. કોઈ મને પૂછ્યા વગર ખોટું પગલું નો ભરે.’ જોધાભાઈના હુકમને ના માનવાનો કોઈ પ્રશ્ન જ ના હતો.

પોતાના કેપ્ટનોના કમકમાટી ભર્યા મોતથી પાગલ થઇ ગયેલા કર્નલની તોપો બેટ દ્વારકાની ધરતી ઉપર ઉતરી. દરિયામાંથી અને જમીન ઉપરથી ખાસ મંદિરને જ નિશાન બનાવીને બેસુમાર તોપગોળાઓ વરસ્યા. મધરાત થતાં સુધીમાં તો એક હજાર સિપાઈઓએ ચારે બાજુથી મંદિરને ઘેરી લીધું એટલે મંદિરમાં આશરો લીધેલા જોધાભાઈ સહિતના બધા જ વાઘેરોએ મંદિરની મૂર્તિઓને સાથે લઇને દ્વારકાની વાત પકડી.

...સવાર પડી.

‘કાકા, એક વાવડ આઇવા છે.’ દોડીને આવેલ દેવાએ જોધાભાઈને વાત કરી. રાત્રે કર્નલના સિપાઈઓની ચુંગાલમાંથી છટકીને ચુપચાપ ભાગી નીકળ્યા પછી દ્વારકા શહેરની એક હવેલીમાં જોધાભાઈનો મુકામ હતો.

‘હા બોલ.’

‘બોલવું નથી તમે ડેલીએ હાલો.’ દેવાએ કહ્યું એટલે જોધાભાઈ વાતની ગંભીરતા સમજી ગયા અને ડેલીએ દોડ્યા.

‘માઇ બાપ હું તો બરબાદ થઇ ગયો.’ ફુરચા ઉડી ગયેલા એક પગ સાથે ખાટલામાં પડીને કણસી રહેલો ગૌ શાળાનો ગોવાળ ભલો ભરવાડ બોલ્યો.

‘હા ભલા બોલ, શું થયું? જોધાભાઈ મંદિરના એ ગોવાળને ઓળખતા હતા.

‘તમે કઈને ગ્યા કે, અમે વાઘેરો બધાય મંદિરથી ભાગી જશું એટલે ફિરંગીના સિપાઈઓ તમને જવા દેશે.’ ભલો બોલ્યો.

‘એય, આને પહેલા પાટા પિંડી માટે વૈદને બોલાઈ આવ.’ જોધાભાઈએ દેવા સામે જોઈને કહ્યું.

‘મેં કીધું તો ક્યે છે કે તમારી હારે વાત કરીને પછી વૈદને બોલાવો.’ દેવાએ જવાબ આપ્યો.

'હા બોલ શું કહેવું છે?'

'તમે ગયા પછી બધા સિપાઈઓ મંદિરની અંદર ઘુસી ગયા, અને રણછોડ રાયના બધા જ ઘરેણાં સાથે કિંમતી વાઘાઓ લૂંટી લીધાં.' ભલો રડતો રડતો બોલ્યો.

'અરે એમાં શું, રણછોડ રાયની મૂર્તિઓ તો આપણી પાસે છે, એના ઘરેણાંને વાઘા તો હજારો બનાવી લેશુ, તું શાંત થઇ જા.'

'અરે માઈ બાપ હજુ સાંભળો તો ખરા, મારી ગૌશાળાની બધીય ગાયોને ઉભે ઉભી રહેંસી નાખી, મારી માવડિયું મારી સામે પોકાર કરી કરીને મરી. એ અબોલ જીવોનો શું વાંક ગુનો હતો.'

જોધાભાઈની આંખમાંથી પણ બે આંસુ ટપકી પડ્યા, એને ભલાનો હાથ હાથમાં લીધો અને લાગણી સભર દબાવ્યો.

'મારી હારે હોડીમાં એક ખેડુ હતો,એ સિપાઈની સામે થયો તો એના બૈરી અને છોકરાને તોપના નાળચે બાંધીને ભડાકે દીધા. તમે ગયા પછી કચ્ચર ઘાણ કાઢી નાઈખો છે. આખા બેટમાં એક પણ ઢોર ઢાંખર બચવા નહિ દીધું અને કેટલાય મંદિરો ઉપર પણ તોપના ભડાકા કરીને ભોં ભેગા કરી નાઇખા છે. હવે ઈ ગામ બેઠું નો થાય. અમે ભાગતા હતા તો અમારી હોડીઓ ઉપર ગોળાઓ દાઈગા એમાં આ મારો પગ આવી ગયો.' ભલો ચોંધાર આંસુઓએ રડતો બોલ્યો.

'એય મુળુને બોલાવો, આજ સાંજ સુધીમાં સાબદા થઇ જાવ બધાય. મારે દશેરા પહેલા આ દ્વારકા મારા હાથમાં જોઈ. હું મારા હાથેજ રણછોડ રાયની મૂર્તિ કાળીયા ઠાકોરના મંદિરમાં પધરાવીશ.' કાળઝાળ થઇ ગયેલ જોધાભાઈનો હુકમ છૂટ્યો.

ઓખામંડળના એક એક નાગરિકને એની સગી જનેતાના સોગંદ આપી આપીને દ્વારકા શહેરે ગાયકવાડ સરકરના સિપાઈઓને ભરી પીવા માટે બોલાવાવમાં આવ્યા. આખા ઓખમંડળમાં વાત વહેતી થઈ કે ક્રૂર અંગ્રેજ અમલદારે બેટ દ્વારકાના રણછોડ રાયના મંદિરને તોપમારાથી ખંડિત કરી નાખ્યું છે અને બેટ ઉપર ઘણાં નિર્દોષ લોકો અને બધા જ ઢોર ઢાંખરને મારી નાખ્યા છે એટલે ઓખામંડળનો એકે એક જણ જોધભાઈની સાથે ગાયકવાડ સરકારના સિપાઈઓ સાથે લડવા તૈયાર થઈ ગયો. જે હાથમાં આવ્યું એ હથિયાર લઇને બધા જ દ્વારકાની વાટે નીકળી પડ્યા.

કર્નલ ડોનાવનના બેટ દ્વારકા ઉપરના ક્રૂર હુમલા પછી નવરાત્રીની નવ રાતો લડાઈ કરીને દશેરાને દિવસે વાઘેરોએ ભેગામળીને પુરા દ્વારકા શહેરનો કબ્જો લઇ લીધો.

'મુળુ અને દેવા, મારા કાળિયા ઠાકોરે લાજ રાખી હવે મારી ટેક પુરી થશે, આપણે રણછોડરાયની મૂર્તિઓ ઠાકોરજીના મંદિરે પધરાવવાની તૈયારી કરો.' જોધાભાઈનો હુકમ છૂટ્યો અને પ્રતિષ્ઠા મહોત્વસની તૈયારીઓ રંગે ચંગે શરુ થઇ.

મુળુભાઈની સાથે પડછાંયાની જેમ રહેતા કાસમને દ્વારકા મંદિરે ઉત્સવ ઉજવવાની વાત થતાજ વિધાની યાદ આવી ગઈ અને એ પહોંચી ગયો એ તોફાની ક્ષણોની મુલાકાતે જયારે વિધાને સંપૂર્ણ રીતે પોતાની બનાવી લીધી હતી. એના સ્મૃતિના ચક્રો પાછા ફર્યા અને એની જિંદગીની સફર નટખટ રૂપાના નિર્દોષ પ્રેમથી શરુ કરી વિધાના તોફાની પ્રેમ સુધી કેવી રીતે પહોંચી ગઈ એ વાત હજુ સમજાતી નો'તી.

પ્રકરણ ૧૨

પૂજારી પ્રેમશંકર





પિતાની નિર્મમ હત્યા પછી કંપની સરકારના પેટ્રોલિંગ વહાણમાંથી બચેલી વિધા પાસે દ્વારકાના મંદિરે આશરો લીધા સિવાય કોઈ શરણું નો'તું. કંપની સરકારના વહાણ ઉપર એક વખત પૂછપરછ થઇ ગઈ એટલે એની ઈચ્છા પ્રમાણે એને દ્વારકાધીશના મંદિરે છોડી દેવામાં આવી. જે ભૂમિ ઉપર એના પૂર્વજોએ જીવન પસાર કરેલું એ ભૂમિ ઉપર પગ મૂકતાંજ એ ગદ્ગદ્ થઇ ગઈ પણ આકસ્મિક સંજોગોમાં પિતાશ્રીની વિદાયે એને એટલી જ દુઃખી બનાવી દીધી. છેલ્લા ચોવીસ કલાકમાં જીવનમાં મહત્વની ગણાતી ઘણી ઘટનાઓ બની ગઈ, પિતાની છત્ર છાયા ગુમાવી અને તુરંત એની જિંદગીનો પ્યાર મળ્યો પણ પ્યારના સંબંધની હજુ વ્યાખ્યા સમજાય એ પહેલા તો એ ઘૂઘવતા સમુદ્રમાં કૂદકો મારી જિંદગીમાં જાણે ક્યારેય આવ્યો જ નહોતો એમ અદ્રશ્ય થઇ ગયો. હજુ ગઈ કાલ સુધી દક્ષિણ આફ્રિકાના ધનાઢ્ય બાપની બેટી અચાનક અનાથ અને નોધારી થઇ ગઈ.

દ્વારકાધીશના મંદિરની ડેલીએ પગ રાખતાં જ સપને પણ ના વિચારી ના હોય એવી દિવ્ય અનુભૂતિ અને સલામતીનો અનુભવ વિધાને થયો. ભગવાનના શરણે તો આવી ગઈ પણ હવે શું?

પોતાને મંદિરે શરણું મળશે કે નહિ એ ચિંતામાં દ્વારકાધીશના દર્શન કરવાને બદલે સીધી ધર્મશાળા તરફ વળી.

'એમ નહિ પૂજારીજી પણ મારી પાસે જયારે કોઈ ભેટ સોગાદ આવે તો હિસાબ રાખવાની જવાબદારી તો મારી જ ને?' ધર્મશાળાના પગથિયાં ચડતી વિધાએ મુનીમજીને કોઈની સાથે વાત કરતાં સાંભળ્યા.

'મારા પૂર્વજોએ પુણ્ય કાર્ય કર્યું છે એટલે હું આ મંદિરનો મુખ્ય પૂજારી છું અને મંદિરમાં અત્યારે મઠાધિપતિ ના હોવાને નાતે મંદિરના વહીવટની જવાબદારી મારી છે, મારે નક્કી

કરવાનું છે કે કઈ બાબતોનો હિસાબ રાખવાનો છે અને કઈ બાબતો નો નહિ.' મુનીમજી અને મંદિરના મુખ્ય પૂજારી વચ્ચે કોઈ હિસાબ બાબતે માથાકૂટ થઇ રહી હતી.

સંકોચાતી યુવાન વિધાને ધર્મશાળાની ડેલીએ દાખલ થતી જોઇને પૂજારી ચૂપ થઇ ગયો અને વિધાને એવી રીતે જોવા લાગ્યો જેમ કે એની જિંદગીમાં યુવાનીને ઉંબરે પગ મૂકતી સ્ત્રી ક્યારેય જોયેલ ના હોય. વિધાને જોતાજ એ શાંત થઇ ગયો અને આંખોમાં ગુસ્સાની જગ્યાએ લોલુપતા આવી ગઈ એ એના આસન ઉપરથી ઉભો થયો.

'મારે પૂજાની ઉતાવળ છે હું જાઉં છું, પછી વાત કરીશ કે એ રેશમની સાડીઓનું શું કરવાનું છે.' બોલતો એ ચાલતો થયો.

ગાયકવાડ સરકારની ચાપલુસી કરવાવાળા અને દ્વારકામઠ તથા દ્વારકાધીશ મંદિરની દરેક બાબતમાં માથું મારવાવાળા પૂજારી પ્રેમશંકર વારસાગત હક્કથી મુખ્ય પૂજારીનું બિરુદ પામેલ હોવાથી એને કોઈ એ પદ ઉપરથી હટાવી શકે એમ હતું નહિ અને આજ કારણે પ્રેમશંકર અને એના મળતિયાઓનો દ્વારકામઠ અને દ્વારકાધીશ મંદિરની નાની નાની બાબતોમાં ચંચુપાત રહેતો.

'મુખ્ય પૂજારી એટલે મઠાધિપતિ એવું કોણે કહ્યું? મેં તો પહેલી વખત સાંભળ્યું. મુખ્ય પૂજારી પ્રેમશંકર, હુંહ...' પૂજારી ગયો એટલે મુનીમજી બબડ્યા. 'આવ બેટા શું કામ હતું?' મુનીમજીએ વિધા સામે જોયું અને એને આવકારી.

વિધા મુનીમજીની સામેના આસને બેઠી, એની વાત કહી અને વાત કરતાં કરતાં એની આંખમાંથી આંસુ આવી ગયા. વિધાની બોલચાલ અને પહેરવેશ જોઈને જ મુનીમજીને ખ્યાલ આવી ગયો કે એ કોઈ સાધારણ ઘરની છોકરી નો'તી.

'બેટા, મને તારી વાત સાંભળીને ખુબ જ દુઃખ થયું પણ તું એકલી અને મંદિરની ધર્મશાળામાં? કેવી રીતે રહીશ' પોતાની ગાદીની મર્યાદા ભૂલીને પણ મુનીમજી ઉભા થયા અને અંદરથી પાણીનો લોટો ભરીને લઇ આવ્યા. મુનીમજીને વિધાને શું જવાબ આપવો એ સમજાયું નહિ.

'હું કાંઈ પણ કરી લઈશ, મંદિર છે એટલે ગૌશાળા તો હશેજ, ગાયોની સેવા કરીશ, રસોઈ ઘર હશે તો રસોઈમાં મદદ કરીશ પણ મને અહીં આશરો લેવા માટે આપ મંજૂરી આપો.' વિધા વાત કરતાં કરતાં પાછી ગળગળી થઇ ગઈ.

'બેટા એક વાત મને ના સમજાણી, તે કહ્યુ કે તારા દાદા મૈસુરના હતા તો પછી તને આવું સરસ ગુજરાતી કેમ આવડે છે?' મુનીમજીને વિધાનું કડકડાટ ગુજરાતી સાંભળીને આશ્ચર્ય થયું.

'મને તો અંગ્રે...' બોલવા જતી વિધા અટકી ગઈ, 'દક્ષિણ આફ્રિકામાં મારી ગુજરાતી બહેનપણી હતી રમા અમે સાથે જ મોટી થઈ. મેં રમાને મલય ભાષા શીખવાડી અને એણે મને ગુજરાતી.' વિધાએ પંડિતજીએ પૂછ્યું એટલોજ જવાબ આપ્યો.

'આમ તો તું ખરી નસીબદાર કહેવાય કારણ કે ગુજરાતી અને કચ્છી વેપારીઓ બહારના લોકોને પોતાની ભાષા શીખવાડે નહિ, કારણ ખબર? ફિરંગીઓ સાથે વેપાર કરતી વખતે આપણા વેપારીઓ અંદરો અંદર આ ભાષા વાપરે એટલે ધંધાની ગુપ્તતા જળવાઈ રહે.' મુનીમજી પોતે પણ જમાનાના ખાધેલ હતા એ આ વાત ઉપરથી સમજદાર વિધાએ અનુમાન કર્યું.

આ વાતો દરમ્યાન જ એક યુવાન પંડિતજી દાખલ થયા. મોટુ કપાળ, કેશરી પાઘડી અને એનું એક ખભા ઉપરથી થઇને આગળ લટકતું છોગુ, આખી બાયોવાળું કેશરી પહેરણ અને એવા જ રંગવાળી ધોતી, સુઘડ કપડાં જેવા જ દેદીપ્યમાન શરીર શૌષ્ઠવ સાથે પંડિતજીની એક અલગ પ્રકારની આભાનો અનુભવ વિધાને પંડિતજીને જોઈને થયો. પંડિતજીને દાખલ થતા

જોઈને જ મુનીમજીની આંખોમાં આદરભાવ સાથે ચમક આવી ગઈ. વિધાએ એ ચમક અને આદરભાવને બરાબરના પારખી લીધા. પંડિતજીની નજરમાં પૂજારી જેવી લોલુપતા નહિ પણ આદરભાવ હતો.

'આવો પંડિતજી, જય દ્વારકાધીશ.'મુનીમજી પંડિતજીને આવકારતાં બોલ્યા.

'જય દ્વારકાધીશ.' પંડિતજી પોતાનું આસાન ગ્રહણ કરતાં બોલ્યા. મઠાધિપતિની ગેરહાજરીમાં સમય મળ્યે પંડિતજી મંદિરના હિસાબ કિતાબમાં નાની મોટી નજર રાખતા.

'પંડિતજી હવે તમે આ મંદિરના વહીવટમાં થોડો વધારે સમય આપો, મઠાધિપતિ વગર મને કોઈ પણ આવીને પોતાની સતાનો મદ બતાવી જાય છે.' પંડિત શાંતિભૂષણના ક્રોધની મુનીમજીને ખબર હતી એટલે એને પૂજારી સાથે રેશમની સાડી બાબતની રકઝકનો ઉલ્લેખ કરવાનું ટાળ્યુ.

'અરે મુનીમજી, તમને તો ખબર છે કે હું મારા કામ અને જવાબદારીઓથી કેટલો વ્યસ્ત છું.' બાજુના આસને બેસીને બંનેની વાત સાંભળી રહેલી વિધાને પંડિતજીના અવાજની ગહેરાઈના અનુભવથી જ પંડિતજી ઉપર આદરભાવ થઇ ગયો.

'પંડિતજી તમારી વાત સમજાય છે, પણ..' મુનીમજી અટકી ગયા.

'મુનીમજી, આમ તો હું આ બાબતે કોઈને વાત નથી કરતો પણ આ જમાનામાં આપણું ગુરુકુળ પરંપરાથી અપાતું શિક્ષણ કેટલું જરૂરી છે એ તમને કહું. અંગ્રેજોએ ભારતવર્ષના રહેવાસીઓ વહીવટમાં કામ આવે એટલે સમાજ સુધારણાને નામે આપણી પુરી પરંપરા બદલવાનું બીડું ઝડપ્યું છે. કંપની સરકાર આ હેતુ માટે પહેલા વરસના એક લાખ રૂપિયા ખરચતી હતી એ વધારીને હવે દશ લાખ કરી નાખ્યા છે. તમે વિચારો વિપલ્વ તો આપણા જ ગદ્દારોનો ઉપયોગ કરી દબાવી દીધો હવે આપણી ગુરુકુળ પરંપરા ઉપર કુઠારાઘાત કરીને સ્કૂલોને નામે ગુલામો બનાવવાના કારખાના ઉભા થવાના છે. આવા સંજોગોમાં આપણી આ પરંપરા ટકાવી રાખવા માટે કામ કરવું ખુબ જ અગત્યનું બની જાય છે. મંદિરનો વહીવટ તો થશે, ઉપરવાળો છે ને એ બધું સંભાળી લેશે. હમણાં પાછી ગૌ માતાના અર્કની જવાબદારી જે સામેથી સ્વીકારી છે એ પણ મને ખુબ જ વ્યસ્ત રાખે છે. પણ તેમ છતાં તમારે કોઈ અગત્યનો નિર્ણય લેવાનો હોય ત્યારે હું હાજર છું જ બોલો શું કામ હતું?'

'તમે કહ્યું એટલે આવી ગયું, પણ એક ધર્મ સંકટ આવ્યું છે, આ દીકરી.' મુનીમજી વિધા તરફ જોઈને બોલ્યા.

'હા બોલો, જય દ્વારકાધીશ.' પંડિતજીએ વિધા સામું જોયુ અને હાથ જોડ્યા.

વિધાએ પણ હાથ જોડીને પંડિતજીને આદર આપ્યો. મુનીમજીએ વિધા સાથે વિધિ દ્વારા થયેલ ક્રૂર મજાકની વાત કરી.

'જુઓ મુનીમજી, હું તો આ દીકરીને પાઠશાળાએ રાખી દઉ. મેં બ્રહ્મચર્યનું વ્રત લીધું છે એટલે પાઠશાળાએ રહે તો સામાન્ય માણસોના મોઢે ગરણું બાંધવા ના જવાય પણ એને વિધા અભ્યાસ કરવો હોય અને સાથે ગૌશાળામાં કામ કરવું હોય તો એ કરી શકે અને મારે ગૌશાળામાં જરૂર પણ છે.' પંડિતજીને એના વ્રત અને સંયમ ઉપર ભરોસો હતો પણ સમાજની વાતો ઉપર એક તસુ ભારનો વિશ્વાસ નો'તો.

'તો શું કરું, દીકરીનું કોઈ નથી અને ધર્મશાળામાં તો કેટલા દિવસ એકલી રોકાઈ શકે?'

'પ્રેમશંકર ના ઘરે રહે તો કેમ રહે?' પંડિતજીને અચાનક પૂજારી પ્રેમશંકર યાદ આવી ગયો.

'પુજારીજી?'મુનીમજીને પંડિતજીની વાત ના સમજાણી.

'ત્રણ મુદ્દા છે.'

'હં.' મુનીમજીને સમજાણું નહિ કે પંડિતજી વાતને કઈ જગ્યાએ લઇ જવા માંગે છે.

'મુદ્દો એક, પુજારીજીને કોઈ સંતાન નથી એટલે એ આ દીકરીને સ્વીકારી શકે. મુદ્દો બે પ્રેમશંકરજી એ મંદિરના વારસાગત મુખ્ય પૂજારી છે એટલે આજીવિકામાં કોઈ વિઘ્ન નથી અને એના ધર્મપત્ની શાંતબેનનો સ્વભાવ અને સંસ્કાર ખુબ જ સરસ છે. ત્યાં આ દીકરી સલામત રહેશે અને ખુશ પણ.' પંડિતજીએ પોતાની વાત પુરી રીતે મુનીમજીને સમજાવી દીધી.

વિધાએ મુનીમજી સાથે માથાકૂટ કરીને હમણા જ બહાર ગયેલ પૂજારીની આંખોમાં જે લોલુપતા જોઈ એ વિચારતા એ કંપી ગઈ કે જે આંખોને એ એક ક્ષણ માટે પણ સહન ના કરી શકી એ આંખોને દિવસ રાત એની સામે મંડરાતી કેમ સહન કરી શકશે.

પંડિતજી ઔપચારિક વાતો પતાવી નીકળ્યા એટલે વિધાની અંકમાં વિવશતાને પારખીને મુનીમજીએ વિધાને સમજાવવાની કોશિશ કરી.

'મને ખબર છે દીકરી મેં જમાનો જોયો છે અને હું બધુ જ સમજુ છું. પણ તેમ છતાં મને લાગે છે કે ત્યાં તું વધારે સલામત છે અને પંડિતજીની વાતનો વિરોધ કરવાની કોઈની હિમ્મત મંદિરની અંદર તો ઠીક પણ કદાચ સૌરાષ્ટના કોઈ રાજા રજવાડામાં પણ નથી.' મુનીમજીએ વિધાને વાત કરવાનો કોઈ મોકો જ ના આપ્યો.

વિધા પાસે હવે કોઈ બીજો રસ્તો બચ્યો પણ નો'તો.

દુનિયાને પ્રેમથી જીતવાના સપના લઇને મોટી થયેલી વિધા હવે આવડા મોટા સંસારમાં એકલી અટુલી પડી ગઈ હતી, એને હતું કે કાસમે મળવાના કોલ દીધા એટલે એ જરૂર આવશે પણ હવે તો એની પણ આશા રહી નો'તી. મંદિરની પાછળ ગોમતી નદીના કિનારે ઘાટ ઉપર સવારે કે સાંજે પાણી ભરવા જતી ત્યારે દૂર દેખાતી હોડીઓ જોઈને એને કાસમની યાદ આવી જતી. એ મંદિરે આશરો લઇને આવી એને પૂરો એક મહિનો થઇ ગયો પણ કાસમના કોઈ જ સગડ નો'તા. વિધાને ક્યાં ખબર હતી કે કાસમે તેની સાથે એક ઘડી વાત કરવા માટે કે એની એક ખાલી ઝલક માટે કેટ કેટલા નિષ્ફળ પ્રયત્નો કરેલાં.

ભવ્યાતિભવ્ય હવેલીમાં માતાપિતાની છત્રછાયા હેઠળ લાડકોડમાં ઉછરેલી વિધાને કામ કરવું કોને કહેવાય એની ખબર નો'તી એ અત્યારે ગૌ શાળામાં ગાયોની સેવામાં લાગી ગઈ હતી. વિધાએ પોતાના માતાપિતાના મૃત્યુના સંતાપ અને કાસમની યાદોને ભૂલવા સેવાને એક બહાનું બનાવી દીધું હતું. સનાતનધર્મના સંસ્કારથી ઉછરેલી વિધાને આ સેવા કરવામાં વિધાને કોઈ વાંધો પણ ના હતો. માંસલ અને ગોરી પગની પિંડીઓ દેખાતી હોય એવી રીતે કછોટો વાળીને ગૌશાળામાં કામ કરતી વિધા હોય કે પછી શરીરને ચીપકેલી સાડીમાં આંખો બંધ કરીને સવાર સાંજની આરતી વખતે હાથ જોડીને ઉભેલી વિધા હોય, એની હાજરીમાં આજુબાજુના બધા જ પંડિતો અને પુજારીઓ સાવધાન થઇ જતા. દ્વારકાધીશના મંદિરના પ્રાંગણમાં બે જ વ્યક્તિની હાજરીની ખરી નોંધ લેવાતી એક તો દ્વારકાધીશના દર્શને આવતા ઓખામંડળના રાજાની અને બીજી મંદિરના પ્રાંગણમાં વિચરતી યુવાન વિધાની. ઓખામંડળના રાજાની હાજરીની નોંધ એની સતાને કારણે લેવાતી અને વિધાની એની સોળે કળાએ ખીલેલી યુવાનીને કારણે.

સાંજની આરતી પુરી થઇ હતી અને સંધ્યાના ભોજનનો સમય થઇ ગયો હતો, મુનીમજી સાથે માથાકૂટ કરીને કોઈ રજવાડા તરફથી મંદિરને ભેટ ચડાવેલી બક્ષિસ મંદિરના કોઠારમાં જમા કરાવવાને બદલે પોતાને ઘરે લઇ આવીને મંદિરના પ્રાંગણમાં જ આવેલ પોતાના ઘરમાં દાખલ થયો.

‘તું કેમ આવી?’ વિધાની અપેક્ષિત હાજરીને બદલે શાંતાબેન હાથમાં ત્રાંબાનો કળશ લઇને આવ્યા.

‘કેમ મારા હાથે પાણી ના પીવાય?’ શાંતાબેને બોલતાં કળશ પૂજારી તરફ કર્યો.

‘અરે ભાગ્યવાન તને કેટલી વખત મેં સમજાવ્યું કે આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કુંવારીકાને હાથે ગ્રહણ કરેલી કોઈ પણ વસ્તુ પાપોનો નાશ કરે છે.’

‘વિધા?’

‘પાછળ દીકરી લગાવીને બોલાવતા શું થાય છે?’ શાંતાબેનને એના પતિદેવનો ઈરાદો અને સ્વભાવ બંને ખબર હતી.

‘વિધા, અહીં આવ તો.’ પૂજારી શાંતાબેનની ટકોરને અવગણીને બોલ્યો.

‘તમને શરમ છે કે નહિ? એ બિચારી શું વિચારતી હશે?’ શાંતાબેન છણકો કરીને બોલ્યા.

બંનેની વાતો સાંભળતી વિધા ઓશરીમાં પ્રેમશંકરને ભોજન કરવા માટે બાજોઠ, પાણીનો કળશ અને ઢીંચણીયાને રાખતી વિચારવા લાગી કે એ લંપટ વિધા દીકરી કહીને તો નહીં જ બોલાવે કારણ કે એણે પાણીનો કળશ લેવાના બહાને વારંવાર એનો લંપટ સ્પર્શ કરી લીધો છે.

‘વિધા, ઓ વિધા, જો હું તારા માટે શું લાવ્યો છું?’ પ્રેમશંકરે શાંતાબેનના છણકાને અવગણીને ધરાર વિધાને બોલાવી.

રસોડામાં કામ કરતી વિધાએ પૂજારીના અવાજને અવગણ્યો.

‘વિધા.’ પૂજારી કડક અવાજે બોલ્યો.

પ્રેમશંકરની બૂમથી મને કમને વિધા રસોડામાંથી કામ કરતી બહાર આવી.

'હા બોલો.' વિધાએ પહેલા શાંતાબા જોયું અને પછી પ્રેમશંકર સામે નીચી નજરે ઊભી રહીને બોલી.

'અરે આમ શરમાઇને કેમ ઊભી છો, ખુશ થા, જો હું તારા માટે શું લાવ્યો છું?' કહીને પ્રેમશંકરે મોંઘા દેખાતા રેશમના કપડાંમાં વીંટાળેલો ડબ્બો વિધા તરફ લંબાવ્યો.

'એ વળી શું છે?' શાંતાબાને એનો પતિ એની દીકરીની ઉંમરની વિધા સાથે વરણાગી થવા માટે આવી ભેટ સોગાદો આપે એ જરાય ગમતું નો’તું પણ પતિ પરમેશ્વરવાળી મર્યાદાથી એ પણ બંધાયેલા હતા.

'તને નો ખબર પડે, વિધા માટે ખાસ છે.' પ્રેમશંકર ખંધું હસતો બોલ્યો.

વિધાએ શાંતબા સામે જોયું, એ હજુ પણ પ્રેમશંકર સામે ગુસ્સાથી જોઈ રહ્યા હતા, પરંતુ વિધાએ સામું જોતાં એને પડીકું લેવાની મૂક સહમતી આપી અને વિધાએ પડીકું હાથમાં લીધું.

‘ખોલ ખોલ.’ પૂજારી ઉત્સાહિત થઇને બોલ્યો.

વિધાએ ડબ્બા ઉપરની સાંકળી છોડીને ડબ્બો ખોલ્યો, અંદરથી મોંઘી દાટ રેશમની સાડી નીકળી. પોતાની માં ને પણ આવી જ સાડી હતી, સાડી જોઈને વિધાને એની કિંમતનો અંદાજ આવી ગયો.

‘આ રેશમની સાડી તારા માટે ખાસ ગાયકવાડ રાજવી પરિવારે આપી છે.’ હરખપદુડો થતો પ્રેમશંકર બોલ્યો.

‘પણ આવી ભેટ તો મુખ્ય પૂજારીની ધર્મ પત્નીને મળે.’ શાંતાબેન ને પૂજારીનો ઈરાદો નેક

ના લાગતા પૂછ્યું.

'અરે તું પહેરે કે વિધા બંને સરખુંજ છે ને?'

'પણ આવી મોંઘી રેશમની સાડી?' વિધાને સોના-ચાંદીના તારના વણાટકામથી ગૂંથેલી અને ઢાકામાં બનેલી રેશમની સાડીની કિંમત શું હોય એ ખબર હતી એટલે પૂછ્યું.

'પણ આવી સાડી તો ગયા વરસે રૂખમણીજીને ભેટ ચડવા આવી હતી?' શાંતાબેનની વાતે પૂજારી સતર્ક થઇ ગયો. હકીકત પણ ખરેખર એજ હતી, રૂખમણીજીની સાડી એ વિધાને ખુશ કરવા મુનીમજી સાથે ઝગડો કરીને લઇ આવ્યો હતો.

'તારા માટે મેં ખાસ મંગાવી છે, આ તારે આવતી પૂનમની આરતી વખતે પહેરવાની છે.' પ્રેમશંકર શાંતાબેનની વાતને અવગણી વિધા સામું જોઇને બોલ્યો.

'તો આરતીમાં મારે શું પહેરવાનું છે?' શાંતાબેન કટાક્ષમાં બોલ્યા.

'તું દર પૂનમે જે સફેદ સાડી પહેરે છે ને? હવે ચાલો હવે ભોજનની વ્યવસ્થા કરો કકડીને ભૂખ લાગી છે.' કહેતો પ્રેમશંકર ઓશરીમાં રાખેલા બાજોઠ ઉપર ભોજન કરવા બેસી ગયો.

એ બેઠો એટલે વિધા અંદરથી ખભે પંચિયું નાખીને હાથ ધોવડાવવા માટે થાળી અને કળશ લઇને આવી. એક હાથમાં થાળી, એક હાથમાં પાણીનો કળશ અને પાણી રેડતી વિધાને એ બસ જોતો જ રહ્યો.

ગૌ શાળામાં વિચરી રહેલા પંડિત શાંતિભૂષણે પાઠશાળાના બાળકો સાથે કામ કરતી વિધાને જોઇ, થોડા સમયમાં જ એ પાઠશાળાના બાળકો સાથે ખુબ જ હળીમળી ગઇ હતી. વિધાને કારણે એનું ગૌ મૂત્ર ઉપરથી અર્ક બનાવવાનું કામ પણ આગળ વધી રહ્યું હતું. આધ્યાત્મિક શક્તિઓ ધરાવતાં પંડિતજી અભેદ આવરણની નીચે એક વિષાદથી ભરેલી ને મુરજાઈ ગયેલી વિધાને અનુભવી શકતા હતા. સંન્યાસી હોવાથી એ ક્યારેય વિધાની આંખોમાં આંખો મેળવીને જોતા નહિ. પંડિતજીના ઇરાદાપૂર્વક યુવાન સ્ત્રીની આસક્તિથી દૂર રહેવાનો પ્રયત્ન કરવા છતાં ગૌશાળામાં ગાય માતાંની હાજરીમાં દિવસમાં બે વખત એક બીજાના દર્શન થઇ જ જતા. ગૌશાળામાં બધું ક્ષેમકુશળ ચાલતું જોઈને એ ધર્મશાળાની ડેલી તરફ વળ્યાં.

'સામાન્ય સંજોગોમાં તમે કોઈ કિંમતી ભેટ સોગાદ આવે તો એની નોંધ કેવી રીતે રાખો છો?' પંડિત શાંતિભૂષણે મુનીમજીને સહજરીતે પૂછ્યું.

'પહેલા હું બધીજ નોંધ રાખતો પણ .....' મુનીમજી કોઈનું નામ લેતા અટકી ગયા હોય એવું લાગ્યું.

'અરે અટકી કેમ ગયા, તમારે મને કોઈ માહિતી આપવામાં કોઈથી ડરવાની જરૂર નથી.' પંડિત શાંતિભૂષણે મુનીમજીને ખાત્રી આપી.

'પહેલા તો હું બધીજ નોંધ રાખતો પણ જ્યારથી મુખ્ય પૂજારીજીએ વહીવટ સાંભળ્યો છે ત્યારથી એની સૂચના છે કે રોકડ રકમનોજ હિસાબ રાખવાનો બાકી બીજી ભેટસોગાદોને અહીં ભંડારમાં જ જમા કરીને રાખવી.'

'તો પછી એ ભંડારમાં જમા રાખેલી બીજી ભેટસોગાદોનું શું કરો છો?' પંડિત શાંતિભૂષણને મંદિરના વહીવટમાં ગડબડનો જે વહેમ હતો એ સાચો પડતો લાગ્યો.

'પંડિતજી, મેં મારી ફરજ પ્રમાણે ઈશારો કરી દીધો છે હવે સમજદાર તરીકે તમારે કેટલું સમજવું એ તમારા ઉપર આધાર રાખે છે.' આટલું કહીને મુનીમજીએ હાથ પંડિતજીને હાથ જોડ્યા.

મુનીમજીની વાત સાંભળી એક વાતની ખાત્રી તો પંડિત શાંતિભૂષણને થઇ ગઈ કે મંદિરમાં મુખ્ય પૂજારી પ્રેમશંકરના વહીવટ નીચે કાંઈક મોટી ગડબડ ચાલી રહી છે.

પૂજારી પ્રેમશંકર સાથે શું વાત કરાવી એ વિચારતા પોતાની કુટિરમાં દાખલ થયા અને અણધાર્યા મહેમાનને જોઈને ચમક્યા.

'જય દ્વારકાધીશ, બોલો પૂજારીજી આમ અચાનક?' પંડિતજી પૂજારી પ્રેમશંકરની અચાનક મુલાકાતથી નવાઈ લાગતા બોલ્યા.

‘સોમનાથ જાઉં છું, અંગત કારણોસર.’ પ્રેમશંકર બોલ્યો.

‘મિત્ર જટ્ટાશંકરને મળવા જાઓ છો? જાઓ અને જેટલું રોકાવું હોય એટલું ત્યાં રોકાજો અહીંના વહીવટની કોઈ પણ જાતની ચિંતા કરતા નહીં.’ પંડિતજી માર્મિક ભાષામાં બોલ્યા.

પંડિતજીના વધુ વાક્બાણ સહન કરવાને બદલે પૂજારીએ ત્યાંથી વહેલી તકે નીકળી જવાનું મુનાસીબ માન્યું અને પંડિતજીની કુટીરથી ચાલતી પકડી.

પોતાને મંદિરના રાજકારણનો બેતાજ બાદશાહ માનતો પૂજારી પણ પંડિતજીએ પોતાના પરમ મિત્ર જટ્ટાશંકરનું નામ લેતાં વિચારમાં પડી ગયો કે પંડિતજીને જટ્ટાશંકરને મંદિરના મઠાધિપતિ બનાવવાના હવાતિયાંની ખબર તો નહિ પડી ગઈ હોય ને કે પછી મુનીમજીએ મંદિરના વહીવટમાં ચાલતાં કૌભાંડની વાત કરી દીધી હશે?

પ્રકરણ ૧૩

ગૌરીવ્રત



અષાઢમહીનાના શુક્લ પક્ષની તેરસ એટલે કે કુંવારિકાંના ગૌરીવ્રતનો પ્રથમ દિવસ, દ્વારકા શહેરમાંથી ગૌરીવ્રત રહેલી બાળાઓ દ્વારકાધીશના દર્શને પોતપોતાના માતાપિતા સાથે આવી રહી હતી. મંદિરના પ્રાંગણમાં બાળાઓની પૂજાઓ ચાલી રહી હતી, વ્રતનો પહેલો દિવસ હોવાથી બાળાઓની માતાઓ એને શીખવાડી રહી હતી કે વ્રતની પૂજા કેવી રીતે કરાય અને બાળાઓ પણ હોંશે હોંશે આ શીખી રહી હતી. મંદિરનું પ્રાંગણ બાળાઓના કિલકિલાટ અવાજથી એકદમ ભર્યું ભર્યું થઇ ગયું હતું અને આ આનંદમાં ભાગીદારી પુરાવવા કૃષ્ણ ગોવાળીયાને અતિ પ્રિય એવા મોર પણ આકાશમાં છવાયેલા ઘાટટોપ વાદળાઓ જોઈને મેહુલાને જાણે કે 'ટે હોક...ટે હોક....' કરીને આહવાન આપી રહ્યા હતા. કોકિલ કંઠી કોયલ પણ આ આનંદમાં કેમ પાછળ રહે, એ પણ પોતાના મધુર કંઠથી મોરલાંઓના આનંદમાં સાથ પુરાવી રહી હતી.

કુંવારીકાના જીવનના ગૌરીવ્રત જેવા પવિત્ર દિવસે સાંજે પહેરવા આપેલ સાડીને બદલે ચૂંદડી ચોળીમાં જોઈએને શાંતાબેનને આશ્રય થયું.

'વિધા હજુ પણ તું પૂજા માટે તૈયાર નથી થઇ?' શાંતાબેને બનાવટી ગુસ્સો કરીને વિધાને પૂછ્યું.

'ના બા મને મજા નથી?' વિધાએ બીમારીનું બહાનું કાઢ્યું.

'મજા નથી એટલે શું થયું? વૈદજીને બતાવવું છે?' શાંતાબેનને ચિંતા થઇ, સંતાન વિહોણાં શાંતાબેન વિધાને પોતાની દીકરીથી પણ વિશેષ માનતા હતાં.

'બા કેવી રીતે કહું? વૈદજીથી મટે એવું દુઃખ નથી.' વિધાને સમજણ નો'તી પડતી કે પોતાનું દુઃખ બાને કેમ કરીને કહેવું.

'પણ આજે ગૌરીવ્રતનો પહેલો દી' છે, અને તું હજુ પૂજાપો લઇ પૂજા કરવા માટે તૈયાર નથી થઇ? લોકો શું કહેશે કે શાંતાબેને એવા તે કેવા સંસ્કાર આપ્યા કે પૂજારીજીના ઘરેથી જ કુંવારીકા પૂજા કરવા હજુ આવી નથી?' ભોળા શાંતાબેનને યુવાન દીકરી વિધા શું કહેવા માંગે છે એ સમજ પડી નહિ.

'બા હું ગૌરીવ્રત કરવાને લાયક હવે નથી રહી.' વિધાએ ભારે અવાજે અને આંખો નીચી ઢાળીને કહ્યું.

ખાટલાં ઉપર બેસીને ભરતનો ચાકડો ભરી રહેલા શાંતાબેને ભરત ભરવાનું બંધ કરીને વિધા સામે જોયું.

'અહીંયા આવ મારી બાજુમાં બેસીને મને વાત કર કે તું શું કહેવા માંગે છે.' શાંતાબેને વિધાને ઈશારો કરીને પોતાની પાસે બોલાવી.

'બા હું હજુ ઋતુમાં નથી થઇ.' વિધાને શાંતાબેનની બાજુમાં બેસતાં રડમસ અવાજે કહ્યું.

'શું? બસ એટલીજ વાત, યુવાન દીકરીને ક્યારેક પાંચ પંદર દિવસ આઘું પાછું થઇ જાય એમાં બહુ ચિંતા નહિ કરવાની, એવી નાની અમથી વાતમાં ગૌરીવ્રત રહેવાનું માંડી ના વળાય નહીંતર પાપ લાગે અને આ વ્રત ખરા દિલથી કરો તો દ્વારકાધીશ સારા વરનું વરદાન આપે.' શાંતાબેને વિધાને શાંત્વના આપી.

'બા પણ આ પાંચ પંદર દિવસ કે એક મહિનાની વાત નથી, હું મંદિરે આવી ત્યારથી ઋતુમાં થઈ જ નથી.' વિધા બોલી અને શાંતાબેન માથે પહાડ તૂટી પડ્યો.

'શું? તો પછી તું દર મહિને આભડછેટ રાખીને અળગી થઇ બેસતી એ?' શાંતાબાને હજુ વિશ્વાસ નો'તો આવતો કે વિધા શું બોલે છે.

'બા એતો તમને કોઈ વહેમ નો પડે એટલે દર મહીને ઋતુમાં છું એવો ખોટો દેખાવ કરીને આભડછેટના નિયમો પાળતી.'

'મારી દીકરી, મારે તારો બીજો કોઈ ભૂતકાળ જાણવો નથી પણ એક વાત કાળીયા ઠાકોરના સમ ખાઈને કહેજે, મારો વરતો આ પાપનો જવાબદાર નથી ને? મને એના લખણ જરાય ગમતા નથી પણ શું કરુ ચાર ફેરા ફરીને આવી છું એટલે સમાજની બીકથી એને પરાણે નિભાવવો પડે છે. ' શાંતાબેનને પોતાના વરની હરકતો નો ખ્યાલ હતો એટલે બોલ્યા.

'ના બા મારી આ પરિસ્થિતિ માટે એ જરા પણ જવાબદાર નથી, અને તમે જે થયું એને પાપ કેમ કહો છો ? હા જે થયું તેમાં મારી અને મારી જ ભૂલ છે એ હું માનું છું.' વિધાને શાંતાબેને ઉપયોગ કરેલો પાપ શબ્દ જરાય ના ગમ્યો.

'મારી દીકરી, પણ તને ભાન છે ને કે તું કુંવારીકા થઇને આ શું બોલે છે? અને તે બીજા કોઈને આ વાત કરી છે?' શાંતાબેને બોલીને કરેલો ઉચ્છવાસ એનો વર જવાબદાર નો'તો એ સંતોષની સાબિતી હતો.

'ના બા તમારા સિવાય કોઈ ને નહિ.' વિધાની આ વાત સાંભળી શાંતાબેનનો ઊંચો થઇ ગયેલો જીવ હેઠો બેઠો.

'દીકરી હજુ તો કાંઈ મોડું નથી થયું, હું તને આજે જ તને સુયાણી પાસે લઇ જઇશ, એ ઓસડિયાં આપશે તો તારા ભારેપગ હળવા થઇ જશે.'

'ના બા મારુ જે પણ થાય હું એ પાપ તો નહિ જ કરું.' વિધાએ પોતાનો નિર્ણય શાંતાબેનને જણાવ્યો.

'બેટા, તું હજુ નાસમજ બાળક છે, તારી આ વાતની સમાજને જાણ થશે તો એ તને તરછોડી દેશે અને પછી પીંખી નાખશે, તું એકલી કેટલા દુશ્મનો સાથે લડીશ? તારી આ મજબૂરીનો સૌથી પેલો લાભ તો મારો લંપટ વર લેશે, તારી વિરુદ્ધ બધાને ઉભા કરીને તને છિનાળવી જાહેર કરી દેશે, તને કોઈ આશરો નહિ આપે અને પછી આખી જિંદગી બધા જ લંપટ પુરુષો તને ભોગવશે. બોલ તને આવી જિંદગી મંજુર છે?.' શાંતાબેને વિધાને સમજાવવાની કોશીશ કરી.

'પણ બા, હું બહુ જ સહન કરી લઈશ અને મારી મૃત્યુ પામેલી માંએ મને આપેલા સંસ્કારની લાજ રાખવા પણ હું એક નિર્દોષની હત્યા માટે જવાબદાર નહિ બનું, આ મારી ભૂલ છે એ ભૂલ માટે સમાજ કે ઈશ્વર મને જે સજા આપે એ હું ભોગવી લઈશ.' આંખમાં આંસુ લાવીને વિધા ડૂમો ભરેલ આવજે બોલી.

શાંતાબેને વિધાની આ વાત સાંભળીને ભરત ભરવાનું કાપડ બાજુમાં રાખ્યું અને વિધાને પોતાના ખોળામાં માથું રાખવા માટે ઈશારો કર્યો, વિધા પણ જાણેકે એનાથી વિખુટી પડી ગયેલી પ્રેમાળ માં પાછી આવી ગઈ એવા અહેસાસ સાથે શાંતાબેનના હૂંફાળા ખોળામાં સૂતી રહી.

વિધાનો શાંતાબા પાસે ગર્ભવતી હોવાની વાતનો સ્વીકાર કર્યા પછી લગભગ એકાદ મહિનો પસાર થઇ ગયો હતો અને આ સમય દરમ્યાન શાંતાબેને વિધાને ઘણી વખત સમજાવવાનો પ્રયત્ન કર્યો કે કુંવારી થઇને બાળકને જન્મ આપવો એ એના અને આવનારા બાળક બંને માટે પણ ઘાતક સાબિત થશે પણ વિધાએ પોતાનું ભવિષ્ય દ્વારકાધીશના હવાલે કરી દીધું હતું, એને પૂરો ભરોસો હતો કે જે દ્વારકાધીશે એને આ પરિસ્થિતિમાં મૂકી છે એ જ આમાંથી બહાર કાઢવાની શક્તિ પણ આપશે.

વિધાને હવે પોતાની અંદર એક નવુ જ વિશ્વ આકાર લઇ રહ્યું છે એવો અહેસાસ હવે થવા લાગ્યો હતો, વિધાને જયારે જયારે એકાંત મળતું ત્યારે એ પોતાના પેટ ઉપર હાથ રાખીને અંદર ઉછરી રહેલી જિંદગી સાથે એક મૂક સંવાદ સાધવાની કોશિશ કરતી. વિધા એ માસુમ જિંદગી સાથે પ્રેમના સંબંધને જાળવી રાખવા પોતાનો જીવ સુદ્ધા આપી શકે એમ હતી. શાંતાબેનના અવાજે વિધાની તંદ્રાનો ભંગ કર્યો.

'વિધા, બહાર આવ તો.' શાંતાબેને ફળીયામાંથી વિધાને બોલાવી.

વિધાએ બહાર આવી, જોયું તો પાઠશાળામાંથી બે બાળકો શાંતાબેનની સામે ઉભેલા.

'તૈયાર થઇ જા, પંડિતજી બોલાવે છે.' વિધા બહાર આવતા શાંતાબેન બોલ્યા.

'તમે જાઓ હું આવું છું.' વિધાએ બાળકોને કહ્યું એટલે એ જય દ્વારકાધીશ કહીને જતા રહ્યાં.

'તારું એકલીનું શું કામ પડ્યું હશે?' શાંતાબેને પૂછ્યું.

'બા મને કેવી રીતે ખબર, મેં પણ ક્યારેય પંડિતજી સાથે સીધી વાત નથી કરી.' વિધા બોલીને સુઘડ વસ્ત્રો પહેરવા માટે અંદર જતા બોલી.

ગૌશાળામાં પણ ક્યારેય પંડિતજીએ વિધા સાથે સીધી વાત કરેલ નહિ, જયારે પણ કોઈ સૂચના આપવાની હોય તો પાઠશાળાના કોઈ કિશોર દ્વારાજ પંડિતજી સૂચનાઓ આપતા. કાઠિયાવાડના લોકો પંડિતજીના બ્રહ્મચર્ય ઉપર સોગંદ ખાતા એટલે વિધાના મનમાં પંડિતજીએ એકલી શા માટે બોલાવી એની શંકા-કુશંકા થવા લાગી. વિધાનો એક હાથ અનાયાસે એના પેટ ઉપર ગયો, આની તો ખબર નહિ પડી ગઈ હોય ને? જો પંડિતજી પૂછે તો? સાચો જવાબ આપી દઈશ. આમ પણ આ સંસારમાં વિધા પાસે બે જ વ્યક્તિ એવી હતી જેનો એ ગળા સુધી વિશ્વાસ કરી શકતી હતી અને પંડિત શાંતિભૂષણ એમાંની એક વ્યક્તિ હતા.

શું વાત હશે એ વિચારતી વિધા પંડિતજીની કુટિર તરફ ઉતાવળે ચાલી. કુટિરના પગથિયાં ચડીને વિધા બારણા વચ્ચે ઉભી રહી. પંડિતજી પદ્માસન મુદ્રામાં પોતાની કુટિરમાં ધ્યાનમાં બેઠા હતા, સામે એક સુઘડ આસન પાથરેલું હતું અને ડાબી બાજુએ આઠ-દશ બાળકો પણ ગોવિંદાષ્ટકમના પાઠ કરી રહ્યા હતા. બાળકોના મધુર અવાજમાં ગવાઈ રહેલ પાઠ વચ્ચે વિધા પંડિતજીને ખલેલ પહોંચાડવાં નો'તી માંગતી એટલે એ કુટિરના એક ખૂણામાં હાથ જોડીને ઉભી રહી. વિધાએ પંડિતજીનું આવું દેદીપ્યમાન સ્વરૂપ ક્યારેય જોયુ ના હતું, બંધ કરેલી આંખો, કેસરી સાફાથી બાંધેલા લાંબા કેશ, ચહેરા ઉપર હૃદયના ઊંડાણથી અનુભવી શકાય એવું તેજ. બાળકોના ગોવિંદાષ્ટકમના પાઠના મધુર અવાજની આભામાં પંડિતજી સાક્ષાત આદિગુરુ શંકરાચાર્ય જેવા લાગતા હતાં. પંડિતજીની આ આભામાં વિધાનું છુપાવી રાખેલું રહસ્ય સત્ય રૂપે બહાર આવવા મથી રહ્યું.

ગોવિંદાષ્ટકમના પાઠ પુરા થયા એટલે પંડિતજીએ આંખો ખોલી અને સામે વિધાને ખૂણામાં હાથ જોડીને ઉભેલી જોઈ.

'જય દ્વારકાધીશ.' પંડિતજીએ ગંભીર મુખમુદ્રામાંજ વિધાને નમસ્કાર કરીને પછી હાથેથી સામે બેસવા માટે ઈશારો કર્યો. વિધા પંડિતજીની સામે પલાંઠીવાળી ઢાળેલી આંખે હાથ જોડીને બેસી ગઈ.

'દરેક વર્ષની જેમ આ વખતે પણ પવિત્ર શ્રાવણમાસમાં બાળકોને કર્મકાંડના અભ્યાસ અંતર્ગત આપણી યજ્ઞશાળામાં કુંવારીકા પૂજન રાખેલ છે, દર વર્ષે અમારે કુંવારીકા માટે શહેરમાંથી યજમાન શોધવા પડે છે પણ આ વર્ષે તો કુંવારીકા દ્વારકાધીશના મંદિરના પ્રાંગણમાંજ હાજર છે એટલે તને બોલાવી.' પંડિતજીએ વિધાને બોલાવવાનો હેતુ કહ્યો.

પંડિતજીની વાત સાંભળીને વિધા કાંઈજ બોલી નહિ એ હાથ જોડેલ મુદ્રામાંજ આંખો બંધ કરીને બેસી રહી અને એની આંખમાંથી દડદડ કરતાં આંસુ વહેવા મંડ્યા, પંડિતજીને વિધાનું આવું અણધાર્યું વર્તન સમજાણું નહિ એટલે એને બાજુમાં બેઠેલા બાળકોને બહાર જવાનો ઈશારો કર્યો અને બાળકો એક પછી એક ઉભા થઇ પંડિતજીને નમન કરીને કુટિરની બહાર ગયા.

વિધાની આંખો તો હજુ બંધ જ હતી અને એની આંખો માંથી ચોધાર આંસુઓ બંધ થવાનું નામ નો'તા લેતા. પંડિતજી સમજી ગયાકે વિધાને કોઈ એવી વાત કરવી છે જે વાત એ ખરેખર કોઈને કરવા માંગતી નથી.

'હું આપના કુંવારીકા માટેના પૂજનની વિઘીમાં બેસવા માટે લાયક નથી.' વિધાએ આંખો ખોલ્યા વિના જ હાથ જોડેલી મુદ્રામાં પંડિતજીને કહ્યું.

'હું અત્યારના સંકુચિત સમાજને એક સુધારક તરીકે બદલવા માંગુ છું એટલે મારા મંતવ્ય મુજબ વ્યભિચાર મુકત મનોસ્થિતિમાં અજાણતાં થયેલી ભૂલથી કોઈ કુંવારીકાની અવસ્થા બદલાતી નથી.' પંડિતજીએ વિધાથી કોઈ ભૂલ જો ભૂતકાળમાં થઇ ગઈ હોય તો એનાથી કુંવારીકાની અવસ્થામાં કોઈ ફરક પડતો નથી એ ભરોસો આપ્યો.

વિધાની આંખો હજુ બંધજ હતી અને હજુ એની આંખો માંથી આંસુ હજુ પણ અવિરતપણે વહી રહ્યા છે.

'મેં શું કહ્યું સમજી તું?' પંડિતજીને વિધા તરફથી કોઈ પ્રતિભાવ ના મળતાં ચોખવટ માટે પૂછ્યું.

'હા પંડિતજી હું સારી રીતે સમજી ગઈ તેમ છતાં હું આપણે જણાવવા માંગુ છું કે હું પૂજામાં બેસવા માટે લાયક નથી.' વિધાએ આ કહીને પંડિતજીને આશ્ચર્યનો ઝટકો આપ્યો.

'તો....તું?' પંડિતજી આગળ વધુ નો બોલી શક્યા.

વિધાએ હકારમાં ડોકું હલાવીને હા પાડી.

'કોણ કોણ આ વાતના જાણકાર છે?' પંડિતજી એ વિધાને હવે સીધો પ્રશ્ન પૂછ્યો.

'એક બા અને બીજા આપ.' વિધાએ આંસુ ભરેલી આંખોથી જ જવાબ આપ્યો.

પંડિતજીને માથે પણ આ વાત સાંભળીને આભ તુટી પડ્યું. પંડિતજીને હવે વિધાને શું કહેવું એ સમજ ના પડી.

'હવે તું જા હું શાંતાબેન સાથે વાત કરી લઈશ, અને આ વાત બીજા કોઈને નો કરતી નહીંતર આભ તૂટી પડશે.' પંડિતજીએ કહ્યું એટલે વિધા હળવેથી ઉભી થઇ અને ડૂસકાં ભરતી કુટિરની બહાર નીકળી ગઈ.

વિધા ગઈ પંડિતજી ફરી પાછી આંખો બંધ કરી વિચારોના ઊંડાણમાં ગરક થઇ ગયા, વિધાની સમસ્યાનો કશો જ હલ ના મળતાં આખો ખોલી, સામે પૂજારી જટ્ટાશંકર બેઠા હતા.

'આવો પુજારીજી.' આ પૂજારીનો ભેટો અશ્રુભીની આંખોવાળી વિધાનો થયો હશે? વિચારતા પંડિતજીએ પૂજારીને આવકાર્યો.

'પંડિતજી તમને તો ખ્યાલ છે જે કે પુરા ભારતવર્ષમાં વિપ્લવ દરમ્યાન ભારેલા અગ્નિવાળી પરિસ્થિતિમાં આગલાં મહાકુંભ માટે દ્વારકાપીઠના પ્રતિનિધિને આમંત્રણ મળેલ છે.' પૂજારીએ પોતાની મુલાકાતનો હેતુ જણાવ્યો.

'તો પછી તમારો શું વિચાર છે?' પંડિતજીએ વાતના અનુસંધાને પ્રશ્ન કર્યો.

'મારા સહીત મંદિરના બધા જ પુજારીઓની ઈચ્છા છે કે આપ દ્વારકાપીઠનું પ્રતિનિધિત્વ મહાકુંભના આયોજનમાં કરો.'પંડિતજીની લાંબી ગેરહાજરીમાં વિધાને આકર્ષવી સહેલી પડે એટલે અગાઉથી નક્કી કરેલી વાત પૂજારીએ કહી.

'જો હું દ્વારકાપીઠના મઠ્ઠાધિપતિની ગાદી ઉપર બિરાજમાન હોત તો જરૂરથી એ બેઠકમાં ભાગ લેવા જાત પણ મારી જાણ મુજબ તમે જ ટ્રસ્ટીઓની છેલ્લી બેઠકમાં હજુ મારે ગૌશાળા, પાઠશાળા અને યજ્ઞશાળામાં ઘણું કામ કરવાનું બાકી છે એ બહાના હેઠળ ગાદી હાલ પુરતી ખાલી રાખવી એવો પ્રસ્તાવ રાખેલો.' પંડિતજી માર્મિક રીતે બોલ્યા.

'પણ..'

'અને રજવાડાઓના પ્રતિનિધિઓએ એ તમારી એ વાત માનીને મંજુર પણ રાખેલી, એટલે ખરા પ્રતિનિધિ તો અત્યારે આપ થયાં.' પંડિતજીએ પોતાની માર્મિક વાત પુરી કરી.

'પંડિતજી એ સમયે મને તમારા જ્ઞાન અને પ્રતિભાનો ખ્યાલ ના હતો, પણ હવે તો બધાને ખબર છે કે તમે તમારા અત્યારના કાર્યભારની સાથે મઠ્ઠાધિપતિની ગાદીની જવાબદારી સંભાળી શકો એટલા સમર્થ છો એટલે આપ યાત્રા પુરી કરીને આવો એટલે મઠાધિપતિનો પ્રસ્તાવ પણ મંજુર કરાવી લેશું.' પૂજારીને વિધાને છોડીને લાંબી યાત્રા કરવાનો કોઈ ઈરાદો નો'તો.

'પુજારીજી તમનેતો ખબર છે કે મારે ખુબ જ જવાબદારીઓ છે અને આમ પણ પવિત્ર શ્રવણ માસ પૂરો થઇ ગયો છે અને મંદિરના પુજારીઓ શાસ્ત્રોક્ત વિધિથી દ્વારકાધીશની પૂજાવિધિ કરી જ શકે છે. મારા માટે પ્રમાણે આપે પ્રયાગ જવું જોઈએ કારણકે એ બહાને તમે બીજા મઠ્ઠાધિપતિઓના સંપર્કમાં પણ રહી શકશો.' પંડિતજી એ પ્રયાગ જવા માટે પોતાની અસમર્થતા જાહેર કરી દીધી.

વિધાને બે થી ત્રણ મહિના જોયા વગર ચાલશે કે નહિ એ વિચારતો પૂજારી પ્રેમશંકર પોતાના ઘરે આવ્યો. 'વિધા, પાણી આપ તો.......' પ્રેમશંકરે ઘરમાં દાખલ થતા જ વિધાને યાદ કરી. વિધાનું નામ મોટેથી બોલવામાં પૂજારીની અગમ પ્રકારની ભૂખ સંતોષાતી હતી.

ઘરની અંદરથી કોઈ જવાબ નો આવતા એ ફરી બરાડ્યો.

'વિધા, ક્યાં ગઈ.' પ્રેમશંકરે ફરી બૂમ પાડી.

પ્રેમશંકરની બૂમથી શાંતાબેન પાણીનો કળશ લઇ બહાર આવ્યા.

'વિધા નથી?' પ્રેમશંકરે અધીરાઈથી પૂછ્યું.

'એની તબિયત સારી નથી.' શાંતાબેને બહાનું કાઢ્યું.

'તો પછી કોઈને વૈદને બોલાવવા મોકલું?' પ્રેમશંકર અધીરો થઇ ગયો.

'ના રાબ આપી છે સારૂ થઇ જશે.' શાંતાબેને કહ્યું.

'ઓહ.' કપાળે હાથ રાખતા પૂજારીએ નિષાશો નાખ્યો.

'મારે તમને એક વાત પુછવી છે, એનો સાચો જવાબ આપજો.' શાંતાબેન આજે પ્રેમશંકર સાથે એક ચોખવટ કરવા માંગતા હતા.

‘બોલ’ પ્રેમશંકર ખંધુ હસતો બોલ્યો.

‘જો આપણા લગ્ન થોડા વહેલા થયા હોત તો આપણે વિધા જેવડી કદાચ દીકરી હોત.’ શાંતાબેને છણકો કરતાં પૂછ્યું.

‘વિધા જેવડી હોત, વિધા જેવી હોત પણ વિધા તો નો જ હોત ને? હા તારે માનવું હોય તો એને તારી દીકરીને બદલે તારી નાની બહેન માની શકે છે એટલે તારે શાંતિ અને મારે પણ શાંતિ.’ પ્રેમશંકરે એક લંપટને છાજે એવો જ જવાબ આપ્યો. પૂજારીનો ગોળગોળ જવાબ સાંભળી શાંતાબેન પાણીનો કળશ આપી દુઃખી થતાં અંદર ચાલ્યા ગયા.

‘અરે ક્યાં અંદર ચાલી ગઈ, પાછી આવ મારે એક અગત્યની વાત કરવાની છે.’ આમ કહેતો પ્રેમશંકર ફળિયામાં ઢાળેલ ખાટલે બેઠો.

‘હા બોલો.’ શાંતાબેન કમને પાછા આવ્યા અને પૂજારીના ખાટલાની સામે ઉભા રહ્યા.

‘હું મહાકુંભના આયોજન માટેની બેઠકમાં ભાગ લેવા પ્રયાગરાજ જાઉ છુ, તમે બંને પણ મારી સાથે આવો. તારે યાત્રા થઇ જાશે અને વિધાને પણ હવા ફેર થઇ જશે.’ વિધા સાથે ત્રણ ચાર મહિના યાત્રા કરવા મળે તો આ જન્મારો સુધારી જાય એવું વિચારતો હરખાઈને બોલ્યો.

‘અમે બંને યાત્રાના સંઘ વગર સાથે આવીશું તો તમને ખાલી ખોટા બોજારૂપ બનીશું. તમે બેઠક પતાવીને વહેલાસર આવી જાઓ પછી આપણે બધા યાત્રાના સંઘમાં સાથે જઈશું.’ શાંતાબેન પોતાની ખુશી છુપાવતા બોલ્યા.

‘વાત તો તારી પણ વ્યાજબી લાગે છે, હું પ્રયાગરાજ બેઠક પુરી કરીને આવી જાઉ પછી યાત્રાનો પહેલો સંઘ નીકળે એમાં જઈશું.’ પ્રેમશંકર વિધા સાથે યાત્રા કરવાની વાતથી જ મનોમન ખુશ થતો બોલ્યો.

પ્રકરણ ૧૪

મહાકુંભ



પૂજારીનો સંઘ પ્રયાગરાજ જવા નીકળી ગયો એને પૂરું એક અઠવાડિયું થઇ ગયું હતું . મન વચન અને કર્મથી સંન્યાસી હોવા છતાં વગર અશક્તિએ વિધાની વિકટ પરિસ્થિતિએ પંડિતજીને હચમચાવી નાખ્યા હતા. વિધા બાબતે ચોખવટથી વાત કરી શકાય એ ઈરાદે પંડિતજીએ પૂજારીની ઘરે જઈને શાંતાબેનને અને વિધાને મળવાનું નક્કી કર્યું.

પંડિતજીના કોઈ જાતના કહેણ વગર ઘરે પધારવાથી શાંતાબેનને નવાઈ લાગી. ફળિયામાં ઢાળેલ ખાટલે બેસી પંડિતજીએ વાત શરુ કરી.

‘શાંતાબેન તમને તો વિધાની વિષાદની પરીસ્થિતિ વિષે ખબર હશે એમ માનીને હું વાત આગળ વધારું છું.’ પંડિતજીએ કહ્યું.

‘વિધાએ છેલ્લે મળવા આવી ત્યારે વાત કરી?’ શાંતાબેન પંડિતજીની વાતનો મર્મ સમજી ગયા એટલે પૂછ્યું.

‘તમે એના વિષે નકારાત્મક ના વિચારતા, મારા કુંવારીકા પૂજનમાં એને બેસાડવાના દુરાગ્રહને કારણે એણે પોતાની વિકટ સ્થિતિની વાત કરવી પડી. સંન્યાસી તરીકે એક કન્યા સાથે આવી વાત કરવાનો ખેદ મને છે પરંતુ બીજી દ્રષ્ટિએ વિચારીયે તો બીજી કોઈ અયોગ્ય વ્યક્તિને જાણ કરવાને બદલે મને જાણ કરી એ સારું કર્યું’ પંડિતજીને શાંતાબેનના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું.

પંડિતજી અને શાંતાબેનની વાતો વિધા રસોડામાં એક ધ્યાનથી સાંભળી રહી હતી. એની આંખોમાંથી દડદડ કરતાં આંસુઓ વહી રહ્યા હતાં. એને અફસોસ એ વાતનો હતો કે જે સંસ્કાર આપીને માબાપે ઉછેરેલી એ સંસ્કારને એક જ જાટકે એક ક્ષણિક ઓળખાણવાળા યુવાન સાથે રોમાંચક ક્ષણોને માણવાં માટે ફેંકી દીધા. કાસમ એક નામર્દની જેમ સમયનો લાભ લઇને પોતાના શરીર સાથે રમત રમી ગયો પછી જાણે કે ધરતીના પટલ ઉપરથી અદ્રશ્ય જ થઇ ગયો. એનો પોતાનો પણ શું વાંક હતો? પિતાજીનું અણધાર્યા સંજોગોમાં એની આંખ સામે જ થયેલું મૃત્યુ, વરસાદનું એ ખતરનાક તોફાન, કાસમ ઉપર પિતાજીએ મુકેલો વિશ્વાસ આ બધી અચાનક બનેલી ઘટનાઓથી એનામાં આવી ગયેલી માનસિક નબળાઈ સાથે અસલામતીની ભાવના અને ઉપરથી મહુડાના પુરા બે લોટા, આ બધીજ બાબતો અને ઉપરથી ભાગ્યદોષ મળીને પોતે આવી વિકટ પરિસ્થિતિમાં આવીને ઉભી રહી ગઈ. આટલું બધુ બની ગયું પણ એના જેવી ભણેલી ગણેલી અને સંસ્કારી છોકરીએ ભવિષ્યનો વિચાર કરવાની જરૂર હતી એટલે અંતે દોષ તો એનો જ કહેવાય.

'પંડિતજી આ વાત આપણા બે સિવાય કોઈને ખબર નથી પણ સમય જતા ગામને મોઢે ગરણાં બાંધવા થોડા જવાશે?’ શાંતાબેને સમાજને ખબર પડી જશે તો વિધાનું શું થશે એની ચિંતા કોરી ખાતી હતી.

'એની મને તમારા જેટલી જ ચિંતા છે, જો આપણે સમજી વિચારીને કામ કરીશું તો બધુ જ સમું સુતરું પાર ઉતરી જાશે.' પંડિતજીએ શાંતાબેન ને હૈયા ધારણા આપી.

શાંતાબેન અને વિધાને હૈયા ધારણા આપીને આ વિકટ પરિસ્થિતિનો સામનો કેમ કરવો એ વિચારતા પંડિતજી નીકળ્યા.

શાંતાબેન પાસે અંતે તો સ્ત્રીનું પ્રેમાળ હૃદય હતું. એનો વર પ્રેમશંકર માનતો હોય કે નહિ પણ શાંતાબેન તો વિધાને પોતાની દીકરીથી પણ વિશેષ માનતા હતા. શાંતાબેનનો ખોળો લાંબા સમયથી ભરાયો નો'તો એ પણ વિધા ઉપરના વિશેષ પ્રેમનું કદાચ એ કારણ હતું. આજની પંડિતજીની અચાનક અને અણધારી મુલાકાતથી શાંતાબેનને માઠુ લાગ્યું કે વિધાએ પંડિતજી સાથે આવી ગંભીર વાત કરતા પહેલા પૂછ્યુ કેમ નહિ.

'વિધા અહીં આવ તો.' શાંતાબેને કરડાકી ભર્યા અવાજે વિધાને બોલાવી.

'હા બા.' વિધા રસોડામાંથી બહાર આવી, એની આંખના આંસુઓ સુકાણાં નો'તા.

'તે મને જાણ કર્યા વગર પંડિતજી જેવા સંન્યાસી સાથે આટલી ગંભીર વાત કરી? મને કહ્યું હોત તો હું તારી સાથે આવેત ને?' શાંતાબાએ વિધાના આંસુ જોયા એટલે એનો ગુસ્સો તો ઉતરી જ ગયો હતો પણ વિધાના ભવિષ્યની ચિંતા હોવાથી સવાલ તો પૂછ્યો જ.

'બા તમને પંડિતજીએ કહ્યું તો ખરું કે મારે શા માટે વાત કરવી પડી.' વિધાએ શાંતાબેન પાસે પોતાનો બચાવ કરવાની નિષ્ફળ કોશિશ કરી.

'હા એતો પંડિતજીએ કહ્યું પણ તું કોઈ બીજું બહાનું પણ કાઢી શકતી હતી, તારે આટલી ગંભીર વાત અને એ પણ એક પંડિતજી જેવા બ્રહ્મચારી સંન્યાસીને કરવાની ક્યાં જરુર હતી?'

'બા હું હવે નિર્દોષ બાળા મટીને એક માં બનવા જઈ રહી છું અને દ્વારકાધીશના મંદિરના પ્રાંગણમાં પંડિતજી એક જ એવા હશે જેને મને એવી નજરથી ક્યારેય જોઈ નથી, એની સાથે ક્યારેક ભૂલથી પણ મારી આંખો મળી ગઈ હશે તો મને એ નજરમાં પણ હંમેશા શીતળતા અને હૂંફનો જ અનુભવ થયો છે.' વિધાએ પંડિતજી ઉપર પોતાને કેટલો વિશ્વાસ છે એ શાંતાબેનને સમજાવવાની કોશિશ કરી.

'મેં તને પંડિતજીની જન્મ કુંડળી નથી પૂછી, હું કહું છું કે તું પંડિતજીને આ ચોખવટ કરવા કરતાં કોઈ બીજું બહાનું કાઢી શકતી હતી.' શાંતાબેન હજુ પણ વિધા ઉપર નારાજ તો હતા જ.

'બા તમને હવે તો ખબર પડી ગઈ હશે કે મારા માતાપિતાના સંસ્કારને કારણે હું ખોટું બોલી નથી શકતી.' વિધા બોલી અને શાંતાબેનની બાજુમાં આવીને ખાટલે બેઠી.

'તને તારા માતાપિતાના સંસ્કારની બહુ ચિતા હોત તો આ પરિસ્થિતિ ઉભી ના થઇ હોત, તારી આ એક ભૂલ અને તે તારી આખી જિંદગી બરબાદ કરી નાખી એનું તને ભાન છે?' શાંતાબેનને વિધાની આ ભૂલને કારણે જે માઠાં પરિણામો ભોગવવાના આવશે એની ચિંતા હતી અને એ ચિંતા અંતે હવે વિધા ઉપરના ગુસ્સા રૂપે બહાર આવી જ ગઈ.

'બા નથી રહી મારી માં કે નથી રહ્યો મારો બાપ અને જેણે મને આશરો આપ્યો છે એને પણ મારી સાથે બાપને બદલે બનેવીના સંબંધ રાખવા છે. જેણે મને આ અણધારી તકલીફ આપી છે એતો ગોત્યોય જડતો નથી.' આવું કહીને વિધા ઉઠીને ધ્રુસકે ધ્રુસકે રડતી રસોડામાં ચાલી ગઈ, શાંતાબેનને પણ પસ્તાવો થયો કે એણે પણ જરૂર કરતા વધારે કડવી વાત વિધાને કહી દીધી.

'વિધા, સાંભળ બેટા.' કહીને શાંતાબેન પણ એની પાછળ ઉતાવળે દોડીને રડતી વિધાને મનાવવાં રસોડામાં દોડ્યા.

'હું તમને બંનેને આજે જે વાત કરવા જઈ રહ્યો છું એવી વાતો સનાતન ધર્મના બ્રહ્મચારી સંન્યાસીથી કોઈ રીતે ના થાય પણ દ્વારકાધીશે સંજોગો એવા ઉભા કરી દીધા છે કે જો હું અત્યારે આ અણધાર્યા સંજોગોના નિરાકરણ માટે પ્રયત્નો નહિ કરું તો વિધાને ભવિષ્યમાં મોટો સંઘર્ષ કરવો પડશે.' પંડિતજીએ પોતાની વાત શરુ કરતા પહેલાં પોતાની સંન્યાસીની ફરજ કરતાં માનવતાની ફરજ પહેલા છે એ વાતની પ્રતીતિ શાંતાબેન અને વિધાને કરાવી દીધી જેથી કરીને પુરી વાત કરવામાં કોઈ સંકોચ ના રહે.

'પંડિતજી આ કપરા સંજોગોમાં અમારા બેય પાસે આપના સિવાય કોઈ સહારો નથી, વિધાની સાથે હું પણ એમ માનું છું કે અમને તમારા સ્વરૂપમાં ભગવાન દ્વારકાધીશ પોતે જ મળ્યા છે.' શાંતાબેને પંડિતજી ઉપર પોતાને પૂરો ભરોસો છે એ વાત ખુલ્લા મને કરી.

'હું તો એક પામર મનુષ્ય છું અને સંસારના કર્તાહર્તાએ આ જીવન આપ્યું છે તો એનો સદુપયોગ કેમ થાય એનો સતત પ્રયાસ કરું છું. હવે ધ્યાન આપીને સાંભળો આપણી પાસે મુખ્ય ત્રણ સમસ્યાઓ છે. એક કે અવતરણ કરનાર બાળકનું શું કરીશું ? બીજી એકે પ્રસુતિમાં આપણને મદદ કોણ કરશે? અને ત્રીજી એકે પ્રસુતિ કઈ જગ્યાએ કરીશું?'

'પંડિતજી મેં પણ આ બાબતે વિચારી રાખ્યું છે. બાળકને તો હું જ દત્તક લઇ લઈશ, પ્રસુતિ વખતે શહેરમાંથી સુયાણીને બોલાવી લેશુ અને જગ્યા માટે મારૂ ઘર તો છે જ અને પૂજારીજી પણ અત્યારે હાજર નથી.' શાંતાબાએ હોંશે હોંશે પંડિતજીના પ્રશ્નોનું નિરાકરણ બતાવી દીધું.

'ના શાંતાબેન તમારી ત્રણેય ધારણા ખોટી છે. તમે બાળકની દતક વિધિ વખતે એની જન્મ દાતા માં તરીકે વિધાનું નામ લેશો? અને તમે દત્તક લેવા વિષે પૂજારીજીને પૂછ્યું છે? બાળક વિધાનું હશે એ સાંભળી એનો પ્રતિભાવ શું હશે? અને છેલ્લે હજુ તો તમે યુવાન છો તમને ભવિષ્યમાં ઉપરવાળાની કૃપાથી સંતાન થશે તો? આ બધા પ્રશ્નોના જવાબો મેળવવાને બદલે મારા ઉપર ભરોસો રાખો અને નિશ્ચિંત થઇને હું સૂચના આપું એમ એનો અમલ કરો, સૌ સારા વાના થઇ જશે.' પંડિતજીના તર્ક અને દીર્ઘદ્રષ્ટિથી વિધાએ મનોમન વંદન કરી લીધા.

'એતો બરાબર પણ પ્રસુતિ વખતે આપણને મદદ કોણ કરશે?' શાંતાબેને પહેલી સમસ્યાનું નિરાકરણ થઇ ગયું એટલે બીજી સમસ્યા આતુરતાથી પૂછ્યું.

'આ મોટામાં મોટી સમસ્યા છે, તમે જેમ કહ્યું હતું ને કે ગામને મોઢે ગરણાં ના બંધાય?' પંડિતજીએ શાંતાબેનને સામે સવાલ કર્યો.

'હા એ વાત તો છે પણ તમે વાતનો ફોડ પાડો તો ખબર પડે.' શાંતાબેનને પંડિતજીની વાત ના સમજાણી એટલે પૂછ્યું.

'બહારથી કોઈ સુયાણીને મદદ માટે બોલાવશો તો આજે નહિ તો કાલે પણ વાત બહાર પડ્યા વગર નહિ રહે અને એવું જો કમનસીબે થાય તો વિધાનું તો ઠીક પણ આવનારા બાળકનું ભવિષ્ય પણ અંધકારમય બની જાશે. મહાભારતના કર્ણનું પાત્ર યાદ છે ને? શૂરવીરોનો શૂરવીર હોવા છતાં કોઈએ ક્ષત્રિય તરીકે એનો સ્વીકાર ના કર્યો.' પંડિતજીએ પોતાનો તર્ક રાખ્યો.

'પંડિતજી તો પછી કરવું શું?'

'તમારે માનસિક રીતે તૈયારી કરી લેવાની કે પ્રસુતિતો તમારે એકલાયે જ કરાવવાની રહેશે, હા પ્રસુતિ દરમ્યાન જો વિધાનો કે બાળકનો જીવ જોખમમાં છે એવું લાગશે તો ત્યારની વાત ત્યારે વિચારશું.' પંડિતજી બોલ્યા અને એના અવાજમાં પુરી ગંભીરતા હતી. 'પંડિતજી હું માનસિક રીતે તૈયાર છું અને મારી પાસે મારી સગી માંથી પણ વિશેષ શાંતાબા હશે અને મને દ્વારકાધીશ ઉપર પૂરો ભરોસો છે, જેણે આ કપરાં સંજોગો આપ્યા એ એમાંથી બહાર આવવાની શક્તિ પણ આપશે જ.' વિધા ઢાળેલી આંખોએ હાથ જોડીને બોલી. વિધાની આવી આત્મવિશ્વાષથી ભરેલી વાતથી ગંભીરતાથી વાત કરી રહેલા પંડિતજીના ચહેરા ઉપર પણ આછું સ્મિત આવી ગયું.

'દ્વારકાધીશ ઉપર આટલો ભરોસો હોય તો પછી કોઈ વિઘ્ન ના આવે, હવે છેલ્લી વાત રહી પ્રસુતિની જગ્યાની, એ તમારા ઘરે તો નહિ જ હોય અને એની વ્યવસ્થા થઇ જશે.' પંડિતજીએ પ્રસુતિની જગ્યા બાબતે પણ ભરોસો આપ્યો.

'હવે એક છેલ્લી ખુબ જ અગત્યની વાત, હવે સમય જતા શરીરમાં ફેરફાર થશે એટલે બહુ બહાર નહિ નીકળવાનું, વસ્ત્રો અને રીતભાતમાં ફેરફાર કરવો પડે તો સમયાંતરે ધીરે ધીરે કરવાનો અને કોઈ ખબર અંતર પૂછે તો બહાનું આપી દેવાનું કે મહાભારતનું પઠન ચાલે છે.' પંડિતજીએ લગભગ દરેક બાબતને વિચારીને રાખી હતી.

'હા આપ કહેશો એ પ્રમાણે જ કરીશું.' શાંતાબેને ભરોસો આપ્યો.

'અને એક ખાસ વાત, મને પુજારીજીના સ્વભાવની સારી રીતે ખબર છે, એના કોઈ મળતિયા પૂજારીને મંદિરના પ્રાંગણમાં થતી હિલચાલ ઉપર નજર રાખવા વાત કરી જ હશે એટલે અત્યારે નક્કી થયું એ બાબતોથી વિચલિત થતાં પહેલા એ ધારણા રાખવાની જ કે પુજારીજીની હાજરી મંદિરના પ્રાંગણમાં રૂબરૂ છે જ.'

પ્રયાગરાજની મહાકુંભની બેઠકમાં પોતાના બાળપણના મિત્ર જટ્ટાશંકરને જોતાજ પૂજારી પ્રેમશંકર હરખાઈ ગયો. એક અખાડામાં બ્રહ્મભોજન દરમ્યાન બંનેની અચાનક મુલાકાત થઇ ગઈ. જટ્ટાશંકરને જોઈને પ્રેમશંકરને પ્રથમ દ્રષ્ટિએ તો માન્યામાં જ ના આવ્યું કે રંગીન મિજાજવાળો એનો નાનપણનો ગોઠિયો જટ્ટાશંકર જે પોતાના શિષ્યો પાસેથી પંડિતનું બિરુદ લઇને હવે પંડિત જટ્ટાશંકર બની ગયો છે.

'પંડિતજી તમે અહીંયા મહાકુંભની બેઠકમાં? મારી જાણકારી મુજબ તમે તો કોઈ મઠ કે પીઠ સાથે સંકળાયેલા નથી પછી તમને આમંત્રણ?' પ્રેમશંકરે આશ્ચર્યચકિત થઇને જટ્ટાશંકરને પૂછ્યું.

સખા ભક્તિનો પ્રચાર કરતા પોતે સ્થાપેલા સંપ્રદાયના બની બેઠેલાં મુખિયા જટ્ટાશંકરે મોંઘાદાટ અને સુઘડ વસ્ત્રો પરિધાન કરેલા હતા. પંડિતના સફેદ રેશમના વસ્ત્રોની કોર ઉપર સોનાના તારથી ભરતકામ કરેલું હતું. પ્રેમશંકરને ખ્યાલ આવી ગયો કે આ મોંઘા વસ્ત્રો પંડિતના આંધળા ભક્તોએ મહેનતથી સોનાના દોરાનું ભરતકામ કરી પછી જટ્ટાશંકરના આશીર્વાદ લેવા માટે અર્પણ કર્યા હશે. જટ્ટાશંકરના સ્નાયુબદ્ધ શરીર ઉપર લાંબી કાળી દાઢી, ગોળમટોળ અને રતુંબળો ચહેરો એકદમ બંધબેસતો હતો. આંખોમાં આંજેલો સુરમો અને મોટા હોઠ ઉપર લગાડેલી લાલીથી જટ્ટાશંકર સ્ત્રીઓ માટે સાક્ષાત કામદેવના અવતાર જેવો દેદીપ્યમાન લાગતો હતો.

'પુજારીજી, મારો તો પોતાનો સંપ્રદાય છે અને મારે એટલા બધા ભક્તો છે કે મને આ

મહાકુંભની બેઠકમાં આમંત્રણ આપ્યા વગર તો અંગ્રેજોનું કામ કેવી રીતે બને? મારા વિશાળ ભક્તગણને નારાજ કરવાનું કોઈ સાહસ જ ના કરી શકે.' જટ્ટાશંકરે ગર્વ અને અભિમાનથી છાતી ફુલાવતા જવાબ આપ્યો.

'પંડિતજી મારે તો આ બેઠક માટે અહીંયા એક પખવાડિયાનું રોકાણ હતું પણ હવા એવી છે કે ઠેર ઠેર વિપ્લવની ઘટનાઓને કારણે હજારો વર્ષની જૂની પરંપરાવાળો મહાકુંભ યોજવાની પરવાનગી અંગ્રેજ સરકાર તરફથી કદાચ નહિ મળે. સનાતન ધર્મના ઇતિહાસમાં આવું કદાચ પહેલીવાર બનશે. તમારી યાત્રા પ્રયાગરાજ સુધી જ છે કે પછી અહીંથી ક્યાંય આગળ પ્રસ્થાન કરવાનું છે?' પ્રેમશંકરે કુતુહલવશ પૂછ્યું.

'મારી યાત્રા તો અહીં સુધી જ હતી પણ કોઈ રંગીન જગ્યાએ આપ સિધાવવાના હોય તો મારી પાસે સમયનો ક્યાં તોટો છે? મહાકુંભની વ્યવસ્થાનું જે થવું હશે તે થશે, કહેવત છે ને કે વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.' ખંધુ હસતો જટ્ટાશંકર બોલ્યો.

'તો પછી આવો મારી સાથે દક્ષિણ ભારતના ભ્રમણે, હું તમને આખી વાત રસ્તામાં વિગતવાર કહીશ.' પ્રેમશંકરે દાણો દબાવ્યો.

'હું તો એવું કહું કે, ભજન, ભોજન અને ભોગ આ ત્રણેય ઉપર બ્રાહ્મણોનો હક્ક છે. પહેલા બે તો ઠીક પણ આમાંથી ભોગ વિષેની વાત હશે તો મને જરૂરથી ગમશે.' કહીતો જટ્ટાશંકર હસ્યો.

'તો પછી મહાકુંભની આ બેઠક પુરી થાય પછીના દિવસે પ્રયાણ કરીયે.' પ્રેમશંકરને એના જેવો જ લંપટ સાથી મળી જતા ખુશ થઇ ગયો.

પંડિત શાંતિભૂષણ પાસે હવે સમયનો અભાવ હતો, સમાચાર આવી ગયા હતા કે સનાતન ધર્મના ઇતિહાસમાં પહેલી વખત પુરા 144 વર્ષ પછી આવી રહેલા મહાકુંભના આયોજનને અંગ્રેજ સરકાર દ્વારા સલામતીના કારણોના બહાના હેઠળ મંજૂરી આપવામાં આવી ના હતી. મહાકુંભનું આયોજન ના મંજુર થતા જ પૂજારી પ્રેમશંકર કોઈ પણ સમયે ટપકી પડે એવી પુરી શક્યતાઓ હતી. પંડિતજીએ નાનપણના મિત્ર જયશંકરને દ્વારકા બોલાવવાનું નક્કી કરીને તાબડતોબ પોતાની જન્મભૂમિ હળવદ પત્ર મોકલાવ્યો.

અંધારિયા પખવાડિયાની અગિયારસ હતી એટલે પંડિતજીને ઉપવાસ હતો, પ્રાતઃકર્મ પૂરું કરીને પરવારે ત્યાં જ એક શિષ્ય દોડતો આવ્યો અને સમાચાર આપ્યા કે હળવદથી કોઈ જયશંકર આવ્યા છે અને મુલાકાત માટે પરવાનગી માંગે છે. પંડિતજીએ મહેમાનોને તુરંત બોલાવી લાવવાની સૂચના આપી.

'જય દ્વારકાધીશ.' કહીને પંડિતજીના બાળપણના મિત્ર જયશંકરે સંસારીએ હંમેશ સંન્યાસીનો આદર કરવો એવા સંસ્કારને કારણે પ્રણામ કરીને પંડિતજીની સામે આસન ગ્રહણ કર્યું.

'ઘરે બધા મજામાં?' પંડિતજીએ પૂછ્યું.

'હા, ઘરેથી જય દ્વારકાધીશ કહેવડાવ્યું છે.' જયશંકરે જવાબ આપ્યો.

'પિતાજીએ તમને મુલાકાતનો હેતુ બતાવ્યો છે?' પંડિતજીએ પોતાના લંગોટિયા મિત્રને સંબોધવામાં માનવાચક શબ્દ પ્રયોગ કર્યો.

'મારા જેવા લંગોટિયા મિત્ર માટે પણ માનવાચક શબ્દ પ્રયોગ?' જયશંકરને નવાઈ લગતા પૂછ્યું.

‘એ ભૂતકાળ હતો અને આ વર્તમાન છે.’ પંડિતજી ગંભીરતાથી બોલ્યા.

‘હા પણ તમે મને ખરા સમયે મદદ ના કરી હોત તો અમે બંને જીવતા હોત કે નહિ એ પણ આપને ખબર છે.’ જયશંકર પંડિત શાંતિભૂષણના ભૂતકાળમાં ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૫

પંડિત શાંતિભૂષણ



ઝાલાવાડનું પાટનગર હળવદ શહેર અને એના બળુકા હળવદીયા બ્રાહ્મણો જે વિશ્વપ્રસિદ્ધ હળવદીયા લાડવા ખાવામાં અને જરૂર પડ્યે લડવામાં પણ પ્રખ્યાત. હળવદ શહેરની બહાર બહાદુર લડવૈયાઓની ચારસોથી વધારે ખાંભીઓ કાંઈ એમએ એમ નો'તી. આવા અનોખા હળવદ શહેરના હળવદીયા બ્રાહ્મણોને જયારે કોઈ યજમાન બ્રહ્મભોજનમાં આમંત્રણ આપે પછી શું ખામી રહે. જ્યારે પણ બ્રહ્મભોજન કરવાનું હોય ત્યારે હળવદીયા લાડુ અને એની સાથે ખાવા માટે સ્વાદિષ્ટ દાળ પણ બ્રહ્મદેવો જાતે જ પોતાની સદીઓ જૂની પરંપરાગત પદ્ધતિથી જ બનાવે. લાડુ માટે ચૂરમું બનાવવાની પણ અનોખી રીત, તસતસતું ગાયના ઘીનું મોણ નાખીને બરાબર કણસેલો લાડવાનો લોટ ત્રાંસાની થાળીઓમાં થાબડીને પછી એનો ફરમો હળવા હાથે બહાર કાઢીને દરેક ફરમાને બબ્બે છાણાંના ટેકે અને છાણાંથી જ સળગતા ધખધકતા ભઠ્ઠાની સામે સેકવા માટે રાખવામા આવે. જયારે બધા જ લોટના ફરમા બરાબર શેકાઈ જાય એટલે સફેદ પંચિયામાં મોટા ટુકડાઓને મૂકી પછી પંચિયાના બંને છેડાઓને બે ભૂદેવો પોતાની કેડે બાંધે. લાકડાની મોગરીથી સેકાઈ ગયેલા ટુકડાઓને ભાંગીને જીણો ભુક્કો કરી જે ચૂરમું બનાવાવમાં આવે એમાં બરાબરનો દેશી ગોળ ભેળવી પછી એમાં ગાયના ઘીનું મોણ નાખીને સ્વાદિષ્ટ હળવદીયા લાડુ તૈયાર કરવામાં આવે.

નવા સવા અને શીખાવ રસોઈયાથી ક્યારેક ભૂલથી નાના લાડવાઓ બની જાય તો, 'શું આવા બાળા ગોળી જેવડા લાડવા બનાવ્યા છે કહીને લાડવા બનાવવાવાળાઓની મજાક ઉડાડવાનું પણ બ્રહ્મદેવો ચૂકે નહીં.' ક્યારેક અડધી પંગતે ચડસા ચડસી કે હરીફાઈ પણ થઈ જાય અને આવી હરિફાઇમાં લાડવા અધવચ્ચેથી ખૂટી પડ્યાના દાખલાઓ તો ઘણાં પ્રસંગોમાં બની ગયેલા. આવા બનાવોની સંખ્યા વધી જતા દરેક બ્રહ્મભોજનમાં હરિફાઇ થવાની જ છે એમ ધારીને જરૂર કરતાં વધારે લાડવા બનાવવાની જાણે કે એક પ્રણાલિકા થઇ ગઈ હતી.

આવા જ એક બ્રહ્મભોજનની તૈયારીઓ ચાલી રહી હતી, હળવદીયા બ્રાહ્મણો ખાઈ ખાઈને કેટલું ખાય એની ચર્ચા બહારગામથી આવેલા એક ભૂદેવ કરી રહ્યા હતા અને આ વાતો દરમ્યાન જ શંભુ સાહેબ રસોડામાં દાખલ થયા.

'તમે અમારા જે સામેથી આવી રહ્યા છે એ શંભુ સાહેબ ખાય એનાથી અડધા લાડુ પણ ના ખાઈ શકો બોલો.' કેડે પંચિયું બાંધીને મોગરીથી ચુરમુ બનાવી રહેલો એક બ્રાહ્મણ યુવાન શંભુ સાહેબને આવતા જોઈને બોલ્યો.

'બસ સામેથી આવે એ સાહેબથી અડધા જ? મને શરત અત્યારે જ મંજૂર છે.' ખાટલે બેસીને રસોઈની તૈયારી જોઇ રહેલા બહારગામથી આવેલ એક ભૂદેવ બોલ્યા જે શંભુ સાહેબને ઓળખતા ના હતા. ટટ્ટાર થઈને ચાલતાં એકવડા બાંધાવાળા શંભુ સાહેબને જોઈને ભૂદેવે વિચાર્યું કે આવા સોટી જેવા બાંધાવાળા શંભુ સાહેબ ખાઈ ખાઈને કેટલા લાડુ ખાઈ શકે?

અને આતો એનાથી અડધા જ લાડવા ખાવાની શરત છે એટલે એ તુરંત જ વધુ વિચાર્યા વગર તૈયાર થઈ ગયા.

સાહેબને પૂછ્યા વિના શરત તો થઈ ગઈ હવે પોતાની કડકાઈ માટે આખા શહેરમાં જાણીતા શંભુ સાહેબને કહે કોણ કે તમને પૂછ્યા વગર તમારા નામે લાડવા ખાવાની શરત થઈ ગઈ છે. શરતની વાતો દરમ્યાન ત્રાંબાની કોતરકામ કરેલી મૂઠવાળી લાકડી લઈને ચાલતા શંભુ સાહેબ આવીને મહેમાનો અને વડીલો માટે રાખેલા ઢોલીએ બેસી ગયા. પૂછ્યા ગાછીયા વગર શરત કરવાવાળો યુવાન શંભુ સાહેબ પાસે આવીને પગે લાગ્યો.

'સુખી રહો.' શંભુ સાહેબે હાથ ઊંચો કરીને આશીર્વાદ આપ્યા.

'સાહેબ એક ભૂલ થઈ ગઈ છે.' યુવાનને સમજાણુ નહીં કે વાતની શરૂઆત કેવી રીતે કરવી.

'ભૂલ?' શંભુ સાહેબે આશ્ચર્યથી પૂછ્યું.

'તમારી આજ્ઞા વગર લાડવાની શરત થઇ ગઈ છે.' યુવાન આંખો ઢાળીને બોલ્યો.

'મારી સાથે? મને ઓળખતો હોવા છતાં કોણે શરત રાખી.' હળવદ ગામમાં તો કોઈ શંભુ સાહેબ સાથે આવી શરત નો રાખે એ શંભુ સાહેબને સારી રીતે જાણ હતી.

'તમને ઓળખતા નથી અને એટલેજ અડધા-આખાની શરત રાખી છે?'

'મહેમાન છે?' સાહેબે પૂછ્યું.

'હા, પોરબંદરના છે.' યુવાને જવાબ આપ્યો.

'તો તો હળવદ અને હળવદીયા બ્રાહ્મણોની આબરૂ રાખવા શરત મંજૂર રાખવીજ પડે.' કહીને શંભુ સાહેબ હસી પડ્યા.

શંભુ સાહેબની લાડવાની શરત માટેની હા પછી તો લાડવા બનાવવા વાળા અને ખાવા વાળા રસિયાઓમાં હા હો થઇ ગઈ. બે બાજોઠ સામ સામે ઢળાણાં, મોટો ત્રાંસ ભરીને લાડુ આવી ગયા, કાંસાની મોટી થાઈળીઓમાં સળી રાખોતો ઉભી રહી જાય એવી ઘાંટી દાળ અને સેકેલા મરચાંની થાળી પણ આવી ગઈ. બધી તૈયારી પુરી થતાં જ હરીફાઈ શરુ થઇ. પોરબંદરના ભુદેવે દશ લાડુ સુધી તો મચક નો આપી પણ બારમાં લાડુ પછી મોઢુ ભાંગી ગયું અને બારમાં લાડુ ઉપર એક કોળીઓ લેવો એના માટે ભારે થઇ પડ્યો. શંભુ સાહેબ માટે તો પચીસ લાડવા પછી જ સાચો ખેલ શરુ થતો હતો, પોરબંદરના મહેમાન જોતા રહી ગયા અને જોત જોતામાં શંભુ સાહેબ પુરા એકાવન લાડવા ઓહિયાં કરી ગયા અને હળવદ તથા હળવદીયા બ્રાહ્મણની આબરૂ ઉપર ચાર ચાંદ લગાવી દીધા.

એકવડા બાંધાના અને કડક ચાલવાળા શંભુ સાહેબ જન્મે બ્રાહ્મણ પણ સ્વભાવ, સાહસ અને શૂરવીરતા એક ક્ષત્રિયને છાજે એવી. બાજુના ગામમાં શિક્ષકની નોકરી કરતા શંભુ સાહેબ ઘોડેસ્વારી કરીને પોતાની સાથે લાંબા નાળચાં વાળી મસ્કેટ બંદૂક લઇને નોકરી કરવા જતા. એક બે વખત નિર્જન સીમમાં વાગડના કોળીઓએ એક ભામણ શું કરી લેશે એમ માની ડરાવી ધમકાવીને શંભુ સાહેબની બંદૂક લૂંટવાનો પ્રયત્ન કરેલો પણ શંભુસાહેબની નિડરતાથી આખી ટોળીને ભગાડી મુકેલ.

જે જમાનામાં બહારવટિયાઓ પણ તલવારો લઇને બહારવટું ખેડતાં એ જમાનામાં હળવદ શહેરમાં સામાન્ય શિક્ષક એવા શંભુ સાહેબ પાસે બંદૂક ક્યાંથી આવી? એની પાછળ એક અનોખો ઇતિહાસ હતો.

વાંકાનેર રાજ્યની અડાબીડ વીડીમાં આજુબાજુના રાજવાળાના રાજા સાહેબો અને કુંવરો નાના મોટા પ્રાણીઓના શોખથી કે શૂરવીરતા સાબિત કરવા માટે શિકાર કરવા આવતા, આ વીડીમાં દીપડાનો શિકાર કરવો એ રજવાડાઓ માટે બહુ રોમાંચિત રહેતું. દીપડાનો પીછો કરવામાં ઘોડાઓ ચાલે નહિ એટલે ખાસ શિકાર માટે તાલીમ આપેલા ચપળ અને યુવાન હાથીઓનો ઉપયોગ કરવામાં આવતો. હાથી દીપડાનો શિકાર કરવા માટે ઘોડાની જેમ દોડી તો નો શકે પણ એની ઊંચાઇને કારણે એની ઉપર બેસીને બંદૂકથી નિશાન સાધી શકાય એ કારણે હાથીઓની પસંદગી પહેલી રહેતી. શિકારીને જરૂર પડે તો મદદ કરવા માટે શિકારીના હાથીની આજુબાજુ ચુનંદા ઘોડેસ્વારો રહેતા અને દીપડાને હાકોટા પડકાર કરીને બંદૂકની રેન્જમાં લાવવા માટે થાળીઓ અને નગારાંની ગામે ગામથી આવેલી ટોળીઓ પણ સાથે રહેતી.

વીડીમાં એક વાર દીપડાના સગડ મળે એટલે એને લોકોનું ટોળુ ઘેરીલે અને થાળીઓ અને નગારાંઓના અવાજથી હાથીની નજીક ઘાસફૂસવાળા મેદાનમાં લઇ આવે. મેદાનમાં દીપડાને ઝાડની ડાળ ઉપર ચડીને હુમલો કરવાનો મોકો ના મળે અને જેવો દીપડો બંદૂકથી શૂટ કરવાની રેન્જમાં આવે એટલે હાથી ઉપર બંદૂક ભરીને તૈયાર બેઠેલા શિકારીને પોતાની બહાદુરી સાબિત કરવાનો પૂરો મોકો મળે.

એક વખત ધ્રાંગધ્રા રજવાડાના મહારાજશ્રી અમરસિંહજી બીજા આવી જ રીતે દીપડાનો શિકાર કરવા પોતાનો રસાલો લઇને નીકળ્યા હતા. ઘણી રઝળપાટ પછી છેક લુણસરના પાધરની આજુબાજુ એક દીપડાનું પગેરું મળ્યું. દીપડાઓ પણ હવે ચતુર થઇ ગયા હતા ગામડાઓની આજુબાજુ છુપાઇને બેસે પછી એકાદ ઢોર ઢાંખર પોતાના ટોળાથી છૂટું પડી જાય એટલે એનો શિકાર કરીને વીડીની અંદર ઉઠાવી જતા.એક દીપડો પાધરમાં આવ્યો છે એવી વાત ફેલાતા ખેડૂતો અને માલધારીઓએ પોતપોતાના ઢોર ઢાંખરને સલામત જગ્યાએ પહોંચાડી દીધા અને જેને સગડ મળ્યા એ લોકો પણ ખડકીઓ વાંસીને પોતપોતાના ઘરમાં ભરાઈ ગયા. ગામના પાધરમાં નાનો શંભુ પોતાના મિત્રો સાથે આંબલી પીપળી રમતો હતો, દીપડો આવે છે એવી બૂમ પડતા જ શંભુના મિત્રો ડરના માર્યા ઘરભેગા થઇ ગયા પણ નીડર શંભુ કુતુહલવશ દીપડાનો શિકાર કેવી રીતે થાય એ જોવા શંભુ લીંબાડાના ઊંચા ઝાડ ઉપર છુપાઈ ગયો

શંભુએ ક્યારેય ધારી કે વિચારી ના હોય એ ક્ષણ આવીને ઉભી રહી, ઢોલ નગારાંના અવાજથી ઘેરાઈને ડરી ગયેલો દીપડો શંભુ જે ઝાડ ઉપર છુપાઈને બેઠો હતો એ જ ઝાડ ઉપર ચડીને પોતાને બચાવવાની કોશિશમાં હતો ત્યાં જ પાછળની ઝાડીમાંથી રાજ સાહેબનો હાથી અને સાથે ઘોડેસ્વારો નીકળ્યા. ઝાડ ઉપર ચડી બચવાની કોશિશ કરી રહેલો દીપડો બંદૂકના બરાબરના નિશાન ઉપર હતો અને હાથી ઉપર બેઠલા રાજ સાહેબે નિશાન તાકીને બંદૂકનો ઘોડો દબાવ્યો અને 'ધડામ.....' કરતો અવાજ થયો પણ બદનસીબે રાજ સાહેબ નિશાન ચુકી ગયા.

બંદૂકના અવાજથી ઝાડના થડ ઉપર અડધે ચડી ગયેલો દીપડો ગભરાઈ ગયો અને નીચે પડ્યો. નીચે પડેલો દીપડો બધી બાજુથી ઘેરાઈ ગયો હોવાથી ભાગવાને બદલે મરણિયો થયો અને હાથી ઉપર અણધાર્યો હુમલો કર્યો. અચાનક અને અણધાર્યા હુમલાથી હાથીના મહાવતનું સંતુલન બગાડ્યું અને નીચે પડવાથી બચવા માટે હાથીની અંબાડીનો એક પાયો પકડ્યો અને આખી અંબાડી એક બાજુ નમી ગઈ. આ દરમ્યાન એક હાથે બંદૂક પકડી અને બીજા હાથેથી દારૂ ખાંડી રહેલા રાજ સાહેબનું સંતુલન પણ બગાડ્યું. મહાવત અંબાડીયે લટકતો રહ્યો પણ રાજ સાહેબ બંદૂક સાથે નીચે પડ્યા. હાથીની આજુ બાજુ રાખેલા ઘોડેસ્વારના ઘોડાઓ બંદૂકનો અવાજ, દીપડાનો અચાનક હુમલો અને રાજ સાહેબના નીચે પડી જવાને કારણે મચેલી ધમાચકડીમાં ભડકી ઘોડેસ્વારોની કાબુ બહાર થઇ ઝાડીઓની અંદર ભાગ્યા.

રાજ સાહેબના નીચે પડવાથી જે અવાજ આવ્યો એનાથી ડરી ગયેલો દીપડો પહેલા થોડો પાછળ હટ્યો પણ તુરંત રાજ સાહેબ ઉપર હુમલો કરવા સતર્ક થઇ ગયો. અડધી ખાંડેલી બંદૂકમાં હજુ જામગરી ભરવાની બાકી હતી અને એના માટે રાજ સાહેબને આંખના પલકારા જેટલા સમયની જરૂરિયાત હતી પણ જામગરી ભરતાં પહેલા દીપડો જો હુમલો કરી દે તો રાજ સાહેબની જાન પુરેપુરી જોખમમાં હતી.

હાથીની અંબાડી ઉપર લટકી રહેલા મહાવતે દીપડાનું ધ્યાન એની તરફ દોરવા માટે હાકોટા અને પડકારા શરુ કર્યા પણ દીપડાનું પૂરેપૂરું ધ્યાનતો બંદૂક ભરી રહેલા રાજ સાહેબ ઉપર હુમલો કરવાનું હતું. ઝાડ ઉપર ડાળીએ બેઠેલો શંભુ આ બધો ખેલ જોઈ રહ્યો હતો. એણે મહાવતની હરકતોથી એટલું સમજાયુ કે એ દીપડાને જો એ થોડીવાર માટે પણ બે ધ્યાન કરી શકે તો રાજ સાહેબનું બંદૂક ભરવાનું કામ થઇ જાય. શંભુએ લીંબડાની ડાળિયો તોડી તોડીને દીપડાને ઉપરથી મારવાની શરુ કરી. ઉપરથી પડી રહેલી ડાળીઓ સાથે શંભુની બુમાબુમે દીપડાને બેધ્યાન કર્યો. દીપડાનું ધ્યાન રાજ સાહેબને બદલે ઉપરથી ડાળીઓ ફેંકી રહેલા શંભુ ઉપર આવ્યુ. બે ધ્યાન થયેલા દીપડાને કારણે રાજ સાહેબને એક જામગરી ભરવા જે સમયની જરૂર હતી એ સમય મળી ગયો. જામગરી ભરાઈ ગઈ અને બંદૂકનો ઘોડો ચડાવ્યો, 'ધડામ.....' અને દીપડો ગોળી ખાઈ નિષ્પ્રાણ થઇને જમીન ઉપર પડ્યો. રાજ સાહેબનો જીવ પુરે પૂરો જોખમમાં હતો, એ જોઈ રહેલા બધાના અધ્ધર થઇ ગયેલા શ્વાસ હેઠા બેઠા અને આનંદની ચિચિયારીઓ થઇ પડી.

શંભુ નીચે ઉતર્યો અને રાજ સાહેબને પગે લાગ્યો. રાજ સાહેબે શંભુના પિતાજીને બોલાવી શંભુની બહાદુરીના ખુબ જ વખાણ કર્યા અને એ જયારે મોટો થાય ત્યારે એક પાણીદાર ઘોડો અને એક બંદૂક મુનીમજી પાસેથી નામ લખાવીને બહાદુરીના શિરપાવ તરીકે દરબારગઢથી લઇ જવાની સૂચના આપી. રસાલામાં સાથે આવેલા અંગ્રેજ ફોટોગ્રાફરની પાસે મરેલા દીપડાની બાજુમાં ઉભા રહીને ફોટા પડાવી દીપડાને ઉઠાવી પૂરો રસાલો ધ્રાંગધ્રા જવા રવાના થયો.

મોટા થયા એટલે આખા ઝાલાવાડ સ્ટેટમાં શંભુ સાહેબ એક જ એવા બ્રાહ્મણ શિક્ષક હતા જેની પાસે લાંબા નાળચાવાળી મસ્કેટ બંદૂક હતી અને એ પણ બહાદુરીના ઇનામ રૂપે ખુદ ધ્રાંગધ્રાના મહારાજશ્રી રાજ સાહેબ પાસેથી મળેલી. આમ તો આ બંદૂક શંભુ સાહેબ અડાબીડ વીડીઓમાં થઇને બાજુના ગામડાઓમાં બાળકોને ભણાવવાં જતા એટલે જંગલી પ્રાણીઓથી કે નાનામોટા ચોર લૂંટારાઓથી સુરક્ષા માટે ત્યારે સાથે લઇ જતા. જુના જમાનાની મસ્કેટ બંદૂક હતી એટલે સલામતી માટે એક રાઉન્ડ તો ભરેલો જ રાખવો પડતો.

'આલે આ મેડીએ ટીંગાડી આવ.' નોકરીએથી આવીને ઘોડે બેઠેલા શંભુ સાહેબે એના દીકરા શાંતિભૂષણને બંદૂક આપતા બોલ્યા.

'બાપુ મારે પણ બંદૂક ફોડતા શીખવું છે?' બંદૂકને હાથમાં લેતા બોલ્યો.

'હજુ તું દશ વર્ષનો છે, આને ખાંડીને ફોડતા સારા મર્દોના હાજા ગગડી જાય છે.' શંભુ સાહેબ દીકરાને સમજાવતા બોલ્યા.

'પણ બાપુ તમે પણ નાના હતા ત્યારે જ દીપડાને ડરાવી દીધો તો.' શાંતિભૂષણ પોતે પણ એના પિતા જેવો બહાદુર છે એ સાબિત કરવા માંગતો હતો.

'મેં કીધું ને?' શંભુ સાહેબનો કરડાકી ભર્યો અવાજ સાંભળીને શાંતિભૂષણ બંદૂક લઇને ચુપચાપ મેડીના પગથિયાં ચડવા લાગ્યો.

લગ્નની સીઝન આવી ગઈ હતી અને શાંતિભૂષણના ગામમાં ધ્રાંગધ્રાના રજવાડાના કોઈ નજીકના સગાની જાન ખાંડુ લઇને ફેરા ફરવા આવવાની હતી. હળવદમાં રહેતા દીકરીના માબાપે નક્કી કરેલું કે ધ્રાંગધ્રા સ્ટેટને અંગ્રેજ સરકાર તરફથી 13 તોપોને બદલે ખાંડાનું સામૈયુ કરતી વખતે આપણે 13 બંદૂકોની સલામી આપવી. યજમાનને ગામમાં શોધવાથી 12 બંદૂકો તો મળી ગઈ પણ એક નો તોટો પડ્યો. કોઈ એ ખૂટતી એક બંદૂક માટે શંભુ સાહેબની બંદૂક લેવી એવું સૂચન કર્યું. સામૈયામાં શંભુ સાહેબને પણ આમંત્રણ હતું એટલે યજમાને શંભુ સાહેબને એની બંદૂક માટે પૂછ્યું. સામૈયામાં ઢોલની ડાંડીઓ ઉપર ગોઠિયાઓ નાચી રહેલા શાંતિભૂષણને મેડી ઉપર રાખેલી બંદૂક કાળજીથી લઇ આવવા માટે કહ્યું. બાપુના કહેવાથી શાંતિભૂષણ અને એનો જીગરી મિત્ર રાઘવ બંને બંદૂક લેવા ઘરે આવ્યા.

શાંતિભૂષણ મેડી ઉપર ખીંટીએ દરરોજ બંદૂક લટકાવતો એટલે એના બાપુએ આ કામ એને સોંપેલું.

‘શાંતિ, તું તો કહેતો હતો કે તારા બાપુ તને બંદૂક ચલાવતા શીખવાડવાના છે.’ રાઘવે કુતુહલવશ પૂછ્યું.

‘બાપુ ના શીખવાડે તોય મને તો આવડી જ ગઈ છે, એ જયારે સાફ કરતા હોય ત્યારે મને દેખાડતા હોય કે બંદૂક કેવી રીતે ફોડાય.’ શાંતિભૂષણે રાઘવ પાસે ખોટી ડંફાસ મારી.

‘હવે રહેવા દેને, બંદૂક ચલાવવી એ કાંઈ નાની માંના ખેલ થોડા છે ? ખોટી ડંફાસો ના માર.’ રાઘવ એમ કાંઈ શાંતિભૂષણની ડંફાસ માનવા તૈયાર નોતો.

બંને વાતો કરતાં કરતાં ડેલીની ઉપર આવેલી મેડીના પગથિયા ચડતાં હતા.

‘તો જોઈ લેજે આજે બતાવું કે બંદૂકનો ઘોડો કેમ ચડે, ઘોડો ચડાવી દઉં તો તું માનીશને કે મને બંદૂક ફોડતા આવડે છે?’ શાંતિભૂષણે રાઘવ પાસે પોતાને બંદૂક ફોડતા આવડે છે એ સાબિત કરવા માટે શરત રાખી.

‘હા ઘોડો ચડાવી દે તો હું માનું.’ રાઘવે કહ્યું અને આમ વાતો કરતા કરતા બંદૂક લટકતી હતી એ ખીટીએ આવીને બંને ઉભા રહ્યા.

શાંતિભૂષણ હંમેશા બંદૂક લટકાવવા માટે ખૂણામાં રાખેલી એક ખાટલીનો ઉપયોગ કરતો, પણ આજે ડંફાસ મારવા એકલા હાથે વજનદાર બંદૂક ઉતારવાનું નક્કી કર્યું.

‘હું ખીંટીએથી ઉતારું એટલે તું પકડી લેજે.’ શાંતિભૂષણ બોલ્યો.

‘હોવે આવવા દે, તમ તમારે.’ રાઘવ માટે બંદૂકને આટલી નજીકથી જોવાનો અનુભવ એકદમ નવો જ હતો.

રાઘવ તૈયાર થઇને ઉભો રહ્યો અને શાંતિભૂષણે બંદૂકનું પાછળનું લાકડાનું બટ પકડીને ખીંટીએથી ઉતાર્યું. વજનદાર બંદૂક ખીંટીએથી ઉતારતાજ એનું નાળચું રાઘવના હાથમાં આવ્યું. રાઘાવે નાળચું પકડી રાખ્યું, બંદૂકના ઠંડાગાર નાળચું હાથમાં આવતાજ રાઘવના રુંવાડા ઉભા થઇ ગયા.

‘તું કેતો તો ને કે ઘોડો ચડાવ તો માનું?' શાંતિભૂષણે ડંફાસ મારી.

‘હા, હા ચડાવ તો જ માનું.’ રાઘવે બંદૂકનું લાબું નાળચું હજુ પકડી રાખેલું હતું.

શાંતિભૂષણે બંદૂકની અડઘી ચડાવેલી ચાકી પુરી ખોલી અને ચાકી ખોલવાની મહેનત કરવામાં ટ્રીગર દબાઈ ગઈ. એક મોટો અવાજ થયો, બંદૂકના ફૂટવાથી શાંતિભૂષણ અને રાઘવ બંને ફંગોળાઈને દૂર પડ્યા.

ઢોલ અને ત્રાંસાના અવાજ વચ્ચે પણ શંભુ સાહેબને પોતાની બંદૂક ફૂટી એનો અવાજ

આવ્યો, એના હાથમાંથી લાકડી પડી ગઈ, એની ચાલવાની કડકાઈ ગાયબ થઇ ગઈ, એ પોતાના ધોતિયાના બંને છેડાઓ પકડીને હાંફળાફાંફળા પોતાના ઘર તરફ દોડ્યા. જાનમાં નાચી રહેલા યજમાનના યુવાનોને અને ઢોલીઓને શંભુસાહેબની આવી વર્તણુક સમજાણી નહિ. ઢોલ વગાડવાવાળાઓ બે ચાર થાપ સુધી રોકાઈ ગયા પણ પછી બધા પાછા મોજ મસ્તીમાં નાચવા લાગ્યા.

ઉતાવળે મેડીના પગથિયાં ચડીને શંભુસાહેબે જે દ્રશ્ય જોયું એ જોઈને તે હતપ્રભ થઇ ગયા. શાંતિભૂષણ એના ખોળામાં લોહીથી લથપથ અને નિષ્પ્રાણ રાઘવના શરીરને પકડીને સુનમુન થઇને બેઠો હતો, એની આંખમાં આંસુનું એક ટીપું પણ નીકળ્યું નો'તુ.

રાઘવના આકસ્મિક મૃત્યુથી શાંતિભૂષણ હતપ્રભ થઇ ગયો હતો. બાર બાર દિવસ વીતી ગયા, રાઘવની પાણી ઢોળની વિધિ પણ પુરી થઇ ગઈ, બધા જ સગા વહાલાંઓની ખુબ કોશિશો છતાં પણ શાંતિભૂષણે હજુ શુદ્ધિ એક પણ શબ્દનું ઉચ્ચારણ કર્યું નથી. નથી એ કાંઈ બોલતો કે નથી એ રડતો, ખાવાનું મળે એ ખાઈને શહેરની બહાર તળાવે ચાલ્યો જાય અને આખો દિવસ પાગલની જેમ તળાવની પાળ ઉપરથી નાના મોટા કાંકરાઓ શોધીને પાણીમાં નાખી અને એમાંથી ઉત્પન્ન થતા વમળોને જોયે રાખવા એજ એનું રોજીંદુ કામ થઇ ગયું હતું. ક્યારેક ક્યારેક અચાનક રાઘવ સાથેની ખુશીની ક્ષણો યાદ આવતા મનોમન પાગલની જેમ હસી ઉઠતો હતો.

'આમ ને આમ કરશે તો એક દિવસ પૂરો પાગલ થઇ જશે.' કુટુંબના એક વડીલ શંભુ સાહેબને સમજાવી રહ્યા હતા.

'મેં એને નાનપણથી બંદૂકને કેમ સાચવવી અને ક્યારેય પણ ટ્રીગરને હાથ નહિ લગાડવાનો એ શીખવાડેલ છે જ.' શિસ્તના આગ્રહી શંભુ સાહેબ હજુ પણ શાંતિભૂષણને માફ કરવાની તરફેણમાં નો'તા.

'હવે એ દશ વરસના છોકરાને શું ખબર પડે, તારી કડકાઈ બધી જગ્યાએ ના ચાલે.' વડીલ બોલ્યા.

'એને એને કર્મોનું ફળ મળી રહ્યું છે, પોતે બહાદુર છે એ સાબિત કરવાના ચક્કરમાં એક માસુમની જાન લઇ લીધી.' શંભુ સાહેબ ખેદપૂર્વક બોલ્યા.

'વાત કાબુ બહાર જાય એ પહેલા કાંઈક વિચાર, એને માફ કરી દે, એ તારા ગુસ્સાથી ડરી ગયો છે, એને શોધ અને મનાવ.' વડીલે શંભુ સાહેબને કડક અવાજે સમજાવાની કોશિશ કરી.

'હું એને શોધીને મારી રીતે સમજાવીશ, તમે કોઈ વચ્ચે ના આવતા.' શંભુ સાહેબ ઉભા થયા અને લાકડી લઇને શાંતિભૂષણને શોધવા નીકળ્યા.

શાંતિભૂષણના ભવિષ્યની ચિંતા કરતા શંભુ સાહેબ પાગલની જેમ વર્તન કરતા શાંતિભૂષણને શહેરની બહાર આવેલા તળાવના કિનારે શોધવા નીકળ્યા. એ ગુસ્સામાં પણ હતાં અને દુઃખી પણ, શાંતિભૂષણની આવી દુર્દશા એનાથી જોઈ શકાતી નો'તી. એક બાજુ દીકરો બરબાદ થઇ રહ્યો હતો અને બીજી બાજુ એની માં પણ રડી રડીને અધમૂઈ થઇ ગઈ હતી.

સમજાવટને બદલે કઠોર સજા એજ ઉપાય છે એમ માનીને શંભુ સાહેબ તળાવની પાળે શાંતિભૂષણને શોધવા ગયા અને લાકડીના ટેકે શાંતિથી ઊભા રહીને શાંતિભૂષણની હરકતોનું નિરક્ષણ કરવા લાગ્યા. શાંતિભૂષણ તો એની હરકતોમાં વ્યસ્ત હતો એને બાપુની હાજરીનો

કોઈ અહેસાસ ના હતો એતો બસ આજુબાજુથી નાના કાંકરા વીણીવીણીને તળાવના પાણીમાં નાખી રહયો હતો અને કાંકરા નાખવાથી ઉત્પન થતાં વમળોને જોઈને ક્યારેક હરખાતો અને ક્યારેક દુઃખી થઈ જતો.

શંભુ સાહેબને અચાનક કાંઈક યાદ આવ્યું અને કાંકરા વીણતાં શાંતિભૂષણ પાસે જઈને એને પોતાની લાકડીથી જોર જોરથી ફટકારવા માંડ્યા. જોર જોરથી પડી રહેલા લાકડીના ફટકારની પીડાથી ચીસો પાડતો શાંતિભૂષણ જોર જોરથી રડવા લાગ્યો.

'બાપુજી હવે મારો નહિ, બહુ જ લાગે છે.......બહુ જ લાગે છે.' રડતાં શાંતિભૂષણે શંભુ સાહેબને બાથ ભરી લીધી અને ધ્રુસકાં ભરતો ચોધાર આંસુએ રડી પડ્યો. શંભુ સાહેબે લાકડી ફેંકી દીધી અને પોતાના દીકરાને તેડીને છાતી સરસો ચાંપીને એ પણ ચોધાર આંસુએ રડવા લાગ્યા. દીકરાનો હાથ પકડીને શંભુ સાહેબ ઘરે લઇ આવ્યા.

ઘરે આવીને માંએ દીકરાને હેતથી જમાડ્યો પણ જે જાણ્યે અજાણ્યે બ્રહ્મહત્યા થઇ ગઈ એના ઓછાયાથી બહાર નીકળવા માટે શાંતિભૂષણે હળવદ તો છોડવું જ રહ્યું. દાદા પાસે લુણસર મોકલવો પછી મામાને ઘેર ધ્રાંગધ્રા, શાંતિભૂષણની વિચક્ષણતા અને સાહસિક વૃત્તિને ધ્યાનમાં રાખીને શિસ્તના આગ્રહી શંભુ સાહેબે શાંતિભૂષણને શાસ્ત્રોના અને શસ્ત્રોના કઠોર અભ્યાસ કરવા માટે કાશીએ મોકલવાનું નક્કી કર્યું. શાંતિભૂષણની માં એ ખુબ કાલાવાલા કર્યા કે દશ વર્ષનો નાનો બાળક માં-બાપ વગર એટલે દૂર એવો કઠોર અભ્યાસ કેવી રીતે કરી શકશે પણ શંભુ સાહેબનો નિર્ણય એટલે નિર્ણય. ધ્રાંગધ્રાથી રવાના થતાં પહેલા યાત્રાના સંઘમાં શાંતિભૂષણને સજા કે પ્રાયશ્ચિત જે કહો તે એના ભાગરૂપે કાશીએ મોકલી દેવામાં આવ્યો.

બાર વર્ષ કેમ પસાર થઇ ગયા એ ખબર પડે એ પહેલા તો દશ વર્ષની ઉંમરનો કિશોર શાંતિભૂષણ શાસ્ત્રો અને શસ્ત્રોનો અભ્યાસ કરી પંડિત શાંતિભૂષણ બનીને પાછો પણ આવી ગયો. હળવદ શહેરના લોકો પંડિતનું વાજતે ગાજતે સામૈયું કરીને ઘરે લઇ આવ્યા.

'કેમ અટકી ગયો બેટા?' ઘરની અંદર પગ મુકતા અટકી ગયેલ શાંતિભૂષણને ડેલીએ ઓવારણાં લેવા ઉભેલી એની માંએ પૂછ્યું.

'મારે સાચું પ્રાયશ્ચિત કરવાનું તો હજુ બાકી છે.' કહીને પોતાની ડેલીએ દાખલ થવાને બદલે શાંતિભૂષણ એના બાળપણના મિત્ર રાઘવના ઘર તરફ ચાલતાં થયા.

મિત્ર રાઘવના માતા પિતાને મળી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી બાળપણમાં એની ભૂલથી જે મિત્રની હત્યાનું પાપ થઇ ગયું એની માફી માંગી.

'બેટા, સાચું પ્રાયશ્ચિત તો ત્યારે થશે જયારે તું અમારા નાના દીકરા જયશંકરના લગ્નમાં ખુશી ખુશી આવશે.' રાઘવના પિતાએ તો બાળક શાંતિભૂષણને ક્યારેય દોષી સમજ્યો જ નો'તો.

'હું તો હવે સંન્યાસી થઇ ગયો છું.' પંડિત શાંતિભૂષણની જિંદગીનો ધ્યેય હવે સંપૂર્ણ પણે બદલાઈ ગયો હતો.

'આપે ક્યાં હજુ સન્યાસ લીધો છે? આપ આવશો તો જયશંકરના લગ્નનો પ્રસંગ દીપી ઉઠશે.' જયશંકરના પિતાએ આગ્રહ કર્યો.

મિત્ર રાઘવના પિતાજીના ખુબ આગ્રહથી શાંતિભૂષણે લગ્નમાં જવાનું આમંત્રણ સ્વીકાર્યું.

જયશંકરની જાનની તૈયારીઓ થઇ ગઈ, જુલથી મઢેલા ધોળીયા, મુંજળા, રાંગળા અને માકળા બળદોની જોડીઓ સાથેના ગાડાઓના પૈડાઓ સાથે બાંધેલી ઘૂઘરીઓ રણકવા માટે તૈયાર હતી. શાંતિભૂષણ પિતાશ્રી શંભુ સાહેબ પાસે જયશંકરની જાનમાં જતા પહેલા આશીર્વાદ લેવા આવ્યા.

'વીડીમાં થઇને જાન જવાની છે, કાળજી રાખજો વાગડના કોળીઓ હમણાં બહુ ફાટ્યા ફરે છે.' શંભુ સાહેબે દીકરાને સાવચેતી રાખવા કહ્યું.

'બાપુ, બ્રહ્મણના દીકરાની જાનને કોણ લૂંટે? આ થોડુ કોઈ દરબારના દીકરાનું ખાંડુ છે કે જેને દુશ્મનોનો ભય હોય કે પછી વાણિયાના દીકરાની જાન છે કે જેની પાસે લૂંટાવા માટે જર ઝવેરાત હોય? તમે વધારે પડતી ચિંતા કરો છો.' પિતાને હૈયા ધરપત આપતાં શાંતિભૂષણ બોલ્યા.

'પણ તેમ છતાં સાવચેતી રાખવી સારી અને હવે તો તું શસ્ત્રવિધામાં પારંગત છે. મસ્કેટ ઉપર જ પડી છે, સલામતી માટે સાથે લઇ જા.' શંભુ સાહેબ દીકરાને આગ્રહ કરતા બોલ્યા.

'બાપુ, એ મસ્કેટ? જેણે મારા મિત્રનો જાન લઇ લીધો, આપ એને હાથ લગાડવાનું કહો છો?' બોલતા શાંતિભૂષણની બંને આંખની ખૂણેથી આંસુના ઝળઝળિયાં સરકી ગયા.

'અને હા, હવે તો શાસ્ત્રની સાથે તમારા દીકરાને એટલું શસ્ત્રવિધાનું જ્ઞાન છે કે જરૂર પડ્યે લાકડીના ટુકડાનો પણ શસ્ત્ર તરીકે ઉપયોગ કરી લે, શંભુ સાહેબ હળવદીયાનો બહાદુર દીકરો છું એટલે હવે મારી ચિંતા ના કરો.' આટલું કહીને માંબાપના ચરણોને સ્પર્શ કરીને શાંતિભૂષણ જાનમાં જવા માટે નીકળ્યા. *** જયશંકરની જાન હળવદ પાછી ફરી રહી હતી, ઢળતી સાંજનો સમય હતો, જુલથી શણગારેલા બળદોના ચાલવાથી ઊડતી ધૂળની ડમરીઓ અને હારબંધ બળદગાડાંના પૈડે બાંધેલી ઘૂઘરીઓના રણકાર અને હોંશે હોંશે વરરાજા અને નવવધૂના નામથી ગવાતાં લગ્નગીતોથી વાતાવરણમાં એક ઉત્સવ અને ખુશીનો માહોલ હતો.

શાંતિભૂષણ જયશંકર સાથે ગાડામાં બેઠા હતા, આવા આનંદ માહોલમાં ઉતેજીત થઇ ગયેલા બળદો પણ જાણે કે જયશંકરના લગ્નની ખુશી મનાવતા હોય એમ ઉતાવળે ચાલતાં શહેર તરફ આગળ વધી રહ્યા હતાં.

'એ ઉભા રાખજો.....' આગળ ચાલતાં ગાડા વાળાનો અવાજ સાંભળી બધા જ બળદોની રાસો ખેંચાણી અને હાર બંધ ગાડાં ઉભા રહી ગયા.

'શું થયું?' કહેતા શાંતિભૂષણ વરરાજાના ગાડાં માંથી નીચે ઉતર્યા.

વરરાજાનું ગાડું વચ્ચે હતું એટલે એક બે ગાડાં વટાવીને આગળ ચાલ્યા. આગળ જોયું તો પંદરથી વીસ ઘોડેસ્વારો રસ્તો રોકીને ઉભા હતા. દરેક ઘોડેસવારે મોઢે બુકાની બાંધેલી હતી અને હથિયારોથી સજ્જ હતા. ઘોડેસ્વારોના દેખાવ ઉપરથી એ લૂંટારા હતા એ સ્પષ્ટ થઇ જતું હતું. લૂંટારુઓનો સરદાર ટોળીની આગળ કાળા રંગના ઘોડા ઉપર સવાર હતો. શાંતિભૂષણ સરદાર સાથે વાત કરવા માટે આગળ વધ્યા.

'ભાઈ બ્રાહ્મણના દીકરાની જાન છે, બ્રહ્મદેવ પાસે શું હોય?' પંડિત શાંતિભૂષણે સરદારને સંબોધીને કહ્યું.

'એલા ભામણ બામણની જાત અમને કોઈ ફેર નો પડે.' સરદાર કડક અવાજે બોલ્યો.

'મિયાણા લાગો છો?' વાત કરવાની લઢણ અને બ્રાહ્મણની સાથે અપમાનિત ભાષામાં વાત કરવાવાળો કોઈ સનાતનધર્મી ના હોય એટલે પંડિત શાંતિભૂષણે અનુમાન કરતાં પૂછ્યું.

'એ તને અમે મિયાણા હોય કે કોળી શું ફેર પડે?' પાછી એવી જ કડવી જીભે સરદાર

બોલ્યો.

વાંકાનેરની વીડીમાં માળિયાના મિયાણાનો ખુબ જ ત્રાસ હતો. અચાનક ટોળામાં વીડી વિસ્તારમાં આવી જાય હાથમાં આવે એ જાનમાલની લૂંટફાટ અને બળાત્કાર જેવા અમાનવીય પાપ કરી દૂર દરિયા કાંઠાના વિસ્તારોમાં પાછા ચાલ્યા જાય. વાગડના કોળીઓને હજાર દર્જે સારા કહેવડાવે એવા ક્રૂર અને વગર કારણે ખૂન ખરાબા કરવાવાળી નીચ કોમ એટલે માળીયાના મિયાણાં. શાંતિભૂષણ આ જંગલીઓ સાથે કેવી રીતે વર્તન કરવું એ વિચારે સતર્ક થઇ ગયા.

'એલાઓ આ તો વેવલાં ભામણોની જાન છે, ખોટી કાઈશ કઈરા વગર માલ તો મળશે પણ સાથે મજા કરવા માટેનો માલ પણ ઢગલો મળશે.' કહેતા ટોળીના સરદારે અટ્ટહાસ્ય કર્યું અને એની સાથે બીજા લૂંટારાઓ પણ હસવા લાગ્યા.

'સરદાર તમે સાચું કીધું આ તો વેવલાં ભામણની જાન છે, હું આ મારુ પંચીયું પાથરું છું, બધાય જાનૈયાઓ આવીને પોતપોતાના કિંમતી દર-દાગીના આમાં રાખી દેશે, તમ તમારે લઇને આરામથી નીકળી જાઓ.' શાંતિભૂષણને ભનક આવી ગઈ કે સરદારનો ઈરાદો ખાલી જર-ઝવેરાત લૂંટવાનો નો'તો પણ જાનમાં આવેલી યુવાન દીકરીયું અને સ્ત્રીઓનું શિયળ લૂંટવાનો પણ હતો એટલે કોઈ માથાકૂટ કર્યા વગર જ કિંમતી માલ સામાન આપીને વાત પુરી કરવામાં શાણપણ હતું.

'એય ભામણ તું આઘો હટ, તારે મિયાણાના દીકરા પાસે તારું નાક કપાવવું છે? આઘોજા નકર પાછો લીધા દીધા વગરનો કૂટાઈ જઈશ, ચલ હટ અને રસ્તો કર.' સરદાર શાંતિભૂષણની નજીક પોતાનો ઘોડો લાવતા બોલ્યો. શાંતિભૂષણ અડગ રહ્યા એટલે સરદારે પાટુ મારીને બાજુમાં હટાવી દીધા. ક્રોધથી કંપતા શાંતિભૂષણના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ, એની ક્રોધથી લાલચોળ થઇ ગયેલી આંખો સાંજના અજવાળામાં મિયાણાના સરદારને દેખાણી નહિ.

'એય અબ્દુલ, આયાં આવ અને મશાલથી જો કેટલીને ઉઠાવા જેવી છે.' સરદારે હુકમ કર્યો એટલે બુકાનીધારી અબ્દુલ મશાલ સાથે આગળ આવ્યો. ગાડાંમાં ચૂપચાપ બેઠેલી દીકરીઓ અને સ્ત્રીઓ સરદારની આવી વાતો સાંભળી રડવા માંડી.

'એય, બધીએ ચૂપ થઇ જાઓ, મારે કોઈ રોદણાં ના જોઈ, જેણે ભેંકડો તાણેલો છે એને પહેલા ઉઠાવો.' સ્ત્રીઓની રોકકળ સાંભળીને સરદાર તાડૂક્યો. એની ધમકી સાંભળીને બધી જ સ્ત્રીઓ એકદમ ચૂપ થઇ ગઈ. જે રડવાનું બંધ ના કરી શકી એને બાજુમાં બેઠેલી સ્ત્રીઓએ મોઢા ઉપર હાથ રાખીને ચૂપ કરાવી દીધી. સરદારની આવી વાતો સાંભળી શાંતિભૂષણનું લોહી તો ઉકળી જ ગયેલું પણ જો વાતોથી તકલીફનું નિવારણ થઈ શકતું હોય તો શાંતિભૂષણની એ પહેલી પસંદગી હતી.

અબ્દુલ જયશંકરના ગાડા પાસે આવ્યો અને એની બાજુમાં મોળિયો પહેરીને બેઠેલી નવોઢાને બાવણું પકડીને નીચે જમીન ઉપર ફેંકી. અબ્દુલની આ રાક્ષસી હરકતથી વરરાજાના ગાડામાં બેઠેલી સ્ત્રીઓથી ચીસો પડી ગઈ, નવોઢા સાથે છેડા છેડી બાંધીને બેઠેલો વરરાજો જયશંકર પણ નવોઢાની સાથે નીચે પડ્યો. એ ઊભો થઈને ઘોડા ઉપર બેઠેલા અબ્દુલના પગ પકડીને કાલાવાલા કરવા લાગ્યો. શાંતિભૂષણે આ દ્રશ્ય જોયું એટલે એનાથી ના રહેવાણું.

શાંતિભૂષણ તરફ પીઠ કરીને ઘોડા ઉપર બેઠેલો સરદાર અબ્દુલની નવોઢા સાથેની રાક્ષસી હરકતો અને જયશંકરના કાલાવાલાનો વિકૃત આનંદ લઇ રહ્યો હતો, બસ એક મોકાની રાહ હતી અને એ મોકો શાંતિભૂષણને મળી ગયો.

'ઓહ!' ગાડાનું આડું કાઢીને સરદારની કાંધ ઉપર મારતા, ઉંહકારો કરીને સરદાર ભોં ભેગો થઇ ગયો.

પડછંદ મિયાણા ઘોડા ઉપરથી રેતીની ગુણ પડે એમ પડ્યો અને એ હેઠો પડતા જ શાંતિભૂષણે એની છાતી ઉપર પગ રાખી એની જ તલવાર કાઢીને એનું માથું જેમ દાતરડાથી ખળ વાઢે એમ વાળ પકડીને વાઢી નાખ્યું. એક હાથમાં લોહી નીંગળતી તલવાર અને બીજા હાથમાં મિયાણાંના સરદારનું કપાયેલું માથું. શાંતિભૂષણનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈને અબ્દુલના સહીત બાકીના બધા જ મિયાણાંના હોશકોશ ઊડી ગયા.

અબ્દુલે પોતાના ઘોડાને એડી મારીને ભાગવાની કોશિશ કરી પણ જયશંકરે એ મોકાનો લાભ લીધો અને એ એના ઘોડાની લગામ પકડીને ટિંગાઈ ગયો. જયશંકરના વજનથી અબ્દુલનો ઘોડો વાંકો વળી ગયો અને અબ્દુલ નીચે જમીન ઉપર પડ્યો. અચાનક નીચે પડી ગયેલો અબ્દુલ પોતાની જાતને સંભાળે એ પહેલાતો શાંતિભૂષણની તલવારે અબ્દુલનો ભોગ પણ લઈ લીધો. આ મોતનો ખેલ જોઈને બાકીના સાગરીતો પણ હાકોટા અને પડકારા કરતાં આગળ આવ્યા પણ તલવારબાજીમાં નિપુણ શાંતિભૂષણે કુંડાળું કરીને લડવા આવેલા બધા જ લૂંટારુઓને જનોઈવઢ ઘા મારીને બેઠેલે ઘોડે જ ઉભે ઊભા વેતરી નાખ્યા. બાકી જે ચાર પાંચ વધ્યા એ બધા જ મોતના ડરથી ઊભી પુછડિએ ભાગ્યા.

મરેલાંના મોતનો મલાજો રાખીને પુરા અગિયાર મિયાણાને વીડીમાં જ દફન કરી અને જાન હળવદ આવવા રવાના થઈ. જયશંકરની જાનનું હળવદ શહેરના પાદરે ધૂમધામ થી સામૈયું થયું અને આખા શહેરમાં વાત વાયુ વેગે ફેલાઈ ગઈ કે હથિયારધારી અગિયાર લૂંટારુઓને પંડિત શાંતિભૂષણે એકલા હાથે ધૂળ ચાટતાં કરી દીધા. બાપ કરતાં પણ બેટો સવાયો નીકળ્યો.

લૂંટારાઓને મોતને ઘાટ ઉતાર્યા પછીતો યુવાન પંડિત શાંતિભૂષણ ધ્રાંગધ્રા સ્ટેટના માનીતા બની ગયા. ધ્રાંગધ્રા સ્ટેટે પિતાશ્રી શંભુ સાહેબની બહાદુરીને ઘોડો અને બંદૂકનો સિરપાવ આપીને બિરદાવેલી પણ આતો એથી પણ મોટી બહાદુરી, કાશીએ ભણેલાં બ્રાહ્મણ થઈને એકલા હાથે અગિયાર મિયાણાંને મોતને ઘાટ ઉતારી દીધા. રાજ દરબારમાંથી તાબડતોબ તેડું આવી ગયું. ઘરે બેસી રાજ્યનું અન્ન ખાવાને બદલે પંડિતજીએ લોક કલ્યાણનો માર્ગ પસંદ કર્યો અને દ્વારકાપીઠમાં આવી યજ્ઞશાળા, પાઠશાળા અને ગૌશાળાની જવાબદારીઓ સંભાળી લીધી.

પ્રકરણ ૧૬

રાધા



મહાકુંભના આયોજનની મંજૂરી અંગ્રેજ સરકાર તરફથી ના મળતાં પૂજારી પેમશંકર અને પંડિત જટ્ટાશંકર બંને દક્ષિણ ભારતની યાત્રાએ નીકળી પડ્યા હતા. આમ તો સમયની અનુકૂળતાએ બંને એક બીજાથી છુપાઈને દેવદાસીઓને ભોગવવા દક્ષિણ ભારતની યાત્રાએ જતા જ હતા, પણ યાત્રામાં વાતો દરમ્યાન એક બીજાના મોજશોખ વિષે માલુમ પડતા હવે બંને વચ્ચે ઔપચારિકતાનો રહ્યો સહ્યો પડદો પણ તૂટી ગયો હતો.

'મારી પાસે એક લાંબાગાળાની યોજના છે, જો એમાં તમારો સાથ મળે તો આખી જિંદગીની નિરાંત થઇ જાય અને એક અપ્સરા આપણી જરૂર હોય ત્યારે આપણી સેવામાં હાજર રહે.' પ્રેમશંકર બોલ્યો, બંને એક જ ઘોડાગાડીમાં પ્રવાસ કરી રહ્યા હતા.

'પુજારીજી તમે ગુહ્ય વાતને સરળતાથી સમજાવો તો મને પણ વિચારમાં સરળતા રહે.' ખંધુ હસતો જટ્ટાશંકર બોલ્યો.

'પંડિતજી, દ્વારકાધીશના મંદિરે એક સ્વરૂપવાન કન્યા એમ માનો કે આપણા પૂર્વ જન્મના પુણ્યથી આવી ચડી છે, એના પરદાદાએ કોચીનના રાજા વિરુદ્ધ કાવતરું કરેલું અને સજા રૂપે એને દેશવટો થયેલો. એ દેશવટો થયેલ કલગા પ્રભુની પ્રપૌત્રી પણ આમતો કોચીનના રાજાની ગુનેગાર જ ગણાય.' પ્રેમશંકર બોલ્યો.

'હા તો આ વાતને આપણા પૂર્વ જન્મના પુણ્ય સાથે શું લાગે વળગે?' જટ્ટાશંકરને પુરી વાત સમજાણી નહિ એટલે બોલ્યો.

'એ જ તો છે, જો આપણે યોગ્ય રીતે સોગઠાં ગોઠવીયે અને કોચીનના કોઈ મંદિરમાં પોટ્ટકટ્ટુ વિધિ કરાવવા માટેની વ્યવસ્થા કરી લઈએ તો હું એ સ્વરૂપવાન કન્યાને દક્ષિણ ભારતની યાત્રાના બહાને મંદિરે લઇ આવું.' પ્રેમશંકરે ફોડ પડ્યો.

'ઓહો, તો તમે એ સ્વરૂપવાન કન્યાને દેવદાસી બનાવીને જીંદગીભર દાસી બનાવીને રાખવા માંગો છો.' જટ્ટાશંકર, પ્રેમશંકરની પુરી વાત સમજી ગયો એટલે હસીને બોલ્યો.

'હા એમ જ, હવે તમે સમજયા એક વખત એણે પરદાદાને મળેલા તડીપારના હુકમનો અનાદર કર્યો છે એ સાબિત થઇ જાય એટલે એને રાજ્ય તરફથી પણ કોઈ મદદ નહિ મળે.' પ્રેમશંકરે પોતાની આખી યોજના જટ્ટાશંકરને સમજાવી દીધી.

'પુજારીજી મને એમ હતું કે મારા જેવો લંપટ આ સંસારમાં કોઈ નથી પણ તમે તો મારા પણ ગુરુ નીકળ્યા.' જટ્ટાશંકરની વાતથી બંને હસી પડ્યા.

વિધાના ભવિષ્યને અંધકારમય બનાવવા માટે બંનેએ એક સજ્જડ યોજના બનાવી લીધી.

મહાકુંભની પરવાનગી નથી મળી એ સમાચાર આવ્યા એને પણ ઘણો સમય થઇ ગયો હતો. વિધાને ચડતા દિવસો હતા પણ બાળકના જન્મ પહેલા પૂજારી પ્રેમશંકર આવી ચડે તો? પંડિતજી માટે આ એક ખુબ જ વિકટ પ્રશ્ન હતો, એને હવે તો બસ ઉપરવાળો કોઇક ચમત્કાર કરે તો જ આ વિકટ પરિસ્થિતિમાંથી બચી શકાય એમ હતું.

‘મુનીમજી કાંઈ સમાચાર?’ આજે પણ ગૌશાળાએ જતા પહેલા પંડિતજીએ ધર્મશાળાની મુલાકાત લીધી.

‘ના પંડિતજી, ત્યાંથી સિધાવી ગયા છે એ છેલ્લા સમાચાર છે.’ મુનીમજીને સમજાતું નો’તું કે મંદિરનો વહીવટ બરાબર ચાલે છે તેમ છતાં પંડિતજી દરરોજ સવારે અને સાંજે પૂજારી ક્યારે પાછા આવવાના છે એ સમાચાર કેમ પૂછે છે.

‘સારું કાંઈ પણ સમાચાર મળે તો મને તુરંત જાણ કરજો.’ કહેતા પંડિતજી ગૌશાળા તરફ જવા નીકળ્યા.

ધર્મશાળાની બહાર નીકળતાં જ શાંતાબેનને પોતાની તરફ હાંફળા ફાંફળા આવતા જોયા. બંનેની આંખો મળી એટલે શાંતાબેને પંડિતજીને એની પાછળ આવવા ઈશારો કર્યો. વિધાને ચડતા દિવસો હતા એટલે પંડિતજી ઈશારો સમજી ગયા અને શાંતાબેનની પાછળ ચાલ્યા. મંદિરમાં સંધ્યા આરતી ચાલુ હોવથી પ્રાંગણમાં કોઈ હલચલ નો’તી.

‘શું થયું?’ ડેલીમાં દાખલ થતાં જ પંડિતજીએ પૂછ્યું.

‘અંદર તો આવો, અનર્થ થઇ ગયો છે.’ બોલતા શાંતાબેન દોડીને અંદર ગયા.

ફળિયામાં દાખલ થતાં જે દ્રશ્ય જોયું એ જોઈને પંડિતજીને શું કરવું એ ખબર ના પડી, ઓસરીથી ફળિયામાં ઉતારવાના પગથિયાં નીચે વિધા લોહી લુહાણ હાલતમાં બેભાન થઇને પડી હતી.

‘આ કેમ કરતા થયું?’ પંડિતજીથી ચીસ પડી ગઈ.

‘સાડી પહેરવાની ટેવ નથી એટલે સાડીમાં પગ ભરાણો અને ઠેસ આવી. હવે શું કરશું?’ શાંતાબેન ચિંતાતુર અવાજે બોલ્યા.

‘આ તો અનર્થ થઇ ગયો, વૈદને બોલાવીએ તો પુરી વાત કાબુ બહાર જતી રહે.’ પંડિતજીએ આ સમય એટલો ઝડપથી અને આવી રીતે આવશે એવું સપને પણ નહિ ધારેલ.

‘તો હવે? મેં પાણી છાંટ્યું પણ ભાનમાં નથી આવતી.’ શાંતાબેન બોલ્યા.

‘મને લાગે છે આટલાં મોટાં આંચકા પછી કદાચ સમય થઇ ગયો છે. મને પુજારીજીના બે પંચિયા આપો.’ પંડિતજીએ કહેતા જ શાંતાબેન અંદર જઈ ને બે પંચિયા લઇ આવ્યા.

પંડિતજી અને શાંતાબેન બંનેને સારી રીતે ખ્યાલ હતો કે વિધાની સાથે થયેલા આ અકસ્માતથી પંડિતજીએ વિધાના શરીરને સ્પર્શ કરવો પડશે. મન, વચન અને કર્મથી બ્રહ્મચારી એવા પંડિતજીએ આ સંજોગો પણ દ્વારકાધીશની એક અગમ કસોટી હશે એમ માની શાંતાબેનની મદદથી બેભાન વિધાને ઉઠાવી અને એક ખાટલા ઉપર રાખી એના ઉપર એક પંચિયું ઢાંક્યું અને પોતે પણ ઓળખાય નહિ એવી રીતે માથે પંચિયું ઓઢી સંધ્યા આરતી પુરી થાય એ પહેલા જ પાછળના દરવાજેથી વિધાને ગૌશાળામાં આવેલ ખુણાંની એક ઓરડીમાં લઇ ગયા.

અમાસની મધ્યરાત્રીએ બરાબર બાર વાગ્યે વિધાએ બેભાન અવસ્થામાં જ શાંતાબેનની મદદથી એક સુંદર મજાની બાળકીને જન્મ આપ્યો.

શાંતાબેને બાળકીને ખભ્ભે રાખીને પીઠ થપથપાવીને રડાવી પછી ગૌશાળાના નીરણ ભરવાના ઓરડાની બહાર રાહ જોતા પંડિતજી પાસે લઇ આવી.

‘દ્વારકાધીશનો જન્મ જેલમાં અને આનો ગૌશાળામાં, વળી પાછી અમાસની મધ્યરાત્રી

પણ ખરી. આજથી આપણે આને રાધા તરીકે ઓળખીશું અને આ વાત આપણા બે વચ્ચે જ રહેશે.' આમ કહીને પંડિતજીએ બાળકી શાંતાબેન પાસેથી લઇ લીધી અને કોઈને બાળકીનું નામ ના બતાવવાનું વચન પણ.

'રાધાને દૂધ?' શાંતાબાથી બોલાઈ ગયું.

'એ બધી વ્યવસ્થા મેં કરી દીધી છે. તમે વિધાને લઇને વહેલી તકે ઘરે પહોંચી જજો.' કહીને પંડિતજી રાધા ઉપર પોતાનું પંચિયું ઢાંકીને ત્યાંથી નીકળી ગયા.

'પંડિતજી......' શાંતાબેને કાંઈક બોલવાની કોશિશ કરી પણ એટલી વારમાં તો પંડિતજી ગૌશાળાના અંધારામાં ઓગળી ગયા હતા. શાંતાબેનને ક્ષણ પૂરતો એની નિષ્ઠુરતા ઉપર ગુસ્સો આવ્યો. પણ જેને વિધાને સારુ ભવિષ્ય આપવા માટે પોતાના બ્રહ્મચર્ય વ્રતની ચિંતા ના કરી એને ભગવાનનો અવતાર જ માનવો રહ્યો, આ વિચારે શાંતાબેનનો ગુસ્સો પળવારમાં ઓગળી ગયો.

પ્રસુતિનો થાક અને વધુ પડતું લોહી વહેવાને કારણે આવી ગયેલી અશક્તિથી શરીરને થોડી રાહત મળતા વિધાએ પરોઢિયે આંખો ખોલી. પોતાને ગૌશાળાની ઓરડીમાં ખાટલે સૂતી જોઈને નવાઈ ના લાગી પણ પોતાના પડખામાં બાળક ના જોતા શાંતાબેન સામે વિવશ નજરે જોયું. શાંતાબેન ગરમ પાણીનો લોટો લઇ ને ખાટલાની પાસે ઉભા હતા.

'ના વિધા......' શાંતાબેનની આંખોમાં જળજળીયા આવી.

'તો?' વિધા થાકેલા અવાજે બોલી.

'હું માં તો નથી પણ મને તારી પીડા સમજાય છે, એક માં ઉઠીને તારા પોતાના બાળકનો ચહેરો પણ તું જોઈ ના શકી.' કહેતા શાંતાબેનની આંખમાં આંસુ આવી ગયા.

'બા, મને કદાચ એ હકક નથી, પણ એનું શું થયું જાણવાનો હક્ક તો જરુર છે.' હાથમાં પાણીનો લોટો લેતાં એ બોલી.

'પંડિતજી....... '

'શું કર્યું પંડિતજીએ?' વિધાને ખબર હતી કે પોતાના ગૌરવની રક્ષા કરવા માટે પંડિતજી જેવા વિચક્ષણ સંન્યાસી કોઈ પણ હદે જઈ શકે અને શાંતાબેન જવાબે વિધાના એ ડરને સાચો ઠરાવી દીધો.

'પંડિતજીએ બાળકને મારી પાસેથી લઇ લીધું અને ચાલ્યા ગયા છે.' હકીકતમાં શાંતાબેનને પણ ખબર નો'તી કે પંડિતજીએ બાળકનું શું કર્યું. શાંતાબેનની પાસે પંડિતજીને પૂછવાનું સાહસ પણ નો'તું.

'શું?' વિધાની આંખમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી.

'એ બધી ચિંતા અત્યારે છોડ, ચાલ હિંમત કરીને ઉભી થા અને ચાલ ઘરે.' શાંતાબેને વિધાને હાથ પકડીને બેઠી કરી.

સવાર પડી ને દ્વારકાધીશની પ્રાતઃકાળની આરતી શરુ થઇ, મંદિરના ઘંટ અને નગારાના અવાજથી ભક્તિમય થવું જોઈએ એ વાતાવરણ ઠંડા પવનના સુસવાટાઓથી ડરામણું થઇ

ગયું. હંમેશની જેમ સુરજને આતુરતાથી વધાવતા પક્ષીઓ પણ ઠંડીથી બચવા પોતપોતાના માળામાં કોકડું વળીને સુઈ રહ્યાં. આવા તંગ વાતાવરણની વચ્ચે મંદિરના પ્રાંગણમાં દાખલ થઇ રહેલ પૂજારી પ્રેમશંકરના ઘોડાગાડીના ડાબલાંના અવાજ એક અલગ પ્રકારનો તણાવ ઉભો કરી રહ્યા હતાં.

વિધાને આશ્ચર્યથી તાજુબ કરવા માટે તલપાપડ થઇ ગયેલા પૂજારીએ પત્ર લખીને પોતાનો પાછા આવાનો દિવસ જણાવેલ નહિ.

'વિધા........' કહીને પોતાના ઘરમાં દાખલ થયેલ પૂજારી ફળીયામાં પડેલા લોહીના ધબ્બાથી ચમક્યો. પૂજારીની બૂમ સાંભળીને ગભરાઈ ગયેલા શાંતાબેન દોડીને બહાર આવ્યા.

'આ શું છે?' પૂજારી ઓસરીના પગથિયે મોટા ધબ્બા સામે હાથ ચીંધતો બોલ્યો.

ગઈ રાતે દોડાદોડીમાં લોહીના ધબ્બાને સાફ કરવાનો સમય જ શાંતાબેનને નો'તો મળ્યો, એ ગભરાણાં.

'એ...એ...? વિધા અડવાણી થઇ છે ને એટલે.' શાંતાબેનને પૂજારીના પ્રશ્નનો કોઈ જવાબ ના મળતાં પહેલા જે મનમાં આવ્યું તે બહાનું બતાવી દીધું.

'પણ પહેલા તો આવું ક્યારેય થયું નથી, એની તબિયત તો બરાબર છે ને?' પૂજારી વિધાની ખબર પૂછવા ઓસરીના પગથિયાં ચડ્યો પણ શાંતાબેને એને વચ્ચે પડી ને રોક્યો.

'અડવાણી સ્ત્રીનું મોઢું જોવાથી આભડછેટ લાગે, કોણ જાણે ક્યારે સમજશો. બહાર ખાટલે બેસો, મુસાફરીથી થાકી ગયા હશો એટલે સ્નાન કરીને આરામ કરો.' શાંતાબેનનો છણકો કામ કરી ગયો અને પૂજારી સ્નાન માટેના વસ્ત્રોની રાહ જોઈને ખાટલે બેસી ગયો.

પોતાના બાળકના હાલહવાલ પૂછવાની અતુરતાએ વિધામાં નવો પ્રાણ ફૂંક્યો અને ચાર પાંચ દિવસમાં તો એ હરતી ફરતી થઇ ગઈ. વિધાને એક જ ઉતાવળ હતી અને એ કે ક્યારે એને યોગ્ય સમય મળે અને કયારે એ પંડિતજી પાસે જઈ પોતાના બાળકના હાલહવાલ પૂછે. ગૌશાળામાં કામ કરવાના બહાને પંડિતજીને પૂછવાની ખુબ જ કોશિશો કરી પણ પંડિતજી તરફથી ઠંડોગાર પ્રતિભાવ મળ્યો.

'બા મારી સાથે પંડિતજી વાત કેમ નથી કરતા?' વિધાને પંડિતજીનો ઠંડોગાર પ્રતિભાવ અકળાવતો હતો.

'બેટા એ સન્યાસી છે, એણે ક્યારેય કોઈ સ્ત્રી સામે આંખ ઉઠાવીને જોયું નથી અને તને તો એણે પ્રસુતિ કરાવી છે. તને એની મનોદશાની કોઈ ચિંતા છે?' શાંતાબેને વિધાને સમજાવી.

'પણ બા, મારે ક્યાં બીજું કોઈ કામ છે બસ મને એક વખત મારા એક પ્રશ્નનો જવાબ મળી જાય પછી હું ક્યારેય એના માર્ગ આડે નહિ આવું.' વિધા શાંતાબેનની વાત માનવા તૈયાર નો'તી.

વિપરીત સંજોગોમાં માં બનેલી વિધાને હવે રાહ જોવી મંજુર નો'તી. એક સવારે શાંતાબેનની મનાઈ છતાં એ પંડિતજીની કુટીરે પહોંચી ગઈ.

પદ્માસનમાં બેસીને મનોમન શ્લોકોનું પઠન કરી રહેલા પંડિતજીની આંખો વિધાની આહટથી ખુલી.

'બોલો.' પંડિતજીને ખબર જ હતી કે વિધા શા માટે આવી હતી પણ તેમ છતાં વાત શરુ કરવાના હેતુથી પૂછ્યું.

'પંડિતજી, મારે શું બોલવાનું? આપતો જ્ઞાની છો અને આપને ખ્યાલ છે કે મને શું પ્રશ્ન

છે.’ વિધા આંખો ઢાળી હાથ જોડીને ધીમા સંતાપ ભર્યા સ્વરે બોલી.

‘એ જ જાણવું છે કે બાળકનું શું થયું? તો એ બાબતે ચર્ચા કરવા માટે આ યોગ્ય સમય નથી.’ પંડિતજીએ વાતમાં કોઈ પણ જાતની મીઠાશ ભેળવ્યા વગર કહ્યું.

‘હું એના વિષે કલ્પના કરી શકું એવડી નાની અમથી વાત પણ મને મંજુર છે.’ વિધાએ કહ્યું.

‘એ એક સુંદર બાલિકા છે અને એનું નામ મેં રાધા રાખ્યું છે, બસ અત્યારે આટલું જ પૂરતું છે.’ પંડિતજી વાતને પુરી કરવાના ઈરાદાથી બોલ્યા.

વિધા પંડિતજી કાંઈ વધારે માહિતી આપે એ આશાએ બેઠી રહી પણ પંડિતજી એની હાજરીને અવગણી આંખો બંધ કરી મંત્ર પઠન કરવા લાગ્યા. પંડિતજીની આ હરકતથી વિધા વિષાદ ભર્યા હૃદયે ઉભી થઇને કુટિરની બહાર નીકળી ગઈ. વિધા માટે પંડિતજી તરફનું માન મર્યાદા અને આદર હવે નફરતમાં પરિવર્તન થવા લાગ્યા હતા.

પ્રકરણ ૧૭

મઠાધિપતિ



'શાંતા?' ઘરમાં દાખલ થતાં જ વિધાને બદલે પૂજારીએ શાંતાબેનને બોલાવ્યા.

શાંતાબેન અંદરથી પાણીનો લોટો ભરીને આવ્યા.

'તમે યાત્રા કરીને આવ્યા પછી હમણાં કેમ બદલી ગયા છો?' પૂજા કરીને આવેલ પ્રેમશંકરે વિધાને બદલે પોતાને બોલાવતા શાંતાબેને પૂછ્યું.

'હું? હું બદલાઈ ગયો છું કે તમે બંને? ના કોઈ છણકા કે ના કોઈ પ્રશ્નો, તે મને હજુ સુધી એ પણ નથી પૂછ્યું કે મારી આટલી લાંબી યાત્રા કેવી રહી અને હું તારા માટે કોઈ ભેટ-સોગાદ લાવ્યો છું કે નહિ.' ફળીયામાં ખાટલે બેઠેલો પ્રેમશંકર પાણીનો એક ઘૂંટડો ઉતારીને બોલ્યો.

શાંતાબેન કેમ કહે કે હવે ખાલી વિધાની જ ચિંતા નથી હવે તો આ દુનિયામાં અવતરેલ એક નાના જીવ રાધાની પણ ચિંતા છે. અને સંજોગો પણ કેવા બની ગયા કે આંખ ઠરે એવી રીતે પોતે કે વિધા એ રાધાને મન ભરીને વહાલ પણ નથી કરી શક્યા.

'સારું જે હોય તે, આવતી કાલે પૂનમે શહેરમાં બ્રહ્મભોજનનું નોતરું છે. એ મારે કાંઈ ખાસ તૈયારી કરવાની છે?' શાંતાબેને વાતને લાંબી કરવાને બદલે ટૂંકાવી.

'સાગમટે છે કે મારે એકલાને?' મંદિરના મુખ્ય પૂજારી હોવાને નાતે મોટાભાગે તો સાગમટે જ હોય પણ તેમ છતાં ખાતરી કરવા માટે પેમશંકરે પૂછ્યું.

'સાગમટે છે પણ વિધાની તબિયત સારી નથી એટલે તમે એકલા જ જઈ આવજો.' શાંતાબેને ના જવા માટે બહાનું કાઢ્યું.

'આ આજકાલ વિધાને થઇ શું ગયું છે? હાલતાં ને ચાલતાં બીમાર થઇ જાય છે. કોઈ સારા વૈદને બોલાવી લઉ?'

'ના એવી કોઈ જરૂર નથી, થોડો તાવ છે, માથે પોતા મુકીશ એટલે ઠીક થઇ જશે. જમવાનું તૈયાર થઇ ગયું છે.' પ્રેમશંકર પાસેથી લોટો લેતાં શાંતાબેન અંદર ચાલ્યા ગયા.

બ્રહ્મભોજન માટે પુરા ઓખામંડળમાંથી એકસોને એકાવન પ્રતિષ્ઠત બ્રાહ્મણોને સાગમટે આમંત્રણ મળેલ હતું. ચુરમાના ખીચડી ઓસામણની સાથે ચુરમાંના લાડુની રમઝટ બોલવાની હતી. શાંતિભૂષણે ઘોડાગાડીએથી ઉતરીને દરવાજે હવેલીની અંદર જવા માટે આગળ વધ્યો. ભક્તોના ટોળાની વચ્ચે પંડિત જટ્ટાશંકરને જોઈને એને મળવા માટે ઉતાવળે ચાલ્યો.

'પંડિતજી, આપ?' પ્રેમશંકર જટ્ટાશંકરને ભેટી પડતાં બોલ્યો. 'હા ભીમગજ તળાવ વાળા આશ્રમે આવ્યો હતો અને શેઠજીનો આગ્રહ ભર્યા આમંત્રણનો પત્ર મળ્યો એટલે આવવું પડ્યું.'

જટ્ટાશંકર બોલ્યો.

'પંડિતજી, એકાંત મળી શકે?' પ્રેમશંકર હળવેથી બોલ્યો.

'હા કેમ નહિ, ચાલો બગીચામાં ટહેલતાં વાતો કરીયે.' કહેતા જટ્ટાશંકર એના આસનેથી ઉભો થયો.

'પંડિતજી, વાતો સંભળાય છે કે મઠાધિપતિ માટેની બેઠક મળવાની છે.' બોલતા પ્રેમશંકરના ચિંતાતુર ભવા ઊંચા થઇ ગયા.

'અરે તમે તો છો ત્યાં પછી મારે કોઈ ચિંતા કરવાની જરૂર છે?' જટ્ટાશંકર બેફિકર થઇને બોલ્યો.

'એક અડચણ છે, જે મારા એકલાથી દૂર થઇ શકે એમ નથી.'

'બોલો ને? આપણી પાસે દરેક સમસ્યાનો ઉકેલ હોય જ છે.' જટ્ટાશંકરને એની કાબેલિયત ઉપર પૂરો ભરોસો હતો.

'શાંતિભૂષણનું નામ સંભળાય છે, મઠાધિપતિ તરીકે. મારુ દબાણ પણ કામ આવતું નથી.' પ્રેમશંકરના અવાજમાં લાચારી સ્પષ્ટ દેખાતી હતી.

'ઓહ એ પંડિત શાંતિભૂષણજી જે તમને વિધાની યાત્રા માટે પણ અડચણ રૂપ છે?' જટ્ટાશંકરે કડીઓ મેળવતા બોલ્યો.

'હા એ જ.'

'હું બે મહેમાનોને મંદિરે મોકલું છુ, મોકો મળ્યે ટેકો આપજો, બાકી બધું હું સંભાળી લઈશ.' જટ્ટાશંકરના દિમાગમાં એક નક્કર યોજનાએ આકાર લઇ લીધો હતો.

બેટ દ્વારકાથી આવીને વાઘેરોએ હુમલો કર્યો હતો, ગાયકવાડ સરકારના સિપાઈઓ બરાબરની લડત આપી રહ્યા હતા. શહેરના અંદરના ભાગેથી તોપમારાના અવાજો અવિરત ચાલુ જ હતા. યુદ્ધ ભલે ગમે તેવું હોય પણ ઇતિહાસમાં હજુ સુધી કોઈએ દ્વારકાધીશના મંદિર ઉપર આંખ ઉઠાવીને જોયું નોતું એટલે એવા કોઈ તોપગોળાઓની ચિંતા પંડિત શાંતિભૂષણને નો'તી. વહેલી સવારના ટોપુ ફૂટવાના અવાજો ને કારણે પંડિતજીની નીંદર વહેલી ઉડી ગઈ. પ્રાતઃકર્મ પતાવીને એ ગૌશાળામાં ગાયોની ખબર કાઢવા ગયા. બે યુવાન સાધ્વીઓને ગૌશાળામાં કામ કરતી જોઈ. બે યુવાન સાધ્વીઓને એની જાણ બહાર આવી રીતે ગૌશાળામાં કામ કરતી જોઈને પંડિતજીને આશ્ચર્ય થયું.

'જય દ્વારકાધીશ' કહીને પંડિતજીએ સાધ્વીઓને નજીક જઈ નમસ્કાર કરતાં બોલ્યા.

'જય દ્વારકાધીશ' સાવરણીઓ નીચે મૂકીને સાધ્વીએ બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

'ગૌ શાળામાં સેવા કરવા આવ્યા છો?' પંડિતજીએ પૂછ્યું.

'અમારે એકાવન દિવસની ગાયની સેવા કરવાની ટેક છે.' એક સાધ્વીએ જવાબ આપ્યો.

'તમારા......ગુરુજી........' હજુ તો પંડિતજી પોતાનો પ્રશ્ન પૂરો કરે એ પહેલા, એક બંદૂકનો ફૂટવાનો અવાજ, એક લાંબી ચીસ......અને પછી મંદિરના મુખ્ય દરવાજે જોર જોરથી કોઈનો ખખડાવવાનો અવાજ ....થોડી વાર શાંતિ છવાઈ ગઈ વળી પાછો જોર જોરથી દરવાજો ખખડાવવાનો અવાજ, પંડિતજી દરવાજે દોડ્યા.

'મને અંદર આવવા દો.' બહારથી કોઈ ઘાયલ સિપાઈની આજીજી સંભળાણી.

'હા, હા..હમણાં ખડકી ખોલું.' કહેતા પંડિતજીને દરવાજાની અંદર બનાવેલ ખડકી ખોલી.

'મારા મિત્ર અબ્દુલને સરકારના સિપાઈઓએ ગોળીએ દીધો અને મને પણ મારી નાખશે.' ડરી ગયેલો યુવાન ખડકીની અંદર ડોકું કાઢીને બોલ્યો.

'આ દ્વારકાધીશનું મંદિર છે, અહીં તમારો કોઈ વાળ વાંકો નહિ થયા, વાઘેર લાગો છો.' પંડિતજીએ ઘાયલ યુવાનને અંદર આવકારતા પૂછ્યું.

ડરી ગયેલ યુવાને હકારમાં ડોકુ હલાવ્યું અને ખડકીની અંદર એક પગ મુક્યો, બીજો પગ મુકતા પહેલા તો ધડામ કરતો બેભાન થઇ ને નીચે પડ્યો.

પંડિતજી યુવાનને ખભ્ભે નાખીને અંદર લઇ આવ્યા.

યુવાન સાધ્વીઓને પંડિત શાંતિભૂષણ એની ગૌશાળામાં કેવી રીતે આવકારે છે એ એની ચિંતા હતી. પૂજારી પ્રેમશંકર એ જ ચિંતામાં ગૌશાળાના દરવાજે નજર રાખીને મંદિરના પ્રાંગણમાં આવેલાં વૃક્ષોની પૂજા કરવાનો ઢોંગ કરી રહ્યો હતો. પૂજા દરમ્યાન એણે જોયું પંડિતજી ગૌશાળાથી નીકળી મુખ્ય દરવાજા તરફ દોડીને ગયા અને થોડીવારમાં દરવાજેથી કોઈ ઘાયલ યુવાનને ખભ્ભે ઉઠાવીને લઇ જતા જોયા એટલે એ ગૌશાળા બાજુ લપક્યો.

પૂજાના મંત્રો ગણગણતો ગાયોની પૂજા કરવાના બહાને ગૌશાળાની અંદર ગયો. સાધ્વીઓ ગૌશાળામાં કામ કરતી હતી એ તરફ પૂજા કરવાનો ઢોંગ કરતો કરતો ગયો અને એક ગાયની પૂજા કરવાનો ઢોંગ કરતો ઉભો રહ્યો.

'સ્વસ્તિ ન ઇન્દ્રો.......પંડિતજી એ શું પૂછ્યું ?....... વૃદ્ધશ્રવાઃ.' પૂજાના શ્લોક બોલતા બોલતા જ પુજારીએ સાધ્વીને પૂછ્યું.

'કાંઈ વાત નથી થઇ....' વાંકી વળીને સાવરણી કરતી એક સાધ્વી ઉભી થઇને જવાબ આપવા ગઈ.

'સ્વસ્તિ ન ઇન્દ્રો.....કામ કરવાનો ડોળ ચાલુ રાખો.' પુજારી બોલ્યો એટલે સાધ્વી પાછી કામ કરવા લાગી.

'પંડિતજી અમને કાંઈક પૂછવા જતા હતા પણ પછી બહાર દોડીને જતા રહ્યા.' સાધ્વી ધીરેથી બોલી.

'વૃદ્ધશ્રવાઃ........સરસ, ફરી કાંઈ પૂછે તો સમજાવ્યું એ પ્રમાણે જ જવાબ આપજો.......સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ.' કહેતો પૂજાના શ્લોકો ગણગણતો નીકળી ગયો.

ગૌશાળાના બીજા છેડે કામ કરી રહેલી વિધાએ પૂજારીને સાધ્વીઓ સાથે વાત કરતો જોયો. પૂજારીની માયા જો સેવા કરવા આવેલ સાધ્વીઓમાં લાગે તો એનો પીછો તો છૂટે એ વિચારે એ મનોમન હરખાઈ.

પૂજારી હવે વિધાને બહુ રંજાડતો નો'તો. એ કોઈ વાતે ખોવાયેલો રહેતો હતો, એના ગૌશાળાના આંટાફેરા સાધ્વીઓ આવ્યા પછી વધી ગયા હતા. એક દિવસ ગૌશાળાએથી પાછો આવ્યો અને બંધ ખડકી ખોલવા માટે બૂમબરાડા પાડવા લાગ્યો.

'શાંતા? વિધા?' પૂજારી ખડકીના બારણે મુક્કા મારીને ખોલવા માટે બૂમ બરાડા પડતો હતો.

'વિધા, જો તો કોણ બહાર બૂમ બરાડા પાડે છે?' ફળિયે ખાટલે બેસી ભરત કામ કરતાં શાંતાબેને વિધાને ખડકી ખોલવા માટે બોલાવી.

વિધા રસોડામાંથી ખડકી ખોલવા આવી, હજુ તો ખડકીની સાંકળ અડધી ખોલી ત્યાં તો પ્રેમશંકર ધક્કો મારીને અંદર આવ્યો.

'અંદરથી મારો ખેસ આપ.' પૂજારી આજે બરાબરનો ઉતાવળમાં હતો.

'પણ આટલા ઉતાવળમાં છો, શું થયું એતો કહો?' કોઈ વધારાની આડાઅવળી વાત કર્યા વગર પ્રેમશંકરે ઉતાવળે બહાર જવાની વાત કરતા શાંતાબેને કુતુહલવશ પૂછ્યું.

'ગૌશાળાની સાધ્વીઓએ ગૌશાળાએ ભક્તોનું ટોળું ભેગું કર્યું છે.' આટલું કહીને પવનવેગે ખડકી બંધ કરતો ભાગ્યો.

પ્રેમશંકર ખેસ લઈને ગયો એટલે વિધા રસોડામાં કામ કરવા ગઈ.

શાંતાબેનને ઉચાટ હતો, જે રીતે પૂજારીજી અડધી વાત છોડીને બહાર ગયા ત્યારથી એને શાંતિ નો'તી.

'વિધા તું જઈને જોઈ આવને કે શું થયું?' શાંતાબેને રસોડામાં કામ કરતી વિધાને ટકોરી.

'બા મારે એ સાધ્વીઓ શું કરે એ જાણીને શું કામ છે?' વિધાને આવી કોઈ બાબતોમાં રસ નો'તો.

'મારે પણ શું...' શાંતાબેન એની વાત પુરી કરે એ પહેલા પ્રેમશંકર ઘરમાં દાખલ થયો.

'મેં કીધું તું ને કે એ ઢોંગી છે.' ખાટલે બેસતા પ્રેમશંકર બોલ્યો.

'કોની વાત કરો છો પુજારીજી?' શાંતાબેન ઉતાવળે બોલ્યા.

'કોની હોય? ઢોંગી પંડિત શાંતિભૂષણની.' રસોડામાં કામ કરતી વિધા સાંભળે એટલા જોરથી પ્રેમશંકર બોલ્યો.

'શું થયું?' આશ્ચર્યથી શાંતાબેનની આંખો ફાટી ગઈ, જે પંડિતજી વિરુદ્ધ એક શબ્દ બોલવાની જેની હિંમત નો'તી એ પૂજારી એને ઢોંગી કહીને સંબોધી રહ્યો હતો. પ્રેમશંકરનો અવાજ સાંભળી વિધા પણ ઓસરીના બારણે કુતુહલ પૂર્વક ઉભી રહી.

'ગૌશાળામાં સાધ્વીઓ કામ કરતી હતી અને પંડિતજી એ અડપલું કર્યું. પછી તો એ બંનેએ રોકકળ કરીને મંદિરે દર્શને આવતાં ભક્તોને એકઠા કર્યા અને હો ગોકીરો કરી મુક્યો.' પંડિતજીની બુરાઈ કરવામાં પ્રેમશંકરને આનંદ થતો હોય એમ ખાટલા ઉપર ઉછળતો બોલ્યો.

'મારી દીકરીનું મોઢું જોયા પહેલા જ છીનવી લીધી, એના કર્મો તો ભોગવવા જ પડે ને?' સ્વગત બબડતી વિધા રસોડામાં ચાલી ગઈ, એને હવે બીજી કોઈ વાતમાં રસ નો'તો.

'પછી શું થયું?' શાંતાબેન ચિંતાતુર સ્વરે બોલ્યા.

'થાય શું? ટોળું બેકાબુ થઇ ગયું અને એ ઢોંગી પંડિતને ધક્કા મારીને હોડીમાં બેસાડીને ભગાડી મુક્યા.

'ક્યાં?'

'મને શું ખબર, એ હોડી વાળાને ખબર. એ હવે આપણા મંદિરે નથી એ વાત પાક્કી.' પ્રેમશંકરને નડતો કાંટો કોઈ પણ જાતની તકલીફ વગર હવે નીકળી ગયો હતો. એ જટ્ટાશંકરની યોજનાને મનોમન બિરદાવતો રહ્યો, સાધ્વીઓની વાતને ટેકો આપવા ટાંકણે બનાવટી ભક્તોનો સહારો ના મળ્યો હોત તો પંડિતજીને મંદિર બહાર તગેડાવમાં બહુ તકલીફ પડી જાત એ પ્રેમશંકર સારી રીતે જાણતો હતો.

પ્રકરણ ૧૮

માંડવી શહેર



'કઈ તરફ યાત્રા કરવાનો હુકમ છે?' હોડીનો નાવિક પંડિતજીને પ્રણામ કરતો બોલ્યો. એ જાણતો હતો કે પંડિતજી ઉપર ખોટો આરોપ લાગ્યો છે પણ એના જેવડો નાનો માણસ કરી પણ શું શકે એ વાતે પંડિતજીના હુકમની રાહ જોઈને ઉભો રહ્યો.

'હવે તો માંડવી જ પડાવ રહેશે.' પંડિતજી હોડી ઉપર આવીને જ પદ્માસનમાં બેસી ગયા હતા, એ બંધ આંખે જ બોલ્યા.

પચીસ કોઠા અને પાંચ ગાઉ લાંબી ગઢની રાંગ ધરાવતું કચ્છ રાજ્યનું માંડવી શહેર એ એક માત્ર શહેર હતું જે દરિયાના માર્ગથી આફ્રિકા અને ચીન સુધી તથા રણના માર્ગથી છેક અફઘાનિસ્તાન સુધી જોડાયેલું હતું. માંડવીની જાહોજલાલીમાં ચાર ચાંદ લગાવતા હતા એના ચારસોથી વધારે વહાણો જે દરિયાપાર વાણિજ્ય અને વેપાર કરવા એક બાજુ આફ્રિકા સુધી અને બીજી બાજુ છેક ચીન સુધી ખેપુ મારતાં. માંડવી શહેર અને બંદરની જાહોજલાલી એવી હતી કે એની વેપારની આવક કચ્છના પાટનગર ભુજ કરતા પણ વધારે હતી. માંડવી બંદરના વહાણો જ મુસલમાનોને હજની યાત્રાએ લઇ જતા. ઓરંગજેબ જેવા ક્રૂર અને હત્યારા મોગલના શહેનશાહને પણ કચ્છના રાજા સાથે માંડવીને કારણે જ મીઠો ઘરોબો રાખવો પડતો હતો.

નાવિકે વાણિજ્ય અને વેપારથી ધમધમતા માંડવી શહેરના બંદરે આવીને હોડી લાંગરી. પોતાની ઉપરના ચારિત્ર હનનના આક્ષેપથી પંડિતજી એટલી હદે વ્યથિત થઇ ગયા હતા કે હાલપૂરતું એ કોઈપણ વ્યક્તિનો પડછાયો પણ પોતાની ઉપર પડવા દેવા માંગતા નો'તા. આજ કારણે એ માંડવી બંદરે હોડીમાંથી ઉતરીને એકલાં જ દરિયા કિનારે નીકળી પડ્યા. દરિયા કાંઠે ખારાપાટની અંદર આવેલા ગંગેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરનું શિખર દેખાયું, મહાદેવના મંદિરને પોતાનું આશ્રય સ્થાન બનાવવાનું નક્કી કરી એ મંદિર તરફ આગળ વધ્યા.

ગરમ પવનના સુસવાટાઓ વચ્ચે ઝાળા-ઝાંખરાંમાંથી રેતી ઊડતી હતી, મંદિરની આજુબાજુ માણસ જાતનું કોઈ નામો નિશાન દેખાતું નો'તુ. એ મંદિરમાં દાખલ થવાની પથ્થરની કમાને આવીને ઉભા રહ્યા મંદિરની અંદર પણ કોઈ હલચલ નો'તી. પંડિતજીએ મંદિરના પ્રાંગણમાં નજર ફેરવી, દરિયા કાંઠાના પવનને કારણે પ્રાંગણમાં રેતીના થર જામી ગયા હતા. પ્રાંગણની વચોવચ એક ઘેઘૂર વડલો જોયો એટલે પોતાના વિષાદગ્રસ્ત મનને શાંત કરવા વડલાની નીચે શિવસ્ત્રોત્રનું સ્મરણ કરતાં ધ્યાનમાં બેસી ગયા.

સાંજ પડી ધ્યાન પૂરું થતા પંડિતજીએ આંખો ખોલી. બાજુમાં કોઈએ રોટલો અને દૂધનું ભાતુ કાળજીથી રાખેલું હતું.

મહાદેવના મંદિરની બહાર આવેલ મીઠાં પાણીના વીરડે પોતાના ઘેટાં બકરાંને પાણી પાવા આવતાં અને પંડિતજીની જાણ બહાર ખાવાનું ભાતુ મૂકી જતા ભરવાડે માંડવી શહેરમાં વાત

ફેલાવી કે મહાદેવના મંદિરે કોઈ સન્યાસી ઘણાં દિવસોથી આકરું તપ કરી રહ્યા છે અને મૌન વ્રત ધારણ કરેલ છે. વાત વાયુ વેગે પ્રસરી એટલે માંડવી શહેર અને આજુબાજુના ગામડાઓમાંથી લોકો પંડિતજીના દર્શન કરવા આવવા લાગ્યા.

મૌનવ્રત અને હંમેશા ધ્યાનમાં લીન રહેતાં સંન્યાસીની ખ્યાતિ છેક કચ્છના મહારાજા સુધી પહોંચી. મહારાજાએ ગંગેશ્વર મહાદેવના મંદિરનો જીર્ણોધાર કરાવવા માટે તૈયારી બતાવી અને રાજ્યના દીવાનશ્રીને આ વાત કરવા માટે મંદિરે મોકલ્યા.

‘દીવાનજી, જો રાજ્યના આશ્રયે ગુરુકુળ ચલાવવું હોય તો મારે રાજ્યની ભલામણથી આવેલ બાળકોને પ્રવેશ આપવામાં અગ્રતા અપાવી પડે. મારે તો વૈદિક સિદ્ધાંતો ઉપર ગુરુકુળ ચલાવવું છે જેમાં ચારેય વર્ણના યોગ્યતા વાળા બાળકો એ ક સાથે જ વિદ્યા લઇ શકે એવું વાતાવરણ ઉભું કરવું છે અને બીજા મંદિરોને દ્રષ્ટાંત પણ પૂરું પાડવું છે.’ પંડિતજીએ રાજ્યના પૈસે મંદિરનો જીર્ણોધારનો અસ્વીકાર કર્યો.

‘પણ ગુરુકુળ ચલાવો તો રાજ્ય તરફથી આર્થિક સહયોગની જરૂર તો પડે જ ને?’ દીવાનશ્રીને પંડિતજીનો ગુરુકુળનો સિદ્ધાંત આદર્શ લાગ્યો પણ વ્યવહારુ નહિ.

‘મંદિરનો જીર્ણોધાર ભક્તોના શ્રમદાનથી અને ગુરુકુળનો આર્થિક બોજો આશ્રમ દ્વારા સામાજિક કર્યો કરીને જ ઉપાડવામાં આવશે. ગુરુકુળના બાળકો ખેતી કરશે, ગૌશાળાની સાથે અશ્વશાળા પણ બનાવાવમાં આવશે અને ઊંચી ઓલાદની ગાયો તથા અશ્વો ઉછેરવામાં આવશે.’ પંડિતજી એક આદર્શ વૈદિક ગુરુકુળની સ્થાપના કરવા માંગતા હતા એ દીવાનશ્રીને હવે બરોબર સમજાઈ ગયું.

પંડિત શાંતિભૂષણના કોઈ અજાણી જગ્યાએ કરેલા ગમન પછી દ્વારકાધીશના મંદિરે વિદ્યા ઉપર આભ તૂટી પડ્યું, એનું દીકરી રાધા સાથેનું એકમાત્ર જોડાણ હતું પંડિતજી, પણ હવે તો એ જોડાણ પણ નો’તુ રહ્યું. વિદ્યાને પંડિતજીએ ક્યારેય એ નો’તુ કહ્યું કે રાધાનું પાલનપોષણ ક્યાં અને કોના દ્વારા થઇ રહયું છે.

‘બા, તમને પંડિતજી એ રાધા વિષે કાંઈ વાત કરી છે?’ પંડિતજીની હકાલપટ્ટીથી ખિન્ન થયેલ વિદ્યાએ શાંતાબેનને પૂછ્યું.

‘બેટા, જેટલી તને ખબર છે એટલી જ મને, કદાચ એનાથી પણ ઓછી. તું જ તો પંડિતજીને મળવા ગઈ હતી ને? ત્યારે એણે શું જવાબ આપ્યો તો?’ શાંતાબેન પણ વિદ્યાના દુઃખે દુઃખી હતા.

‘મને બસ નામ બતાવ્યું, બાકી તો કાંઈ નથી બતાવ્યું.’

‘બેટા, પંડિતજી જેવા મહાન સન્યાસી કાંઈ કે તો વિચાર્યું હશે. કદાચ એને રાધાનું ભવિષ્ય પણ ખબર હશે એટલે જ તો રાધાને તારાથી દૂર રાખવાનું નક્કી કર્યું હશે.’ શાંતાબેને વિદ્યાના ઉદ્વેગને શાંત કરવાની કોશિશ કરી.

‘બા, એક માંને એની દીકરીથી વિખુટી પાડીને પોતે રણ છોડીને ભાગી જવું એ ક્યાંનો ન્યાય છે?’ વિદ્યા દુઃખી થઇને રસોડામાં કામ કરી જીવ પરોવવા ચાલી ગઈ.

વિદ્યાનો પંડિતજી પ્રત્યેનો આદર ધીરે ધીરે અનાદર અને નફરતમાં બદલાવ લાગ્યો હતો.

'પુજારીજી, હવે અમારી પધરામણી દ્વારકાધીશના મંદિરે કરાવી દો.' જટ્ટાશંકર અને પ્રેમશંકર ભીમગજ તળાવે આવેલ જટ્ટાશંકરના આશ્રમે દ્વારકાપીઠના મઠાધિપતિની ગાદી કેમ હડપવી એ વિષે ચર્ચા કરી રહ્યા હતા. પંડિત શાંતિભૂષણની દ્વારકાના મંદિરમાંથી હકાલપટ્ટી કર્યા પછી પ્રેમશંકરના આંટાફેરા પંડિત જટ્ટાશંકરના આશ્રમે વધી ગયા હતા.

'એ વિષે વિચાર વિમર્શ કરવા તો પુરા બે પહોરની મુસાફરી કરીને આપના આશ્રમે આવ્યો છું. શાંતિભૂષણને હટાવવાની યોજના તો પાર પડી ગઈ. તમારી સાધ્વીઓને પણ હેમખેમ પાછી પહોંચાડી દીધી છે એ પણ જોઈ લેજો.' પ્રેમશંકર ખંધુ હસતો બોલ્યો.

'હા એ તો બંને હેમખેમ આવી ગઈ અને સાથે મારા બીજા ભક્તો પણ, મને પ્રણામ કર્યા વગર કોઈ થોડું આશ્રમમાં દાખલ થઇ શકે?'

'પંડિતજી હવે મારા માટે શું હુકમ છે?' પ્રેમશંકરે હવે કાવતરા ખોર જટ્ટાશંકરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી હતી.

'શાંતિભૂષણના વતનમાં તપાસ કરાવો એની કોઈ નબળી કડી હોય તો એ શોધો, દોસ્ત કરતાં દુશ્મનને નજીકથી ઓળખવો ખુબ જરૂરી છે.' કાવતરાખોર જટ્ટાશંકર હવે એની મઠાધિપતિ થવાની યોજનાને અમલમાં મુકવા સક્રિય થઇ ગયો હતો.

'હું મારા એક મળતિયાને વઢવાણ રહેવા માટે જ મોકલી દઈશ, બીજો કોઈ હુકમ?'

'દ્વારકાધીશના મંદિરે જેવી શાંતિભૂષણની આભા હતી એવી જ મારી આભા ઉભી કરો, ગુરુકુળના વિધાર્થીઓ અને ગૌશાળાની ગતિવિધિમાં કોઈ અડચણ ના આવે એની તકેદારી રાખો અને એના માટે જરુર પડે તો મારા ભક્તોની મદદ લો.' જટ્ટાશંકર એના સોગઠાં ગોઠવવા મંડ્યો હતો.

'એણે માંડવી શહેરમાં ગંગેશ્વર મહાદેવના મંદિરે આશ્રમ કર્યો છે, કચ્છ સ્ટેટના બાળકો આપણી પાઠશાળાએથી ત્યાં જવા લાગ્યા છે.'

'કચ્છ સ્ટેટમાં આપણી બે માંથી કોઈની કારી ના ફાવે, એણે ખુબ વિચારીને માંડવી શહેરની પસંદગી કરેલ છે.' કચ્છ સ્ટેટનું નામ આવતા જટ્ટાશંકર થોડો ચિંતાતુર થઇ ગયો.

'હવે હું તમારી પધરામણીની વ્યવસ્થા કરું છું અને હા આપણે વિધા માટે દક્ષિણ ભારતવાળી યોજના પણ અમલમાં મુકવાની છે.' વિધાની વાત કરતાં પ્રેમશંકરની આંખમાં વાસનાનો કીડો સળવળી ઉઠ્યો.

'મને એક વખત તમારી વિધાનો મેળાપ કરાવી દો, એને સમજાવવાની જવાબદારી મારી.' જટ્ટાશંકર આત્મવિશ્વાસથી બાંહેધરી આપતા બોલ્યો.

જટ્ટાશંકરની ધામધૂમથી પધરામણીની વ્યવસ્થા થઇ ગઈ એટલે પ્રેમશંકરે શાંતાબેન અને વિધાને વાત કરવાનું નક્કી કર્યું.

'આપણા મંદિરે પંડિત જટ્ટાશંકરજી આવવાના છે, તમારે બંને એ પણ દર્શન કરવા આવવાનું છે.' ઘરે સાંજનું ભોજન કરતો પ્રેમશંકર બોલ્યો.

'દ્વારકાધીશનું મંદિર છે એટલે કેટલાય પંડિતો આવે અને જાય, દરેકની પધરામણી વખતે અમારે શું આવવાનું.' શાંતાબેનને પાંડિત શાંતિભૂષણની હકાલપટ્ટી થઇ પછી કોઈ પંડિત કે સ્વામીમાં રુચિ નો'તી.

'પંડિત જટ્ટાશંકરજી મને પ્રયાગમાં મહાકુંભની બેઠક વખતે મળેલા, ખુબ જ જ્ઞાની અને વગદાર છે.' પ્રેમશંકરે ભોજન કરતાં કરતાં રસોડામાં કામ કરી રહેલી વિધા સાંભળે એમ કહ્યું.

'એ મોટા પંડિતજી હોય એમાં આપણે શું?' શાંતાબેનને પંડિત શાંતિભૂષણના ગયા પછી બીજા કોઈ પંડિતના વખાણ કરે તો એ પણ ગમતું નહીં.

'અરે એમ વાત નથી, પંડિતજીને દક્ષિણ ભારતના મંદિરોમાં બહુ જ ઓળખાણ છે, જો એ ધારે તો આપણને વિધાના સગાસંબંધીઓને શોધી આપવામાં મદદ કરી શકે.' પ્રેમશંકરે જાણીજોઈને મમરો મૂક્યો, પોતાની વાત આવતા વિધાએ પોતાના કાન સરવા કર્યા.

'જો એવુ હોય તો પંડીજીને વિધા માટે વાત કરી શકાય, આ પંડીતજી ક્યારે પધરામણી કરવાના છે?' શાંતાબેનને હવે પ્રેમશંકરની વાતમાં રસ પડ્યો.

'વિધાના માં-બાપ તો હવે આ દુનિયામાં નથી પણ એને ભારતમાં જો કોઈ સગાવહાલાંનો સાથ મળી જાય તો એની આ અનાથ અવસ્થામાંથી છુટકારો થાય.' પ્રેમશંકરની વાતથી વિધા મનોમન હરખાઈ ગઈ.

વિધાને પોતાના માથા ઉપર લાગેલ અનાથનું ટીલું ભૂંસાવા માટે દુર દુર આશાનું કિરણ દેખાણું.

‘પંડિતજી ખાલી મારી વિધા માટે જ આવી કિંમતી ભેટ?’ શાંતાબેનને પંડિત જટ્ટાશંકરે રેશમની ચણિયા ચોળી વિધાને ભેટ આપી એટલે સ્વાભાવિક પૂછ્યું. શાંતાબેન અને વિધા પ્રેમશંકરના આગ્રહથી પંડિત જટ્ટાશંકરના દર્શન કરવા બેઠા હતા.

‘આમ તો મારા જેવા સન્યાસીએ કોઈ કન્યાને આવી મોંઘી સાંસારિક ભેટ આપવી સાહજિક ના ગણાય, પણ અમારી દક્ષિણ ભારતની યાત્રા દરમ્યાન પુજારીજીએ મને વિધાના દુર્ભાગ્યની વાત કરી. બસ આજ કારણથી એના ખિન્ન થયેલ મનને થોડી શાતા મળે એટલે, આશ્રમની શિષ્યાઓ પાસે બનાવડાવીને ખાસ વિધાને અર્પણ કરી છે.’ પંડિત જટ્ટાશંકરની મૃદુભાષા એના મુખમંડળ ઉપર કામદેવ જેવું તેજ અને એની બોલવાની છટ્ટા જોઈને વિધા ધીરે ધીરે મંત્ર મુગ્ધ થઇ ગઈ.

‘પંડિતજી મને પુજારીજી કહેતા હતા કે તમે વિધાને એના કુટુંબીજનો શોધવામાં મદદ કરશો.’ શાંતાબેનને પંડિત જટ્ટાશંકર માટે ઘણા બધા પ્રશ્નો હોય એવું લાગ્યું.

'તો કોચીનમાં મારા કોઈ કુટુંબીજનો છે?' વિધાથી બોલ્યા વગર ના રહેવાયું.

‘એમ એવી રીતે ના ખબર પડે, એતો ત્યાં જઈ ને ઊંડી તપાસ કરવી પડે.’ પંડિતજીએ વિધાની જિજ્ઞાસાને પ્રબળ બનાવવા પાસો ફેંક્યો.

વિધા પંડિતજીની વાતથી સપનાની દુનિયામાં સરકવા લાગી.

‘અને હા તારા પરદાદાને કોચીનના રજવાડાએ દેશવટો આપેલો એટલે ત્યાં થોડી કાળજી રાખીને તાપસ કરવી પડે.’ પંડિતજીએ જે કરવાનુંછે એ સાવચેતી રાખીને કરવાનું છે એ વાત પર ખાસ ભાર આપ્યો.

‘પંડિતજી, કોઈને જાણ કર્યા વગર તો કોઈની શોધ કેવી રીતે શક્ય બને?’ વિધા જીજ્ઞાશાથી બોલી, એને હવે વધારે ને વધારે જાણવું હતું.

‘કોચીનમાં કોઈ મંદિરે તારો પ્રવેશ લેવડાવીને પછી તારા કુટુંબીઓને શોધવાની કામગીરી થઇ શકે.’

વિધાને જાણે પંડિત જટ્ટાશંકરના રૂપમાં ખુદ ભગવાન મળી ગયા. વિધાના ચહેરા ઉપર ખુશીની લહેર જોઈને પંડિત વાતને આગળ વધારી.

‘મારે એકાદ બે મહિનામાં, કોચીનની યાત્રાએ જવાનું છે, જો પૂજારીજીની પરવાનગી હોય

તો આપ પણ મારી સાથે દક્ષિણ ભારતના મંદિરોની પવિત્ર યાત્રામાં જોડાવ. હા મારી સાથે યાત્રામાં મારી અનેક શિષ્યાઓ પણ હશે એટલે ચિંતાનું કોઈ કારણ નથી.' જટ્ટાશંકર માર્મિક હાસ્ય કરતો બોલ્યો.

પ્રેમશંકરને વિધાના ચહેરા ઉપરની ખુશી જોઈને પંડિત જટ્ટાશંકરનો જાદુ ચાલ્યો એ ખાત્રી થઇ ગઈ.

આશ્રમના કાર્યાલયે દ્વારકાધીશના મંદિરથી આવેલો પત્ર જોઈ પંડિતજીએ કુતુહલ પૂર્વક ખોલ્યો. પત્ર ખોલીને વાંચતા જ એના કપાળ ઉપર ચિંતાની રેખાઓ સ્પષ્ટપણે દેખાઈ આવી. કાંઈક નક્કર યોજના વિચારતા એ આશ્રમના ખેતરે કાળુ કણબીને શોધવા નીકળ્યા.

'છેક ઢાકાથી પહેરામણી રૂપે આવેલો મોંઘો રેશમનો તાકો, હું કોની મંજૂરીથી આમ શહેરના વેપારીને અપાવી દઉં? આ તાકો સૌથી પહેલા તો દ્વારકાધીશને અર્પણ થાય.' મુનીમજીની મંદિરના એક પૂજારી સાથેની માથાકૂટ ખૂણામાં બેઠેલ એક કણબી ધ્યાનપૂર્વક સાંભળતો હતો.

'મુખ્ય પુજારીજી પ્રેમશંકરજીએ કહેવડાવ્યું છે.' વેપારીને સાથે લઇને આવેલા પૂજારીએ જવાબ આપ્યો.

'પૂજારીજી તમને અને મને બંને ને ખ્યાલ છે કે પૂજારી પ્રેમશંકરજી આ મંદિરના વહીવટદાર નથી.' મુનીમજી તિરસ્કાર પૂર્વક બોલ્યા.

'એ તમારી વાત સાચી પણ જ્યાં સુધી મઠાધિપતિની ના હોય ત્યાં સુધી તો મુખ્ય પૂજારીજી કહે એમ થાય ને?' પૂજારીને કેમ પણ કરીને મોંઘા રેશમના તાકાને હડપાવીને વેપારીને અપાવી દેવાની દાનત હતી.

'જે થવા લાયક હતા એને તો કાઢી મૂક્યા, ભગવાન જાણે ક્યારે આ મંદિરને મઠાધિપતિ મળશે.' મુનીમજી બબડ્યા.

'મુનીમજી તો પછી મુખ્ય પૂજારીજીને કહી દઉં કે વેપારીને આ તાકો નહીં મળે ?' પૂજારી હવે ધમકી ઉપર ઉતરી આવ્યો.

'ના મને ના પાડવાનો કોઈ અધિકાર નથી, હું તો તાકો અપાવડાવી દઉં પણ મુખ્ય પૂજારીજીને કહી દેજો કે ચોપડે નોંધ કરી રાખું છું અને નવા મઠાધિપતિ આવે અને જો નોંધ માંગે તો હું આપી દઇશ.' મુનીમજી ચોપડે નોંધ કરતા બોલ્યા.

'એ રામુ, ઢાકાથી આવેલ પહેરામણી લઇ આવ.' મુનીમજીએ રામુને સૂચના આપી.

રેશમના કાપડનો તાકો લઇને પૂજારી અને વેપારી નીકળ્યા. જતા જતા પૂજારીનો બબડાટ તો ચાલુ જ હતો. ખિન્ન હૃદયે મુનીમજી પાછા કાંઈ નોંધ કરવા માટે વ્યસ્ત થઇ ગયા.

'મુનીમજી?' ખૂણામાં બેઠેલ કણબી ધીરેથી બોલ્યો.

'હં?' પરિચિત અવાજ સાંભળી મુનીમજી ચોંક્યા અને માથું ઊંચું કરીને કણબી સામે જોયું.

'પંડિતજી......પંડી....તજી' પંડિત શાંતિભૂષણનો અવાજ સાંભળીને મુનીમજી આશ્ચર્ય ચકિત થઇ ગયા.

'હા મુનીમજી તમારો પત્ર મળ્યો એટલે રૂબરૂ આવવું પડ્યું.' કણબીનો વેશ બદલો કરીને આવેલ પંડિતજી મુનીમજીની બેઠક નજીક આવ્યા.

'કોઈ આવે એ પહેલા વાત કરી દઉ, પ્રેમશંકર અને એનો મળતિયો પંડિત જટ્ટાશંકર

વિધાને દક્ષિણ ભારતની યાત્રાએ લઇ જઈને દેવદાસી બનાવી દેવા માંગે છે.' મુનીમજીએ એક વાકયમાં વિધા ઉપર આવી પડનારી તકલીફનું આબેહૂબ વર્ણન કરી દીધું.

'મુનીમજી, આ તો ખુબ મોટું આળ કહેવાય. આ વાત તમને કોઈએ કહેલ છે કે તમે વાતના રૂબરૂ સાક્ષી છો?'

'કોચીનના થિરુમલા દેવસ્થાનના સંસ્કાર ધામમાં પોટ્ટકટ્ટુ વિધિ એટલે દેવદાસીની વિધિ એટલી તો ઇતિહાસના થોડા ઘણાં જાણકાર હોય એને પણ ખબર હોય. મારા કાને સંભાળેલ વાત છે અને મારી આંખો સામે જ વિધા ભોળવાઈ ગઈ છે.'

'મારે વિધાને મળવું પડશે, જોખમી તો છે પણ એનું ભવિષ્ય બચવાનું હશે તો આ એક જ ઉપાય છે.' પંડિતજીએ લાચારીથી મુનીમજી સામે જોયુ.

'આપ મારા ઘરે પધરામણી કરો, હું મારા ઘરે વિધાની મુલાકાત કરાવી દઉં.' મુનીમજીએ પંડિતજીને હાથ જોડીને વિનંતી કરી.

'એ મુલાકાત તો જગ જાહેર થઇ જાય અને પછી ગામના મોઢે ગરણાં ના બાંધવા જવાય.' પંડિતજીની વાત મુનીમજી પણ સમજતા હતા.

'તમે ચિંતા ના કરો, મારી પાસે યોજના છે.' ક્હેતા પંડિતજી ત્યાંથી નીકળી ગયા.

'કોણ છે અંદર?' વિધાનો ગભરાઈ ગયેલો અવાજ આવ્યો.

'હું શાંતિભૂષણ.' રાધાનો જન્મ થયેલ એ ગૌશાળાની ઓરડીમાં પંડિતજીએ ધ્યાનમાં જ આખી રાત વિતાવી હતી.

'પણ અહીંયા?' વિધા પ્રણામ કરીને ઉભી રહી.

'મને ખબર છે, તું દરરોજ તારી દીકરીની યાદમાં ગૌશાળામાં આવીને સૌથી પહેલા આ નીરણ ભરવાની ઓરડીની મુલાકાત લે છે.' પંડિતજી પદ્માસનમાં

'એક તડપતી માંની આંતરડી કકળાવીને એક સન્યાસીને શું મળવાનું છે?' વિધાની વાતમાં પંડિતજી પ્રત્યેની નફરત છલકાઈ આવી.

'વાત એટલી સહેલી નથી અને અત્યારે હું રાધાની વાત કરવા નહિ આવ્યો.' પંડિતજી એક સન્યાસીની મર્યાદાને ઓળગીને એક યુવાન સ્ત્રી સાથે એકાંતમાં વાર્તાલાપ કરી રહ્યા હતા એટલે આંખો બંધ રાખીને જ બોલ્યા.

'રાધા સિવાય મારી જિંદગીમાં બીજી કોઈ એવી શું વાત હોઈ શકે?' વિધા પણ બંધ આંખે હાથ જોડીને ઉભી હતી.

'તારે, દક્ષિણ ભારતની યાત્રા કોઈ પણ બહાનું કાઢીને રદ કરવાની છે.' પંડિતજી વિધાને હુકમ કરતા હોય એવા દ્રઢ સ્વરે બોલ્યા.

'મારી દીકરી મારાથી દૂર થઇ ગઈ, હવે મારા કોઈ દૂરના સગાં મને મળી જાય એ આશા છે. મારે હવે આ નર્કમાંથી છૂટવું છે અને મારા કપાળે અનાથનું જે ટીલું લાગ્યું છે એ મિટાવવું છે.' વિધાના અવાજમાં કડવાહટ હતી.

'પણ દક્ષિણ ભારતની યાત્રા કરવાથી અંધકારમય ભવિષ્યની પુરી શક્યતા છે.'

'આ પરિસ્થિતિથી અંધકારમય શું હોઈ શકે, પંડિત જટ્ટાશંકરજીએ મને આ નર્કમાંથી નીકળવાની રસ્તો બતાવ્યો છે એટલે યાત્રાતો મારે કરવી જ પડશે. મારે આપના હુકમનો અનાદર નથી કરવો પણ મારી મજબૂરી છે.' વિધા યાત્રા કરવાના પોતાના નિર્ણયમાં અડગ હતી.

'એવું પણ બને કે એક નર્કમાંથી છૂટવાની લાહ્યમાં બીજું નર્ક મળે? ફરી એક વખત વિચારી જો.' પંડિતજીએ વિધાને વિનંતી કરી.

'આપણી કૃપાથી મારી રાધા તો મને કદાચ ક્યારેય મળવાની નથી તો પછી અંધકારમય ભવિષ્યના ખોટા ડરથી મારે આખી જિંદગી આ નર્કમાં જ વિતાવવાની?' વિધાની વાત અને કટાક્ષમાં પંડિતજીનો અનાદર સ્પષ્ટ વરતાતો હતો.

'સારુ, યાત્રા પ્રારંભ કરવાનું મુહૂર્ત ક્યારે છે?' વિધા સાથે હવે તર્ક કરવાનો કોઈ અર્થ નથી એ વિચારે પંડિતજીએ વાત પુરી કરી.

'મંદિરે જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવીને પછી યાત્રા શરુ થશે.' વિધા બોલી અને પંડિતજી વધુ કોઈ વાત સમજાવવાનો પ્રયત્ન કરે એ પહેલા પ્રણામ કરીને નીકળી ગઈ.

પ્રકરણ ૧૯

પ્રેમની નિશાની



બેટદ્વારકા કબજામાંથી ગયું એટલે પહેલા નિષ્ફળ હુમલાની ભૂલોને સુધારી પુરા એક વર્ષ પછી ફરી હુમલો કરી અને વાઘેરોએ દ્વારકા શહેરને પોતાના કબજામાં લઇ લીધું. બેટ દ્વારકા ગુમાવ્યું પણ દ્વારકા શહેર કબજામાં લઇને વાઘેરોએ દ્વારકા શહેરને ઓખામંડળનું પાટનગર બનાવી જોધાભાઈ માણેકને ઓખામંડળના રાજા જાહેર કરી દીધા.

‘જો મુળુ, એક વાત પાકી છે. તમે બધાય ભલે મને તમારો મુખી અને ઓખામંડળનો રાજા માનો પણ…’ ધર્મશાળાના ફળીયામાં ઢોલિયા ઢાળીને મળેલ બેઠકમાં જોધા ભાઈ બોલ્યા.

‘બસ જોધાકાકા હવે શું પણ અને બણ, કાળીઓ ઠાકોર ધારશે તો બેટ દ્વારકા પણ પાછું મેળવી લેશું.’ મુળુભાઈ અને એના સાથીઓ દ્વારકા શહેરના વાઘેરે લીધેલા કબજાથી ખુશખુશાલ હતા.

‘મુળુ મારી પુરી વાત સંભાળ, જ્યાં સુધી આપણને ઓખામંડળના શેઠ શાહુકાર અને ભામણોનો સહકાર ના મળે ત્યાં સુધી આમ બળવાખોર થઇને જ જીવવું પડશે.’ જોધાભાઈએ ગરમ લોહી વાળા વાઘેર યુવાનોને સમજાવ્યા.

‘તો કાકા અમારે શું કરવાનું એ કયો.’ મુળુભાઈ વાત સાંભળવા અધીરા થઇ ગયા.

‘આવતી જન્માષ્ટમીએ મંદિરે જ ભામણ અને શેઠ શાહુકારોની વચ્ચે જ ઓખામંડળના રાજાની વિધિ કરવાની તૈયારી કરો.’

‘પણ કાકા એ વિધિની ક્યાં જરૂર છે? તમે અમારા દિલમાં ઓખામંડળના રાજા જ છો.’

‘મુળુ એ વાત નથી, જો એ વિધિ થઇ જાય તો સરકારના સિપાઈઓ આપણા ઉપર સીધો હુમલો નો કરી શકે. બળવાખોરનું બિરુદ મિટાવવું હશે તો વાઘેર કોમની હારે બીજા વરણનો પણ ટેકો જોઈ.’

‘મંદિરે, ભામણ વિધિ કરે અને શેઠિયાવ સાક્ષીમાં રહે એવું જ ને?’ મુળુભાઈને જોધાભાઈનો જન્માષ્ટમીએ વિધિ માટેનો આગ્રહ સમજાઈ ગયો.

જોધાભાઈની જન્માષ્ટમી ઉપર દ્વારકાધીશના મંદિરે ઓખામંડળના રાજાના રાજ્યાભિષેકની કાયદેસરની વિધિ કરવાના હુકમથી મુળુભાઈની સાથે કાસમના પણ મંદિરના આંટાફેરા વધી ગયા હતા. કાસમને જયારે પણ મંદિરે જવાનો મોકો મળતો ત્યારે એ મોકો ઝડપી લેતો. કાસમને એક વખત વિધાને મળી પેટછૂટી વાત કરવી હતી.

કાસમને મંદિરના પ્રાંગણમાં હવે કોઈનો ડર નો’તો, એ ધર્મશાળાની ડેલીએ પંડિત

શાંતિભૂષણજીની તપાસ કરવા ગયો.

'પંડિત શાંતિભૂષણજીને મળવું છે.' કાસમે ડેલીએ હિસાબ કિતાબ કરી રહેલ મુનીમજીને પૂછ્યું.

'તમે? ક્યાંક જોયા છે.' મુનીમજી કાસમને ઓળખી ગયા.

'હું કાસમ વાઘેર, મુળુભાઈ માણેકનો સાથીદાર છુ.' કાસમે ગર્વથી પોતાની ઓળખાણ આપી.

'એ દિવસે તમને બોલાવીને થાક્યો પણ તમે સાંભળ્યું જ નહિ.' મુનીમજીને કાસમને વર્ણ પુછાતા જવાબ આપ્યા વિના બહાનું કાઢીને ભાગી ગયો હતો એ પુરી ઘટના યાદ આવી ગઈ.

'એક વાઘેર તરીકે ત્યારે મને ગાયકવાડ સરકારના સિપાઈઓ દ્વારા પકડાઈ જવાનો ડર હતો, હવે તો વાઘેરોનું રાજ છે.' કાસમે અગાઉથી વિચારી રાખેલ જવાબ આપ્યો અને મુનીમજીની શંકાનું સમાધાન થઇ ગયું.

'તમે પંડિતજીનું પુછતા હતા, એણે માંડવી ગંગેશ્વર મહાદેવના મંદિરે આશ્રમ કર્યો છે.' મુનીમજીના અવાજમાં ખિન્નતા હતી.

મુનીમજીના જવાબથી દુઃખી થઇ કાસમ ધર્મશાળાએથી નીકળ્યો. મોરના ટહુકાઓ અને ઘટાટોપ વાદળોના ગડગડાટ વચ્ચે ઝરમર વરસાદ શરુ થયો જે ધીરે ધીરે વીજળી ચમકારાં અને વાદળોના ગડગડાટ વધતાં વધવા લાગ્યો. વરસાદ વધવાને કારણે મંદિરના પ્રાંગણમાંથી ભક્તોની ચલપહલ ઓછી થવા માંડી. વરસાદી તોફાનનો આ મોકો ઝડપી પોતાની પાઘડીનો છેડો મોઢે લગાવતો વિધા કદાચ ગૌશાળામાં મળી જાય એ આશાએ ગૌશાળાના તરફ વળ્યો.

આજુબાજુ સાવચેતીથી નજર કરીને મોકો મળતાંજ કાસમ ગૌશાળા અંદર દાખલ થયો. અચાનક આવેલ ધોધમાર વરસાદ બંધ થવાની રાહ જોતી વિધા ગાયોને નીરણ નાખવાના કામે લાગી ગઈ. કાસમ ગૌશાળામાં દાખલ થયો એટલે વિધાનું ધ્યાન દરવાજા તરફ ગયુ પરંતુ ધોધમાર વરસતાં વરસાદને કારણે એ કાસમને ઓળખી ના શકી.

'ભલાકાકા, અહીં એક ઢાળિયામાં અંદર આવી જાવ, નાહકના પલળી જશો, અત્યારે અનરાધાર વરસાદમાં કેવી રીતે ગાયો દોહશો?' વિધાએ કાસમને ભલાકાકા ભરવાડ માનીને અંદર બોલાવ્યો.

વિધાને પોતાની તરફ બોલાવતી જોઈને કાસમના રુંવાટા ઉભા થઇ ગયા, એ વિધા તરફ આગળ વધવાની હિંમત ના કરી શક્યો એટલે ગૌશાળાના ખુલ્લા મેદાનમાં ખામ્ભી થઇને ઉભો રહી ગયો. વીજળીના ચમકારાઓ વચ્ચે વિધાએ કાસમને નીરખીને જોયો, આ એ જ તો નથીને જેના એકે એક અણુને પોતાનામાં હર્ષથી પ્રવેશવા દીધા હતા?

વિધાની આંખના ભવાં ઊંચા થયા, કપાળ ઉપર આશ્ચર્યની કાળચલીઓ પડી અને દિલની ધડકન તેજ થઇ ગઈ. એ વરસતા વરસાદમાં ભીંજાતી ધીરે ધીરે કાસમ તરફ આગળ વધી, જેમ જેમ વિધા નજીક આવતી ગઈ એમ એમ વરસાદ પણ જાણે કે આ મિલન માટે બેતાબ હોય એમ વધતો ગયો. એ કાસમની નજીક આવી અને ધ્રુજતા હાથે મોઢા ઉપર ઢાંકેલું પાણી નીતરતું કપડું દૂર કર્યું. એણે કાસમને ઓળખ્યો અને બાથ ભરીને ચીપકી ગઈ, વરસાદના બુંદ અને વિધાના આંસુઓ એક થઇ ગયા. કાસમે વિધાની હડપચી ઊંચી કરીને વરસતા વરસાદમાં એક તસતસતું ચુંબન કરી લીધું.

વીજળીના ચમકારા પછી થયેલ વાદળોના ગડગડાટે બંનેને પ્રેમની તંદ્રામાંથી જગાડ્યા. વિધાએ કાસમનો હાથ પકડ્યો અને નીરણ ભરવાની ઓરડીમાં ખેંચી લાવી, જ્યાં રાધાનો જન્મ થયો હતો. ઓરડીની અંદર આવતા જ એણે કાસમને એક તસતસતો લાફો મારી દીધો.

'તું મને છોડીને ક્યાં ભાગી ગયો હતો?' વિધા આટલું બોલતા જ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

'હું? તને મળવા મંદિરે કેટલી વાર આવ્યો પણ તારા એક વખત પણ દીદાર ના થયા.' કાસમ આંખોમાં આંસુ સાથે બોલ્યો.

'તે ખાલી મંદિરના પ્રાંગણમાં આવીને એક અવાજ કર્યો હોત તો હું દોડીને આવી જાત.' વિધા ફરી પાછી કાસમને ચીપકી ગઈ.

'તને છોડ્યા પછી એક પછી એક લડાઈમાં એવો ફસાણો કે હું મારુ પોતાનું અસ્તિત્વ જ ભૂલી ગયો.' એ ખિન્ન અવાજે બોલ્યો.

'હા પણ હવે તો તું મને મળી ગયો? ચાલ આ દેશ છોડીને આફ્રિકા જતા રહીએ.' દુઃખ સહન કરીને થાકી ગયેલ વિધાને હવે એક ઘડી પણ મંદિરમાં રહેવું નો'તુ.

'તને ખબર છે ને બેટ દ્વારકામાં અંગ્રેજોએ હજારો નિર્દોષ વાઘેરોની કતલ કરી નાખી છે, હું પણ અંગ્રેજો સામે મારી તાકાત પ્રમાણે લડ્યો. વાઘેર થયો એટલે હાલ પૂરતું ક્યાંય પણ બહાર નીકળવામાં જીવનું જોખમ છે. હું અને તું અત્યારે અહીં દ્વારકા શહેરમાં જ સલામત છીએ.' કાસમે વિધાને હકીકત સમજાવી.

'તને ખબર છે આપણા પ્રેમની નિશાની પણ છે.' કહેતાં વિધાના ચહેરા ઉપર ચમક આવી ગઈ.

'શું?' કાસમને સમજાણું નહિ.

'હા અને એ નિશાનીનું નામ છે રાધા.' બોલતાં વિધા શરમાઈ ગઈ.

'આપણી દીકરી? આપણા પ્રેમની નિશાની? ક્યાં છે? મારે જોવી છે.' કાસમ અધીરો થઇ ગયો.

'એ અહીંયા નથી પણ જ્યાં છે ત્યાં સલામત છે, પંડિત શાંતિભૂષણની દેખરેખ નીચે.' વિધા બોલી.

'પંડિતજી ક્યાં છે, તને ખબર છે એણે મારી જાણ એક વખત બચાવી હતી?'

'તો એ તું હતો? પંડિતજીએ એક વાઘેરની જાન બચાવી હતી એ તો બધા ને ખબર છે.'

'હા એ હું જ, ત્યારે પણ મેં પંડિતજીને તારા વિષે પૂછ્યું હતું. પણ જીવ બચાવવો મહત્વનો હોવાથી મારે ભાગવું પડ્યું હતું.'

'તું ના મળ્યો એટલે હું તો જન્માષ્ટમી પછી યાત્રાએ નીકળી જવાની હતી.'

'હવે હું આવી ગયો પછી શેની યાત્રા? આ યુદ્ધનો માહોલ થોડો ઓછો થઇ જાય પછી જોધાભાઈની પરવાનગીથી લગ્ન કરીને કે દ્વારકા રહેશુ અને કાં આફ્રિકા, તને જ્યાં પસંદ હોય ત્યાં ઠરી ઠામ થઇ આપણી દીકરી રાધાને ઉછેરશું.' કાસમ વિધાની હડપચી ઊંચી કરતો બોલ્યો.

'કોની પરવાનગી? આપણે કોની પરવાનગીની જરૂર? મારા માતાપિતા જીવતા નથી અને તારા તારી સાથે નથી. માંડવી જઈ પંડિતજી પૂછી જ્યાં હોય ત્યાંથી રાધાને શોધી પછી આફ્રિકા જતા રહીયે.' વિધા અધીરી થઇ ગઈ.

'તું કહે એટલું સહેલું નથી, આફ્રિકા જવા મારે ખેપ શોધવી પડે અને સરકારને જો ખબર પડે તો મને જીવતો ના મૂકે. હવે હું આવી ગયો ને? પહેલા મારી યોજના જુદી હતી, હવે રાધા જ આપણું ભવિષ્ય.' કાસમે કહ્યું.

'તારી પાસે હવે જન્માષ્ટમી સુધીનો જ સમય છે, યાત્રામાં જવાની હું છેલ્લી ઘડીએ ના પાડીશ એટલે સાચી વાત બહાર આવ્યા વગર નહિ રહે.'

'મારે મુળુભાઈની મંજૂરી તો લેવી જ પડશે. તું છો બ્રાહ્મણ અને હું મુસલમાન, ઉતાવળે પગલું ભરશું તો હેરાન થઇ જઈશું.' કાસમને બહારની દુનિયાનો અનુભવ હતો, ભલે એ વાઘેર હતો પણ અંતે તો એ મુસલમાન હતો.

'હું એક વખત યાત્રાએ નીકળી ગઈ પછી મને ભૂલી જજે.' વિધાની ધમકીએ કાસમને ચિંતિત કરી દીધો.

સવારે ઉઠીને વિધાના દર્શન કર્યા વગર બહાર ના નીકળવા વાળો પ્રેમશંકર નિયત સમયે ગૌશાળાથી વિધા પાછી ના આવી એટલે અધીરો થયો.

'આ હજુ કેમ ના આવી?' શાંતાબેન સાંભળે એવી રીતે પ્રેમશંકર બબડ્યો.

'એ વરસાદ ચાલુ છે તો પલળતી થોડી આવશે?' શાંતાબેન અંદરથી વરસતા વરસાદમાં પ્રેમશંકર સાંભળી શકે એટલા મોટા અવાજે બોલ્યા.

'એક ટંક ગાયોને નીરણ ના નાખે તો ના ચાલે, બીમાર પડશે પાછી.' પ્રેમશંકર ખોટી ચિંતા કરતો બોલ્યો.

'તો તમે જાવ ને વરસાદ બંધ રહે એટલે આવી જશે.' શાંતાબેને છણકો કર્યો.

'લે તે છણકો કર્યો એ સાંભળીને આ વરસાદ પણ ઓછો થઇ ગયો.' વિધાના મોહમાં પ્રેમશંકર શાંતાબેનના છણકા અને કટાક્ષોને અવગણવા મંડ્યો હતો.

બરાબર એ સમયે જ વરસાદને કારણે ભીંજાઈ ગયેલ વિધા ખડકી ખોલીને અંદર આવી, એ સાક્ષાત રંભા જેવી લાગતી હતી. વરસાદથી ચૂંદડી ભીની થવાને કારણે એ વિધા ના શરીર સાથે ચીપકી ગઈ હતી. વિધાના શરીરના સ્પષ્ટ દેખાતા ઉભારોને જોઈ પ્રેમશંકર કામાંધ થઇ ગયો. એનાથી વિધાના ચહેરા ઉપરની ખુશી છાની ના રહી. પ્રેમશંકરે વિધાને આટલી ખુશ ક્યારેય નો'તી જોઈ. એને ક્યાં ખબર હતી કે વિધા કાસમના મળવાથી મનોમન હરખાતી હતી.

પ્રેમશંકરનું મોઢું ખુલ્લું રહી ગયું અને વિધા તો રુમતી ઝૂમતી ઓસરીના પગથિયાં ચડી ઘરની અંદર જતી રહી.

વિધાની રાહ જોવાની લાહ્યમાં પ્રેમશંકરને પૂજા કરવા જવાનું મોડું થઇ ગયું એટલે એ ઉતાવળે બહાર નીકળી ગયો.

પૂજારી પ્રેમશંકરને ગૌશાળામાં ગાયોની પૂજા કરવા જતો જોઈને ધર્મશાળાની ડેલીએ રાહ જોઈને બેઠેલ એક સાધુ એની સાથે વાત કરવા માટે પૂજારીની પાછળ પાછળ ગૌશામાં ગયો.

'જાય દ્વારકાધીશ.'

'જાય દ્વારકાધીશ.' પ્રેમશંકરની પૂજાની ઘંટડી ચાલુ જ હતી.

'પૂજારીજી વઢવાણથી આવુ છું.' સાધુએ એટલું બોલતા જ પ્રેમશંકરની ઘંટડી બંધ થઇ ગઈ.

સાધુએ ધીમા અવાજે પ્રેમશંકરના કાનમાં કાંઈ વાત કહી અને વાત સાંભળીને પ્રેમશંકરના ચહેરાનો રંગ ઉડી ગયો.

પ્રકરણ ૨૦

બ્રહ્મચારીના લગ્ન



કર્નલ ડોનાવન બેટ દ્વારકાને ધમરોળીને નવરો થયો એટલે ગાયકવાડ સરકારે એને દ્વારકા શહેર ઉપર હુમલો કરવા માટે મનાવવાનું શરુ કર્યું. ગાયકવાડ અને કંપની સરકારના કોઈ પણ સમયે થઇ શકતાં હુમલાના સતત ડર વચ્ચે પણ કાઠિયાવાડમાં વાઘેરોની શાન બતાવવા જન્માષ્ટમીનો ઉત્સવ તો ઉજવવાનો જ હતો. જોધાભાઈના આ દબાણને કારણે બધા વ્યસ્ત થઇ ગયા હતા.

વિધાને અકસ્માતે મંદિરે મળ્યા પછી, કાસમે બે ત્રણ વખત મુળુભાઈને નિરાંતે વાત કરવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા પણ મુળુભાઈની સતત વ્યસ્તતાને કારણે નિરાંત મળી જ નહિ. નિરાંત ખુબ જરૂરી હતી કારણ કે વાત પણ નાની નો'તી, એક મુસલમાનને બ્રાહ્મણની દીકરીના હાથનું માંગુ નાખવાનું હતું. ખોટા સમય ખોટી વાત થઇ જાય તો પોતાનું આવી બને એ વાતનો કાસમને બરાબર ખ્યાલ હતો. કાસમની વાત કરવા માટે નિરાંતનો સમય શોધવાની મથામણમાં, શીતળા સાતમ પણ આવી ગઈ. શીતળા સાતમને કારણે ધર્મશાળાએ અગ્નિને વિધિવત ઠારી દેવામાં આવ્યો હતો એટલે બધાને ઠંડી રસોઈ ખાવાની હતી. કાસમ માટે આજે મુળુભાઈ સાથે વાત કરવાની છેલ્લો દિવસ હતો, આવતી કાલે જન્માષ્ટમી મહોત્સવ શરુ થવાનો હતો.

આવી જ વ્યસ્તતાની વચ્ચે મંદિરના પ્રાંગણમાં મુળુભાઈની સાથે કામ રહેલ કાસમનું ધ્યાન ગૌશાળા તરફ ગાયોને નીરણ નાખવા જતી વિધા ઉપર ગયું. વિધાને જોતા જ એણે આપેલ ધમકી કાસમને યાદ આવી ગઈ. કાસમ પાસે જન્માષ્ટમી સુધીનો જ સમય હતો, જન્માષ્ટમી પછી તુરંત જ વિધાની દક્ષિણ ભારતની યાત્રા પંડિત જટ્ટાશંકરના યાત્રા સંઘમાં શરુ થવાની હતી. કાસમ પાસે હવે રાહ જોવાનો સમય નો'તો બચ્યો. વિધા ગૌશાળામાં દાખલ થઇ અને કાસમની વિચાર યાત્રા તૂટી, એ મુળુભાઈને વાત કહેવા માટે અધીરો થઇ ગયો, કાસમે મુળુભાઈને મંદિરના પ્રાંગણમાં ઉત્સવને લગતી સૂચનાઓ આપતા જોયા એટલે એ એની અને વિધાની વાત કહેવા માટે મુળુભાઈ તરફ ઉતાવળે ચાલ્યો.

'મુળુભાઈ મારે નિરાંતે એક વાત પૂછવી છે.' ઉત્સવની વ્યવસ્થામાં વ્યસ્ત મુળુભાઈ પાસે જઈ કાસમે પૂછ્યું.

'કાસમ આજે સાંજે વાળુ કરીને નિરાંતે વાત કરીશું.' બોલતા કાસમને ખભ્ભે હાથ રાખીને મુળુભાઈ નીકળી ગયા.

'જે થાય તે પણ હવે આજે સાંજે વાત તો કરવી જ પડશે.' કાસમે મનોમન નક્કી કર્યું. કાસમ પાસે એના અને વિધાના લગ્નની વાત કરવા માટે હવે જાજો સમય નો'તો.

મુળુભાઈ સવારે મંદિરેથી નીકળી ગયા પછી બપોર સુધી કોઈ વાવડ નો’તા. કાસમ માટે કટોકટીનો સમય શરુ થઇ ગયો હતો. એક વખત જન્માષ્ટમી મહોત્સવ શરુ થઇ જાય પછી વાત એના કાબુ બહાર થઇ જવાની હતી, એ સાંજ પાડવાની રાહ જોયા વિના મારતે ઘોડે મુળુભાઈને શોધવા ધર્મશાળાએ પહોંચ્યો.

‘એય કાના, મુળુભાઈને જોયા?’ એ ધર્મશાળામાં દાખલ થતા જ કાસમને કાનો વાઘેર સામો મળ્યો એટલે પૂછ્યું.

‘એતો રોંઢા ટાણે જ ગામતરે ગયા છે.’ કાનો બોલ્યો.

‘હેં?’ મુળુભાઈ ગામતરે જાય અને કાસમને સાથે લીધા વગર ગયા હોય એવું પહેલા તો ક્યારેય બનેલ નહિ એટલે આશ્ચર્ય ચકિત થઇ ગયેલ કાસમને આંચકો લાગ્યો.

‘તમે મંદિરે કામ કરતાં હતા એટલે તમે મળો તો વાવડ આપી દેવાનું કે’તા ગયા છે.’ કાનો હાલતો હાલતો બોલ્યો.

‘મને સાથે લીધા વગર કોઈ દિવસ ઘરની બહાર ના નીકળવાવાળા મુળુભાઈ ગામતરે નીકળી ગયા?’ ચિંતાતુર કાસમને દાળમાં કાંઈક કાળુ લાગ્યું. એ લમણે હાથ દઈને ધર્મશાળાના ફળીયામાં નાખેલ ઢોલિયે બેઠો. ઢોલિયાની આજુબાજુ બીજા ખાટલાં ઢાળેલ હતાં. આ બધા ખાટલા મુળુભાઈ એની બેઠક માટે વાપરતા હતા.

સાંજ પડી ગઈ, મશાલ વાળો લમણે હાથ દઈને મુળુભાઈની રાહ જોઈ બેઠેલ કાસમ પાસે આવ્યો.

‘કાસમ ભાઈ જમવા બોલાવે છે. હવે છેલ્લી પંગત છે.’ મશાલવાળો કાસમના ઢોલિયા પાસે આવીને બોલ્યો.

‘ના મારે નથી ખાવુ, કહી દે આજે મારે શીતળા સાતમનો ઉપવાસ છે.’ એ કટાક્ષમાં બોલ્યો, કાસમ આજે મુળુભાઈ સાથે વાત કર્યા વગર સુવાનો નો’તો. સવારે મંદિરે જન્માષ્ટમીનો મહોત્સવ હોવાથી સવાર પહેલા તો મુળુભાઈએ ધર્મશાળાએ પાછું આવવું જ પડશે એ વાતની કાસમને ગળા સુધીની ખાતરી હતી.

રાહમાંને રાતના છેલ્લા પહોર શરુ થઇ ગયા, મશાલો પણ હવે ઠરી ગઈ હતી. કાસમ હજુ પણ જાગતો બેઠો હતો. આજ રાત મુળુભાઈ ના મળે તો પરોઢિયે જોધાભાઈને મળવું જ પડશે નહીંતર વિધાને ગુમાવવાનો વારો આવશે.

એ વિચાર પૂરો થાય એ પહેલા જ મુળુભાઈ એના સાથીઓ સાથે ધર્મશાળામાં દાખલ થયા, ચંદ્રના અજવાળામાં ફળીયાને ઢોલિયે કોઈને જોયું એટલે મુળુભાઈએ ઘોડાને ઢોલિયા તરફ ડચકાર્યો.

‘મુળુભાઈ?’ કાસમ અધીરો થઇને બોલ્યો.

‘હા કાસમ.’ કહેતા એ ઘોડેથી ઉતરી અને કાસમની પાસે ખાટલે બેસી ખભે હાથ રાખતાં બોલ્યા.

‘તમે…’ કાસમ વાત પુરી કરે એ પહેલા મુળુભાઈએ એને અટકાવ્યો.

‘હું તને છોડીને મારા ઘરની બહાર નથી નીકળ્યો અને ગામતરે કેમ હાલી નીકળ્યો એ જ વાત છે ને?’ મુળુભાઈ બોલ્યા.

‘ના..એ નહિ?’ કાસમની પાસે ફાલતુ વાતો નો હવે સમય નો’તો બચ્યો એને તો વિધાની વાત કરવી હતી.

‘ભાઈ, મને પુરી વાત કહેવા દે પછી તારે જે કહેવું હોય એ કહેજે. તને મંદિરે છોડીને હું જોધાકાકાને મળવા ગયો અને રસ્તામાં મને વાવડ મળ્યા કે બે વાઘેર ધીંગાણે ચડી ગયા છે. મને ચિંતા થઇ કે આવા કપરા સમયે અંદરોઅંદર કપાઈ મરશું તો આ સરકાર સામે કેમ બથ

ભરશું એટલે મારતે ઘોડે મનાવવા નીકળ્યો.' મુળુભાઈએ કહ્યું.

'વાંધો નહિ પણ મારે..'

'અરે તું સાંભળ તો ખરો, વાત શું હતી ખબર છે? મેમણની છોકરી અને માણેકના છોકરાના મન મળી ગયા. '

'ઈ માં વાંધો...' કાસમને બીજાની વાતમાં કોઈ દિલચસ્પી નો'તી, એને તો બસ વિધાની વાત કરાવી હતી.

'વાંધો તો પડે જ ને કાસમ, આપણે બોલીયે વાઘેર, કર્મે વાઘેર પણ ધર્મે વાઘેર નથી એટલે આ વાતે કોઈ માબાપ અંદરથી રાજી ના હોય. અતારના જુવાનિયાઓ એ વાત વિચારવી જોઈ ને?' મુળુભાઈ ઉભા થતા બોલ્યા.

'પણ..' કાસમ થોથવાઈ ગયો, મુળુભાઈ તમે નથી લઇ ગયા એમાં પણ મને કોઈ વાંધો નથી બસ મારી વિધા માટેની વિનંતી નિરાંતે સાંભળો એ વાત કરવાની હિંમત કરે એ પહેલા જ મુળુભાઈ ઉભા થયા.

'કાસમ સવારથી રખડપટ્ટીમાં થાકી ગયો છું, મારે હજુ વાળુ પણ કરવાનું છે. સવારે વધારે વાત કરશું.' કહીને મુળુભાઈ એના ઘોડાને દોરીને ચાલતાં થયા.

'પણ ભાઈ..'

'સુઈ જા હવે પાછો માંદો પાડીશ.' દૂર જતા મુળુભાઈએ જવાબ વાળ્યો.

'હું વિધાને કેવી રીતે મનાવીશ.' નકારાત્મક વિચારોના વમળોમાં કાસમ આકાશ સામું જોઈ ને જાગતો ખાટલે પડ્યો.

દૂર દૂર થઇ રહેલ શિયાળની લાળીઓએ અંધકારના એંધાણ તો આપી જ દીધા હતા.

'પંડિત શાંતિભૂષણને વાત કરુ તો? એ પણ આવતી કાલે ઉત્સવમાં આવવાના છે.'

આજે જન્માષ્ટમી મહોત્સવની તૈયારીઓ કરવાની હતી, વિધાને મેળવવાના સપના ધૂળમાં મળી ગયા એનો ગુસ્સો એના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતો હતો. વિરોધી અને દુશ્મન પંડિત શાંતિભૂષણ આ ક્રોધની બળતરામાં વધારો કરવા ઘી બનીને ગઈ કાલે રાત્રે જ મંદિરે પહોંચી ગયો હતો. પ્રેમશંકરે શાંતાબેન ઉઠે એ પહેલા આંખો ખોલી અને પથારીમાંથી ઉભો થયો.

'એય, વિધાને જગાડ અને કહે કે પૂજા કરવા માટે તૈયાર થઇને રહે.' પ્રેમશંકરે શાંતાબેનને હલબલાવીને જગાડ્યા.

'પણ એ જન્માષ્ટમીની પૂજામાં વિધાની શું જરૂર છે? એમાં તો કુંવારીકાઓને આમંત્રણ હોય ને?' શાંતાબેન શું બોલી ગયા એનું ભાન થાય એ પહેલા તો ખુબ મોડું થઇ ગયું હતું. 'તો શું? વિધા?' પુજારીને એની રહીસહી શંકાનું સમાધાન પણ થઇ ગયુ.

'ના એમ કહું છું કે એ પૂજામાં તો નાની નાની કુંવારીકા ના હોય?' શાંતાબેને વાતને પાછી વાળવાનો પ્રયત્ન કરતા કહ્યું.

'મંદિરના મુખ્ય પૂજારીના હક્કના નાતે વિધાને નોતરું છે, તને કાંઈ વાંધો છે?' પ્રેમશંકર ગુસ્સે થઇ ગયો.

'કાંઈ વાંધો નથી, હું વિધાને કહીશ એ પૂજાપાની થાળી સાથે તૈયાર રહેશે.' શાતાંબેન પોતાને થનાર પાપની ચિંતા કર્યા વગર બોલ્યા.

'અને આ પૂજા દ્વારકાધીશની નથી, ઓખામંડળના રાજાનું સામૈયું ઉપાડવાનું છે. મારે હમણાં પંડિત જટ્ટા શંકર સાથે બેઠક છે એટલે હું નીકળું છું.' બબડતો પ્રેમશંકર ઓરડાની

બહાર નીકળ્યો.

'પણ પ્રાતઃકર્મ તો કરતા જાવ' અંદરથી શાંતાબેનનો અવાજ સાંભળ્યો પણ જવાબ આપવાની દરકાર કર્યા વગર એ વિધા ઉપરના એના ક્રોધનું સમાધાન કરવા ઘરની ખડકી ખોલીને જટ્ટાશંકરને મળવા નીકળી ગયો. *** કાસમ માટે આજનો દિવસ જીવન મરણનો દિવસ હતો. એ મારતે ઘોડે વહેલી સવારે જ પંડિત શાંતિભૂષણને વાત કરવા માટે મંદિરની પાછળ ગોમતી ઘાટે પંડિતજીની સવારીની રાહ જોઈને ઉભો હતો. જોધાભાઈના સામૈયા કરવાનું મુહૂર્ત નજીક આવતું જતું હતું અને પંડિતજીની સવારીના કોઈ વાવડ નો'તા. એ હવે અધીરો થયો, એ ઘોડેથી નીચે ઉતર્યો, ઘોડાની લગામને લાકડાના ખમ્ભાએ ટેકવી ઘાટે બેઠેલ નાવિકોના ટોળા તરફ ચાલ્યો.

'માંડવીથી પંડિત શાંતિભૂષણની સવાર આવવાની હતી એ આવી?' કાસમે ટોળા પાસે ઉભા રહી પૂછ્યું.

'પંડિતજી તો કાલે જ આવી ગયા છે, પાઠશાળામાં રોકાણા છે. હું જ એ સવારી લઇને આવ્યો.' એક નાવિક બોલ્યો.

કાસમે હજુ આટલી વાત સાંભળી ત્યાં જ ઉતાવળે પોતાના ઘોડા તરફ પાછો ફર્યો.

'કાસમભાઈ ગજબ થઇ ગયો.' કાસમના ઘોડા પાસે રાહ જોઈને ઉભેલો કાનો બોલ્યો.

'શું જોધાકાકાનું સામૈયું ચાલુ થઇ ગયું?' પંડિત શાંતિભૂષણને મળવા અધીરો થયેલો કાસમ બોલ્યો.

'અરે સામૈયું ચાલુ થયું અને પંડિત શાંતિભૂષણે પૂરું પણ કરી નાખ્યું.'

'શું?'

'સામૈયું કરવા આવેલ પૂજારીની છોકરી સામૈયું કરતાં બેભાન થઇ ગઈ અને માંડવી આશ્રમના મહંતે એ છોકરી સાથે લગન કરવાનું જોધાકાકાની હાજરીમાં જાહેર કરી દીધું.' કાનો એકી શ્વાસે બોલી ગયો.

'કોણ? પંડિત શાંતિભૂષણજી?' કાસમનું જડબું આશ્ચર્યથી ફાટી ગયું.

'હા એ જ આના પહેલા પણ એના ઉપર આવું જ આળ ચડેલ હતું. ઢોંગી છે મારા હાળા બધાય.' કાનો તિરસ્કારથી બોલ્યો અને ત્યાંથી ઉતાવળે નીકળી ગયો.

'પંડિતજીએ હવે વિધાની આબરૂ બચાવવા ફરી પાછું ખોટું આળ એના માથે લઇ લીધું?' કાસમનું પૂરું અસ્તિત્વ ચકરાવે ચડી ગયું, વિધા હવે એની પહોંચ બહાર ચાલી ગઈ હતી, એના વિધા અને રાધા સાથે જિંદગી પસાર કરવાના સપના ચૂર ચૂર થઇ ગયા હતા.

કાળુ તો ગયો પણ એની વાત કાસમને હતપ્રભ કરતી ગઈ એ ગોમતી ઘાટ ઉપર પથ્થરની મૂર્તિ જેવો બની ને દરિયાની ક્ષિતિજ તરફ ઉગી રહેલા સુરજને જોઈ રહ્યો, કાસમે એની ધૂંધળી થઇ રહેલ દ્રષ્ટિમાં દૂર દૂર યુનિયન જેકનો વાવટો ફરકાવતાં કંપની સરકારના યુદ્ધ જહાજો જોયા.

'કર્નલ ડોનાવન?' કાસમના મોઢામાંથી ચીસ નીકળતા રહી ગઈ.

એના માન્યામાં પહેલા તો માન્યામાં ના આવ્યું, કાસમે ફરી ફરીને આંખો ચોળી પણ ડોનાવનના યુદ્ધ જહાજો દ્રષ્ટિ બહાર થવાનું નામ નો'તા લેતા, અંતે કાસમને વાસ્તવિકતાનું ભાન થયું એટલે એણે ઉતાવળે ઘોડો પલાણ્યો. ઘોડાને ઘાટના પગિથયાં ઉપર કુદાવતો મંદિરની અંદર મુળુભાઈને અંગ્રેજોના હુમલાના વાવડ દેવા ભાગ્યો.

પ્રકરણ ૨૧

માલધારીની મહેમાનગતિ



ક્રૂર કર્નલ ડોનાવનનો દ્વારકા શહેર ઉપરનો તોપોનો હુમલો પૂરો થયો ત્યાં સુધીમાં તો બેટ દ્વારકાથી દ્વારકા શહેરમાં આશરો લીધેલ લગભગ બધા જ વાઘેરોને ગાયકવાડના સીપાઈઓએ પકડીને કર્નલની સામે હાજર કરી દીધા.

'જોધાને અને મુળુને મારી સામે હાજર કરો, બીજા બધા તમારા સ્ટેટના કેદીઓ.' ક્રૂર કર્નલે દ્વારકાધીશના મંદિરને પણ તોપમારાના હુમલાથી બાકાત નહિ રાખેલ એટલે એ બાબતે હજુ સૌરાષ્ટ્રના રજવાડાઓનો રોષ વહોરવાનો બાકી હોવાથી, બંદીવાન કરેલ વાઘેરોને એના ક્રૂર સ્વભાવને અનુસરીને મારી નાખવાનો હુકમ કરવાને બદલે વડોદરા સ્ટેટને સોંપી દેવાનો હુકમ કર્યો.

'હુકમ ના સમજાયો?' કર્નલના કહેવા છતાં પણ ગાયકવાડ સરકારનો સેનાપતિ સલામ મારીને ઉભો રહ્યો.

'શું? ભાગી ગયા?' કર્નલના ક્રોધથી બચવા સેનાપતિ સલામ મારીને દૂર હટી ગયો.

પુરા દિવસની રઝળપાટ કરીને હવે બધા બરાબરના થાક્યા હતા.

'કાકા હવે તો આ અબોલ પશુઓને પોરો ખવરાવવો પડશે.' પૂરો દિવસ દોડી દોડીને ઘોડાંના મોઢામાંથી ફીણના ગોટે ગોટા નીકળતા જોઈને મુળુભાઈએ કાકાને આજીજી કરી.

'કોઈ નેહડો મળે તો આ પાણી પણ મળે.' જોધાભાઈને પણ ઘોડાંની જ ચિંતા હતી.

'કાકા બરાડા ડુંગરની આવી ઊંચી ધારુમાં નેહડો ક્યાં ગોતવો? આગળ હનુમાન દાદાનું મંદિર છે.ત્યાં કણે પાણી મળી જશે.' મુળુભાઈએ આ બરડાના ડુંગરાઓને ખૂંદેલા હતા એટલે એને ખબર હતી.

'મુળુ એ ટેકરા ઉપર મંદિરે રાતવાસો કરવો જોખમ કહેવાય, દુશ્મનો ચારે બાજુથી ઘેરી લ્યે તો ભાગવાનો મારગ નો બચે.' જોધાભાઈની વાત સાચી હતી, ડુંગરના જંગલમાં કોઈ નેસ મળે તો સલામતીની સાથે ઘોડાંને નીરણ પાણી પણ થઇ જાય અને થાકેલા વાઘેરોને થોડો આરામ પણ.

'કાકા એક નાના નેસમાં પચીસ પચીસ ઘોડાઓ કેમ સચવાશે?'

'મુળુ તું એ વાતમાં થાપ ખાય છે, તે હજુ માલધારીયુના દિલ નથી જોયા, એમાં તો મોટા મોટા લશકર સમાઈ જાય આ પચીસ ઘોડા અને અસવારો શું વિસાતમાં છે.' જોધાભાઈના મતે નેસ સિવાય રાતવાસો કરવો એ સલામત નો'તું એ વાત પાકી થઇ ગઈ.

વાતો કરતાં જોધાભાઈ અને સાથીઓ ઘોડાંને હંકારીને જતા હતા અને દૂર એક માલધારી યુવાનને ગીતો ગાતો પોતાના ઢોર ચરાવતો જોયો.

'કાસમ તું એકલો જઈને તપાસ કર તો.' મુળુભાઈએ કહ્યુ એટલે કાસમ ઘોડાને બુચકારીને માલધારી તરફ વળ્યો.

'એ જય રણછોડ, મને લાગે છે હું અને મારા સાથીઓ હનુમાનની ટેકરીએ જતા રસ્તો ભૂલ્યા છીએ.' કાસમે ઢોર ચરાવી રહેલ યુવાન પાસે જઈને પૂછ્યું.

'તમે જરાય ભૂલા નથી પડયા, આજ રસ્તે સીધા જાઓ એટલે તમ તમારે ડાડાનું મંદિર, મારા વતી પણ ડાડાને પગે લાગજો.' જુવાનિયો પાછો ગીત ગણગણવા લાગ્યો.

'ભાઈ મારે એક બીજી વાત પણ પૂછવી છે, આ રસ્તે વાઘેર કે ડફેરની બીક? સાંભળ્યુ છે વાઘેરો હાલમાં બરડો ખૂંદે છે.' કાસમે હળવેથી યુવાનને પૂછ્યું.

'ડફેરોનું તો સાંભળ્યું નથી પણ તમારા ભાઈગ જોર કરતાં હોય તો જોધા માણેકના દર્શન થાય અને તમે એની બીક લાગવાની વાત કરો છો? અરે એતો અમારા ભગવાન છે ભગવાન.' જુવાનિયાએ ઊલટુ કાસમને સંભાળાવ્યુ.

માલધારી છોકરાની વાતથી કાસમને વિશ્વાસ બેઠો કે આ નિર્દોષ માલધારી ગાયકવાડ સરકારનો ખબરી ના હોય.

'તો તમારા ભાગ્ય ખૂલી ગયા, હું જોધાકાકાનો જ સાથી છું અને જોધાકાકાને રાતવાસો કરવા કોઈ નેસ જોય છે.' કાસમે ચોખવટ કરી.

'મને કે'દીનું થાતુ'તુ કે આ બરડા ડુંગરમાં એક દી હું જોધકાકાના દર્શન કરીશ.' માલધારીનો છોકરો ગળગળો થઈને બોલ્યો.

'પણ રાતવાસો કરવાનું કાંઈ?' કાસમને એ ચિંતા હતી.

'તમે રાતવાસાની ચિંતા નો કરો, મારો નેસ આ સામે દેખાયને એ ધારની પાછળ જ છે, હું આ ડોબાઓ હાંકીને નેસે જાઉં છું તમે તમ તમારે આવી જાવ અમારા નેસે, મારી માવડી તો જોધ કાકાના દર્શન કરીને ગાંડી થઈ જાસે.' છોકરાએ પોતાના નેસ તરફ પહોંચવાનો રસ્તો બતાવતાં કહયું.

પોતાના નેસમાં જોધા માણેકના પાવન પગલાં જોઈને માલધારી યુવાનની માં તો વહાલથી વરસી પડી. પચીસ પચીસ ભૂખ્યા ડાંહ વાઘેરો માટે બાજરાના રોટલા બનાવી, તાંસળીઓ ભરીને દૂધ સેકેલા લીલા મરચા સાથે પીરસી, આગ્રહ કરી કરીને હેતથી જમાડ્યા.

વાળુપાણી કરીને જોધાભાઈ ખાટલે બેઠા અને કાસમ સહીતના યુવાનો બધા ખાટલાને કુંડાળું વળીને જમીન ઉપર બેસી ગયા.

'મુળુ તને આજે એક વાત દેખાણી?' જોધાભાઈએ હુક્કો સળગાવ્યો હતો એટલે ધુંવાડા કાઢતા બોલ્યા.

'માલધારીની બાયુનું હેત જોયું? આ ગરીબ માલધારીએ અનાજ અને ઢોરનો ચારો કેવી મહેનત કરીને ભેગો કર્યો હશે. એક રાતમાં હોંશે હોંશે આપણને અને આપણા ઘોડાઓને

ખવરાવી દીધો, મેં તો એ જોયું.' મુળુભાઈ બોલતા ભાવુક થઇ ગયા.

'બીજી રીતે જો, આ માલધારીએ આપણને એની તાકાતથી ઉપરવટ થઇને ટેકો કર્યો આવો ટેકો દ્વારકાના ભામણો અને શેઠ સાહુકારો એ કર્યો હોત તો કર્નલ અને ગાયકવાડ સરકારની હિંમત આપણા ઉપર હુમલો કરવાની નો થાત.' જોધાભાઈની વાત બધાને સમજાણી નહિ એટલે નીચે બેથેલ ટોળામાં થતો ગણગણાટ પણ બંધ થઇ ગયો.

'કાકા કાંઈક ચોખવટ કરો તો ખબર પડે.'

'જો ઓખામંડળના ભામણો એ મને રાજા બનાવામાં આનાકાની કરી અને બાનું કાઢ્યું કે આપણું વાઘેરનું લોહી અસલી રાજપૂતનું લોહી નથી. જો ભામણોએ સમયસર ટેકો આપી દીધો હોત તો, આપણા ઉપર હુમલો કરતા પહેલા ગાયકવાડ સરકારને સો વખત વિચારવું પડેત. એ સાથ ના આપ્યો એટલે વાઘેર સિવાયની બીજી કોમ માટે આપણે બાળવાખોર જ રહ્યા. આ વાતનો લાભ લઇને ગાયકવાડ અને કંપની સરકાર બંને ભેગા થઇ ગયા અને આપણને ખદેડી મુક્યા. મારા રણછોડ રાયને બધી જ ખબર છે.' જોધાભાઈ નિરાશ થઇ ગયા.

'આપણે જન્માષ્ટમીએ આ વિધિ રાખેલ એની કોઈ એ દુશ્મનોને ખબર કરી દીધી હશે.'

'એય ઠીક પણ, હુમલા વખતે વાઘેર સિવાયની કોઈ કોમ આપણી પડખે નો ચડી, મને એનું અપાર દુઃખ થયું. હવે જે થયું એ ઠાકોરની મરજી, હવે સાવચેત રહેવાનું છે, બધા ઘોડાઓ નેસથી દૂર છુટા છવાયા બાંધી આવો અને તમે બધાય ફળીયાને બદલે ઢોરના એક ઢાળિયામાં સુઈ જાવ.' જોધાભાઈએ ખાટલે લંબાવ્યું.

'કાકા બરાડાના જંગલમાં પણ આવી રીતે સાવચેત રહેવાનું?' ઉભા થતાં મુળુભાઈને સ્વાભાવિક પ્રશ્ન થયો.

'મુળુ આપણા દુશ્મનના ખબરીઓ બરાડા ડુંગરના ખૂણે ખૂણે છે, આ કઠણ સમયમાં કોઈનો વિશ્વાસ કરાય એવું નથી.' જોધાભાઈએ આકાશમાં હાથ જોડી પ્રાર્થના કરતા સુવાની તૈયારી કરી.

'મુળુભાઈ મેં કાંઈ ખાંડાની ધારે ખેલ નથી કર્યો, હું જાગતો રહીશ તમ તમારે બધા આરામથી સુઈ જાવ.' કાસમે હૈયા ધારણા આપી એટલે મુળુભાઈ અને સાથીઓ ઢોરના એકઢાળિયામાં રાતવાસો કરવા ગયા.

કાસમ માલધારીના છોકરાને કોઈ તાપસ કરવા આવે તો શું કહેવું એ સમજાવવા ગયો.

રાતના પાછલા પહોરે, ઘોડાની હણહણાટીથી જાગીને માલધારીનો છોકરો ઉઠીને નેસની ઢકલી તરફ ગયો.

'કોણ?' રાતના અંધારામાં બે ઘોડેસ્વારો ઉભા હતાં, એકના હાથમાં સળગતી મશાલ હતી. પહેરવેશ ઉપરથી સિપાઈઓ લાગતાં હતાં છતાં છોકરાએ પૂછ્યું.

'નેસમાં કોઈ મહેમાનો એ આશરો લીધો છે?' એક સિપાઈ બોલ્યો.

'ના અમે તો એકલાં જ છીએ.' છોકરાએ જવાબ આપ્યો.

'ઢકલી ખોલ.' સિપાઈએ હુકમ કર્યો એટલે છોકરાએ ઢકલી ખોલી અને બંને ઘોડેસ્વારો નેસની અંદર દાખલ થયા.

એક ઘોડેસ્વારે ફળિયામાં જોધાભાઈ સુતા હતા એ ખાટલાની આજુબાજુ આંટો માર્યો, થાક્યા પાક્યા જોધાભાઈ તો ઘસઘસાટ ઊંઘી ગયા હતા એટલે ઘોડેસ્વારને કોઈ વહેમ ના

પડ્યો.

નેસમાં આંટો મારીને બંને સિપાઈઓ ગયા એટલે છોકરાના જીવમાં જીવ આવ્યો, એ ઢકલી બંધ કરીને ફળીયામાં પાછો ફર્યો.

'ગયા?' હાથમાં લાંબા નાળચા વાળી લઇને સંતાયેલ કાસમ પણ બહાર નીકળ્યો.

સવાર પડી, છોકરાએ જોધાકાકાને રાતની વાત કરી દીધી હતી એટલે ઉઠીને બધા ખાટલાની આજુબાજુ ભેગા થયા હતા.

'હું તો નિશાન તાકીને તૈયાર જ હતો, પણ કોણ જાણે શું થયું એ સિપાઈએ જોધાકાકાના ખાટલાની આજુબાજુ આંટો માર્યો ને પછી બંને નીકળી ગયા.' કાસમે મધરાત પછી શું થયું એની વાત કરી.

'આ છોકરાનો બાપ ફળિયામાં સૂતો હશે એવું કદાચ માની લીધું હશે.' મુળુભાઈએ અનુમાન કર્યું.

'એ જે હોય એ પણ ગાયકવાડ સરકારની હિંમત હવે વધતી જાય છે. એ સરકારનું નાક વાઢવાની તૈયારી કરો.' જોધાભાઈએ હુકમ છોડ્યો.

'ખાલી નાક શું કામ, તમે કયો તો માથાં વાઢી લઇ પણ એની તાકાતની સામે?' મુળુભાઈના હૈયામાં હામ હતી પણ એના મોટાભાગના બહાદુર લડવૈયાઓને તો ગાયકવાડ સરકારે જેલ ભેગા કરી દીધા હતા.

'કોડીનાર શહેરને ભાંગવાની તૈયારી કરો.' જોધાભાઈનો હુકમ છૂટ્યો.

'પણ...' મુળુભાઈ કાંઈ પૂછે એ પહેલા જ જોધાભાઈએ હુકમ છોડ્યો.

'આપણે ઉતાવળ નથી, બરાડા ડુંગરની આજુબાજુના ગામ અને નેસમાંથી જુવાનિયાઓને તૈયાર કરો. પુરી તૈયારી થાય પછી જ કૂચ કરીશું.' જોધાભાઈની આ વાત પછી કોઈને કાંઈ પૂછવાપણું હતું નહિ.

જોધાભાઈનો હુકમ છૂટ્યો એટલે ટોળીમાં યુવાનોને ભરતી કરવા માટે બધા મહેનત કરવા લાગી પડ્યા. આવી જ એક બેઠક માંથી મુળુભાઈ અને કાસમ એના મુકામે પાછા ફરતા હતા.

'મુળુભાઈ આપણે આ ખોટું જોખમ તો નહિ લઇ રહ્યા ને?' કાસમને આ યુવાનોની ભરતી વિષે શંકા હતી.

'કેમ?'

'આ આપણે જુવાનિયાનોને આપણી સાથે લેવા માટે તૈયાર કરીયે છીએ પણ ગાયકવાડ સરકારના ખબરીઓને ખબર પડશે તો?'

'તારી વાત સાચી કાસમ, પણ જોધાકાકાએ હુકમ કર્યો છે તો કોડીનાર તો હવે ભાંગવુ જ પડશે.' મુળુભાઈએ કાસમના ડરને નજર અંદાજ કર્યો.

જોધાભાઈ અને સાથીઓએ કોઈ પણ સરકારની રોકટોક વગર બરડા ડુંગરની ધારોમાં પોતાનું સિંહાસન વગરનું રાજ ચલાવ્યું. હવે વધુ વખત રાહ જોવાનો સમય નો'તો. જોધાભાઈએ કોડીનાર શહેરને ભાંગવાનો મનસૂબો કરીને બરાડાના ડુંગરથી કોડીનારની વાટ પકડી.

ખુબ મહેનત કર્યા પછી ગાયકવાડ સરકારના ખબરીઓએ વાવડ મોકલ્યા કે કોડીનાર ભાંગવાની તૈયારીઓ થઇ રહી છે, આ વાતે અમરેલી ડીવીજનમાંથી સિપાઈઓની એક ટોળી વાઘેરોને જબ્બે કરવા નીકળી.

જોધાભાઈ અને સાથીઓ સાથે પોતાના ઘોડાં ઉપર સવાર થઇ બરડા ડુંગરની વેણોમાં થઇ કોડીનાર તરફ કૂચ કરતાં આગળ વધ્યા. અગાઉથી રાહ જોઈને ઝાડાજાંખરાઓની પાછળ છુપાઈને બેઠેલ આઠ થી દશ હથિયારધારી સિપાઈઓ લાંબા નાળચાવાલી બંદૂકો લઇને પ્રગટ થયા.

‘ખબરદાર એક ડગલું આગળ વધ્યા છો તો આ એકેય સગી નહિ થાય’ સરદારે પડકારો કર્યો.

સરદારનો અવાજ સાંભળીને વાઘેરોએ લગામ ખેંચીને ઘોડાં ઉભા રાખ્યા.

‘ભાઈ અમે ક્યાં તારા વડવાઓને માર્યા છે તે કાંઈ વાંક ગુના વગરના પડકારા કરો છો’ જોધાભાઈએ સરદારને પૂછ્યું.

‘વાઘેરનો દીકરો અછાનો નો રીયે અને એમાંય વાઘેરોનો સરદાર? મને ગાયકવાડ સરકારનો હુકમ છે કે તમને સમજાવીને જીવતા અને ના સમજો તો મુવા પકડવા.’ સરદારે એની જવાબદારીની વાત કરી.

‘જો ભાઈ તું અમને જીવતા પકડવાનું તો ભૂલી જ જા, સરકારના હાથમાં તો અમારી બધાની લાશું જ આવશે પણ એક વાત યાદ રાખજે અમારી લાશું પણ મફતમાં તારા હાથમાં નહિ આવે, જો ધીંગાણું થઇ ગ્યુંને તો મારી હારેનો એક એક વાઘેરનો દીકરો શહીદ થતા પહેલા તમારા બધાયનું ઢીમ ઢાળી નાખશે.’ જોધાભાઈ સરદારની ધમકીથી ડરે એમ નો’તા.

‘જોધાભાઈ તમે કયો તો હું મહારાજ સાહેબને તમારા બધાયના જીવતદાન માટે મનાવવા તૈયાર છું, ઓખામંડળની ધરતી ઉપર બહુ લોહી રેડાણું હવે ખમૈયા કરો તો સારું.’ સરદારે જોધાભાઈને મનાવવાની વાત કરી.

મહારાજ સાહેબનું નામ સાંભળીને મુળુભાઈને બેટ દ્વારકામાં એની પરવાનગીથી થયેલ વાઘેરોનો નરસંહાર યાદ આવી ગયો.

‘બેટ દ્વારકામાં નિર્દોષ વાઘેરો અને એના ઢોર ઢાંખરને રહેંસી નાખ્યા ત્યારે તારા મહારાજને લોહી રેડાવાનું યાદ નો આવ્યું?’ બોલતા એણે લાંબા નાળચાવાળી કાઢી અને કોઈ કાંઈ વિચારે એ પહેલા તો સરદારને ભડાકે દઈ દીધો. સરદાર રેતીની ગુણ જેવો થઇ એના ઘોડા ઉપરથી ભોંય ભેગો થઇ ગયો.

‘એય શું જુઓ છો, દઈ દયો ભડાકે બધાય ને.’ સરદાર મોતને ભેટ્યો એ જોઈને એક સિપાઈએ પડકારો કર્યો.

કોઈની બંદૂકો ફૂટી જ નહિ, સૈનિકોને પણ ખબર હતી કે ઉતાવળમાં બંદૂકનો દારૂગોળો લેવાનું ભુલાઈ ગયું હતું અને બંદુકો તો ખાલી દેખાવની જ હતી.

‘મારો બેટો બંધૂકમાં દારૂગોળો નો’તો એટલે શરણાગતિની વાત કરતો’તો.’ મુળુભાઈ બોલ્યા.

‘હવે?’

‘હવે, આ સરદારને ભરો ગાડાંમાં અને બધાયને લઇ લ્યો કોડીનાર.’ જોધાભાઈનો હુકમ છૂટ્યો.

ઉતાવળે અમરેલીના સુબાએ સો-સો સિપાઇઓની ટુકડીને બંદૂકો લઈને જોધાભાઈની ટોળીને જબ્બે કરવા મોકલી તો દીધી પણ ઉતાવળમાં બંદૂકો સાથે ગન પાવડર અને ગોળીઓ મોકવાનું ભૂલી ગયા અને એ ભૂલની સજા સિપાઈના સરદારે ભોગવી.

કોડીનાર શહેરની બજારના ચોકમાં બળદગાડાં સાથે બાંધેલા સિપાઈઓ અને ગોળીએ દીધેલ સરદારની લાશ લટકાવીને કોડીનાર શહેરના રહેવાસીઓને જોધાભાઈએ કડક સંદેશો મોકલાવી દીધો.

‘આ સરદારની દશા જોઈને કયો માટીનો દીકરો સામે થાય છે?’ જોધાભાઈએ બજારના ચોકમાં જ અડિંગો જમાવ્યો.

‘મુળુભાઈ આપણી લડાઈ ગાયકવાડ અને કંપની સરકાર સામે છે, નાહકની કોડીનારની પ્રજાને શા માટે લૂંટવી?’ કાસમે હળવેથી મુળુભાઈના કાને વાત નાખી.

‘કાસમ તને શું લાગે આપણે લૂંટારા છીએ? આતો એક કાંકરે બે કાગડાં મારવા જેવી વાત છે. કોડીનાર ભંગાય એટલે વડોદરા સ્ટેટનું નાક કપાય અને જે કોમે ઓખામંડળની લડાઈમાં વાઘેરોને સાથ નથી દીધો એ બધી જ કોમો એ ભોગવવું તો પડે જ ને? આ બધી કોમુમાં ભામણ આવે, વાણીયા વેપારી આવે અને કાટીયા વરણ પણ આવે.’ મુળુભાઈએ કાસમની શંકાનું સમાધાન કર્યું.

‘એ વાત બરાબર પણ એમાં કોડીનારની પ્રજાનો શું વાંક?’ કાસમ માટે આ રાજકારણ સમજણ બહારનું હતું.

‘કાસમ, તને આ ઓખામંડળના રાજકારણમાં ખબરનો પડે.’ મુળુભાઈએ કાસમને ચૂપ કરી દીધો.

‘મુળુ, શહેરના રસ્તા બંધ કરાવી બધા જ ખેપીયાઓને પકડી લ્યો એટલે વાત બહારનો જાય કે કોડીનાર ભંગાણુ છે.’ જોધાભાઈએ હુકમો છોડવા મંડ્યા.

મુળુભાઈએ ઈશારો કરીને શહેરના આવન જાવનના દરવાજા બંધ કરવા માટે ઘોડેસ્વાર મોકલી દીધાં.

‘બીજું શહેરમાં ઢંઢેરો પિટાવીને શહેરના બધા જ વાણીયા વેપારીઓને કહેવડાવી કે જો જીવ વ્હાલો હોય તો જેટલા હોય એટલા કિંમતી જર જવેરાત આવીને આજ સાંજ સુધીમાં જમા કરાવી દે.’ જોધાભાઈ બોલ્યા.

‘હા કાકા, એય સાંભળ્યું ? ચાલો કામે લાગો.’ મુળુભાઈએ બીજા બે ત્રણ ઘોડેસ્વારોને ઈશારો કર્યો. ઘોડેસ્વારો ઘોડાને બુચકારીને નીકળ્યા.

‘એય, સાંભળો અને એ પણ જાહેર કરી દયો કે કાલે સવારે તપાસ કરતાં જેની પાસેથી કાંઈ જવેરાત નીકળશે તો એને આ ચોકમાં જ ભડાકે દેવામાં આવશે.’ જોધાભાઈએ ઘોડેસ્વારોને હુકમ કર્યો.

ત્રણ ત્રણ દિવસ સુધી કોડીનાર ભંગાણું, કોડીનારના બધા જ વાણીયા વેપારીઓ લૂંટાઈ ગયા. પણ એક વાણિયો ખૂટલ નીકળ્યો.

‘મારી ભૂલ થઇ ગઈ માઈ બાપ મને માફ કરી દયો.’ જોધાભાઈ આગળ હાથ જોડી કરગરતો વાણીઓ બોલ્યો.

‘શું કઈરું આને?’ જોધાભાઈએ આજુબાજુ જોઈને પૂછ્યું.

‘કાકા એણે શહેરના દરવાજા બંધ થયા એ પહેલા વડોદરા ખેપિયાને વાવડ આપવા મોકલી દીધો છે.’ મુળુભાઈ બોલ્યા.

‘તો ખૂટલને સજા આપવાનું નક્કી કર્યું એ આપી દયો.’ જોધાભાઈનો હુકમ થયો એટલે મુળુભાઈના ઈશારાથી બે ઘોડેસવારે વાણિયાને ઉઠાવ્યો અને ભડાકે દઈ દીધો.

‘મુળુ, જો વાણિયાએ બે દી પેલા ખેપિયો મોકલી દીધો હોય તો આપણે હવે નીકળી જાઉ

પડે.' ગાયકવાડ સરકારનું લશ્કર ગમે ત્યારે કોડીનાર આવી પહોંચે એ ધારણા બાંધીને કોડીનાર શહેર છોડવાનું જોધાભાઈએ નક્કી કર્યું.

'આ બધું જવેરાત?' મુળુભાઈએ પૂછ્યું.

'સાથીઓમાં વહેંચી લ્યો. બધાય નાહકના આપણી હારે કુટાય છે.' જોધાભાઈ ખિન્ન થઇને બોલ્યા.

પ્રકરણ ૨૨

અલવિદા



ત્રણ દિવસ સુધી કોડીનારને ધમરોળીને જોધાભાઈની ટોળી બરડાના જંગલોમાં પાછી ફરી, જીવનું જોખમ લઇને કોડીનાર ભાંગવાનો કોઈ તર્ક જોધાભાઈ સાથે રઝળપાટ કરતાં વાઘેર લડવૈયાઓ સહીત કાસમને ના સમજાણો. કોડીનારની અંદર વિતાવેલા ત્રણ દિવસ લૂંટફાટથી વિશેષ કાંઈ નો'તા. કાસમને હવે ખાત્રી થઇ ગઈ હતી કે જોધાકાકા અને મુળુભાઈ સહીતના વાઘેરો હવે ઓખામંડળને પાછુ મેળવવાનો મૂળ હેતુ ભૂલી જઈ લૂંટફાટ ઉપર ઉતરી ગયા હતા. કાસમ પોતાના વિચારો મુળુભાઈને કહેવા માંગતો હતો પણ મુળુભાઈ એની કોઈ વાત સાંભળવા તૈયાર નો'તા. વાઘેરોના અનેક અહેસાન કાસમ ઉપર હતા એટલે જોધાકાકા કે મુળુભાઈની પરવાનગી વગર ટોળીને છોડીને ભાગી જવાનું એ સપનામાં પણ વિચારી શકતો નો'તો. એ આ સમસ્યાનો બસ વ્યવહારુ ઉકેલ લાવવા માંગતો હતો.

કોડીનારથી નીકળી બરડા ડુંગરના જંગલોમાં સલામત સ્થળે પહોંચવાની ઉતાવળે ઘોડાઓ ચુપચાપ રેવાલ ચાલે ચાલ્યા જતા હતા, હાડ સોંસરવા નીકળી જાય એવા ઠંડા પવનના સુસવાટાઓએ પણ માઝા મૂકી હતી. ઝાડા જાંખરાની ઓથમાં પણ ઠંડા પવનથી બચવાની કોઈ આશા નો'તી. બરડાનું જંગલ હજુ શરુ નો'તુ થયું એટલે જંગલના મોટા ઝાડનો ઓથ મળવાની પણ કોઈ આશા નો'તી. કારણ વગરની દોડાદોડી, લૂંટફાટ અને અસ્તિત્વ ટકાવવાના સંઘર્ષમાં કાસમને હવે કોઈ ભવિષ્ય દેખાતું નો'તું.

પવનના સુસવાટાઓને કારણે કોઈ અસવાર એક બીજા સાથે વાત કરી શકે એવી સ્થિતિમાં નો'તા. કાસમે એનો ઘોડો મુળુભાઈના ઘોડા સાથે કર્યો.

'મુળુભાઈ, મધરાત થઇ ગઈ હવે તો આ ઘોડાઓને આરામની જરૂર છે.' કાસમ ઠંડીથી બચવા મોઢે બાંધેલ બુકાની છોડીને બોલ્યો.

'કાસમ હજુ આ ગાયકવાડના તાબાની જમીન છે, થોડા આગળ જઈએ એટલે બરડો આવી જશે.' મુળુભાઈ જોખમી જમીન ઉપર રાતવાસો કરવાની તરફેણમાં નો'તા.

'મુળુભાઈ સો ગાઉ થયા, આપણે પાણી સિવાય કાંઈ આપ્યું નથી. જો એકાદ ઘોડો ખોટકાઈ જશે તો હેરાન થઇ જાશુ.' કાસમને ઘોડાંની ચિંતા હતી.

'મુળુભાઈ, કાસમની વાત સાચી છે, હવે ઘોડાંને પોરો તો ખવરાવવો પડશે.' દેવાભાઈએ પોતાનો ઘોડો આગળ કર્યો અને પોતાની વાત રાખી.

'સારુ ત્યારે, પણ આવી ઠંડી છે તોય મોટું તાપણું નહિ થાય. છાના મુના રાત કાઢી પરોઢિયે નીકળી જવાનું છે.' મુળુભાઈએ હા પાડી એટલે એક ખેતરમાં રાતવાસો કરવાનું નક્કી થયું. બધાએ ભેગા થઇ ઠંડીથી બચવા નાનું એવું તાપણું કર્યું. રોકવાની તૈયારીઓ શરુ થઇ એટલે જોધાભાઈ પણ ઘોડેથી ઉતાર્યા, હાડગાળી નાખે એવી ઠંડીમાં એ બરાબરના ઉધરસે ચડી ગયા.

'કાકા, તબિયત બરાબર છે?' મુળુભાઈ ઘોડેથી ઉતરી સીધા જોધાભાઈ પાસે ગયા અને ચિંતાતુર અવાજે બોલ્યા.

'થોડીક નરમાશ આવી ગઈ છે, થોડોક થાકોડો લાગ્યો છે આરામ કરીશ એટલે સારુ થઇ જશે.' કહેતા મુળુભાઈએ એના ઘોડા ઉપરથી સામાન નીચે ઉતારીને તાપણાંની બાજુમાં જમીન ઉપર પાથરણું પાથરી દીધું.

જોધાભાઈ તો પડ્યા ભેળા ઘસઘસાટ ઊંઘી ગયા. બધા જ લાંબી મુસાફરી કરી થાકીને લોથપોથ થઇ ગયા હતા એટલે પડ્યા ભેળા જ સુઈ ગયા.

મુળુભાઈને નીંદર નો'તી આવતી અને સાથે કાસમને પણ. ઠંડા પવનના સુસવાટાઓ મધરાત પછી ઓછા થઇ ગયા હતા પણ ઠંડી વધી ગઈ હતી. મધરાતે બોલતાં તમારાં પણ ક્યાંક છુપાઈને ચૂપ થઇ ગયા હતા. દૂર દૂર શિયાળવાંની લાળીઓથી કાંઈક અપશુકનિયાળ થવાના એંધાણ વર્તાતા હતા. વિચારોના વમળમાં એ તાપણે તાપતાં બેઠા એટલે કાસમ પણ તાપણે આવ્યો. બંને કશું બોલ્યા વગર ચુપચાપ તાપતા રહ્યા.

'મુળુભાઈ, નાના મોઢે મોટી વાત પણ આમને આમ કેટલા દિવસ રઝળપાટ કરીશું?' કાસમે ચુપકીદી તોડીને વાત શરુ કરી.

'કાસમ, પણ ગાયકવાડ સરકારે આપણી કોમ ઉપર જે જુલમ કર્યા છે એ પણ કેમ ભુલાય?' મુળુભાઈના અવાજમાં ગુસ્સાની સાથે નિરાશા પણ હતી.

'મુળુભાઈ, જે થયું એ થયું પણ આપણે જો જીવતા રહ્યા તો નવો સમય આવશે અને કેટલીયે નવી તકો પણ મળશે.' કાસમે મુળુભાઈને સરકાર સામે શરણાગતિ સ્વીકારવાની વાત આડકતરી રીતે સમજાવી.

'કાસમ તારી વાત સોળ આની સાચી. આ બધા જુવાનિયાઓના કરગરતા બૈરાં અને છોકરાંને ઓલા અંગ્રેજે ઠાકોરના મંદિરની સામે તોપના ગોળે વીંધી નાખ્યા એ વાત ભૂલવાનું હું ક્યા મોઢે કહું?' મુળુભાઈ પણ મજબુર હતા.

'મુળુભાઈ વાત તો કોઈએ કરવી જ પડશે, તમે વેર ભૂલવાની વાત કરશો તો તમને બધાય ફટ કહેશે, ખૂટલ કહેશે અરે તમારામાં વાઘેરનું લોહી નથી વેતુ એમ પણ કહેશે. આ બધાય બહાદુર જુવાનિયાઓ મોટા લશ્કર સામે ધીંગાણું કરીને પાળિયા થઇ જશે તો? ગાયકવાડ સાથે ભળીને આપણને મારવા નીકળા છે એવા ખૂટલ વાઘેરોનું લોહી નવી પેઢીમાં તમને મંજુર છે?' કાસમે મુળુભાઈને કડવા શબ્દોમાં સીધી વાત કરી.

'એક બાજુ વાઘેરનો વટ છે અને બીજી બાજુ નવી પેઢીની ચિંતા છે. કાલે સવારે મોકો જોઈને કાકાને વાત કરીશ.' મુળુભાઈએ સમજદારીની વાત કરી એટલે કાસમને નિરાંત થઇ.

ચિંતાનો બોજો હળવો થતાં, કાસમને નિરાંતની ઊંઘ આવી ગઈ.

ત્રણ ત્રણ દિવસ સુધી કોડીનાર ભંગાણું અને વાણીયા વેપારીઓ તો ઠીક પણ બ્રાહ્મણો અને કટિયા વરણને પણ વાઘેરોએ લૂંટી લીધા એ સમાચાર વાયુ વેગે આખા કાઠીયાવાડ પંથકમાં ફેલાઈ ગયા. ગાયકવાડના દીવાને જૂનાગઢ, ગોંડલ, પોરબંદર અને જામનગર રજવાડાઓને લશ્કરી મદદ માટે ખેપીયાઓ મોકલાવ્યા. આ લશ્કર ભેગું કરવાનું એક જ લક્ષ હતું, જોધા માણેક અને મુળુ માણેકને બરડા ડુંગરના જંગલો માંથી જીવતા કે મુવા જબ્બે કરવા. કાઠિયાવાડ પંથકમાં શાંતિ રાખવી હશે તો વાઘેર બળવાખોરોને જબ્બે કરવા જ પડશે એ વાત હવે પાક્કી થઇ ગઈ હતી.

સવાર પડી, પંખીઓના કલરવે કડકડતી ઠંડીમાં ટૂંટિયું વળીને સુતેલા વાઘેરોની નીંદર ઉડાડી દીધી, રાતની ભેંકારીનું સ્થાન હવે ભૂખે લીધું. પવનના સુસવાટા બંધ થઇ ગયા હતા પણ ઠંડીનો ચમકારો તો હતો જ. દિવસનું અજવાળુ થતા ઉગતા મોટું તાપણું કરવામાં કોઈ જોખમ નો'તુ.

'એય કાળુ તાપણું કરો પણ ધ્યાન રાખજો કે ધુમાડો ઊંચે ના જાય એનું ધ્યાન રાખજો.' આખો ચોળીને ઉઠેલા કાસમે કાળુને જાંખરા ભેગા કરીને ચકમકથી તાપણું કરતા જોયો એટલે ટોક્યો.

'હા કાસમભાઈ, મુળુભાઈએ એ જ કીધુ, ખબરીઓને કોઈ સગડ નો મળે એનું ધ્યાન રાખવાનું છે.' કાળુની ચકમક થઇ એટલે ફૂંક મારીને આગ પ્રગટાવતો બોલ્યો.

'જોધાકાકા ઉઠ્યા?' કાસમને જોધાકાકાની તબિયત નરમ થઇ ગઈ હતી એટલે થોડી ચિંતા હતી.

'ના હજુ સુતા જ છે.' કાળુ બોલ્યો.

'આમ તો આપણને બધાયને પાટા મારીને ઉઠાડતા હોય.'

'પાછા બોલે, ઉઠો આળસુના પીર, સુરજ દાદા ઉગી ગયા ત્યાં સુધી ઘોરતા રે'સો તો ઓખામંડળ ઉપર રાજ કરતો તમારો દુશ્મન સો મણની તળાઈમાં નિરાંતે નીંદરું કરશે, કહીને બે પાટા પણ મારે.' કાળુ હસતો હસતો જોધાકાકાની નકલ કરતો બોલ્યો.

'પણ કાકા હજુ સુતા કેમ છે?' સૌથી વહેલા ઉઠી જતા જોધાકાકા હજુ સુતા છે એ જાણીને કાસમને નવાઈ લાગી. એ જોધાકાકાને ઉઠાડવા એની પાસે ગયો.

જોધાભાઈ પગથી માથા સુધી પાનિયું ઓઢીને ભર નીંદરમાં હોય એમ ઊંડી નીંદરમાં સુતા હતા.

'કાકા......જોધાકાકા.......સવાર પડી ગઈ, હાલો થોડુંક તાપી લ્યો તો ગરમાવો આવી જાય.' કાસમે પુરી મર્યાદા જાળવીને હળવા અવાજે જોધાકાકાને ઉઠાડવા હોંકારો કર્યો પણ જોધાભાઈનું શરીર હલ્યુ નહિ.

'મુળુભાઈ, અહીં આવો તો.' કાસમને કાંઈક અજુગતું લાગ્યું.

ઘોડા ઉપર પલાણ પાથરતાં મુળુભાઈ કાસમના અવાજમાં આવી ગયેલ કંપન પારખી ગયા એટલે એ ઉતાવળે કાસમ પાસે આવ્યા.

'કાકા, ઉઠો સવાર પડી ગયું, હાલો તાપણું કર્યું છે.' મુળુભાઈએ જોધાભાઈને હલબલાવ્યા પણ એનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ઓખામંડળના હક્ક માટે આખી જિંદગી લડાઈ કરવાવાળા જોધાભાઇ મુળુભાઈ સહીતના વાઘેરોને એકલા મૂકીને અનંત યાત્રાએ ચાલી નીકળ્યા હતા.

ઓખામંડળના રાજાને શોભે એવી માન મર્યાદા સાથે અગ્નિદાહની વિધિ પતાવીને બરડાની ધારો તરફ આગળ વધ્યા

જોધાભાઈની બારમાંની વિધિ પુરી કરીને હવે વાઘેરની ઓખામંડળની ચળવળને આગળ વધારવી એ વિચારણા કરવા માટે બરાડાના નેસમાં ગુપ્ત બેઠક હતી. બેઠકમાં વિશ્વાસુ માણસો અને ખબરીઓની હાજરી હતી. એક ખબરી એની વાત કરવા માટે ઉતાવળો થયો હતો.

'ભાઈ માંડીને વાત કર તને કેટલી ખબર છે?' મુળુભાઈએ ઉતાવળિયા ખબરી યુવાનને પૂછ્યું.

'મને વાવડ છે ત્યાં સુધી, આભપરા ગામે કેટલાય રજવાડાઓના લશ્કરો ભેગા થયા છે, એમાં જૂનાગઢનું લશ્કર છે, જામનગરનું લશ્કર છે, પોરબંદરનું લશ્કર છે અને ગોંડલનું લશ્કર પણ છે.' યુવાન એક શ્વાસે બોલી ગયો.

'એમાં કંપની સરકારનું લશ્કર છે? દેશી સિપાઈઓને તો પહોંચી વળીશું.' મુળુભાઈને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ.

'હા એ તો સૌથી મોટું છે.' યુવાન બે હાથ પહોળા કરી ઈશારો કરતો બોલ્યો.

જે જોધાકાકા અને મુળુભાઈને શરણાગતિ માટે મનાવવાની ઘડીની રાહ કાસમ રાહ જોઈ રહ્યો હતો એ ઘડી હવે ક્યારેય આવવાની નો'તી.

હવે તો હજારો સિપાઈઓના લશ્કર સામે જીવતા કેમ રહેવું એ જ મોટો પડકાર હતો.

ચારેબાજુથી ઘેરાઈ જઈએ તો શું કરવું એના વેંતમાં મુળુભાઈ અને સાથીઓ બરડા ડુંગરની અડાબીડ ધારોની વચ્ચોવચ્ચ આવેલ ખાખરાવાળા નેસ સુધી પહોંચી ગયા, નેસના માલધારીઓ તો મુળુભાઈ અને સાથીઓને જોઈ ને ધન્ય થઇ ગયા.

કાસમ સીધી લડાઈ કરવા વાળો લડવૈયો તો હતો નહિ એટલે એની જવાબદારીમાં જાસાનું કામ આવ્યું. મુળુભાઈ અને એના ભાઈ દેવાભાઈએ હથિયારોથી સામનો કરવાની જવાબદારી સંભાળી.

કાસમ ઉપર જવાબદારી આવી એટલે એણે શું કરવાનું છે એ બરાબર વિચારી લીધું, એ લાગી ગયો હુમલો થાય તો કેવી રીતે બચવું અને કેવી રીતે સામનો કરવો એની યોજનામાં. છુપી જગ્યાઓ એ ઝાડ ઉપર ચોર ચોકી કેવી રીતે ગોઠવવાથી માંડીને આજુબાજુના નેસના માલધારીઓને કેવી રીતે વાવડ પૂછવા અને કાંઈ શંકા લાગે તો વાવડ કેવી રીતે મુળુભાઈ સુધી પહોંચાડવા. હવે તો બસ રાહ જોવાની હતી કે ક્યારે ગાયકવાડના સિપાઈઓ આવે અને ક્યારે ભરી પીવાય.

કંપની સરકારનો કેપ્ટન લા'તુશ અધીરો હતો, રાજકોટથી લશ્કર આવવાનું હતું એની રાહ હતી અને આવતા એકાદ બે દિવસનું મોડું થશે એવા વાવડ આવ્યા.

ઉતાવળીયો કેપ્ટન લા'તુશ હવે રાજકોટના લશ્કરની રાહ જોવા માટે તૈયાર ના હતો. ખેપિયા તરફથી ખબર પણ આવી ગયા કે વાઘેરોએ બરડા ડુંગરની ધારોમાં આશરો લીધેલો છે. કેપ્ટન લા'તુશને બસ આવા જ કોઈ બહાનાની રાહ હતી એટલે મેજર રેનોલ્ડનના હુકમની રાહ જોયા વગર એ પોતાના તાબા હેઠળના લશ્કરને બરડાની અંદર કૂચ કરવાના આદેશ આપી દીધા. એના જોડીદાર કેપ્ટન હબર્ટ પાસે પણ એમ કહીને ખેપિયો મોકલાવી દીધો કે પોતે જોધ માણેકનો શિકાર કરવા બરડાની અંદર કૂચ કરી રહ્યો છે.

જેમ અંગ્રેજોને પોતાના પગેરું શોધનારા હતા એમ વાઘેરોએ પણ નેસના માલધારીઓને સમજાવીને પોતાની સંદેશો પહોંચાડવાની આગવી પદ્ધતિ નક્કી કરી હતી.

'જો કોઈ પગેરું શોધવા વાળા મળે તો એક ધુમાડાની શેર કરવાની.' કાસમ નેસના માલધારીઓના છોકરાઓને સમજાવતો હતો.

આવી જ રીતે બે શેર પાયદળ સિપાઈઓ અને ત્રણ શેર કરે તો પાયદળ સાથે ઘોડેસ્વાર પણ હોય આવું સમજાવી અને બચવાની રણનીતિ તૈયાર કરાઈ. ઊંચા ઝાડ ઉપર જાસો રાખીને બેઠેલા યુવાનોને કોઈ હુમલાના વાવડ મળ્યા નહિ અને આમને આમ સાંજ થવા આવી. ધીંગાણું કરવા માટે લોહી ઉકળી ગયેલ છે પણ હુમલાના કોઈ વાવડ ના આવતા, બધા ગપાટાં

મારતાં બેઠા છે.

'મુળુભાઈ ત્રણ ધુંવાણાની ઊંચી શેરો ફૂટી છે દખણબાજુની ધાર ઉપરથી આવે છે.' દેવાભાઈએ વાવડ આપ્યા.

સમાચારથી સૌ સાબદા થઇ ગયા અને કાસમે પોતાનો ઘોડો પલાણીને મારી મુક્યો દક્ષિણ બાજુની જામા ચોકી ઉપર. બરડા ડુંગરમાં રસ્તાઓને બદલે વાંકીચુકી ધારોમાંથી નીકળતી કેડીઓ જ હતી એટલે તોપો કે બીજો લશ્કરી સમાન લઇને હુમલો કરવો એ અશક્ય હતું. બરાડાની ધારોમાં છુપાવુ અને ગોરીલા યુદ્ધ કરવું એ વાઘેરો માટે ફાયદાકારક હતું. બરાડાના અડાબીડ જંગલોમાં તો મોટા લશ્કર કરતાં જેનામાં એક ઘા ને બે કટકા કરવાની તાકાત છે એ જંગ જીતે.

ઊંચા ઝાડ ઉપર ચડીને જાપ્તો કરી રહેલ જુવાનિયાની પાસે બેઠેલા કાસમે નીચેથી પસાર થતા પગેરું શોધવાવાળા સિપાઈઓની વાતો સાંભળી.

'આપણે તો આ પાપમાં કોઈ પણ વાંક ગુના વગર ભાગીદાર થવાનું ને?' એક સિપાઈ બીજા સિપાઈને વાત કરતો હતો.

'મનેય ખબર છે, જેને કળીયા ઠાકોરના મંદિર ઉપર હુમલો કરીને મૂર્તિઓ ખંડિત કરી નાખી એને સાથ આપીને હવે આપણને આ પાપમાં ભાગીદાર બનવા મજબુર કર્યા છે. અગાઉથી ખબર હોત કે આવા દિવસો જોવાના છે તો હું સરકારી સિપાઈ બનેત જ નહીંને.' બીજો બોલ્યો.

'પાપી પેટનો સવાલ છે ભાઈ, હું જો તારી જેમ ખેડુનો દીકરો હોત તો એય ખેતી કરીને ગુજરાન ચલાવી લેત પણ મારા નસીબ વાંકા કે જનમ કટિયાવરણમાં થયો એટલે આ બધા પાપમાં ભાગીદાર થાવું પડે છે.' પહેલો સિપાઈ નિરાશ થઇ બોલ્યો.

વાતો કરતા સિપાઈઓ આગળ ચાલ્યા.

'કાસમ ભાઈ ખરા ટાણે તો આ સિપાઈઓ આપણી બાજુ જ થઇ જાય.' કાસમની સાથે ડાળીએ બેઠેલ માલધારીનો છોકરો હરખાઇને બોલ્યો.

'મેપા વાત તો તારી સોળ આની સાચી છે.' કાસમને પણ હવે ભરોસો બેસી ગયો કે વાઘેરોની લડાઈ હક્કની લડાઈ તો છે જ.

અંધારું થઇ ગયું એટલે ઝાડ ઉપર જ રાતવાસો કરવાનું વિચારી કાસમ ત્યાં જ રોકાઈ ગયો. પરોઢિયે ઘોડાઓના અવાજો એ બધાની નીંદર ઉડાડી દીધી. ઝાડ ઉપર જાપ્તો રાખીને બેસેલા કાસમ અને માલધારીના છોકરાઓ ચૂપ થઇ ગયા.

'કેટલી જીવાંતો છે?' ગાલ ઉપર બેઠેલ માખીને ઉડાડવા પોતાના ગાલે જ લાફો મારતો કેપ્ટન લા'તુશ ગુસ્સામાં બરાડ્યો.

કેપ્ટન લા'તુશ પોતાની આગળ અને પાછળ એક બે ઘોડેસ્વારો રાખીને સાંકળી કેડીમાં પોતાનો ઘોડો ચલાવી ઝાડ નીચેથી પસાર થયો. જંગલી જીવાંતો અને જંગલના ગરમ વાતાવરણે એની ઘોડા ઉપર બેસવાની કડકાઈ કાઢી નાખી હતી. કેપ્ટન લા'તુશની આવી

અવદશા જોઈને આગળ અને પાછળ ચાલી રહેલા દેશી સિપાઈઓ એક બીજા સામું જોઈને હસતાં હતા.

સામેના ઝાડ ઉપર તાકીને બેઠેલ બંદૂકધારીએ આ મોકાનો લાભ લઇ લીધો.

'ધડામ.' લાંબા નાળચાવાળી મસ્કેટ ફૂટી અને એક સનસનાટ કરતી ગોળી આવીને કેપ્ટન લા'તુશના પેટમાં ઘુસી ગઈ.

'ઓહ.' ઉંહકારો કરતો કેપ્ટન લા'તુશ ભોંય ઉપર પટકાયો.

'કઇ બાજુથી આવી?' અચાનક હુમલાથી ડઘાઈ ગયેલ સિપાઈઓમાં અફડાતફડી મચી ગઈ.

'એ ઈ ભાગ્યો, પકડો એને.' બીજા સિપાઈએ બૂમ પાડી, સિપાઈઓએ એ દિશામાં પોતાની બંદૂકો ફોડી પણ ગોળીબારી કરીને બંદૂકધારી આંખના પલકારામાં તો જંગલની અંદર ઓગાળી ગયો.

બે ઘોડેસ્વારોએ અંધારામાં પીછો કર્યો પણ ગોળી મારનારના કોઇ સગડ નો મળતાં એ બંને પણ ધોયેલા મૂળાની જેમ પાછા આવ્યા.

કેપ્ટન લા'તુશને ગોળી પેડુમાં લાગી હતી એટલે ખુબ લોહી વહી ગયું, કેપ્ટન લા'તુશના ઘાયલ થવાથી એના સિપાઈઓ ગભરાઈ ગયા એટલે ત્યાં જ છાવણી નાખીને રાતવાસો રોકાઈ ગયા.

કેપ્ટન લા'તુશના ઘાયલ થવાના સમાચાર સાંભળી એની પાછળ સિપાઈઓની ટુકડી લઇને આવેલા કેપ્ટન હબર્ટે આભપરાની ધારની આજુબાજુ ઘેરો ઘાલ્યો. વાઘેરો કોઈ પણ આવે એને ભરી પીવા તૈયાર જ હતા. જમીન ઉપર તોપ, હજારો સિપાઈઓની ફોજ અને રજવાડાઓની અંદરાઅંદરની ફૂટ તથા વેરઝેરને કારણે મેદાન ઉપરની લડાઈઓ જીતવાવાળા અંગ્રેજ કેપ્ટન હબર્ટને ખબર નો'તી કે બરડાના જંગલમાં આમાંથી એકેય વસ્તુ એને કામ આવવાની નો'તી. ઓખામંડળની ધરતી સાથે થયેલ અન્યાયનો બદલો લેવા માટે મરણિયા થયેલા વાઘેરો સામે બાથ ભીડવી એ કેપ્ટન હબર્ટના ગજા બહારની વાત થઇ ગઈ હતી.

કેપ્ટન લા'તુશને લાગેલ ગોળીનું વેર લેવા કેપ્ટન હબર્ટ ઉતાવળો થઇને પોતાની સાથેના સિપાઈઓની પરવા કર્યા વગર બરડાના જંગલમાં મૂળુ માણેક જેવા સિંહનો શિકાર કરવા આગળ નીકળી ગયો. સાથેના સિપાઈઓએ એકલા જવું જોખમ છે એમ કહીને રોક્યો પણ એ માન્યો નહિ.

દૂર દૂર બંદૂકના ભડાકાઓ સંભળાયા એટલે ટુકડીના સિપાઈઓ કેપ્ટન હબર્ટને શોધવા નીકળ્યા, ત્રણ ચાર કલાકની રઝળપાટ પછી કેપ્ટન હબર્ટની ગોળી ખાધેલ લાશ મળી.

બબ્બે કેપ્ટનો ગોળીએ દેવાણા એટલે મુંબઈ પ્રેસિડેન્સીના મેજર રેનોલ્ડે પૂરી અંગ્રેજ ફોજને જોધા માણેક ને જીવતો કે મરેલો પકડવા માટે કામે લગાડી.

કેપ્ટન હબર્ટ સાથેની ગોળીબારીમાં દેવા માણેક પણ ઘાયલ થઇ ગયા. દેવા ભાઈને સલામત જગ્યાએ ખસેડવા માટે ઘોડા ઉપર સુવડાવીને લઇ જતા વાઘેરો રસ્તામાં લશ્કરી છટકામાં ફસાઈ ગયા એટલે બધા ઘાયલ દેવાભાઈને છોડીને જ જીવ બચાવીને ભાગ્યા.

મુળુભાઈના કાને આ વાત ગઈ, એને બધાને એક નેસમાં એકઠા કર્યા.

'જુઓ ભાઈઓ હું મારા ભાઈ દેવાની લાશ દુશ્મનો પાસે નહીં રહેવા દઉં.' મુળુભાઈએ પ્રતિજ્ઞા લીધી.

'પણ મુળુભાઈ, આપણા એક વાઘેરની સામે એના હજાર સિપાઈ છે. આગળ ખાઈ છે એ જાણવા છતાં જોખમ કેમ લેવાય? આ વધ્યા છીએ એ પણ પાળિયા થઇ જાસુ.' કાસમે ખોટું જોખમ ના લેવાની સલાહ મુળુભાઈને આપી.

'હું તમને કોઈને ક્યાં મારી સાથે આવવાનું કહું છું ? હું તો તમને બધાને હાથ જોડી મને મારા ભાઈ દેવાને બચાવવા જવાની રજા આપો એમ કહું છું.' મુળુભાઈ માટે વાત બે ભાઈયુ વચ્ચેના હેતની હતી.

'એવું જ હોય તો હું પણ તમારી સાથે આવુ.' મુળુભાઈ ભાવુક થઇ ગયા એ જોઈને, કાસમ પણ એની સાથે જવા તૈયાર થઇ ગયો.

'ભાઈઓ તમે સલામત રહીને આગળ વધતાં રહો, હું ને કાસમ તમને ગોતી લેશું.' મુળુભાઈની વાત માની બધા જુદા પડ્યા.

બે ત્રણ દિવસની રઝળપાટ પછી મુળુભાઈ અને કાસમ કડક લશ્કરના જાપ્તામાંથી દેવાભાઈનું પાર્થિવ શરીર છોડાવી લાવ્યા. લશ્કરે પકડાઈ ગયેલ બધા જ વાઘેરોને ક્રૂરતાથી રિબાવી રિબાવીને ઝાડની ડાળીએ લટકાવી દીધા હતા. મુળુભાઈએ ડાળીઓ એ લટકતી લાશો જોઈ અને એની આંખમાંથી આંસુ નીકળી ગયા. બે જણથી પુરા લશ્કર સામે લડવું એ સમજદારીનું કામ નો'તું એટલે ભારે હૈયે મુળુભાઈએ દેવા ભાઈના પાર્થિવ શરીરથી જ સંતોષ માનવો પડ્યો.

દેવાભાઈની ચિતાની આજુબાજુ લશ્કરના હુમલાથી બચેલા આઠ દશ વાઘેરો બચ્યા છે.

'મુળુભાઈ મને ખબર નથી કે આ વાત કરવા માટે આ સાચી ઘડી છે કે નહિ પણ હવે આપણે હથિયાર હેઠા મુકવા જોઈએ.' કાસમ પુરી અદબ સાથે હળવેથી બોલ્યો.

'તે જોયું ? દુશ્મનોએ આપણા વાઘેરોના દીકરાઓને કૂતરાની મોતે માર્યા.' મુળુભાઈ બોલતા ભાવુક થઇ ગયા.

'હા મને ખબર છે પણ આપણેય એના બે-બે અંગ્રેજ કેપ્ટનો અને કેટલા સિપાઈઓને માર્યા.' કાસમે મુળુભાઈને શાંત કરવા કહ્યું.

'પણ આપણે તો સામી છાતિયે માર્યા અને દેવો તો ઘાયલ હતો તને ખબર છે ને?.'

'મુળુભાઈ અત્યારે દેવાભાઈના અગ્નિદાહ વખતે જ નક્કી કરવાનો સમય છે કે હવે હથિયાર હેઠા મુકો.' બોલતાં કાસમે મુળુભાઈનો હાથ પકડી લીધો.

'કાસમ તારે વાણિયો થવું હોય તો થા, પણ હું નહિ થાઉં, હું ગાયકવાડ અને કંપની સરકારને હંફાવી દઈશ અને બરડા ડુંગરની ધારોમાં રાજા બનીને રાજ કરીશ.' મુળુભાઈએ પોતાનો નિર્ણયમાં અડગ હતા એ ખાત્રી કાસમને થઇ ગઈ. કાસમે હવે મુળુભાઈને સમજાવાનું છોડ્યું.

એ મધરાતે કાસમ એનો ઘોડો પલાણી એક નવી જિંદગીની શરૂઆત કરવા નીકળી પડ્યો, એનો આગલો પડાવ હતો માંડવી જ્યાં શાંતિભૂષણ વિધાને પોતાની પત્ની બનાવીને લઇ ગયા હતા.

*** બીજો ભાગ સમાપ્ત ***